૧૯/૧ હું પુસ્તક/૪-

જુલાઇ
ઑગષ્ટ ૧૯૧૪

છુટક નકલની
કિં. ૦-૧૨-૦
પો. ૧ રૂ.

વાર્તાવિહાર.

IV 1914

(નવ ઐતિહાસિક પ્રેમકથાઓ.)

લેખક-વ્રજલાલ જાદવજી ઠક્કર,
અમદાવાદ.

કથામાળા કાર્યાલય

પ્રથમ આવૃત્તિ. પ્રત ૨૦૦૦.

સને ૧૯૧૪

અ મ દા વા દ.



અલકાનુ [illegible]

વાર્ષિક લવાજમ | કથાકુંજ-નવલકથામાળા | પોસ્ટેજ સાથે રૂ. બે.

વર્ષ ૧ લું. પુસ્તક ૪-૫

વાર્તાવિહાર.

(નવ ઐતિહાસિક પ્રેમકથાઓ.)

લેખક-વ્રજલાલ જાદવજી ઠક્કર-અમદાવાદ.

પ્રકાશક.

વ્રજલાલ જાદવજી ઠક્કર

મેનેજર-કથાકુંજ નવલકથામાળા-અમદાવાદ.

અને

મોતીલાલ ગણપતરામ.

અમદાવાદ.

પ્રથમ આવૃત્તિ   પ્રત ૨૦૦૦

સને ૧૯૧૪.

જુલાઇ, ઑગષ્ટ ૧૯૧૪

છુટક નકલની કિં. ૦-૧૨-૦ પો. જૂદુ.

લ્યો ફૂલડાં!

રસિયા ! વ્હાલાં પ્રાણના!
હો ઝીલશો જીવન ફૂલ !
કોમ્ભ ભોગી વ્હાલાં ભાવના !
હો વીણશો ફૂલ અમૂલ !
—રસિયાઃ

પાથરી હૈડા હેતથી હો ! મીઠડાં મુજ ખુલબૂલ !
ઝીલીએ રૂડલા-ઉજળા, કુમળાં વિધવિધ રંગી અતૂલ
હો ફૂલ, પરાગમય મંજૂલ
—રસિયાં

ફૂલડે ફૂલડે પ્રભૂના પગલા ! પગલે દિલડા ડૂલ !
રસભર, નવલા, નવજીવનદા પમર્યે પ્રાણ પ્રફૂલ્લ
એ ફૂલ ફાલે દિલ મશગુલ!
—રસિયા

કેશવ હ. શેઠ.

અમદાવાદ—પાનકોરને નાકે મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપ્યું

અર્પણ.

પરમપૂજનીય પિતૃદેવ!

આપના અપાર આશીર્વાદ, કરૂણા, સ્નેહધારા વગેરેના યત્કિંચિત્ બદલા તરીકે આ ક્ષુદ્ર પુસ્તક ભક્તિપૂર્વક આપને અર્પણ કરી કાંઈક અંશે કૃતાર્થ થાઉંછું.

૬ સપ્ટેંબર ૧૯૧૪
અમદાવાદ.

લી० ચરણરજ,
વ્રજલાલ.

પ્રસ્તાવના.

" Historical novels give us brilliant pictures of history which from their vividness make a far deeper impression than the duller pages of historical text books. "

M Macmillan B. A

ભાવાર્થ:—ઐતિહાસિક ઉપન્યાસો આપણી સમક્ષ ઇતિહાસનાં ચિત્રો રજુ કરે છે, અને તે ચિત્રો રસિક હોવાથી ઇતિહાસની ચોપડીઓના નિરસ પૃષ્ઠો કરતા આપણા ઉપર તેથી તે વિશેષ ઉંડી અસર કરે છે

ઇશ્વરકૃપાથી આજે આ ન્હાની ન્હાની નવ ઐતિહાસિક પ્રેમકથાઓનુ એકત્ર પુસ્તક કથાકુંજ—નવલકથામાળાના આશ્રયદાતાઓના કરકમળમા મૂકતા અતિ આનદ થાય છે આ 'વાર્તાવિહાર'માં જે નવ ઐતિહાસિક ન્હાની ન્હાની પ્રેમકથાઓ આપવામા આવી છે તે પ્રેમકથાઓના વાચનથી વાચકને મોગલ શહેનશાહોની સ્થિતિ, તેમની રીતભાત, તેમની સ્વાર્થ તેમજ અર્થલોલુપ દૃષ્ટિનો ખ્યાલ આવવા ઉપરાંત હિંદુ નારીઓના હૃદયમાના સાત્વિક પ્રેમ, તેમની નીતિ રીતી, તેમના પાતિવ્રત્ય વગેરેનો ખ્યાલ આવશે તો આ પ્રયત્ન કાંઇક અંશે સફળ થયો છે એમ જાણી ક્ષુદ્ર લેખક સંતોષ પામશે. જે સ્ત્રીઓના પાતિવ્રત્યની ડબલ્યુ નાઇટન જેવા વિદ્વાને નીચેના શબ્દોમા પ્રશંસા કરી છે તે ભારતીય ગૌરવ સ્વરૂપ નારીઓને ધન્ય છે! ડબલ્યુ નાઇટન એક સ્થળે લખે છે કે—

"Truly if Hindustan is ever saved, it will be by the virtues of its women; for more honourable, more honest minded, more nobly-endowed female humanity is not to be found in the most highly civilized of the earth than amongst the zananahs of Indian +

W. Knighten.

આ ઉપરથી આંગ્લવિદ્વાનોએ પણ ભારતીય સન્નારીઓની કેવી રીતે મુક્ત કંઠે પ્રશંસા કરી છે તે સહજ સ્હમજી શકાય તેમ છે. આવી સદ્‌ગુણી નિષ્કલંક સન્નારીઓ સ્વદેશને માટે પોતાના પ્રાણના બળિદાન આપવાને માટે પણ કોઇ જાતનો સંકોચ ધરાવતી નહોતી. પોતાના પાતિવ્રત્યનું રક્ષણ કરવા માટે અનેક સંકટો સામે થતી હતી, પોતાના હૃદયમા માત્ર એકજ પ્રકારના દૈવી પ્રેમનો વાસ કરી રાખતી હતી એવી સ્નેહમયી, સદ્‌ગુણી, શીયળવતી સન્નારીઓના જેટલા ગુણગાન ગાવામા આવે તેટલા ઓછાજ છે આ પુસ્તકમા આપવામા આવેલી વાર્તાઓમા પણ ઘણે સ્થળે હિંદુ નારીઓએ સ્વદેશની દાઝને માટે આપેલો આત્મભોગ, પાતિવ્રત્યનું રક્ષણ કરવા માટે ઉઠાવેલો અથાગ શ્રમ, દૈવી પ્રેમમા આવી પડેલા વિઘ્નોથી સ્વર્ગમિલનની આશાએ આપેલા પ્રાણના બળિદાન તથા બીજાં એવાજ પ્રકારના અનેક ચિત્રો જનસમાજ સમક્ષ મૂકવામા આવે છે. આ સર્વ પ્રેમકથાઓમાની કેટલીક બંગાળી સાક્ષરોના લેખને આધારે, કેટલીક

+ ખરેખર જો હિંદુસ્તાન સુરક્ષિત રહ્યુ હોય તો તે તેની સદ્‌ગુણી સન્નારીઓનો પ્રતાપ છે, કેમકે અતિ પવિત્ર, અતિ નિર્મળ હૃદયની, અતિ ઉદાર સ્ત્રીઓ જેવી હિંદના જનાનામા છે તેવી તમને પૃથ્વીતળના કોઈ પણ સુધરેલા દેશમાથી મળી શકશે નહિ.

મહારાષ્ટ્રીય સાક્ષરોના લેખને આધારે અને કેટલીક આગ્લ વિદ્વાનોના લેખને આધારે લખવામા આવી છે. અને એ સંબંધીનું વિશેષ માન બગાળી ભાષાના સુપ્રસિદ્ધ સાક્ષર હરિસાધન મુખોપાધ્યાય, અને વિજયરત્ન મજુમદારને ઘટે છે.

પ્રસ્તુત પુસ્તક લખતી વખતે તેમજ છપાતી વખતે આ લેખકની પ્રકૃતિ કાઇક અસ્વસ્થ હતી તેને પરિણામે કેટલેક સ્થળે ભૂલો રહી ગઈ છે, તેમજ પ્રુફ વગેરેનુ સંશોધન પણ જોઇએ તેવી ઉત્તમ રીતે થઇ શકયુ નથી તે માટે વાચકોને હંસક્ષીર ન્યાય ગ્રહણ કરવા પ્રાથના છે.

વિશેષમા આ વાર્તાવિહારના પુસ્તકમા પ્રકટ થવા માટે અમારા કેટલાક સ્નેહીઓ જેવા કે શ્રી ધનશંકર હિરાશંકર ત્રિપાઠી, શ્રી. કેશવલાલ હ. શેઠ, શ્રી પ્રસન્નવદન છ૦ દિક્ષિત વગેરેએ પ્રેમપૂવક પોતાના તરફથી વાતાઓ મોકલી આપી હતી. પરતુ પ્રકૃતિ અસ્વસ્થ હોવાના પરિણામે અમારા એ સવ મિત્રો તરફથી આવેલી વાર્તાઓ વાચી શકાઈ નથી, જેથી પ્રસિદ્ધ થઇ શકી નથી માટે તેમની પાસે અત કરણપૂવક ક્ષમા યાચીએ છીએ અને તેમણે દર્શાવેલી કૃપા માટે તેમનો આ સ્થાને આભાર માનીએ છીએ.

કથાકુજના દ્વિતીય પુસ્તકનું પૂઠુ તૈયાર કરી મોકલાવવા માટે તથા સ્વગસ્થ શ્રીયુત દત્તનો બ્લોક મેળવી આપવા માટે અમારા પરમ સ્નેહી શ્રીયુત જયશકર ખોડીદાસ દ્વિવેદીનો આ સ્થાને આભાર માનીએ છીએ

હવે ગ્રાહકો તરફ છેવટની એ પ્રાર્થના છે કે તેમણે અમારા આવા સાહિત્ય સેવાના પ્રયાસમા અમને પોતાના તરફથી બનતી મદદ કરવા પાછી પ્હાની કરવી નહિ; કારણ કે જ્યા સુધી સારી સખ્યામાં ગ્રાહકો હોય નહિ ત્યા સુધી ઉત્તમ પ્રકારના પુસ્તકો બનતી

ત્વરાએ પ્રસિદ્ધ કરવામા કેટલી અડચણો ઉપસ્થિત થાય છે તે અતઃકરણુજ જાણે છે. આમ છતા અમે અમારા કર્ત્તવ્યથી વિમુખ નહિ થતાં આ નવલકથામાળાના પુસ્તકો એકએકથી ઉત્તમ પ્રકારના જ પ્રસિદ્ધ કરતા જઈએ છીએ, પરતુ જો ગ્રાહક બધુ તરફથી બીજા થોડા ઘણા ગ્રાહકો થાય તો અમે વાર્ષિક ૫ દરસો પૃષ્ઠની નવલકથાઓ આપવા ઉપરાત એક દળદાર ઉત્તમ ઐતિહાસિક નવલકથાનુ પુસ્તક ભેટ તરીકે આપવાનો વિચાર કરીએ છીએ માટે દરેક ગ્રાહક બધુને પ્રાર્થના કરવામા આવે છે કે તેમણે કૃપા ભાવે વધારે નહિ તો આ પુસ્તકમાં મૂકવામા આવેલા માત્ર બબ્બે ઓર્ડર કાર્ડોજ ભરી મોકલવાની કૃપા કરવી અમને ખાત્રી છે કે અમારી આ પ્રાર્થના નિષ્ફળ નહિજ થઇ પડે પોષ્ટેજ તેમજ વી પી નો ચાર્જ જતા માત્ર રૂ. ૧-૧૦-૦માં ૫ દરસો પૃષ્ઠની નવલકથાઓ ઉપરાત એક દળદાર ભેટનુ પુસ્તક આપવાનુ કામ કેટલુ બધુ સાહસ ભરેલુ છે તેનો ખ્યાલ હરકોઇને આવી શકે તેમ છે, માટે અમારી આ વિનતિનો સ્વીકાર કરી દરેક ગ્રાહક બધુએ વધારે નહિ તો માત્ર બબ્બે ગ્રાહકો વધારવાનો શ્રમ લેવો. આ શ્રમનુ પરિણામ મેળવવાની અમારી ઇચ્છા નથી. અમે તો જેમ જેમ અમારી નવલકથામાળાના ગ્રાહકો વધારે થતા જશે તેમ તેમ અમે અમારા ગ્રાહકોને વાચનનો વિશેષ લાભ આપતા જઇશુ અને આ નવલકથામાળાના પુસ્તકોને સર્વાગસુદર બનાવવમા કચાશ રાખીશું નહિ ગ્રાહકો જોઇ શકશે કે હજુ અમારી શરૂઆત હોવા છતા તેમજ પુરતી સખ્યામાં ગ્રાહકો નહિ હોવા છતા કાગળો, છપાઇ, બધાઇ તેમજ ચિત્ર વગેરેની વ્યવસ્થા ઉત્તમ પ્રકારની કરવા માડી છે.

જે કોઇ ગ્રાહકબધુને વિશેષ હેડબીલો તેમજ ઓર્ડર કાર્ડોની જરૂર હોય તેમણે કૃપા કરી માત્ર એક પોસ્ટ કાર્ડ લખવો કે તરત

અત્રેથી બુકપોષ્ટથી હેંડબીલો વગેરે મોકલી આપવામાં આવશે.

હવે પછીનું પુસ્તક 'ગુલસાના યાને આદર્શ અબળા' નવેંબર માસની આખરે ગ્રાહકોને પહોચાડવાની વ્યવસ્થા કરવામા આવશે અને ત્યારપછી બીજા જે પુસ્તકો આ વર્ષના પ્રસિદ્ધ કરવાના છે તેની પસદગી પણ એમાંજ જાહેર કરવામા આવશે; તથા એ પસંદગી પ્રકટ થયલા પુસ્તકો કરતાં પણ વિશેષ ઉત્તમ પ્રકારની થઇ છે એવી વાચકોને ખાત્રી થયા સિવાય રહેશે નહિ.

અંતમા પરમકૃપાળુ પરમાત્મા અમારા આ સાહસમા સહાય કરો અને અમારાં ગ્રાહકોને પૂર્ણ સતોષ અપાવો એવી પ્રાર્થના સાથે વિરમીએ છીએ किमधिकम् !

તા ૨ સપ્ટેંબર ૧૯૧૪
અમદાવાદ.

બ્રજલાલ જાદવજી ઠક્કર.

અનુક્રમણિકા.

૪ ગુલસાના:—ઐતિહાસિક સર્વશ્રેષ્ઠ નવલકથા આ નવલકથાને ચિત્તાકર્ષક કરવા માટે કેટલાંક નવીન કલ્પિત પાત્રો પણ ઉમેરવામા આવ્યા છે. આ નવલકથામા અકબરશાહના સમયની એક મર્મભેદક ઘટનાનો ઉત્તમ ચિતાર છ સુરસુંદરી ગુલસાનાનું આદર્શ સાધુજીવન, અપકાર પર ઉપકાર, પ્રેમની સ્મૃતિ, કુલસમની પ્રમાણિકતા, ઇસ્કાન્દારખાનનુ ભાગ્યચક્ર, રાજકુમારી રૂમીઆનુ મરણુ પછી સજીવન થવું વગેરે વિષયો એવા છે કે પુસ્તક વાચવા લીધા પછી પાછું મૂકવાનું મન થશે નહિ. પૃષ્ઠ સંખ્યા ૩૦૦ (નવેંબરની આખરે પ્રકટ થશે)

આ ઉપરાતની બીજી પસંદગી હવે પછીના પુસ્તકમાં જાહેર કરવામા આવશે આ નવલકથામાળાના ગ્રાહકોને બીજી કેટલીક નવલકથાઓ ઘણી સસ્તી કિમતે મળે છે જાહેરખબર માટે આ પુસ્તકમા જુઓ **મેનેજર.**

કથાકુંજ—નવલકથામાળા મળવાનાં ઠેકાણાં.

૧ **મુંબઈ**-શ્રીમાન્ ચંદુલાલ મુળચંદ કંટ્રાકટર—કોલસા સ્ત્રીટ, બેગમહમદની ચાલ ચોથે માળે મુબઇ ૩.

૨ **મુબઇ**-શ્રીમાન્ વસનજી પરમાનદ સ્હાવાળા, કાલબાદેવી રોડ

૩ **વલસાડ**-મેનેજર વલસાડ બુક ડેપો.

૪ **વઢવાણ**-શ્રી રાયચંદ ગુનાબચંદ બજારમા

૫ **વઢવાણ**-શ્રી. પૂજાલાલ ભગવાનદાસ પારેખ—બજારમા

૬ **ભાવનગર**-રા. અબ્દુલ હુસેન આદમજી—બુકસેલર.

૭ **અમદાવાદ**—નંદલાલ ચુનીલાલ બોડીવાળા બુકસેલર, રીચીરોડ

૮ **અમદાવાદ**-અંબાલાલ શંકરલાલ દવે, ઢીકવાગેટ પાસે સરૈયાપોળ.

મુખ્યસ્થળ:—' કથાકુંજ ' કાર્યાલય.
પંડિતજીની પોળ-સારંગપુર, અમદાવાદ.

સત્કાર અને સમાલોચના.

ખલીફનાં અદ્દભુત પરાક્રમ—લેખક—રા. મણીલાલ કેશવલાલ પરીખ પ્રકાશક રા. વ્યવસ્થાપક 'વિવેચક' રોયલ ૧૬ પેજી પૃષ્ઠ સંખ્યા ૨૨૬ મૂલ્ય રૂ ૧-૦-૦ આ પુસ્તક અરેબિયન નાઇટસના જેવું છે. રા મણિલાલે હવે જનસમાજનું હિત કરી શકે એવા પુસ્તકો લખવાની જરૂર છે. તેમનો આ પ્રયાસ સાધારણ રીતે પ્રશંસાપાત્ર છે.

૧૦ **બુકર ટી વોશિગ્ટન**—અનુવાદક—રા ગોવર્ધનદાસ કહાનદાસ અમીન, સપાદક અને પ્રકાશક—સસ્તુ સાહિત્ય વર્દ્ધક કાર્યાલય—મુબઇ. રોયલ ૧૬ પેજી પૃષ્ઠ સખ્યા ૩૧૭ કાચુ પૂઠુ ગ્રાહકોને માટે મૂલ્ય ૦-૮-૦ બુકર ટી વોશિગનના આ ચરિત્રમાંથી ઘણુ જાણવાનુ તેમજ શીખવાનુ મળી આવે તેમ છે જેણે પોતાની બાલ્યાવસ્થા દાસત્વમા પસાર કરી પોતાનું ભાવિ જીવન ઉચ્ચ પ્રકારનું આદર્શ સ્વરૂપ બનાવ્યુ છે એવા આ મહાન પુરૂષનુ ચરિત્ર રેક બધુએ વાચવા યોગ્ય છે. વળી આ ચરિત્રની રચનામાં ખૂબી એ છે કે તે એક નવલકથાની શૈલી કરતા પણ વિશેષ આકર્ષક અને રસમય શૈલીમા લખાયું છે

૧૧ **બાદશાહી કથાકુંજ**—લેખક રા. ડાહ્યાભાઇ રામચંદ્ર મ્હેતા અને રા. હસમનરાવ હરિલાલ ધ્રુવ સુપર રોયલ સોળપેજી પૃષ્ઠ સંખ્યા ૨૭૧, કિંમત વાર્ષિક શાળે પાકા પૂઠાના ૦-૯-૦ આ

પુસ્તકમાં જે પાંચ વાર્તાઓ આપવામાં આવી છે તે પૈકીની ત્રણ વાર્તાઓ મોતિ મિનાર, સલિમાબેગમ અને પ્રેમનો જય પૂર્વે છપાઇ ગઇ છે. પાંચે વાર્તાઓ બંગાળી ભાષા ઉપરથી અનુદિત થયલી છે. અનુવાદ ઉત્તમ થયો છે. બંગાળીના એક સારા અનુવાદક તરીકે રા ડાહ્યાભાઇ સુપ્રસિદ્ધ છે તેથી વિશેષ લખવાની જરૂર જેવું નથી. પુસ્તકની છપાઈ, બંધાઇ વગેરે સુંદર છે.

૧૨ **વાર્તાવૃક્ષ** -લેખક -રા. ધનશંકર હીરાશંકર ત્રિપાઠી પ્રકાશક - મેઘજી હીરજીની કું. મુંબઇ પૃષ્ઠ સંખ્યા ૧૩૩, કિંમત ૦-૧૨-૮ આ પુસ્તકમાં નવ ટુંકી વાર્તાઓ આપવામા આવી છે. એ સર્વ વાર્તાઓની વસ્તુસ્થિતિ માત્ર બીજી ભાષામાથી લઇ લેખકે તેમા એવો ઉત્તમ પ્રકારનો ફેરફાર કરીને લખી છે કે તેને ભાગ્યેજ અનુવાદ કહી શકાય. વાર્તાઓ ઘણી સારી હોવા ઉપરાંત તેમા કાંઇ નહિ ને કાંઇ પણ બોધક હેતુ છે. આજકાલના ઉછરતા નવલકથાના અનુવાદકો કે જેઓ આપણા ગુજરાતની પરિસ્થિતિનો વિચાર કર્યા સિવાય ઉચ્છૃંખલતાથી અનુવાદ કરી તેના સારાસારના પરિણામનો વિચાર કર્યા સિવાય પોતાના પુસ્તકો પ્રસિદ્ધમા મૂકે છે તેમણે શ્રીયુત ધનશંકરનું અનુકરણ કરવું ઉચિત છે શ્રીયુત ધનશંકર વાર્તાના પ્રદેશમાં ભવિષ્યમા આથી પણ વધારે સારૂં કાર્ય કરી બતાવશે એવી અમે તેમના આ પ્રથમ પ્રયાસ પરથી આશા રાખીએ છીએ.

૧૩ **શ્રીયુત બાપુરામ ઘમીજવાળા** --લેખક ડો. હિરાલાલ ગોપાળદાસ દેશાઇ, પૃષ્ઠ સખ્યા ૧૨૬, કિંમત ૦-૧૨-૦.-શ્રીયુત બાપુરામ વૈદ્યે પોતાના વૈદકના ધંધામા ઘણી પ્રશંસા મેળવી છે, તથા

માત્ર અમદાવાદમાંજ નહિ પરંતુ અમદાવાદની આસપાસ આવેલા ગામડાઓ તેમજ શહેરો સુધી તેમની કીર્ત્તિ ફેલાઇ રહી છે આવા એક વિખ્યાત વૈદ્યનું રા હિરાલાલે જે ચરિત્ર પ્રકટ કર્યું છે તે ઉત્તમ પ્રકારનું છે રા હિરાલાલ એક લેખક તરીકે વિશેષ પ્રખ્યાત નહિ હોવા છતા તેમણે છટાદાર તેમજ અસરકારક ભાષામાં આ પુસ્તક લખી શ્રીયુત બાપુરામ વૈદ્ય તરફ જે કૃતજ્ઞતા દર્શાવી છે તે પ્રશંસાપાત્ર છે અમે પણ શ્રીયુત બાપુરામ વૈદને તેમની સમાજ સેવા માટે ધન્યવાદ આપીએ છીએ

૧૪ **રવિકાંત**—લેખક રા. ચુનીલાલ નરભેરામ દેશાઇ પૃષ્ઠ સંખ્યા ૪૨૦, સોનેરી પાકું પૂઠું કિ રૂ. ૨—૦—૦ આ પુસ્તક ગુજરાતી સાહિત્ય માટે ઘણુ આવકારદાયક છે. ધર્મપ્રિય સજ્જનોને આ પુસ્તક વાચવાની ભલામણ કરીએ છીએ રા. દેશાઇનો આ પ્રથમ પ્રયાસ ઉત્તમ પ્રકારે ફળિભૂત થયલો જાણી અમે તેમને સહર્ષ અભિનંદન આપીએ છીએ. ભાષા સાદી અને સરળ છે પુસ્તકમા આપેલા ઉદાહરણો બોધક હોઇ રસમય છે. બીજી આવૃતિ કાઢવાનો પ્રસંગ આવ્યે રા. દેશાઇ પોતાના પુસ્તકને સવાઈ ટાઇપમા છપાવવાની અમારી સૂચના ધ્યાનમા રાખશે તો તે જનસમાજને વિશેષ લાભદાયી થઇ પડશે કિંમત પણ પુસ્તકનુ કદ, બાઇન્ડીગ વગેરે જોતા વિશેષ નથી.

આ ઉપરાત બીજાં કેટલાક પુસ્તકો પ્રાપ્ત થયાં છે જેની સમાલોચના હવે પછી પ્રસિદ્ધ થનાર પુસ્તકમાં પ્રકટ કરવામા આવશે.

કથાકુંજના ગ્રાહકોને ખાસ લાભ !

માત્ર થોડીજ નકલો સિલકે છે.

જલદીથી મંગાવી લ્યો.

૧. **ચિત્તોડ પર ચ્હડાઈ**—[લખનાર–વ્રજલાલ જાદવજી ઠક્કર] ઐતિહાસિક નવલકથા. રજપુત વીરાંગનાઓનું શૌર્ય, તેમના પરાક્રમો, રણશૂરા રાજપૂતોનું વીરત્વ, નિમકહલાલ નોકરની ફરજ, રૂમીમુસ્તફાના કાવાદાવા, પ્રેમાધીન ગુસરૂખા વગેરે વિષયોથી ભરપુર. પૃષ્ઠ સંખ્યા ૨૫૦. કિંમત એક રૂપિયો. કથાકુંજના **ગ્રાહકો પાસેથી** માત્ર **બાર આના.**

૨ **સરયુ.**—[લખનાર–કેશવલાલ હ. શેઠ] એક વીરરસથી ભરપુર નવલકથા કે જેમા નીચેના પ્રકરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧ છેલ્લો મેળાપ, ૨ વીર મૃત્યુ, ૩ બીજ રોપાયું, ૪ પલાયન, ૫ સ્વર્નુ, ૬ મહુન્ત મઠમાં ગગા, ૭ વાદળા, ૮ સરયુ, ૯ રાગ દ્વેષ, ૧૦ સોનું ને સુગંધ, ૧૧ એજ ચાલુ, ૧૨ આશા, ૧૩ ભીખારણ, ૧૪ ફરજ, ૧૫ છેલ્લો નિશ્ચય, ૧૬ પાગલ, ૧૭ અવાધ. પૃષ્ઠ સખ્યા ૧૫૦ કિંમત આઠ આના. કથાકુંજનાગ્રાહકો પાસેથી **ચાર આના.**

૩ **પ્રેમની પ્રતિજ્ઞા;**—[એક કરૂણાજનક પ્રેમ કહાણી લેખક-વ્રજવિહારી] કન્યાવિવાહ પ્રતિજ્ઞાનું અનેક સંકટો હોવા છતાં કેવી રીતે પાલન કરવામાં આવ્યું છે એ, ખરી નીતિ કોને કહે છે એ વગેરે સુત્રોના રહસ્યને સ્પષ્ટ રીતે સ્હમજાવી આનંદ તેમજ બોધ આપનાર ઉત્તમ નવલકથા. કિમત માત્ર રૂ. ૦-૩-૦ કથાકુંજના ગ્રાહકોને માટે માત્ર રૂ. ૦-૧-૬

૪ **નિર્ભાગી કુસુમ;**—[લેખક-વ્રજવિહારી] બાલવિધવાઓની કરૂણાજનક સ્થિતિનો સંપૂર્ણ રીતે ખ્યાલ કરાવી, સત્ય નીતિનું દર્શન કરાવે છે. 'મૉડર્ન રીવ્યુ' જેવા ઇંગ્રેજી ભાષાના સર્વશ્રેષ્ઠ માસિકદ્વારા પણ પ્રશંસા પામી છે, પ્રકરણ ૨૧, કાગળ, છપાઈ, બધાઇ સર્વે સર્વોત્તમ, કિમત માત્ર ૦-૪-૦ ચાર આના. કથાકુંજના ગ્રાહકોને માટે માત્ર ૦-૨-૦

દરેક પુસ્તકોનો વી૦ પી૦ પોષ્ટેજ ચાર્જ જુદો.

* આફ્રિકાના ગ્રાહકોએ પોષ્ટલ ઑડર રજીસ્ટર્ડ કરીને મોકલવા. દરેક જાતનો પત્ર વ્યવહાર નીચેને શિરનામે કરવો.

જાહેરખબરો આપનારાઓને સૂચના.

અમારી કથાકુંજ—નવલકથામાળાની નવલકથાઓમાં કેટલાંક પૃષ્ઠો ખાસ જાહેર ખબર તરીકે, વાચનાર બંધુઓની નજર પડે એવે સ્થળે રોકવામાં આવનાર છે. અમારી નવલ-કથાની ૨૦૦૦ નકલો છપાય છે, છતાં ભાવ ઘણાજ સસ્તા રાખવામાં આવ્યા છે. એક વખત પત્ર લખી ખુલાસો તથા અમારી જાહેર ખબરના ભાવ મગાવી જોવાની આગ્રહ સાથે ભલામણ કરવામાં આવે છે.

બેહદ કમીશન.

એક વખત પત્ર લખી ખાત્રી કરો !

એજન્ટો જોઈએ છીએ.

'કથાકુજ' વાર્તામાળાના ગ્રાહકો વધારવા તથા અમારા અતિ સસ્તામાં સસ્તા સાહિત્યનો ફેલાવો કરવા માટે ઉત્સાહી, પ્રમાણિક અને મહેનતુ એજન્ટો જોઈએ છીએ પત્ર વ્યવહાર મેનેજરના શિરનામે કરવો.

વ્રજલાલ જાદવજી ઠક્કર.

મેનેજર ' કથાકુંજ ' કાર્યાલય,

રાયપુર—**અમદાવાદ.**

વાર્તાવિહાર.

૧ રત્નવતી.

પ્રથમ પરિચ્છેદ.

" હવે જહાપનાહનો શો વિચાર છે ? "

" બીજો કાંઇ નહિ, માત્ર એક વખત ખેલ શરૂ કરો. "

" પરવરદિગાર ! હવે મ્હારી પાસે શુ રહ્યુ છે કે હું પુન એક વખત આપની સાથે ખેલ ખેલુ ? અત્યાર સુધી આપની વજીરી કરી જે મચય કર્યું હતુ તે સઘળુ ચાલ્યુ ગયુ છે. હવે હું રસ્તાનો ભિખારી બની ગયો છુ. ભિખારીએ બાદશાહ સાથે રમવું એ તેને શોભતુ છે કે ? "

" તમે એમ કેમ બોલો છો ? તમારે એક સ્વરૂપવતી કન્યા છે ને ? મે સાભળ્યું છે કે તેના સોદર્યની સીમા નથી જો તમે જીતશો તો તમારી વજીરી તમને પુન પ્રાપ્ત થશે અને હારશો તો .."

ઉપરનો વાર્ત્તાલાપ ગુજરાતના રાજા સુલતાન સિકદર અને તેના વજીર સમસેરખાનની વચ્ચે ચાલતો હતો. " વિલાસબાગ " નામના એક વિસ્તૃત રાજમહાલયમા બેઠા બેઠા બન્ને વાતચીત કરતા

હતા. બાદશાહને મુખે પોતાની કન્યાનુ નામ સાભળતાંજ વજીરનું મુખમડળ ક્રોધથી લાલચોળ બની ગયુ બાદશાહનો સ્વભાવ સમસેરખાન સારી રીતે જાણતા હોવાથી તેણે મહામુશ્કિલે પોતાનો મનો ભાવ ગુપ્ત રાખ્યો.

સિકદરે પ્રશ્ન કર્યો – "સમસેરખાન ! શુ વિચાર કરો છો ? તમારી પુત્રીને શુ સિકદર શહેનશાહ પોતાના અતપુરમા આશ્રય આપી શકશે નહિ ?"

"શા માટે નહિ ? તેના કરતા પણ અનેકધા રૂપવતી રમણિઓ આપના પાદાર્વિંદની સેવા કરવાનુ ઇચ્છે છે; પરતુ મ્હને લાગે છે કે મ્હારી દરિદ્ર કન્યા આ સાભાગ્યને પસદ કરશે નહિ, વળી મ્હારાથી–"

"સહમજ્યો, તમે તમારી કન્યાને શરતમા મૂકી રમવાને રાજી નથી, પરતુ તમને ખબર છે કે તમે કોની સાથે વાત કરો છો ?"

"હા હુ સારી રીતે જાણું છુ કે દુનિયાના માલિક તથા વિશાળ ગુજરાત દેશના બાદશાહ સાથે હુ તેમનો દાસાનુદાસ વાત કરૂછુ"

"મ્હારો સ્વભાવ પણ તમે જાણો છો ને, કે જે પ્રવૃત્તિમા હુ પ્રવૃત્ત થાઉ છુ તેનો કાળાતરે ત્યાગ કરતો નથી ! તમારે પુન દાવ ખેલવોજ પડશે."

"આ દાસને આટલો બધો આગ્રહ શા માટે ? પ્રભુ એક નિશ્વાસની અંદર તો મ્હે વજીરીનુ સ્વપ્ન પૂર્ણ કર્યુ છુ પ્રાણાધિક કન્યા એ મ્હારા નયનોનુ તેજ છે મ્હારી લાડકી અમિનાને હુ એક પ્રકારની સામાન્ય રમતની પ્રતિજ્ઞામા મૂકવા ઇચ્છતો નથી. જહાંપનાહ ! ભૂલની ક્ષમા કરજો ! આપ ઘણા મ્હોટા છો. હું આપનો વજીર નીચતામા શા માટે પ્રવૃત્ત થાઉ, પ્રભુ ?"

" તો પછી બીજી રીતે દાવ ખેલો હુ અમિનાને મેળવવાની અભિલાષા ધરાઉ છુ. હુ તેના રૂપથી પાગલ બની ગયો છુ. "

" પરંતુ આપ જો તેના પર બળાત્કાર ગુજારી તેને મેળવશો તો પછી દુનિયામા આપને માટે શુ બોલાશે ? "

" અરે ! એવા બ્હાયલા લોકોની સમ્રાટ સિકંદર બ્હીક રાખતો નથી, છતા હું જોરજુલમથી અમિનાને અત્રે લાવવાને ઇચ્છતો નથી. હું ખેલની શરતમા તેને મેળવવાની ઇચ્છા રાખું છુ, તથા શરતમા હું તેને મેળવીશ તો મ્હને અપૂર્વ આનંદ થશે. મ્હારા દિલની સઘળી બેચેની ચાલી જશે "

" નહિ, અમિનાને હું જીવતા સુધી તો શરતમા મૂકી શકીશ નહિ હવે તો એક વખત અદષ્ટની સાથે ઝઝુમી મરીશ; જો ખેલમા પરાજય પામીશ તો પછી આ તુચ્છ જીવન દઇશ. "

સંધ્યાનો સમય થયો હતો. વિલાસબાગના સુસજ્જિત દિવાને-ખાસમાં કેટલાક સુગધિત દીપકો પ્રકાશી રહ્યા હતા સમસેરખાને બાદશાહને કહ્યુ —" ત્યારે હવે પધારો "

બાદશાહ અને વજીર ઉભય દિવાનેખાસનો ત્યાગ કરી ખાસ રમવાના વિશાળ ઓરડામા ગયા. ત્યા આગળ અમીર ઉમરાવો બેઠા હતા. બાદશાહને ઓરડામા પ્રવેશ કરતા જોઇ સર્વએ ઉઠી ઉભા થઇ તેમને કુરનસ બજાવી.

બાદશાહ એક રત્નજડિત ગાદી તકીઆ ઉપર બેઠો. ખેલ જોવાને ઉત્સુક બનેલા અમીર ઉમરાવો તેની આસપાસ વિંટળાઇને બેઠા. છેવટે ખેલ ખેલવાનો આરંભ થયો

" સર્વેની દષ્ટિ હાથી દાતના સુદર પાસા ઉપર હતી બાદશા

હના પાસા પોબાર પડયા. વજીરના ગાત્રો ઠંડા થયાં-તેનો પરાજય થયો આસપાસ બેઠેલા ઉમરાવો એકી અવાજે બોલી ઉઠયા—
" શહેનશાહનો જય "

" આ જય શબ્દનો આખા ઓરડામા પ્રતિધ્વનિ થયો. વજીર સમસેરખાનને એ ધ્વનિ વજ્રપાત્ સમાન જણાયો તેનુ મસ્તક ભમવા લાગ્યુ સર્વનાશમા જે બાકી હતું તે પણ વિધાતાના વિધાનથી આજે પૂર્ણ થયુ. પ્રાણાધિક પુત્રી રૂપવતી અમિના આજે તેની અજ્ઞાનતાને લીધે એક ચક્રમ બેજાના બાદશાહના ઉપભોગની સામગ્રી સ્વરૂપ થઇ પડી. તે બરબડયો—અરેરે ! બિચારી અમિનાની રક્ષા કરવાનો હવે એક પણ ઉપાય નથી ? '

કોઈએ જાણે પ્રતિધ્વનિ કર્યો કેઃ—" ઉપાય છે."

વજીરે મુખ ઉચુ કરીને જોયુ તો જણાયુ કે ગુર્જરેશ્વર પોતેજ કહે છે—"ઉપાય છે."

" શુ હજુ પણ એકકે ઉપાય બાકી રહ્યો છે કે જહાપનાહ ? આપ વિશ્વવિજયી થાઓ. ખુદા આપનું ભલુ કરે, પ્રભુ ! કહો કહો કે કયા ઉપાયથી હુ મ્હારી અમિનાને પુન પ્રાપ્ત કરી શકું તેમ છું ? આ ભીષણ પાપમાથી બચી શકું તેમ છું ? "

બાદશાહે આડંબરથી કહ્યુ—' ... સમસેરખાન ! ઉપાય છે, પરંતુ તમે તેને કબુલ કરી શકશો કે ? તમારું સાહસ ચાલી શકશે કે ? "

વજીરે કપતા અવાજે કહ્યુ—" મ્હારી પાસે પૂર્વે ઐશ્વર્યની સીમા નહોતી—હવે હુ ભિખારી બન્યો છુ પ્રતિજ્ઞા પૂરી કરવા જતા સર્વસ્વ હારી બેઠો છું જે થોડા સમય ઉપર સમ્રાટ્ સિકંદર શાહનો વજીર

હતો તેને હવે માત્ર એક સોના મહોર માટે બીજાઓની પાસે હાથ લંબાવવો પડશે હવે મ્હારી પાસે બાકી રહ્યામાં માત્ર આ અંગ રખું, આ પાયજામો તથા આ શિરપેચજ છે મ્હારી વજીરીના એ છેવટના ચિહ્નો છે, તથા તદુપરાત આ ક્ષુદ્ર જીવન છે. પ્રભુ ! આપ હવે એમાથી શાની અભિલાષા રાખો છો ? ”

“ હવે હું તમારા ક્ષુદ્ર જીવનની અભિલાષા રાખુ છુ ”

“ આ તુચ્છ જીવન ! હમણાજ જીવન વિસર્જન કરવાને તૈયાર છુ. અમિના રસ્તાની ભિખારણ થાય તો તેની મ્હને ચિતા નથી. એક ચકમભેજાના બાદશાહના વિલાસનું પાત્ર થઇ કલંકિત જીવન વ્યતીત કરવા કરતા તેનું મૃત્યુ થાય તો પણ હુ તેને વધારે સારૂં ગણું. મ્હારૂં જીવન પણ હવે હુ શરતમાં મૂકવા તૈયાર છુ ”

સિકંદર એમ ધારતો હતો કે સર્વથી વિશેષ જીવની માયા હોય છે. વજીર જીવ જવાના ભયથી અમિનાને અવશ્ય પોતાના અંતપુરમાં મોકલશે, પરંતુ જ્યારે તેણે પોતાની ધારણાથી વિરૂદ્ધ પ્રકાર જોયો ત્યારે તેનુ ચિત્ત વિશેષ ઉત્તેજિત બન્યુ. તેનુ મુખમડળ ક્રોધાગ્નિથી લાલચોળ દેખાવા લાગ્યું. આસપાસ બેઠેલા અમીર ઉમરાવોએ વિચાર્યુ કે આજે બિચારા વજીરના સઘળા દિવસો પૂરા થઈ ગયા છે

બાદશાહે ઉત્તેજિત કઠે કહ્યુ –“ સમસેર ! હજુ પણ વિચાર કરવાનો વખત છે. વિચાર કરી જો, છૂટેલું તીર પાછુ નહિ ફરશે, પડેલા પાસા પાછા નહિ વળશે. ”

વજીરે દૃઢ સ્વરે કહ્યું.–“ જહાંપનાહ ! મ્હારો જન્મ અધમ કુળમાં નથી થયો. જો તેમ હોત તો હું એક વિશાળ રાજ્યનો વજીર

થઇ શકત નહિ જો તેમ હોત તો આ વિશાળ રાજ્યની પ્રજા મ્હને પિતા તથા બન્ધુ સમાન સ્હમજત નહિ આપ જ્યારે બાદશાહી પ્રકૃતિનો ત્યાગ કરી શકતા નથી તો પછી હુ વજીરી પ્રકૃતિનો ત્યાગ શા માટે કરૂ ? આવા ઐશ્વર્ય વગરના દીનજીવનથી શો લાભ ? ગૌરવજનક મૃત્યુનીજ હવે અભિલાષ છે અને નિરાશ થયેલા જીવ માટે ઉત્તમ નાશ છે ”

સિકંદર સુલતાન વજીરનો દૃઢ નિશ્ચય જાણી મહા વિચારમા પડી ગયો તે જાણતો હતો કે “પ્રજાજનો પ્રકાશમા નહિ તો પણ ગુપ્ત રીતે વજીરનું ઘણું માન રાખે છે ગુજરાતનુ સિંહાસન પણ આપવાળું છે આજે છે ને કાલે નથી. જો આ પાપિષ્ટ વજીર હવે ઘણો સમય જીવશે તો તે કોઇ દિવસે મ્હારા સર્વસ્વનો નાશ કર્યા સિવાય રહેશે નહિ ” આમ વિચારી તેણે વજીરના પ્રાણનો અંત લાવવાનું નક્કી કર્યુ સિકંદરે તોછડા સ્વરે કહ્યુ –“ સમસેર ! ત્યારે તું પ્રાણભિક્ષા નથી ઇચ્છતો ? ”

“ ના, કદાપિ નહિ ”

“ જ્યારે ત્હારી મરવાની ઇચ્છા છે તો હવે તેમજ થશે. (દ્વાર તરફ નજર કરી) કોણ છે ? ”

એક ગુલામે પડદો ખસેડી બાદશાહ જ્યા બિરાજ્યો હતો ત્યા આવી કુરનસ બજાવી. બાદશાહે તેને જેલરને બોલાવી લાવવાનો હુકમ કર્યો

જેલર લતિફ અાસગારખાને કપતા કપતા બાદશાહ પાસે આવી કુરનસ બજાવી. વજીરનુ મલિન તથા ચિંતાતુર મુખ, બાદશાહનો નિરક્તિ ભાવ, તથા અમીરઉમરાવોનુ વિષાદપૂર્ણ વદનગડળ જોઇને

સુચતુર જેલર સ્હમજી ગયો કે આજનો પ્રકાર સાધારણ હોય એમ જણાતુ નથી. તે સમયે પણ હાથીદાતના પાસા નીચે છુટા પડેલા હતા

બાદશાહે ગંભીર કંઠે હુકમ કર્યો:–" આને કારાગ્રહમા લઇ જાઓ હવે તેને વજીર કહીને બોલાવશો નહિ તેની સાથે સામાન્ય અપરાધીના જેવુ વર્ત્તન ચલાવજો. કાલે પ્રાતકાળેજ તેના પ્રાણનાશનો પરવાનો મળશે, તથા તે પ્રમાણે કાર્ય કરવામા બેદરકારી રાખશો નહિ. "

આજુબાજુ બેઠેલા અમીર ઉમરાવોના હૃદય પર પણ સખ્ત આઘાત થવાથી તેઓ મનમાને મનમા ' હાય ! હાય ! ' બોલી ઉઠયા. કોઇથી એક પણ અક્ષર મ્હોટેથી બોલવાનુ સાહસ થઇ શકયું નહિ. વજીર પ્રાણનાશની આજ્ઞા સાભળી સહજ પણ ગભરાયો નહિ સ્થિર, દૃઢ, અચળ પ્રદીપ પ્રમાણે તેના મુખમંડળ પર એક પ્રકારના ક્ષણસ્થાયી (માત્ર એક ક્ષણ ટકે એવા) પ્રકાશે દેખા દીધી વજીરીએ આજથી વિદાયગીરી લીધી. જે અમિનાને માટે આટલુ બધું વેઠવું પડે છે તે અમિના... હાય ભાગ્ય ! તે અમિનાની મુલાકાત પણ થઇ નહિ વિના અપરાધે સજા પામેલા સમસેરખાનના ચક્ષુમાથી અશ્રુધારાને બદલે રક્તધારા કેમ વહેવા નહિ માડી તેનુંજ આશ્ચર્ય થાય છે !

દ્વિતિય પરિચ્છેદ.

હવે વાચકવર્ગને પૂર્વેની એક ઘટના નિવેદન કરવી જરૂરની છે ગુજરાત રાજ્યના બાદશાહ સિકંદર સુલતાનને ઇતિહાસ–પ્રિય પાઠકો સારી રીતે પિછાને છે. એ સિકંદર શાહનું મસ્તક કેટલાક

કારણોને લીધે ભ્રમિત થઇ ગયું હતું. રાજ્યમાં અશાંતિ, પ્રજા વિદ્રોહ, પ્રધાનની પ્રજાપ્રિયતા, રાત્રિ દિવસ વળગેલુ વ્યસન વગેરેથી સિકંદર શાહનું મસ્તક ઉન્મત્તતાના રોગથી રોગી બની ગયું હતું. તેના મનમાં અનેક પ્રકારના વિચારો ઉપસ્થિત થવા લાગ્યા. એ સઘળા વિચારોમાં પાસા ખેલવાનો વિચાર મુખ્ય હતો. સિકંદર પોતે એક ઉસ્તાદ ખેલાડી હતો. તેનો પરાજય કરી શકે એવું સમગ્ર હિંદુસ્થાનમાં કોઇ મનુષ્ય નહોતું એમ કહી શકાય નહિ, છતાં તેના જેવો કોઇ ખેલાડી હોય તો પણ તે તેના ભયથી આગળ આવતો નહિ. સિકંદર શાહની સઘળી કલ્પનાઓ ઉદ્ધતાઇ ભરેલી હતી. તેણે એવી હકીકત જાહેર કરી કેઃ—"બાદશાહની સાથે પાસા ખેલવામાં જે જીતશે તેને રાજ્યનું સર્વોત્તમપદ (વજીરી) આપવામાં આવશે, પરંતુ પરાજય પામનારને દેહાંતની સજા સહન કરવી પડશે." આ ભયંકર શરતથી કોઇ પણ મનુષ્ય એકાએક આગળ આવ્યું નહિ. સર્વસ્વના નાશની શરતે સમસ્ત ગુજરાતનો અપાર પ્રતિષ્ઠાવાન્ બાદશાહ, તેની પેલી તીક્ષ્ણ નજર, પેલા ભયંકર કટાક્ષ, પેલા ખુશામદ કરનારા અમીર ઉમરાવોનો "બહુત્ ખૂબ જહાપનાહ!"નો અવાજ એ સઘળું સહન કરીને કોઇ પણ ખેલાડીએ વજીરી મેળવવાનું સાહસ કર્યું નહિ.

એક બાજુએ જ્યારે કોઇ ખેલાડી મળતો નહોતો ત્યારે બીજી બાજુએ બાદશાહનો રમવાનો શૉખ પણ ઓછો થતો નહિ. તેને પોતાનું બાદશાહી જીવન આનંદ વગરનું લાગવા માડયું. કોઇ પણ હતભાગ્ય વજીરી પ્રાપ્ત કરવા ઉપસ્થિત થતો નથી એમ જોતાંજ બાદશાહને ઘણું લાગી આવ્યું. ગુલાબજળથી ભીંજાવેલા સુવાસિત પુષ્પ પંખાઓની હવા તેને ઝેરી હવા સમાન જણાવા લાગી. સ્યામા-

સ્વરૂપા સુંદરીઓ તેને આરસના પત્થરની મૂર્તિઓ જેવી જણાવા લાગી. પાસા રમવાનો સુયોગ મળતો નહિ હોવાથી બાદશાહનું મન સર્વ વસ્તુઓ ઉપરથી ઉઠી ગયું હતું. વળી ખાલી ખેલ રમવાની તેની ઇચ્છા નહોતી, નહિ તો હજારો ખેલાડીઓ રમવા આવત અને બાદશાહ થાકી જાત, પરંતુ પોતાના ફર્માનનું પાલન થવુજ જોઇએ એવી બાદશાહની પ્રબળ ઇચ્છા હતી. પોતાની ઇચ્છા પૂર્ણ નહિ થતી હોવાથી તેને પોતાનું સુવર્ણનું સિંહાસન પિત્તળનું અને જૂઠા પત્થરોનું બનેલું જણાતું હતું. તેની પ્રેમદાઓ જાણે કે લાવણ્ય તથા રસ વિનાની થઇ ગઇ છે. તેના પ્રિય ઉદ્યાનનાં પુષ્પો જાણે કે મલિન અને સૌગંધ વિનાનાં બની ગયાં છે, તેનાં સારંગી, સતાર વગેરે વાજીંત્રો પોતાનો સૂર ભુલી ગયાં છે, નોબત બેસુરી વાગે છે, સુધા સમાન શરબત અતિ તિખું બની ગયું છે.

વાસ્તવિક રીતે વ્યસન આવા પ્રકારની ભયંકરજ વસ્તુ ગણાય છે. બાદશાહે નવો હુકમ જાહેર કર્યો કેઃ—"પ્રથમ વખત પરાજય પામનારને પ્રાણદાન આપવામા આવશે. ત્રણ વાર ઉપરા ઉપરી પરાજય પામનારને દેહાંતની સજા થશે; તથા આ ત્રણે દાવની અંદર માત્ર એક દાવ જીતનારને પણ વજીરી પ્રાપ્ત થશે."

આ આજ્ઞામાથી એક ફળ ફળ્યું. આમજાદખાન નામનો એક સાહસિક દરિદ્ર પઠાન વજીરીના લોભને લીધે બાદશાહના પ્રતિદ્વન્દ્વી તરીકે ઉપસ્થિત થયો. ઘણા દિવસ પછી શિકારની પ્રાપ્ત થતાં જે પ્રમાણે ઘણો ભૂખ્યો વાઘ આનંદથી નાચવા માંડે છે તેજ પ્રમાણે આ નવા આવેલા પ્રતિદ્વન્દ્વીને જોઇ સિકંદર શાહ અપાર આનંદ પામ્યો.

•

દુર્ભાગ્યને લીધે આ હતભાગ્ય આમજાદખાન ઉપરા ઉપરી ત્રણે વખતે પરાજય પામ્યો. બાદશાહની કઠોર આજ્ઞાથી, એક પ્રકારના ભ્રમિત ચિત્તના આદેશથી એક નિર્દોષ વ્યકિતનું મસ્તક ધડથી જૂદું થઇ ગયું; પરંતુ આટલાથી બાદશાહને સંતોષ થયો નહિ. આમજાદખાનનું છિન્ન મસ્તક હાથમા લઇ મુખ્ય ઘાતક શહેરના સરીઆમ રસ્તા ઉપર ચારે દિશાએ ફરવા લાગ્યો આ ભયંકર દેખાવથી બાદશાહની ગરીબ પ્રજા ઘણી ચિંતાતુર થઇ ગઇ.

ખેલાડી તરીકે જેઓ થોડા ઘણા પ્રસિદ્ધ હતા તેઓ પ્રાણ-ભયને લીધે રાત્રે નગરનો ત્યાગ કરી ગયા. કોણ જાણે કે બાદશાહ કોને કયારે બોલાવે? જેઓ ખેલાડી નહોતા તેઓ બનતા બનાવોથી વ્યાકુળ ચિત્ત પોતાના દિવસો વ્યતીત કરવા લાગ્યા.

વજીર સમસેરખાન પોતાના ગુણોથી ઘણો લોકપ્રિય થઇ પડયો હતો આ શંકાશીલ અત્યાચારી બાદશાહ વજીરની લોક-પ્રિયતાની વાત સાભળી કોઇ પણ પ્રકારના ભાવિ વિપ્લવના સંદેહથી આકુળ વ્યાકુળ બની ગયો. કળા કૌશલ્યથી વજીરના સર્વસ્વને હરી લેવાનો વિચાર કરી બાદશાહે તને ક્રીડાક્ષેત્રમા બોલાવ્યો. તથા ત્યાર પછી શું બન્યું છે તે અમે પૂર્વે જણાવી ગયા છીએ.

તૃતિય પરિચ્છેદ.

બાદશાહે એજ રાત્રે જેલરની પાસે એક ગુપ્ત પરવાનો મોકલ્યો. તેમાં એવી આજ્ઞા કરવામાં આવી હતી કે.— "સમસેર-

ખાનને ફાસીએ ચઢાવી દેજો. આ કાર્ય કોઇ જાહેર સ્થળે થતુ જોઈએ નહિ. ”

વજીરની લોકપ્રિયતાનો બાદશાહને ઘણો ભય હતો. આવો અનિષ્ટ પ્રકાર જો પ્રજાજનોના જાણવામા આવે તો તેઓ નવાજૂની કર્યા સિવાય રહેજ નહિ એવી બાદશાહને ખાત્રી હતી; તેથીજ છુપી રીતે છુપા સ્થળે વજીરનો વધ કરવાની તેણે આજ્ઞા કરી હતી. બાદશાહની આજ્ઞા ગુપ્ત રીતેજ પ્રતિપાલિત થઇ ગઇ !

એક પ્રહર વીતી ગયો છે. બાદશાહ પોતાના વિશ્રામા લયમાં સમશેરખાનના નાશના વર્ત્તમાન સાંભળવાને ઉત્સુક બની બેઠો છે. થોડાજ સમયમા એક સિપાહીએ આવી ખબર આપી કે—“કામ પૂર્ણ થઈ ગયુ છે. સમસેરનો મૃતદેહ દાટવાને માટે એક મુસલમાન ફકીરદ્વારા તેની કન્યાને ગુપ્ત રીતે બોલાવી મંગાવવામા આવી છે. ” સિકંદર શાહ આ સમાચાર સાભળી નિશ્ચિત થયો

વજીર મરી ગયો, પાપ ગયુ. સિહાસન અનેક પ્રકારે નિષ્કટકિત થયું. સિકંદર શાહ પોતે એક નિરપરાધીના પ્રાણનો નાશ કરીને અનંત શક્તિમાન પ્રભુનો મહા અપરાધી થયો. તેને એવો વિચાર સુદ્ધા આવ્યો નહિ કે આ બાદશાહી, આ હિરા મોતી જડિત સિંહાસન, આ રાજમુકુટ તથા આ અધિકાર ચાર દિવસની ચાહની સમાન છે.

જે વાતનો પૂર્વે અનુતાપ (પશ્ચાત્તાપ) થતો નથી તે વાતનો થોડો કાળ વીતી ગયા પછી અનુતાપ થયા સિવાય રહેતો નથી. ધીમે ધીમે બાદશાહનુ ભ્રમિત ચિત્ત પણ ચંચળ બનવા લાગ્યું. તે દિવસે સધ્યાકાળ પછી તેણે કોઇ પણ વ્યક્તિને પોતાના વિશ્રામા-

લયમાં પ્રવેશ કરવા દીધો નહિ. ગંભીર રાત્રે પરિતાપનો અગ્નિ તેના અંગે અંગને બાળીને ભસ્મ કરી નાંખવા લાગ્યો. સંધ્યા સમયે સળગાવવામાં આવેલા દીપકો એક પ્રહર પૂર્ણ થતાં પૂર્વેજ હોલવાઇ ગયા. તે વખત પછી પણ બાદશાહના અનુતાપનો અગ્નિ શીતળ થયો નહોતો, શય્યા તેને કાંટાથી ભરેલી ભયંકર ભાસતી હતી. હૃદય ઉપર કોઇએ મોટો સખ્ત પત્થર મૂકયો હોય એવું તેને લાગતું હતું. તેને એમ વિચાર આવ્યા કરતો હતો કેઃ— "અરેરે ! મ્હેં આવું ભીષણ કાર્ય શા માટે કર્યું ?" બાદશાહે સ્થિરતાથી નિદ્રાધીન થવાને માટે યત્ન કર્યો; પરંતુ નિદ્રાદેવીએ એ પાપાત્મા પર કૃપા કરી નહિ.

ઘોર અંધકાર ફેલાઇ રહ્યો છે. રાત્રિના ત્રીજા પ્રહરનો સમય છે. વિલાસબાગના ઓરડાઓના સઘળા દીપકો હોલવાઇ ગયા છે. આનંદ કોલાહલનું નામ નિશાન પણ જણાતું નથી. આજે પુષ્પમાળાઓ ઓરડાઓમા પોતાની સુગંધ પ્રસારી રહી નથી, વિલાસબાગનો કૃત્રિમ ફુવારો આજે હમેશના નિયમ પ્રમાણે સુગંધિત શિતળ જળની ધારાઓ ઉરાડી રહ્યો નથી, રમણિઓના કોમળ સંગીત સૂરોનો અવાજ આજે સંભળાતો નથી. વિલાસબાગમાથી આજે આનંદ તથા વિલાસ જાણે ઉડી જઇ કોઈ સ્થળે સંતાઇ ગયાં હોય એમ લાગે છે.

આવી નિર્જન અંધારી રાત્રિએ વિલાસબાગના એક વિશાળ ઓરડાની બારી આગળ એક મનુષ્ય ઉભેલું જણાય છે. તેની ઉપર અંધકાર છે, આજુબાજુએ અંધકાર છે, સ્હામે અંધકાર છે તથા હૃદયમાં પણ અંધકાર છે. એ વ્યકિત પશુ પ્રાણિની માફક

આ નગ્ન સૌંદર્યમયી નિદ્રાધીન પ્રકૃતિના વક્ષ દેશપર થઇને વહેતા અંધકારની અંદરથી ચારે દિશાએ દૃષ્ટિપાત્ કરી રહી છે.

એ અંધકારની અંદર છેવટે એકાએક એક દીપક દેખાયો. એ દીપકના પ્રકાશથી વિલાસબાગની પાસે આવેલા કબરસ્થાનનો એક ભાગ પ્રકાશિત થઇ ગયો. બારી પાસેની પુરૂષ મૂર્તિ જાણે કે કબરસ્થાનમા દીપકનો પ્રકાશ જોઇ આશ્ચર્ય તથા ભય કેમ પામી ના હોય એમ લાગ્યું. એ વ્યક્તિ અસ્પષ્ટ સ્વરે બોલી ઉઠીઃ-"તમે સ્વર્ગ રાજ્યમાથી દીપક હાથમા લઇને જેને મેળવવા આવ્યાં છો તેને હવે મેળવી શકશો નહિ." આ અસ્પષ્ટ આર્તનાદથી દૂર આવેલા દીપકનો પ્રકાશ અંતર્હિત થયો. બારીમા જે પુરૂષ ઉભો હતો તે અન્ય કોઇ નહિ પરંતુ સિકંદર શાહ પોતેજ હતો.

વિલાસબાગની પાસેજ આ કબરસ્થાન આવેલું છે. એ દિવસે પ્રાતઃકાળે સમસેરખાનને ફાસી દેવામા આવી હતી વિલાસબાગમાના પોતાના વિશ્રામાલયની એક બારીનો પડદો ખસેડી જોતા તે દિવસે સિકંદર શાહે કબરસ્થાનમા એક નવી કબર જોઇ હતી. તે સમસેરખાનની કબર હતી. આ ગંભિર રાત્રિના સમયે પણ પુનઃ એ કબરના તરફ નજર ગઇ એકાએક આ મૃત્યુના લીલાક્ષેત્રમા ભીષણ અંધકારની અંદર દીપકનો પ્રકાશ જોઇ સિકંદર શાહને ઘણું આશ્ચર્ય લાગ્યું તેના મનમા અનેક અવનવી તથા ભયજનક કલ્પનાઓ ઉપસ્થિત થવા લાગી છે.

બાદશાહ જ્યા ઉભો હતો ત્યાજ આગળ સ્થિરતાથી ઉભો રહ્યો. જે દીપકનો પ્રકાશ તેણે પૂર્વે જોયો હતો તેજ પ્રકાશ પાછો એકાએક તેની નજરે પડયો ! આ પ્રકાશના સહાયતાથી તેણે જોયું

કે એક રમણી અને એક પુરૂષ સમસેરખાનની કબર આગળ નિશ્ચિત રીતે ઉભાં છે.

સમસેરના પ્રાણનો નાશ થતાની સાથેજ તેણે અમિનાને બોલાવી લાવવા માટે પાલખી તથા સિપાઈને રવાના કર્યો હતો દૂતે આવી ખબર આપી હતી કે વજીરની કન્યા તથા તેના કાકાનો દીકરો નગરનો ત્યાગ કરી ચાલ્યા ગયા છે, પરંતુ તેઓજ અત્યારે કબર પાસે આસુ સારવાને આવ્યા છે ! સિકંદર શાહનુ પાષણ હૃદય આ સમયે ગળી પડયુ.

એ કબર પાસે ઉભેલી રમણીની પ્રતિમા દીપકના ક્ષીણ પ્રકાશમા પણ પોતાની સૌંદર્યજ્યોતિના કિરણો ફેલાવી રહી હતી. તેનું સુંદર શરીર, વાદળાઓની નીચે અર્દ્ધચંદ્ર જેવી રીતે છુપાઇ પોતાની શોભાનુ દર્શન કરાવે એવું બુરખાની અંદર ઢંકાયલુ અર્દ્ધમુખ બાદશાહને અપૂર્વ લાગ્યુ. બાદશાહ વ્યાકુળ કંઠે બોલી ઉઠયો –“ અહા ! અમિના ! પ્રિયે ! ત્હારૂ આટલું બધું અપૂર્વ સ્વરૂપ ! આવા ભીષણ અંધકારમા ત્હારી રૂપજ્યોતિનો આટલો બધો પ્રકાશ ? હજારો સમસેરખાન મરી જાય તો કાંઇ હરકત નહિ, માત્ર હું તનેજ પ્રાપ્ત કરવાની અભિલાષા ધરાવુ છુ. હજારો ગુજરાતનો ચકની અંદર ચૂરો થઇ જાય, લોહીની સરિતાથી ભીંજાઇ જાય તો પણ અમિના ! પ્રાણાધિક અમિના ! હુ તનેજ પ્રાપ્ત કરવાની અભિલાષા રાખુ છુ. ”

બાદશાહ જ્યા આગળ ઉભો હતો ત્યા આગળથી તેણે જે દેખાવ જોયો તે દેખાવથી તેને અપાર ભય ઉપજ્યો. તેણે ઘણું ધ્યાન આપીને જોયુ તો સમસેરખાનની કબર આસપાસ ખોદી નાખેલી

માટી પડેલી તેની નજરે પડી કબરની અંદર શબ જેવું કાંઇ હોય એમ લાગ્યું નહિ. એ કબરમાથી શબ ઉઠી ચાલ્યું જતુ તેણે જોયુ બાદશાહે એ શબને નિર્નિમેષ નયને આકાર જોયો તો તેને માલુમ પડયું કે એ વજીર સમસેરખાનજ છે !

મરી ગયેલું મનુષ્ય કબરમાથી કેમ ઉઠી શકે, ફાસીએ લટકાવેલુ મનુષ્ય પુન: કબરમાંથી કેમ ઉઠી ઉભુ થઈ શકે, જેનો મૃતદેહ તેણે સ્થિર ચિત્તે જમીન ઉપર પછડાયલો સાભળ્યો છે એ દેહ પુન કેમ સજીવ થઈ શકે એ વિચારે બાદશાહના મસ્તકને આકુળ વ્યાકુળ કરી મૂકયું. તેણે મનમા ને મનમા વિચાર્યુ:-"ઘણી વખત અસ્થિર ચિત્તવાળા મનુષ્યને ભ્રમ પણ થાય છે. ઘણી વખતે છાયા મનુષ્ય સમાન જણાય છે. એ છાયાના મનુષ્યને પણ હાથ પગ હોય એમ લાગે છે ! હુ આવો સમગ્ર ગુજરાતનો શહેનશાહ આવા સાધારણ પ્રકારનો વિચાર કરતા કરતા ભય પામુ છું ! અલ્લા ! આ શુ રહસ્ય છે !"

એકાએક બાદશાહે પોતાના કમરપટ્ટા પર હાથ નાખ્યો તો ત્યા આગળ કટાર પણ તેને મળી નહિ, કારણ કટાર ભૂલથી તે બીજા ઓરડામા મૂકી આવ્યો હતો

એ અંધકારપૂર્ણ રાત્રિએ બાદશાહ વિલાસબાગના પગથીઆં ઉતરી નીચે આવ્યો. તે વખતે મુખ્યદ્વાર આગળ પહેરદાર બેઠો હતો. તે બાદશાહની આકૃતિ જોઇ ઘણો ભય પામ્યો. તેણે વિચાર્યુ કે બાદશાહ આજે નીશો કરી બેભાન બની ગયા છે, નહિ તો ઉઘાડા મસ્તકે અસ્ત્ર શસ્ત્ર વિના તેઓ આવી ભીષણુ રાત્રિએ શા માટે બ્હાર નીકળે ? સિકંદરશાહ બ્હાર નીકળ્યો કે તરત પહેરદારે માથું નમાવી

સલામ કરી. બાદશાહ બ્હાર ચાલી નીકળ્યો. પહેરદાર દ્વાર બંધ કરી ધીમે ધીમે શાહની પાછળ પાછળ જવા લાગ્યો. પાછળથી આવતો પગનો અવાજ સાંભળી બાદશાહે પાછા ફરી પ્રશ્ન કર્યો –" કોણ છે રે તું ? "

" જહાપનાહનો ગુલામ, આપ નામવર અસ્ત્ર શસ્ત્ર વિના આવી અંધકારમયી રાત્રિએ એકલા બ્હાર જાઓ છો તેથીજ હું આપની પાછળ પાછળ આવું છું. "

" શયતાનના બચ્ચા ! ત્હારા કામ ઉપર ચાલ્યો જા ! ગુજરાતના બાદશાહની રક્ષાને માટે ત્હારા જેવા કૂતરાઓની કાંઇ જરૂર નથી."

પહેરદાર ભયનો માર્યો પાછો ચાલ્યો ગયો.

સિકંદર શાહ ધીમે ધીમે ચાલતો કબરસ્થાનમા સમસેરખાનની કબર પાસે જઇ પહોચ્યો તે સ્થાન અ ધકારમય બની ગયુ છે. પેલી સુંદરી અમિના પણ દેખાતી નથી, સમસેનખાનનો સજીવન થયલો દેહ પણ નથી. તેની સમાધિ પૂર્વે જેવી હતી તેવીને તેવીજ છે. સમાધિના ઉપર જે પ્રમાણે ઘાસ ઢાંકવામા આવ્યુ હતું તેજ પ્રમાણે આ વખતે તેના ઉપર ઘાસ પણ ઢાંકેલુજ છે

સિકદર શાહનુ આશ્ચર્ય ઘણું વધી પડયુ. શું મનુષ્યને આટલો બધો ભ્રમ કોઇ પણ કાળે થતો હશે કે ? આટલા મ્હોટા દેશનો હુ રાજા છુ છતા આજે મ્હારૂં મન એક ન્હાના છોકરાના મન જેવું કેમ બની ગયુ છે ? " ચિતાથી તેનું મુખ મલિન થઇ ગયું. છતા તેને ખાત્રી થઇ કેઃ–"હું આટલા બધા ભ્રમમાં પડી જાઉં એમ કદાપિ બને નહિ. સમસેરખાનનો દેહ કબરમાંથી કોઇ ઉપાડી ગયું હોવું જોઇએ. કેટલું બધુ સાહસ ભરેલું કાર્ય ! મ્હારો જ ચાકર નિમકહરામ બન્યો છે ! ' કાલેજ હું એની તપાસ કરીશ, અને એ હતભાગીના જીવનનો નાશ કરીશ. "

આમ છતાં બાદશાહના મનનો સંદેહ સદન્તર દૂર થતો નથી. અગ્નિ માફક તે ધિક્ ધિક્ કરતો સળગી ઉઠે છે. બાદશાહે મનમાં વિચાર્યું કે-"જો કદાચિત સમસેર ખરેખર જીવતો હોય તો તેને અભયદાન દેવાથી એ મ્હારી પાસે આવી શકશે; આટલા અલ્પ સમયમાંજ તેના ઉદ્ધારકો તેનો ઉદ્ધાર કરીને કેવી રીતે પલાયન કરી જાય ?"

બાદશાહ કબરસ્થાનમાં ઉભો ઉભો ગંભીર અંધકારમાં મ્હોટેથી બોલી ઉઠયો:-" સમસેરખાન ! "

કોઇએ ઉત્તર આપ્યો નહિ બાદશાહ વિશેષ ઉચ્ચ સ્વરે બોલી ઉઠયો:-" સમસેર ! અહિં આવ. હું ગુજરાતનો બાદશાહ તને બોલાવું છું. હવે હું ત્હારૂ અનિષ્ટ કરીશ નહિ. અલ્લાના સોગન ખાઇને કહું છુ કે હું તને ત્હારી વજીરી પાછી આપીશ."

કોઇ આવ્યું નહિ. સિકંદર શાહ ભ્રમિત ચિત્તે વિલાસબાગમા પાછો આવ્યો.

ચતુર્થ પરિચ્છેદ.

એક વન-જંગલથી ઘેરાયલા પહાડની ઉપર કેટલીક ન્હાની ન્હાની જીર્ણ ઝુંપડીઓ આવેલી છે. ઝુંપડીઓ જીર્ણ થઇ ગયેલી હોવાથાં એક બીજીની સાથે જોડાયલી છે આ ઝુંપડીઓની આગળ લગભગ બે વીઘાં જેટલી સપાટ જમીન છે. એ જમીનમાંથી મનુષ્યના નિર્વાહને ઉપયોગી થઇ પડે એવી શાક ભાજી ઉત્પન્ન થાય છે. આ ઝુંપડીઓની આજુબાજુનું જંગલ એટલું બધું ગીચ છે કે એ જંગલની બહારના ભાગ આગળ થઇને પસાર થતાં મનુષ્યને બા-

ગ્યેજ એવો વિચાર થાય કે આ જંગલમા મનુષ્યની વસ્તી હશે

આ પહાડની દક્ષિણુ દિશાએ એક ન્હાની સરિતા વહેતી ચાલી જાય છે. સરિતાનુ જળ સ્વચ્છ છે. આ સરિતાની અંદર પહાડ ઉપરથી ગબડી પડેલા મ્હોટા મ્હોટા પત્થરો જાણે દઢતાથી દીર્ઘ-કાળને માટે સમાધિ ચઢાવીને બેઠા હોય એવા દેખાય છે.

આ ક્ષુદ્ર સરિતાના કિનારા ઉપર એક રૂપમયી સુંદરી બેઠી છે. તેની મુખમુદ્રા ઉપરથી તે કોઈની રાહ જોતી બેસી રહી હોય એવું અનુમાન સહજ કરી શકાય છે. કોઇ જાણે દૂર ગયું છે અને તે વિના વિલબે પાછું ફરવાનુ છે એવું એના ભાવ સૂચન કરે છે. સુંદરી વ્યાકુળ ચિત્તે વનદેવી બનીને આવનાર વ્યક્તિની આરાધના કરતી બેઠી છે.

એકાએક એક વ્યક્તિએ સુંદરીની પાછળથી આવીને તેનાં નયનો ઉપર પોતાના બન્ને હાથ મૃદુતાથી દબાવ્યા. સુદરી હસીને બોલી ઉઠી–" ઓળખી ગઈ છું આલિયાર ! હુ સરિતા તરફ જોઇ રહી હતી, તું પાછળથી કેવી રીતે આવી પહોચ્યો ? "

આલિયારે હાથ છોડી દીધા. વાસ્તવિક રીતે એ આલિયારજ છે ! એમ ના હોય તો એ હાથ છોડી શા માટે દે ?

આલિયારના એક હસ્તની અદર પુષ્પમાળા હતી તે તેણે અમિનાના કંઠમાં પહેરાવી કહ્યુ–" અમિના ! અત્રે આવવાના માર્ગો અનેક છે. પ્રેમી મનુષ્યોને રસ્તાઓનો અભાવ હોતોજ નથી. હું નગરમાથી ઘણો સમય થયાં નીકળી પડયો છું. તુ સરિતાના તટ પર મ્હારી રાહ જોઇને બેઠી છે એની મ્હને પ્રથમથીજ ખબર પડી ગઇ હતી, મ્હને આવતાં વિશેષ વિલંબ થાત નહિ, પરંતુ આ પુષ્પોની

માળા ગુંથતો ગુંથતો હુ આવ્યો તેથી કાંઇક વિલંબ થયો છે.'' આમ કહી તેણે અમિનાના ગળામા શોભી રહેલા પુષ્પહાર પ્રતિ સતૃષ્ણુનયને દષ્ટ કરી. દષ્ટિ કરતાંની સાથેજ આલિયારને અમિના અપ્રતિમ જણાઇ. તે તેને ઇંદ્રલોકની અપ્સરા, સુરલોકની સુરસુંદરી સમાન દેખાવા લાગી. પ્રેમથી વ્યાકુળ બનેલા નયનોએ તેણે ઘણા સમય સુધી એ રૂપની અમૃતધારાનું અનિમેષે પાન કર્યા કર્યુ છેવટે તે બોલ્યો—" પિતાની પાસે એક આવનાર માણસ રહ્યું છે. અમિના ! અદ્યાપિ આપણાથી મુકામ તરફ પાછાં જઇ શકાય તેમ નથી માટે આવ, આ સ્થળે બેસીએ. સૂર્ય તો અસ્તાચળમા ઉતરી પડયો છે. આ સરિતાના પ્રવાહની અંદર પડેલા પત્થરના સિંહાસન ઉપર બેસી આપણે હવા ખાઇએ. "

બન્ને જણા એક મ્હોટા ચોરસ પત્થર ઉપર જઇને બેઠા. જાણે કે પ્રેમે આવીને અનુરાગને આલિંગન કર્યું. જ્યોતિએ આવી રૂપને આશ્રય આપ્યો. સૌંદર્યે આવી શોભાને પોતાના ખોળામા લઇને બેઠું આલિયાર અમિનાના સુદૃઢ ગુલાબી અધરોષ્ઠ પર ચુંબન કરવાની ઇચ્છાને અટકાવી શક્યો નહિ. અમિના પણ કાંઇ કાચી નહોતી. એ વનની તરૂલતાએ ખુલ્લા આકાશ અને 'ખળ ખળ' અવાજ કરતી સરિતાને સાક્ષિમા રાખી બદલો લીધો; અર્થાત્ તેણે પણ આલિયારને પ્રેમપૂર્વક ચુંબન કર્યુ પ્રકૃતિ દેવીએ આ પ્રણયી-યુગ્મને આશીર્વાદ અર્પણ કર્યો.

અમિનાએ કહ્યુ -" આલિ ! પિતાશ્રી શું કરે છે ? "

" તેઓ એક પ્રકારની મસલત કરવામા રોકાયલા છે. ગુજરાતથી એક દૂત આવ્યો છે "

" એ સંબંધી ત્હારા સાભળવામાં કાંઇ હકીકત આવી છે કે ? "

" હા થોડી ઘણી આવી છે અને બાકીની હવે પછી આવશે."

" આપણે મહાત્માની સહાયતાથી પિતાનું જે કૌશલ્યથી રક્ષણ કર્યું છે, તે કોશલ્ય બાદશાહના જાણુવામા આવ્યું છે કે? કબર ખોદી નાખ્યાનું રહસ્ય શુ અદ્યાપિ પ્રકાશ થયુ નથી ? "

" ના, બાદશાહના જાણુવામાં કશો પ્રકાર આવ્યો નથી. આપણે જે દિવસે ત્યાંથી ચાલ્યાં આવ્યાં તે દિવસે તેજ સમયે અર્થાત્ ગંભીર રાત્રિએ બાદશાહ કબરસ્થાનમા ગયા હના આ વાત આપણા ગુપ્તદૂતને એક પહેરદારે જણાવી છે; પરંતુ આ પ્રકાર સંબંધી બાદશાહ કાંઇ ખટપટ કરતા હોય એમ જણાતુ નથી."

" ઘણી સારી વાત. હવે જીવ નિશ્ચિંત થયો; પરંતુ આલિ ! હવે આવી અવસ્થામાં કેટલા દિવસો વ્યતીત કરવા પડશે ? ઉચ્ચા કુળમા જન્મ પામી સુખમાં ઉછરી દુ ખદ અવસ્થામા ચોરના જેવું જીવન કયાં સુધી કાઢવું પડશે ? પિતાશ્રી એક મ્હોટા બાદશાહના વજીર હતા ! "

" અમિના ! ઇશ્વરનો આભાર માન કે પિતાશ્રીને ફરીથી જીવનની પ્રાપ્તિ થઇ છે. તેમને પુનર્જન્મની પ્રાપ્તિ કરાવી આપવા માટે પેલા હિંદુ ફકીરનેજ ધન્યવાદ આપવો જોઇએ. ફાસીન માચડેથી ઉતારી જ્યારે તેમને કબરમા દાટવાને લઇ ગયા ત્યારે તેમણેજ મુસલમાનના વેશમા પિતાના દેહની પરીક્ષા કરી જાણી લીધું હતું કે તેઓના પ્રાણુનો સંપૂર્ણ નાશ થયો નથી. એ કૃપાળુ ફકીર મહાત્માએ જ આપણુને આ જીવનમાં કદાપિ નહિ ભૂલી શકાય એવી મદદ કરી છે. "

" ખરૂં છે આલિ, એ દિવસ પછી એ મહાત્માનાં દર્શન થયાં નથી; પરંતુ તેઓએ જણાવ્યું છે કે પુન. જરૂરનાં પ્રસંગે હું તમને મળીશ. "

" જો આલિ ! આજે હું ત્હારી સાથે રીસાઇશ હોં ! "

" શા માટે ? "

" લીધેલી પ્રતિજ્ઞા તુ કયારે પૂર્ણ કરીશ ? "

" શી પ્રતિજ્ઞા "

" બદલાની સહાયતા. "

" હજુ હવે જ સમય હાથ આવ્યો છે આજે સઘળું નક્કી કરીશ. આપણા એક શુભેચ્છક અમીર મહબ્બતખાન કે જે આપણા ગુપ્તદૂત છે, તથા જે હમણાં પિતાની પાસે આવ્યા છે, તેમને મળીને જ સઘળું નક્કી કરવાનું છે. "

" મહબ્બતખાન ! તમારી આટલી બધી કૃપા ! તેઓજ પિતાના સગા ભાઇ જેવા છે. "

"વળી મહબ્બતખાન કહેછે કે, " બાદશાહ હજુ પણ પેલ ખેલવાની ટેવનો ત્યાગ કરતો નથી. તેની પ્રકૃતિ દિવસે દિવસે વિશેષ ઉગ્ર થતી જાય છે. આ એક માસની અંદર બે નવા વજીરોનાં માથા ઉડી ગયાં છે. હવે એવુ જાહેર થયલુ છે કે પ્રથમ વખત પરાજય થવાથી પ્રાણનાશ કરવામા આવશે નહિ, પરંતુ જય થતાંજ વજીરી પ્રાપ્ત થશે. બીજી વખતે અધિકારનો નાશ અને ત્રીજી વખતે પ્રાણનો નાશ થશે. "

"પરમકૃપાળુ પરમાત્મા આ બુદ્ધિહીન સિકંદર શાહને સદ્બુદ્ધિ આપો. વજીરી આપવાનું કૌશલ્ય દર્શાવી માથા ઉડાવી દેવાનું કાર્ય

કેવું ભીષણ કહેવાય ? દયાળુ દીનાનાથે આવા નરપશુને શા માટે સિંહાસન ઉપર બેસાડયો છે ! ”

“ અમિના ! શુ તુ જાણતી નથી કે એ એક પ્રકારનો રોગ છે. એ રોગને દૂર કરવા માટે યોગ્ય પરીક્ષકની આવશ્યકતા છે; પરતુ એવો પરીક્ષક પ્રાપ્ત થાય એ આકાશ કુસુમવત્–સર્વથા અસંભવ છે, બાદશાહને ખેલવામા હરાવી શકે એવુ સાહસ કોનામા છે ? ”

“ શુ ખેલવામા પરાજય થયાથી બાદશાહને જ્ઞાન થશે ? ”

“ થવુજ જોઇએ, પરતુ હુ જાણતો નથી કે બાદશાહના દુશ્મન થવાની શક્તિ કોનામા છે ? ”

“ છે, એવી શક્તિ એક વ્યક્તિનામા છે, તથા એ વ્યક્તિને તું વિના વિલબે ઓળખી શકીશ ”

“ ત્યારે શુ તુ વિધાતાના વિધાનને જાણી શકે છે ! એ વ્યક્તિ કયા છે કહેને ? ”

“ આ ત્હારી પાસેજ ઉભા છે ”

“ કોણ તુ—અમિના ?! ” આલિયાર હા, હા, કરતો હસી પડયો. પર્વત સરિતા, જગલ વગેરે સ્થળોએથી એકત્ર એ હાસ્યનો પડઘો પડયો.

અમિનાએ પુન હસીને કહ્યુ –“ આલિયાર ! હુ ન્હાનપણથી પિતાની સાથે બાજી ખેલતા શીખી છુ શુ તેઓ પરાજય પામ્યા છે તેથી હુ પણ પરાજય પામીશ કે ? મ્હારી સાથે આનદ પ્રાપ્તિ માટે રમતાં રમતા પિતા અનેક વખત પરાજય પામ્યા છે ”

“ અમિના ! તુ બાદશાહનો પરાજય કરે એમા શુ આશ્ચર્ય ? જેનાં આવા બે તેજસ્વી નેત્રો છે, તેને પછી શી ચિતા છે ? જો

એક પણ દિવસે તુ વજીરી કરી શકવાને સમર્થ થાય તો હું વજીર-ણુનો સ્વામી થવાના માનને પ્રાપ્ત કરી શકું "

અમિના ગંભીરતાથી બોલી—" ના આલિ ! હુ મશ્કરી કરતી નથી. પિતાના દુ:ખને દૂર કરવાની મ્હે તેમની આગળ પ્રતિજ્ઞા લીધી છે. બાદશાહને હું હરાવીશજ. જો પુત્ર થઇને જન્મી હોત તો શુ હુ આવી રીતે અદ્યાપિપર્યંત શાતિ ધારણ કરી બેસી રહેત કે ? તીક્ષ્ણ અસ્ત્રને બાદશાહના વક્ષ.સ્થળમા ખોસી ઘાલી તેના પાપપૂર્ણ કૃત્યનો બદલો લેત. આલિ ! જો તું મ્હને સહાય કરવાને તત્પર હોય તો પછી મ્હને કોઇ પણ પ્રકારનો ભય નથી."

અમિનાની મુખમુદ્રા જોઇને આલિયાર સ્હમજી ગયો કે અમિના જે કહે છે તે સર્વથા સત્યજ કહે છે. ન્હાનપણથીજ તે અમિનાને ઓળખતો હતો. તરતને માટે વિષયાતર કરવાના હેતુથી આલિયારે કહ્યું.—" અમિના ! એ વાત પછી થશે, હમણા અંધકારનું સામ્રાજ્ય ફેલાઇ જશે—ચાલ, હવે આપણે ઝુંપડી તરફ ચાલ્યા જઇએ."

આવા સમયે કોણ જાણે કે કોણે દૂરથી એકાએક બુમ મારી—" અમિના ! "

" આવી,-પિતાજી " કહીને અમિના ત્વરિત ગતિથી શીલાનો ત્યાગ કરી પિતા પાસે જઇ પહોચી.

થોડો ઘણો અંધકાર થયો છે. આલિયાર પણ અન્ય માર્ગે ઝુંપડી તરફ ચાલી નીકળ્યો.

પાઠક ! આ નિર્જન જગલવાસી જીવોને ઓળખ્યા કે ? તેઓ વજીર સમસેરખાન, તેની રૂપવતી કન્યા અમિના અને તેના કાકાનો પુત્ર આલિયાર છે

પંચમ પરિચ્છેદ.

પિતાના કંઠને આલિંગન કરી પુત્રી કહે છે કે:–" પિતા ! મ્હને રોકશો નહિ. મ્હારો સંકલ્પ પવિત્ર છે. કોઇ જાણે કાનમાં કહી રહ્યું કેમ ના હોય કે –" અમિના ! અગ્રેસર થા, કોઇ પણ પ્રકારનો ભય નથી. "

પિતા સમસેરખાન અશ્રુપૂર્ણ નયનોએ કોમળ કંઠે બોલ્યો:–" બેટા આટલા બધા દુ:ખમા પણ હું ત્હારા સહવાસથી મ્હને સુખી સમજું છું, બાદશાહની વજીરી ગુમાવી છેવટે જંગલનાં પશુઓના પાડોસી થયાં છીએ. તું સ્ત્રી જાત છે—અબળા છે—એ દુરાચારી રાજાના અત્યાચારનો રસ્તો ત્હારાથી રોકી શકાય તેમ નથી. "

" પરંતુ પિતા ! તમે ભૂલ કરો છો, હું અબળા નહિ પરંતુ પ્રબળા છુ. જો પુત્ર થઇને જન્મી હોત તો આપની આવી દુર્દશા જોઇ અત્યાર સુધી શાંત બેશી રહી હોત નહિ હું જે કાર્ય કરૂં છું તે પેલા હિંદુ ફકીર મહાત્માની સલાહ લઇનેજ કરૂ છું. "

" ફકીર—હિંદુ ફકીર ! કોણ છે તે ? તેઓ આપણા તરફ આટલી બધી દયા કેમ દર્શાવે છે ? "

" મહાન પુરૂષોનો સ્વભાવજ એવો હોય છે. " **परोपकारार्थमिदं शरीरम् ।** " એ એમનું સુત્ર હોય છે. તેઓ ભિન્નાભિન્નની ભાવના રાખતા નથી. "

" ત્હારી એ મહાત્મા સાથે ક્યાં આગળ મુલાકાત થઇ હતી ? "

" આ પહાડ ઉપર કાલે ગંભીર રાત્રિએ એ દયાળુ દેવાત્માએ

મ્હને દર્શન આપ્યાં હતાં. તે સમયે તેમણે મ્હને ઝુંપડીમાંથી બ્હાર બોલાવી જઈ કેટલીક હકીકત કહી હતી."

પછી અમિનાએ ચુપકીથી સમસેરખાનના કાનમાં કેટલીક વાત કરી. એ વાત સાંભળતાંની સાથેજ વજીરનું ચિંતાતુર વદનમંડળ પ્રફુલ્લિત બની ગયું. તેણે પ્રસન્ન વદને કહ્યું:–"ઈશ્વર ! ત્હારૂં કલ્યાણ કરો. હવે હું તને અટકાવીશ નહિ; પરંતુ આ સ્ત્રી વેશ—"

અમિના બોલી ઉઠી:—તે માટે ચિંતા કરશો નહિ ! એ ભાર પણ તેમણે પોતાને માથે લીધો છે. વેશ બદલવો એમાં કાંઈ બહુ આશ્ચર્ય જેવું નથી."

સમસેરખાન પેલા મહાત્માને ઉદ્દેશી મનમાંને મનમાં બોલ્યો:- "પ્રભુ ! આટલા દિવસ સુધી હું આપને ઓળખી શક્યો નહોતો, આજેજ ઓળખી શક્યો છું. આજે પણ આ હતભાગ્યને ભૂલી જતા નથી એ મ્હારા મહા સૌભાગ્યની વાત કહેવાય. આપે મને બચાવવાનો યત્ન શા માટે કર્યો છે તે હું હવેજ જાણી શક્યો છું."

અમિનાએ નમ્ર સ્વરે કહ્યું—"પિતાજી ! આ કાર્યમાં બીજા પણ બે જણની મદદની જરૂર છે. આપને તથા આલિયારને મ્હારી સાથે આવવું પડશે. આટલા બધા દુ:ખથી આપની આકૃતિમાં પણ પરિવર્ત્તન થઈ ગયું છે; અને વળી તે ઉપર વેશ બદલી નાખશો એટલે આપને કોઈ પિછાની શકશે નહિ; વળી આલિયારની પણ મ્હને જરૂર છે."

"અમિના ! બેટા ! જેવી ત્હારી અભિલાષા ! પરંતુ એ મહાપુરૂષનાં દર્શન ક્યાં થશે ?"

"મહબ્બતખાનને ત્યાં, એ સ્થળેજ થોડા સમયને માટે આપણે રહેવું પડશે."

" ત્યારે શું આપણે આવતી કાલેજ અહિંથી પ્રયાણ કરીશુ ?"

" હાસ્તોને. જે નૂતન આદેશ ફેલાવવામા આવ્યો છે તે કાઇક અંશે અનુકુળ છે, તથા એ ચક્રમ ભેજાનો બાદશાહ એ આદેશને ક્યારે ફેરવી નાખશે એ કાઇ કહી શકાય નહિ, માટે જે કરવાનુ છે તે જલદી કરવું જોઇએ

અમિના પિતાને પ્રણામ કરી ઝુંપડીમા ચાલી ગઇ

ષષ્ઠ પરિચ્છેદ.

એક પ્રકાશિત ઓરડો છે. આ ઓરડાના વૈભવની તુલના કરી શકાય તેમ નથી. દિવાલ ઉપર અનેક પ્રકારના નગ્ન અને વિષય વાસનાને સતેજ કરે એવા ચિત્રો ચમકી રહ્યા છે સુગંધિત પુષ્પમાળાઓથી ઓરડામા સુવાસની સીમા નથી. ત્રણ ચાર બારીઓ ઉઘાડી હોવાથી શીતળ વાયુ પ્રવેશ કરી સુગધ સાથે મળી જઈ મનુષ્યાત્માને આનંદ સાગરમા ડૂબાવી દે છે એક બાજુએ અગ્નિની અંદર ધુપ બાળવામા આવે છે ઓરડાની વચ્ચે એક કૃત્રિમ ફુવારો ઉડી રહ્યો છે પ્રિય પાઠક ! આ ઓરડો વિલાસબાગની અંદર સિકન્દરશાહને વિલાસ કરવા માટે છે જેથી આપણે તેને વિલાસાલય નામ આપીશું તો કાઇ ખોટું નથી

બાદશાહ આ વિલાસાલયની વચ્ચે બેઠો છે. તેની આસપાસ સાત સુદરીઓ છે. કોઇ શાહના ચરણો ચાપે છે, કોઇ તાપ નહિ હોવા છતા ફુલના પખાથી વાયુ ઢોળે છે, કોઈ વળી કેટલીક વખત બાદશાહ આગળ શરબતનો પ્યાલો ધરે છે, કોઇ બિચારી શાતિથી પાછળ બેઠી બેઠી એક જણીના તરફ રોષદર્શક કટાક્ષ ફેકે છે તો

કોઇ ગુર્જરેશ્વરની સાથે બેસી આનંદ ઉપભોગની વાત કરે છે.

આવા સુખના સમયે પણ બાદશાહને વિશેષ સુખ મળ્યું નહિ. એક નોકરે આવીને ખબર આપી કે—મહબ્બતખાન બ્હાર ઉભા છે. તેઓ આપને મળવા માગે છે ? ”

“ મહબ્બતખાન ? અંતઃપુરમાં વિશ્રામ કરૂં ત્યારે પણ શાંતિ મળવાની નહિ કે ? બોલાવ તેને. ”

બાદશાહે સુંદરીઓને ચાલી જવાની આજ્ઞા કરી એક ક્ષણમાત્ર તે સઘળી પરીઓ અદ્રશ્ય થઇ ગઇ

મહબ્બતખાને વિલાસાલયમા પ્રવેશ કર્યો તે કુરનસ બજાવી રહ્યો એટલે બાદશાહે તેને પ્રશ્ન કર્યો—શા સમાચાર છે મહબ્બત ? શું પુનઃ કાંઇ વિદ્રોહ તો નથી ને ? ”

“ ના જહાપનાહ, વિદ્રોહ જેવું કાંઇ નથી ! પરંતુ એક સુંદર યુવક મ્હોટો વિદ્રોહી થઇ પડયો છે. તે કોઇ પણ પ્રકારે મ્હારી વાત સાંભળતો નથી. તે આજ રાત્રેજ આપની મુલાકાત લેવાને ઘણો આગ્રહ કરે છે તથા કાંઇ જરૂરનું કારણ છે એમ જણાવે છે. ”

“ અત્યારે ! કોણ છે તે ? કાઢી મૂકો તેને ! કાલે મુલાકાત થશે નહિ નહિ, પહેરદારને હુકમ કરો કે તેને નજર કેદ રાખે. ”

“ જહાંપનાહ ! આવા સુંદર દેખાવનો યુવક અદ્યાપિપર્યંત મ્હેં એક પણ જોયો નથી. તેને કાઢી મૂકવા માટે મ્હે મહેનત કરી પરંતુ સઘળું વૃથા થઇ પડયું કોઇ પણ પ્રકારે તે અત્રેથી ચાલ્યો જતો નથી. ”

ઠીક ત્યારે હું દિવાનેખાસમા જાઉ છું. તેને ત્યાં લઇ આવો આટલી રાત્રિએ તેણે ઘણી ગરબડ મચાવી મૂકી હોય એમ લાગે છે.”

વાસ્તવિક રીતે આ સમય સંધ્યાકાળનો હતો, પરંતુ બાદશાહી દષ્ટિજ અદ્‌ભુત પ્રકારની હોય છે !

બાદશાહ સિકંદર દિવાનેખાસમા એક કિમતી આસન ઉપર જઈ બેઠો. મહબ્બતખાને વિના વિલંબે એક સુંદર યુવકને પોતાની સાથે લઇ વિશાળ આકર્ષક દિવાનેખાસમા પ્રવેશ કર્યો.

ખુલ્લી તરવાર તથા શિરપેચ (ફેંટાને)ને બાદશાહના આસન આગળ નીચે મૂકીને શાહના જમીન ઉપર પડેલા વસ્ત્રને ચુંબન કરી આવનાર યુવક સ્થિરતાથી ઉભો રહ્યો.

બાદશાહે યુવકના અપ્રતિમ સૌંદર્યની મનમાંને મનમાં ઘણી પ્રશંસા કરી. યુવકની ઉગતી યુવાની, ગૌર કાંતિ, મૂછ વિનાનું તેજસ્વી મુખમંડળ, વિશાળ લોચન યુગલની તેજસ્વિતા તથા એ સરળ મુખનું સરળ હાસ્ય જોઇને બાદશાહે કોમળસ્વરે પ્રશ્ન કર્યો — " યુવક ! ત્હારે શું જોઇએ છીએ ? આવા રાત્રિના સમયે ત્હારે શાની જરૂર છે ? "

" જહાંપનાહ ! હું આપની વજીરી કરવાની ઇચ્છા રાખુંછું. "

" વજીરી ! સર્વનાશ ! કોણે તને આવી સલાહ આપી ? આવું સુંદર મુખ ! આવી નવ યુવાની ! "

યુવકે નિડરતાથી ઉત્તર આપ્યો —" હું આપની સઘળી શરતો જાણું છું અને તેથીજ આવ્યો છું. "

" વજીરીની કિંમત શું છે એ તું જાણે છે ? "

" હા જાણું છું કે શરતમા પરાજય થવાથી મસ્તકનો નાશ થાય છે. જય થવાથી અતુલ ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. "

" કોણે તને વજીરી મેળવવાની સલાહ આપી ? "

" ઉચ્ચ આશાએ-દરિદ્રતાએ ! "

" ઉચ્ચ આશા સફળ થઇ શકે એવો પ્રસંગ પ્રાપ્ત થશે કે ? "

" ઐશ્વર્યના ઉપભોગથી દુ:ખ દૂર થઇ શકે તેમ છે; વળી મ્હારૂ જીવન ઘણું દુ:ખમય છે. આત્મહત્યા એ મહાપાપ છે. જો વજીરી પ્રાપ્ત નહિ થાય તો હુ મ્હારૂં મસ્તક આપી મ્હારા આ દુ:ખથી કંટાળેલા જીવનનો અંત લાવીશ. "

" નહિ, નહિ, અજ્ઞાની યુવક ! ત્હારા મુખમાં આવાં વચનો શોભતાં નથી. "

" આપ ગમે તેમ કહો, પરંતુ હુ મ્હારા નિશ્ચયથી ડગનાર નથી, જે માર્ગે જવા ઇચ્છું છુ તે માર્ગેથી એક પણ પગલું પાછું હઠનાર નથી. જહાપનાહ ! ઉચ્ચ વંશમા જન્મ ગ્રહણ કરી જીવન-પર્યંત સૈનિક અવસ્થામા પડી રહી દરિદ્રતાની સાથે હું સંગ્રામ કરી શકતો નથી. હવે એક વખત હું મ્હારા ભાગ્યની પરીક્ષા કરી જો-ઇશ. જો મ્હારા સૌભાગ્યને લીધે કદાચિત હું વજીર થઇશ તો પછી બાદશાહની સેવા ઉઠાવવામાં મ્હને પોતાને ઘણો ભાગ્યશાળી સ્હમજીશ. "

" ઠીક છે; કાલેજ ત્હારી પરીક્ષા થશે. કાલે મ્હારી સાથે ખેલ ખેલવો પડશે. આજે હું તને બહાલ કરૂ છું. કોષાધ્યક્ષ (ખજા-નચી) ને આજ્ઞા કરૂંછું કે તે ભાવી વજીરની બહાલી તરીકે દશ હજાર અશ્રફીઓ (સોના મહોરો) હમણાંજ તને આપશે. "

" મ્હારી એક વિનતિ છે જહાંપનાહ ! મ્હારી સાથે એક સુદક્ષ સેનાપતિ છે, તેમની સાથે મ્હારો ઘણો સ્નેહ સંબંધ છે, તેમને પણ આપે આપના દરબારમાં જગ્યા આપવી પડશે. "

" શા માટે નહિ ! ત્હારૂ આવું સુદર મુખ ! આવા મિષ્ટ વચનો !! આટલી ન્હાની ઉમરમા આટલુ બધું સાહસ જોઇ મ્હને ઘણુ આશ્ચર્ય થાય છે. મ્હારી આગળ ઉપસ્થિત થઈ મ્હોટા મ્હોટા સાહસિક વીરો પણ વાત કરતા સકોચ પામે છે, પરંતુ આજે ત્હારૂં સાહસ જોઇ મ્હને ત્હારી બુદ્ધિ, વીરત્વ વગેરે સબધી ઘણા વિચારો આવે છે તુ જે કહે તે સાંભળવા હુ તૈયાર છુ."

યુવકે સસ્મિત વદને ઉત્તર આપ્યો —" એ આપ નામવરની કૃપા છે. સેવકની એક બીજી વિનતિ એ છે કે હુ દુર્ગની અંદર રહી શકું તેમ નથી. તેનાં અનેક કારણો છે, તેથી શહેરની અદર મ્હેં મ્હારે માટે મકાન પસદ કયુ છે, તેમાજ હુ નિવાસ કરીશ "

" ભલે જેવી ત્હારી ઇચ્છા; હવે હુ બેસી શકુ તેમ નથી. રાત્રિ ઘણી વીતી ગઇ છે. યુવક ! હમણા વિદાય થા, કાલે મુલાકાત થશે. ત્હારૂં મુખ જોઇ મ્હને ત્હારા ઉપર ઘણી માયા થઇ આવી છે. ખુદાતાલા કરેને ત્હારી સાથે રમવામા મ્હારીજ હાર થાય તો મ્હારા આનદની સીમા રહે નહિ મારો ભયંકર શરતનો અમલ મ્હારે ત્હારા ઉપર ના કરવો પડે એવીજ મ્હારી અભિલાષા છે ખુદા તને દીર્ઘાયુષી કરો."

યુવક–વજીર બાદશાહને માથું નમાવી વિદાય થયો. મહબ્બત ખાન તરફ તેણે એક વખત તીક્ષ્ણ દષ્ટિપાત્ કર્યો. જો તે સમયે કોઇએ ધ્યાન આપીને નજર કરી હોત તો માલમ પડત કે ઉભયના અધરોષ્ઠ ઉપર એક પ્રકારનું સ્મિત હાસ્ય નાચી રહ્યુ છે.

સપ્તમ પરિચ્છેદ.

એ દિવસે શહેરમા ઘણો કોલાહલ થવા લાગ્યો એક ન્હાની ઉમરનો નવો વજીર બાદશાહ સાથે ફરીથી રમનાર છે એ શબ્દો પ્રત્યેક મનુષ્યના મુખમાથી બહાર નીકળતા હતા. નવો વજીર માત્ર ત્રણ દિવસથીજ શહેરમાં આવ્યો છે; હજુ સુધી કોઇએ તેને બરાબર જોયો સુદ્ધા નથી તેથી તેના દર્શનાર્થે મધ્યાન્હકાળે તથા સંધ્યાકાળે રાજમાર્ગ ઉપર લોકો એકત્ર થવા લાગ્યા, પણ તેમની દર્શનની આશા પૂર્ણ થઇ નહિ.

આ વખતે કોનો પરાજય થાય છે તે જાણવાને સર્વેજનો આકુળ તેમજ ઉદ્વિગ્ન બની રહ્યા છે. નવો વજીર ઘણો સત્પુરૂષ, નવ યુવાન તથા ચાલાક હોવાથી લોકોની તેના ઉપર અપાર સહાનુભૂતિ થઇ છે. તેથી કરીનેજ નગરના લોકો તેનાં દર્શન કરવાને માટે આતુર થઇ રહે છે. આજે રમતનો દિવસ હોવા છતા પણ રાજમાર્ગ ઉપર ઘણી ભીડ થઇ રહી હતી, તથા આ ભીડ ઠેઠ રાજમહાલય અર્થાત્ વિલાસબાગ સુધી જઇ પહોંચી છે. પોલિસે આ ભીડને દૂર કરી નાખી. દિવસના વખતે જો કોઇને વાઘના શિકાર તરીકે લઇ જવામાં આવે અને જેવી રીતે એ સઘળી હકીકત જાણમા આવનારાઓના મન દુ:ખી થાય તેજ પ્રમાણે આજે નવા વજીરને બાદશાહરૂપી વાઘના શિકારે તેનો કરાળ કાળ લઇ જાય છે એમ જાણી પ્રજાજનો ઘણાં દુ:ખી થયા વૃદ્ધ સમસેરખાનના મૃત્યુ પછી બીજાં પણ બે મનુષ્યોએ આવી રીતે પોતાના માથાં આપ્યા છે.

નગરની સ્થિતિ આવા પ્રકારની છે. રાજભુવનમાં પણ નગરની સ્થિતિના જેવીજ સ્થિતિ છે. સર્વત્ર ઉદ્વેગની છાયા છવાઇ રહી છે.

વજીરનાં દર્શન કરવાનો સુયોગ પૂર્વ જેઓએ પ્રાપ્ત કર્યો હતો તેઓ સર્વનાં ચિત્ત આજે ચિંતાતુર છે. સર્વ અમીર ઉમરાવો આજે બાદશાહનો મનમાંને મનમાં તિરસ્કાર કરે છે.

બાદશાહ આટલા દિવસ સુધી ઘણો ઠંડો હતો. ખેલની વાત ભૂલી ગયો હતો; પરંતુ ઘણા દિવસ સુધી શિકાર વગર રહેલો ક્ષુધાતુર વાઘ જે પ્રમાણે લોહીનો સ્વાદ લેવાને ભીષણ સ્વરૂપ ધારણ કરે છે તેજ પ્રમાણે શાહની અવસ્થા પણ ભીષણ થઇ પડી. એક નવયુવક કે જેને હજુ સુધી મુછનો દોરો પણ ફુટયો નથી તે પોતાને ખેલમાં પરાજય પમાડી આટલા બધા લોકોની આગળ પોતાનું અપમાન કરવાની ઇચ્છા રાખે છે એવા વિચારથી સિકંદર શાહ ઉશ્કેરાઇ ગયો છે. તેના હૃદયમાંથી પશ્ચાત્તાપ વિદાય થઇ ગયો છે. પુનઃ તેણે ભયંકર સ્વરૂપ ધારણ કર્યું છે.

પુન. રમત શરૂ થશે. જે લોકો કાંઇક વિચારવાન્ ગણાય છે તથા બાદશાહના ખુશામદીઆ તરીકે પ્રસિદ્ધ થયલા છે તેઓ ખેલ સમયે હાજર રહેશે. નીચ ખુશામદીઆ અમીર ઉમરાવો પણ આ નવીન વજીર બાદશાહનો પ્રતિસ્પર્ધી થયેલો જોઇ મનમાંને મનમાં ઘણી ચિંતા કરે છે.

સંધ્યા સમય પછી વિલાસબાગના પૂર્વ પરિચિત ઓરડામાં રમત શરૂ થઇ. એક બાજુએ બાદશાહ બેઠો છે ત્યારે બીજી બાજુએ નવીન વજીર બેઠો છે. ચારે બાજુઓ અમીર ઉમરાવથી ચીક્કાર થઇ રહી છે. સુંદર ઓરડામાં પ્રકાશી રહેલા દીપકોના પ્રકાશથી સર્વનાં મુખનું સારી રીતે દર્શન કરી શકાય છે.

બાદશાહના હમેશા ટેવાઇ ગયેલા હાથને આજે જાણે કાંઇ થઇ

ગયું હોય એમ લાગે છે. તેની બાજી નબળી થતી ચાલી. નવીન વજીર વિજય માર્ગ પ્રતિ આક્રમણ કરવા લાગ્યો. અમીર ઉમરાવો તેમજ ખુશામદીઆઓ એકબીજાના કાનમા ગુપ્ત ગોષ્ટી ચલાવવા લાગ્યા છેવટે બાદશાહ પરાજય પામ્યો. બે એક જણથી એકાએક આવેગને લીધે બોલાઇ જવાયુ કે—" ઘણું સારૂ થયુ ! "

બાદશાહે ' ઘણું સારૂં થયુ ! ' એ શબ્દો બોલનાર તરફ વક્ર નજર કરી. તે હારી ગયલો હોવાથી તેને ઘણું લાગી આવ્યું. તે હારેલો હોવા છતા હારવાનું ઇચ્છતો નહિ તેના મનમા એક પ્રકારની ઘૃણાનો સચાર થતો હતો.

બાદશાહ કદાપિ હારતો નહિ, પરંતુ આજે તે એક નવયુવકથી હારી ગયો તેથી તેને એમ લાગ્યુ કે પોતાને માથે લાગેલું કલંક કદાપિ દૂર થશે નહિ આમ વિચારી તેણે ગંભીર સ્વરે આજ્ઞા કરી કે—" બીજો દાવ ચાલવા દો "

બાદશાહની આજ્ઞા સાભળતાજ સર્વના મનમાં ભયે પ્રવેશ કર્યો.

બીજો દાવ શરૂ થયો. બાદશાહના પાસા પોબાર પડવા લાગ્યા અને છેવટે તેનોજ વિજય થયો આસપાસ બેઠેલા ખુશામદીઆઓ બોલી ઉઠયા કે—" બાદશાહનો જય. " આ અવાજની સાથેજ આખો ઓરડો કંપી ઉઠયો.

નવીન વજીરનું મુખ સુકાઇ ગયું. તેણે જોયું કે કાળ તેની સમીપ આવીનેજ ઉભો છે. જો કે તેણે બહારથી એક પ્રકારનો અતિ ઉત્કંઠાનો ભાવ દર્શાવ્યો; પરતુ જો કોઇએ તેના અતરની અંદર સુક્ષ્મ દૃષ્ટિ કરીને જોયું હોત તો તેને માલૂમ પડી આવત કે તે પોતાના પરાજયમા પણ આનંદિત છે.

બાદશાહે સ્મિત કરી પ્રશ્ન કર્યો -" વજીર ! સાહસ કર્મ કર્યા પછી મૃત્યુનો ભય રાખવાની કાંઇ જરૂર ? "

વજીરે વ્યાકુળ કંઠે મલિન મુખે કહ્યું -" શરતને જાણી વિચારીનેજ રમવા બેઠો છું તો પછી હું મૃત્યુનો ભય રાખતો નથી; પરંતુ જહાંપનાહ ! મ્હને બે દિવસનો સમય આપો. "

બાદશાહના કઠોર હાસ્યથી આખા ઓરડામાં પડઘા પડયો. છેવટે તેણે કહ્યું - " ઠીક છે, તેમજ થશે ત્હારો ઉછરતી ઉમર તથા મુખનું સૌંદર્ય જોતાંજ મ્હને ત્હારા ઉપર દયા આવે છે. આમ છતાં પણ ત્હેં મ્હને પ્રથમ હરાવ્યો છે તેથી ક્ષમા કરી શકું તેમ છું, પણ-"

બાદશાહનું વાકય પૂરું થયું નહોતું એટલામાંજ એક પહેરદારે આવીને બાદશાહની આગળ એક બીડેલો પત્ર તથા એક મુદ્રિકા ધરી બાદશાહે ધીમે ધીમે પત્રને ઉઘાડયો પત્ર ઉઘાડી જોતાંની સાથેજ તેનું હસતું મુખ મલિન થઇ ગયું. તેણે એ પત્ર નવીન વજીરના હાથમાં આપ્યો.

વજીરે પણ પોતાના મુખ ઉપર ઘણો વિષણ્ણભાવ દેખાડયો તે શુષ્ક મુખે બોલ્યો -" હવે ઉપાય ? "

બાદશાહે ઓરડામાં બેઠેલા સર્વ જનોને ચાલ્યા જવાની આજ્ઞા કરી. ક્રીડાભવન સલાહભવન બની ગયું બાદશાહ બોલ્યો -"વજીર! પૂર્વની વાત ભૂલી જા ત્હને પ્રાણદંડ કરવાનું હું માંડી વાળું છું. નવીન સેનાપતિ આ વિચાર જો આ વિદ્રોહીઓને પાછા હઠાવે તો હું તેને દશ હજાર સોના મહોરો ઇનામમાં આપું, પરંતુ વિદ્રોહી લોકોના સરદારને મ્હારી આગળ જીવતો હાજર કરવો જોઇએ. જો

આમ થશે તો હું તને પણ પ્રાણદાન દઇશ. ”

નવીન વજીરે આગ્રહપૂર્વક કહ્યું:-“ જોઇશ કે અલ્લાની કેવી મરજી છે ? જહાપનાહ ! આ ગુલામ યત્ન આદરવામા પાછી પ્હાની નહિ કરે. આ ઉપાયથી જો મ્હને મ્હારા જીવનની પુન પ્રાપ્તિ થાય તો તે પણ મ્હારે માટે મહા મંગળની વાત છે !”

બીજે દિવસે પ્રાત કાળે સર્વ જનોએ જોયુ કે સેનાપતિ આલિય રખાન સૈન્ય સહિત નગરમાથી બ્હાર ઉપડી જાય છે પ્રજાજનો સેનાપતિની વીરત્વદર્શક મુખમુદ્રા જોઇ અતિ પ્રસન્ન થયા. સેનાપતિ કયા શા માટે જાય છે તે કોઇ જાણી શક્યું નહિ

અષ્ટમ પરિચ્છેદ.

એક નિર્જન ઓરડામા અમિના બેઠી છે. તેની પાસે કોઇ નથી; માત્ર ચિંતાજ તેની સહચરી છે. અમિના મનમાને મનમા વિચાર કરી રહી છે કે -“ઘટનાનો પ્રવાહ મ્હને કયા ખેચી જાય છે તે હું સ્હમજી શકતી નથી. હું એ હિંદુ સંન્યાસીની વાત ભૂલી જઇ આવા પ્રકારના કઠિન કાર્યમા આગળને આગળ વધતી જાઉં-છુ. સ્ત્રી લોકને માટે જે અસંભવ છે તેજ મ્હે કર્યુ છે. સંન્યાસી મહાશય કોણ છે તે પણ આજ સુધી હુ જાણી શકી નથી. તેમણે પરોપકારવ્રત ધારણ કરી આ અભાગિની ઉપર અનેક ઉપકારો કર્યા છે પિતાને અર્દ્ધમૃત અવસ્થામા વધ્યભૂમિમાથી ફકીર વેશે બચાવી દીધા છે. હું તો તે સમયે પ્રાણ ભયથી છુપાતી હતી હતભાગી પિતાના તરફ કોઇ જોનાર નહોતું. એ મહાત્માએજ પરીક્ષા કરી

જાણી લીધું હતું કે ભયને લીધે પિતા બેભાન બન્યા હતા—મૃત્યુ પામ્યા નહોતા. તેમણેજ સર્વની આગળ સંધ્યા સમયે અન્ય જનોને વિશ્વાસ આવે એ હેતુથી પિતાના શબ દેહને કબરમાં સૂવાડયો હતો, પરંતુ તેમ કરતી વખતે કૌશલ વાપરીને તેમણે કબરમા વાયુ જઇ શકે એવી યુકિત યોજી હતી પિતાને તેમણેજ જીવનદાન આપ્યું છે. તેઓ હિંદુ હોવા છતાં પણ કોઇ પ્રકારનો સંકોચ રાખ્યા સિવાય તેમણે મુસલમાનોના કબરસ્થાનનું સઘળું કાર્ય કર્યું છે. તેમણેજ તે દિવસે ભીષણ અંધકારમયી રાત્રિએ પિતાને કબરમાંથી બ્હાર કાઢી પુન બચાવ્યા છે. મ્હને લાગે છે કે તેઓ સાક્ષાત્ ઇશ્વરના મોકલાવેલા દૂત છે, અને જો તેમ ના હોય તો તેઓ કોઇ અતિ અદ્ભુત શકિતવાળા માણસ હોવા જોઇએ. આજે રાત્રે તેમણે મ્હને એકાંતમાં દર્શન દેવાનું કહ્યું છે સરાઇખાનાના ઘાટ ઉપર તેમણે પોતાનું જીવનવૃત્તાંત કહી સંભળાવવાનો સ્વીકાર કર્યો છે. તેમની સાથે એક વખત મુલાકાત કરવાની ઘણીજ જરૂર છે.

'પ્રાણાધિક પ્રિયતમ આલિયારને શત્રુઓ સ્હામે મોકલી હું ઘણી પસ્તાઉ છું. આલિયાર હવે જીવતો છે કે નહિ તેની મ્હને ખબર નથી. પેલા પરોપકારી સંન્યાસીએ તો આશ્ચર્યજનક યુક્તિથી બાદશાહને વિદ્રોહના સમાચાર પહોચાડી મારા જીવનની રક્ષા કરી છે. મહબ્બતખાન એ મહાપુરૂષને પિછાને છે એમા લેશ પણ સંદેહ જેવું નથી, પરંતુ તેઓ કોઇ પણ વાત સ્પષ્ટ રીતે કહેતા નથી."

અમિના ધીમે ધીમે શય્યાનો ત્યાગ કરી એક વખત આરસાની પાસે ગઇ પોતાની સુંદર મૂર્તિનું આરસામા પડેલું પ્રતિબિંબ જોઇ એક વખત તે હસી પડી. પછી એકાએક કંપી ઉઠીને તેણે દ્વાર તરફ દષ્ટિ કરી તો દ્વાર બંધ જોયુ, તરતજ તેનો ઉદ્વેગ દૂર થયો.

"આ વેશમાંજ જવું યોગ્ય છે. મધ્ય રાત્રિનો સમય પણ થયો છે આલિયારના સમાચાર એ મહાત્માના પાસેથી જાણી શકીશ એવી આશાથીજ હું જાઉં છું જગદીશ્વર મ્હારા આલિયારનું કલ્યાણ કરો, તેના દુઃખ દાવાનળને દૂર કરો.'

અમિના પોતાના સર્વાંગને એક કાળા ઝભ્ભામાં ઢાંકી દઇ મધ્ય રાત્રિએ એકલી સરિતાના તીર તરફ ત્વરિત ગતિથી જવા લાગી. એ શાંત રાત્રિએ સરિતાના એક નિર્જન ઘાટ ઉપર અમિના જઇને બેઠી એ ભયંકર અંધકારની તીવ્રતાની સાથે પોતાનું કૃષ્ણ શરીર મેળવી દઇ, ગૈરી નદી અંધકાર સંગીત ગાતી ગાતી વહેતી ચાલી જાય છે આસમાની આકાશમાંના તારકો—સરિતાના કાળા જળની ઉપર પોતાની ઉજ્વળ જ્યોતી ફેલાવવાનો યત્ન કરતા જણાય છે. વાયુ શાંત હોવાથી સરિતાના તટ ઉપર આવેલાં વૃક્ષાદિઓ સ્થિરભાવ ધારણ કરી શાંતિથી ઉભા છે.

એકાએક એ અંધકારમા એક હૃષ્ટપુષ્ટ સન્યાસીએ આવી અમિનાના ખભા પર પોતાના હાથનો સ્પર્શ કરી ગંભીર સ્વરે કહ્યુ—"અમિના!"

ગુપ્ત વેશમા બેઠેલી અમિનાએ કહ્યુ—"આપ પધાર્યા! આટલો બધો વિલંબ કેમ થયો?'

"એક કાર્ય બાકી રહી ગયુ હતુ, તે પૂર્ણ કરીને આવ્યો છું. તને કહ્યું હતુ કે છેવટે એક દિવસે ફરી મુલાકાત થશે. આજેજ એ છેવટની મુલાકાતનો દિવસ છે મ્હારૂં કાર્ય પૂર્ણ થઇ ગયુ છે. મ્હારૂં પ્રતિહિંસાવ્રત મ્હેં બરાબર પાળ્યું છે. આજે ત્હેં જે કર્યું નહિ, આલિયારથી જે બની શક્યું નહિ, તેજ મ્હેં પૂર્ણ કર્યું છે."

"કૃપા ભાવે સઘળી વાત સ્પષ્ટ રીતે કહેશો? મ્હારાથી આપની વાતનું રહસ્ય સ્હમજી શકાતું નથી."

'અમિના! વાસ્તવિક રીતે પ્રતિહિંસા અર્થાત્ વૈરના બદલાનો ભાર ત્હારા ઉપર હતો. તેથી કરીનેજ યુક્તિ ચલાવીને મ્હેં તને આ પ્રકારમાં અગ્રેસર કરી હતી, પરંતુ ત્હારાથી ઉદ્દેશ સિદ્ધ થઇ શકયો નહિ, તેમજ આલિયારથી પણ કાંઇ બની શકયુ નહિ."

"આપે કેવી રીતે જાણ્યું કે આલિયારથી કાંઇ બની શક્યું નહિ?"

"હિંદુઓમા યોગબળ નામનું એક પ્રકારનુ બળ હોય છે, તે ઉપર તું ભરોસો રાખે છે કે?"

"હા, હું તેના ઉપર પૂર્ણ ભરોંસો રાખું છું; તેમજ વળી હુ જાણું છુ કે આપના મુખમાંથી કદાપિ અસત્ય વચનો બહાર પડતા નથી."

"ઠીક ત્યારે જો સાંભળ; આલિયાર વિદ્રોહીના સરદારને પકડી શકયો નહિ, એટલુજ નહિ પરંતુ તે ઉલટો તેમનો કેદી થઇ પડયો છે. વીસ હજાર સોના મહોરો આપ્યા સિવાય તેના જીવનનું રક્ષણ થઇ શકે તેમ નથી વળી તેના ઉપર તો ત્હારૂ જીવન અવલંબીને રહેલુ છે. જો તે અત્રે ના આવી શકે તો આ દુષ્ટબુદ્ધિ બાદશાહના મનમાં કાંઇ બીજોજ વિચાર આવે અર્થાત્ તે એમ વિચારે કે આલિયાર પ્રાણ ભયથી પલાયન કરી ગયો છે"

"જો આલિયારને સહિસલામત પાછો આવેલો ના જોઇ શકું તો હું પણ મ્હારા પ્રાણ આપવાને તૈયાર છુ. આપની આગળ કહેતાં મ્હને શરમ આવે છે કે હુ આજે પણ પ્રવૃત્તિ ઉપર જય

મેળવતાં શીખી નથી. હુ આલિયારને ચ્હાઉં છું. જો તેને ના મેળવી શકું તો મૃત્યુજ મ્હારે માટે શ્રેયસ્કર છે. વળી આલિયારનું રક્ષણુ કરવા જેટલી રકમ હુ કયાથી મેળવી શકું ? રકમ મળનાર નથી. મ્હારા પ્રિયતમ આલિયારનું રક્ષણ થનાર નથી. હાય ! દૈવ !"

"બ્હેન ! આલિયારના રક્ષણનો ઉપાય મ્હે કર્યો છે. કોના પૈસા કોણુ ભોગવે છે. આ જગતમાં નાણાની સ્થિતિજ એવા પ્રકારની છે. આ ગરીબ મહાત્મા પાસે અઢળક દ્રવ્ય છે. હું જન્મથીજ સન્યાસી નથી."

અમિના એ હૃષ્ટપુષ્ય સંન્યાસી મહાત્માના બન્ને ચરણોને પકડી ઉભી રહી. સંન્યાસી સહજ દૂર ખસી જઇ બોલ્યો:–"બ્હેન ! રાત્રિ પૂર્ણ થતાં પૂર્વેજ હું આ સ્થળનો ત્યાગ કરનાર છુ. સિકંદર શાહના મૃત્યુ થયાના સમાચાર સાંભળતાંની સાથેજ હુ આ પાપ રાજ્યનો ત્યાગ કરી હિમાલયના માર્ગે નીકળી પડનાર છુ. પુન તુ મ્હારૂં દર્શન કરી શકીશ નહિ, પરંતુ જતા પહેલા હું તને એક આશ્ચર્યયુક્ત વાત જણાવવાને ઇચ્છુ છુ."

અમિના એકાએક બાદશાહના મૃત્યુ સંબધીની વાત સાંભળી ઘણું આશ્ચર્ય પામી. તે ઉત્સુક થઇને બોલી —"પ્રભો ! આપની વાતનું સહજ પણ રહસ્ય હુ સ્હમજી શકતી નથી."

"બેટા ! જ્યાં સુધી મ્હેં સઘળી વાત તને વિસ્તારથી કહી સંભળાવી નથી ત્યાં સુધી તું કેવી રીતે મ્હારી વાતનું રહસ્ય સ્હમજી શકે ? અમિના ત્હારૂં સત્ય નામ નથી. ત્હારો જન્મ હિંદુને ત્યાં થયો છે. ત્હારૂં સત્ય નામ **રત્નવતી** છે. સિકંદર શાહે જે સમયે રાજનગર પર ચ્હડાઇ કરી હતી તે સમયે ત્હારી ઉમ્મર માત્ર ત્રણ

વર્ષની હતી. હું જાતિનો શ્રેષ્ઠી છું મ્હારા ઐશ્વર્યની સીમા નહોતી. હુંજ રાજનગરના રાજાનો રત્નવણિક હતો.”

“ દુષ્ટે રાજપુરીનો ધ્વંશ કરીને દોલત મેળવવાની આશાથી નગરમા પ્રવેશ કર્યો. એ દુષ્ટના અસખ્ય સૈન્યના પ્રવાહને અમારા લોકો રોકી શકયા નહિ તે સમયે હુ રાજ્યકાર્ય પ્રસગે કાશી ગયો હતો. જે દિવસે આ ઘટના ઘટી તેજ દિવસે હુ ઘેર જઇ પહોંચ્યો.”

‘ રાજા યુદ્ધમા માર્યો ગયો હતો રાજ્ય દુસ્મનોની સત્તામાં જઇ પડયુ હતુ મ્હારી સ્ત્રી તથા બાળકોનો પણ ઘરમાં પત્તો નહોતો—ભડાર લુટાઇ ગયો હતો. દીવાના મનુષ્યના જેવી અવસ્થામાં મ્હે ગૃહનો ત્યાગ કર્યો. એક વિશ્વાસુ અને નિમકહલાલ નોકરે મ્હારી માત્ર એક વર્ષની ઉમ્મરની પુત્રીને તથા મ્હારા મુખ્ય નોકરના પુત્ર કુમારસિહને ઘણીજ ગુપ્ત રીતે કોઇ સ્થળે છુપાવી રાખ્યાં હતાં. તેણે જ આવીને રસ્તામા મ્હને સઘળા સમાચાર કહી સભળાવ્યા હતા. શત્રુના આગમનના સમાચાર જાણી મ્હારી પત્નીએ જહર પીને આત્મ હત્યા કરી હતી ”

“ હું મ્હારી નાની કન્યા તથા કુમારસિહને લઇ નૌકામાં બેસી નહ શી છુટયો એ નદીમા નૌકા એક તોફાન ઉપસ્થિત થયુ. નહિ. પરતુ નદીના દુર્ભાગ્યને લીધે ધારેલે સ્થળે જતા પૂર્વેજ નદીમાં તોફાન ઉપસ્થિત થવાથી એક રાત્રે અમારી નૌકાએ જળ સમાધિ લીધી, અર્થાત્ ડૂબી ગઇ મ્હે તમોને બચાવવાને ઘણો યત્ન કર્યો. પરતુ છેવટે હુ મ્હારા યત્નમા ફાગમા થઇ શક્યો નહિ તમને ગુમાવી હુ મહા મહેનતે મરતા મરતા કિનારે જઇ પહોચ્યા તે સમયે મ્હારૂ અડધુ ચેતન ચાલ્યુ ગયુ હતુ કિનારે જઇ પહોચ્યા પછી અલ્પકાળમા જ હુ બેભાન બની ગયા. ”

"પુન ભાન આવતાં મ્હને માલૂમ પડ્યુ કે હુ કોઈના સાર્જિત ઓરડામાં સૂતો છુ પછીથી મ્હને ખબર પડી કે એ મકાન એક ધનિક મુસલમાનનુ છે. તેનું નામ સમસેરખાન છે."

"સમશેરખાનનો નોકર મ્હને વ્યાકુળ જોઇને કહેવા લાગ્યો — "આપ ચિતા કરશો નહિ. આપનાં બન્ને બાળકોને અર્દ્ધમૃત અવસ્થામા મેળવવામા આવ્યા છે મ્હારા માલિક તેમને સાથે લઇ નગરમા ગયા છે આ સ્થળે લૂંટારાનો ઘણો ભય રહે છે રાજનગર સ્વાધીન કર્યા પછી સિકંદર શાહ ત્વરાથી આ દેશને લૂટી લેનાર છે એમ સાંભળવામા આવ્યું છે. મ્હારા માલિક પ્રથમથીજ પલાયન કરી ગયા છે આ મકાનમા હવે કોઈ રહ્યું નથી. તેમની આજ્ઞાથીજ હું આપને ચેતન પ્રાપ્ત થયેલું જોવાની આશાથી બેસી રહ્યો છું. આપે પણ હવે પલાયન કરી જવામાં વિલબ કરવો જોઇએ નહિ"

"પુત્રી તથા બાળક જીવતા છે એમ જાણી મ્હને અપૂર્વ આનંદ થયો તેમની જાતિ તથા ધર્મ જવાની આશકા એ સમયે મ્હારા મનમા આવી નહિ હુ બે ત્રણ દિવસમા સુસ્થ થઇને પેલા નોકર સાથે સમસેરખાન જ્યા આગળ જઇને ગયા હતા ત્યા જઈ પહોચ્યો, પરતુ ત્યા આગળ જઇ પહોચતા સમસેરખાનનો પત્તો લાગ્યો નહિ. ત્યાર પછી ઘણા સ્થળોએ ફર્યો ત્યારે અને ગુજરાતમા તેની મુલાકાત થઇ મ્હારી પેલી એક વર્ષની ઉમરની કન્યા રત્નવતી તેજ આજે તું 'અમિના' છે-અને પેલો ત્રણ વર્ષનો સુકુમાર બાળક 'કુમારસિહ' આજે 'આલિયાર' નામથી ઓળખાય છે, તથા વજીર સમસેરખાન તમારો બન્નેનો પાળક-પિતા છે."

એ અંધકારની અંદર અમિનાના નેત્રોમાથી અશ્રુધારા વહેવા લાગી આજ વખતે અમિના સ્હમજી ગઇ કે શા માટે એ હિંદુ સંન્યાસીએ

પોતાના પાળક પિતા માટે આટલી બધી અડચણો ઉઠાવી છે. અ-મિના રૂદન કરતી કરતી બોલી.—" પિતા ! આપ જ્યારે ફરીથી અમને મેળવી શક્યા છો તો પછી શા માટે સંસારનો ત્યાગ કરવા તૈયાર થયા છો ? અમારી જાતિનો લોપ થયો છે, ધર્મનો નાશ થયો છે; પરંતુ સંસાર કાયમ છે. આપના દર્શનથીજ અમને અપાર સુખની પ્રાપ્તિ થશે. "

સન્યાસીએ ગંભીર સ્વરે કહ્યું—" ના-બ્હેન ! હવે આ અસાર સંસારમા રહેવાની ઇચ્છા નથી. પ્રતિહિંસાના પ્રબળ અગ્નિમાં બળી જઇને નરકનો કીડો થઇ ગયો છું. ત્હારા જીવનની રક્ષાને માટે, આલિયારના જીવનની રક્ષાને માટે, પ્રતિહિંસા વેરને માટે આજે મ્હેં જે ભીષણ કાર્ય કર્યુ છે તેનું પ્રાયશ્ચિત્ત જીવનપર્યંત થઇ શકે તેમ નથી. "

" પિતા ! એવુ તે શુ કાર્ય કર્યુ છે કે તેને માટે જીવનપર્યંત પ્રાયશ્ચિત્ત ભોગવવુ ઉચિત ધાર્યુ છે ? "

" બ્હેન ! જે કર્યું છે તે હવે ના કર્યુ બની શકે તેમ નથી, છુટેલુ તીર પાછુ ફરી શકે તેમ નથી. "

" શું કર્યુ છે—પિતા ? "

" મ્હે પ્રતિહિંસાના આવેશમા બાદશાહ સિકંદરને ઝહર ખવ-રાવી દીધું છે. "

" ક્યારે—શા માટે આ કાર્ય કર્યુ ? "

" હજુ એ કાર્ય કર્યાને પ્રહર પણ પૂર્ણ થયો નથી. ત્હારી માતાનો છેવટના સમયનો કરૂણાજનક દેખાવ હજુ પણ મ્હારાં નેત્રો આગળ તરવરી રહ્યો છે. તેના એ મૃતદેહની છાયામૂર્તિ રાત્રિ દિવસ

મ્હારા કાનમાં કહ્યા કરે છે કેઃ-પ્રતિહિંસા! વેર!! બદલો!!!" ત્હારી માર્ફતે એ ઉદ્દેશ સિદ્ધ કરાવવાને માટેજ ત્હારા સ્ત્રીવેશનો ત્યાગ કરાવી તને પુરૂષ બનાવી છે. પછીથી વિચાર થઇ આવ્યો છે કે તને શા માટે પાપ કાર્યની ભાગીદાર બનાવું? અનેક પ્રકારનો વિચાર કરી છેવટે મ્હેં જાતેજ આ કાર્ય કર્યું છે. જે નિષ્ઠુર રાક્ષસી પ્રતિહિંસાનું કાર્ય કરવાનુ બાકી હતું તે આજે પૂર્ણ કર્યું છે."

અમિના વ્યાકુળ કંઠે બોલી.-" પિતા! સર્વસ્વનો નાશ કર્યો છે! હું માત્ર એક સાધારણ બાળિકા છું, પરંતુ મ્હારા ધારવા પ્રમાણે જો શત્રુના ઉપર વૈર લેવાના બદલે તેના ઉપર ક્ષમા કરી હોત તો એ તેને વિશેષ સજા કર્યા જેવુ હતું. ક્ષમાજ મનુષ્યનો શ્રેષ્ટ ગુણ છે"

સંન્યાસીએ ગંભીર સ્વરે કહ્યું-" બ્હેન! હવે મ્હને પણ યાદ આવ્યા કરે છે કે **क्षमा वीरस्य भुषणम्** વીર પુરૂષનું ભૂષણ ક્ષમાજ છે; પરતું લાચાર, બનવાનું બની ગયું છે. વળી મ્હારા જેવોજ બીજો એક હતભાગ્ય પુરૂષ બાદશાહના અત્યાચારથી કંટાળી જઇ તેના અંતપુરમાં વાસ કરે છે. તેણેજ મ્હને આ કાર્યમાં મદદ કરી છે. તેણેજ બાદશાહને પાનની અંદર મ્હેં આપેલુ સ્વાદ વગરનું જહર ખવડાવ્યું છે. બ્હેન! જે કર્યું છે તે મ્હે મ્હારા હાથે કર્યુ નથી. તેમ છતા આ પાપપૂર્ણ કાર્યનું પ્રાયશ્ચિત્ત કરીશ હું મ્હારા પ્રાયશ્ચિત્તને બાળી નાખવા માટે હવે ભયંકર ચિતા સળગાવીશ."

અમિનાએ ઘણા સમય સુધી કાંઇ વિચાર કર્યા કર્યો, પછી તેણે કહ્યું.-" પિતા! જે વાત બની ગઇ છે તેનો પસ્તાવો કરવાથી શુ ફળ? છેવટની મ્હારી આપને એટલીજ પ્રાર્થના છે કે હજુ મ્હને

માત્ર એકજ વખત આપના દર્શનનો લાભ આપજો આલિયાર શું આજે અત્રે આવી પહોંચશે ? "

" હા, આજેજ પ્રભાતમાં પૂર્વે તે અવશ્ય આવી પહોંચશે; એ માટે નિશ્ચિત્ત રહે પરિસ્થિતિનો વિચાર કરી હું સઘળી વ્યવસ્થા પૂર્વેથીજ કરીને આવ્યો છું. "

આટલું બોલી રહ્યા પછી સન્યાસીએ પોતાના વસ્ત્રોમાં છુપાવી રાખેલી એક કોથળી બહાર કાઢી અમિનાના હાથમાં આપતાં કહ્યું –" બ્હેન ! આ ક્ષુદ્ર કોથળીમાં અનેક વસ્તુઓ છે કુમારસિંહ સાથે ત્હારો વિવાહ કરવાનો વિચાર કરીનેજ મ્હેં તેનું પ્રતિપાલન કર્યું છે વિધાતાએ મ્હારી આશાને નિરાશાના સ્વરૂપમાં ફેરવી દીધી. એ વિધાતાની લીલાથીજ આજે તમે જાતિભ્રષ્ટ ધર્મચ્યુત અને મ્હા-રાથી વિમુખ થયા છો વિવાહ સમયે હું હાજર રહી શકું તેમ નથી. આજે આ જે કોથળી આપી છે તેને પ્રસંગ આવ્યે ઉપયોગમાં લેજો. દયાળુ દેવની કૃપાથી તમે જીવનપર્યંત સુખનો ઉપભોગ ભોગવી શકશો. "

સન્યાસીથી વિશેષ બોલી શકાયું નહિ તેનો કંઠ વારવાર અટકી જતો હતો અમિનાએ સન્યાસી સ્વરૂપે ઉભેલા પોતાના ખરા પિતાને પ્રેમપૂર્વક અશ્રુપૂર્ણ નયનોએ પ્રણામ કર્યા

એટલામાં દૂરથી કોઇના પગલાનો અવાજ સંભળાવા લાગ્યો. અમિનાએ આશ્ચર્ય પામી પાછળની દિશાએ દૃષ્ટિ કરી, પરંતુ તે કોઇ જોઇ શકી નહિ પછીથી તેણે પોતાની સ્હામે દૃષ્ટિ કરી તો સન્યાસી મહાત્મા નજરે પડ્યા નહિ તેઓ અંધકારની અંદર અંતર્ધ્યાન થઇ ગયા

શંકાપૂર્ણ ચિત્તે અમિના ઘાટ ઉપર ગઇ, તો પાસમાંજ કોઇ મનુષ્યની છાયામૂર્ત્તિ પોતાના તરફ આવતી તેની નજરે પડી. અમિના

એક વૃક્ષની પાછળ છુપાઇ ગઇ. આવનાર મનુષ્ય ધીમે ધીમે આગળ ચાલ્યું ગયુ. અમિના પણ વખત નહિ ગુમાવતા જલદીથી મુકામ પર જઇ પહોંચી. જતાની સાથે તેણે ત્યા આગળ આલિયારને પોતાની રાહ જોતો બેઠેલો જોયો.

"આલિયાર! આલિયાર! તુ આવ્યો છો? ત્હારે માટેજ મ્હને ઘણી ચિંતા થયા કરતી હતી! તુ શત્રુઓને કેદી થઇ પડયાના સમાચાર સાંભળતાંજ હું ઘણી વ્યાકુળ બની ગઇ હતી."

આમ કહી અમિનાએ આવેગથી આલિયારને આલિંગન કર્યું. આલિયારે આશ્ચર્યથી પ્રશ્ન કર્યો—"અમિના! તને એ સર્વ સમાચાર કોણે કહ્યા?"

'એજ મહાત્મા પુરૂષે કે જેણે સુવર્ણ મહોરો આપી તને છોડાવ્યો."

"અહા! એ પરમકૃપાળુ પરમાત્મા સમાન મહાત્માના આપણા ઉપર અસંખ્ય ઉપકાર થયા છે. તેમના ઉપકારોનો યત્કિંચિત્ બદલો પણ આપણાથી વાળી શકાય તેમ નથી. આપણા જેવા અભાગી મનુષ્યોના ઉપર તેમની કૃપા અપાર છે, તેઓજ આપણને પ્રાણદાન આપનાર છે."

અમિનાએ આવેગ ભર્યા અવાજે કહ્યુ—"પ્રિયતમ! એ મહાત્મા પુરૂષને હું આજે પિછાની શકી છું એ સઘળી વાત જાણવામા આવતાજ તને ઘણું આશ્ચર્ય લાગશે. એ સઘળી વાત હું તને પછીથી નિવેદન કરીશ; પરતુ હાલ તરત એક મોટી ફરજ આપણી આગળ ઉભી છે. એ ફરજ બજાવવામાં વિલંબ થશે તો આપણા પ્રાણનો વિનાશ થશે. તને જોઇ હુ સઘળું ભૂલી ગઇ હતી. આલિયાર! બાદશાહ કાળના કરાળ મુખમા સસપડાયો છે."

અમિનાએ ટૂંકમાંજ આલિયારને સઘળી હકીકત કહી સંભળાવી. જલદીથી પોતાના ઓરડામાં જઇ અમિનાએ પોતાનાં વસ્ત્રો બદલી પુરૂષ વેશ ધારણ કર્યો ત્યાર પછી અમિના અને આલિયાર બન્ને એ ગભીર રાત્રિએ રાજમાર્ગ વટાવી વિલાસબાગમાં જઇ પહોંચ્યા. વિલાસબાગની અંદર દિવાનખાનાની અંદર સિકંદર શાહ પડયો હતો.

દ્વાર આગળ એક પહેરદાર ઝોકા ખાતો હતો. તે આવી ગભીર રાત્રિના સમયે નવીન વજીર અને સેનાપતિને જોઇ આશ્ચર્ય પામ્યો. તેણે બન્નેને મસ્તક નમાવી માન આપ્યુ

આલિયારે ઉત્સુક્તાથી પ્રશ્ન કર્યો—"બાદશાહ કયા છે ? કેમ છે ? "

પહેરદારના આશ્ચર્યમા વધારો થયો, આલિયારે જઇને મુખ્ય શરીરરક્ષકને જગાડયો. ગરબડાટ સાભળી મીર મુન્સી અને બીજા પણ કેટલાક નોકરો જાગી ઉઠયા. સર્વ જલદીથી બાદશાહના શયનાલય પાસે જઇ પહોંચ્યા અને બારણા ઉઘાડી અંદર પેઠા.

શયનાલયમાં અદ્યાપિ સુગંધિત દીપકો સળગતા હતા ત્યાં પ્રવેશ કરનારા લોકોએ જે દેખાવ જોયો તે દેખાવ ઘણો ભયંકર હતો સર્વના મુખ એકદમ ચિંતાતુર બની ગયા

બાદશાહ સિકંદર એક રત્નજડિત વિરામાસન ઉપર ચત્તોપાટ થઇને પડયો હતો. તેના માથા ઉપરનો કિમતી શિરપેચ જમીન ઉપર ગબડી ગયો હતો.

સર્વેએ આશ્ચર્ય પામી બાદશાહના શરીરને સ્પર્શ કર્યો બાદશાહનું શીતળ અંગ, મલિન મુખ, વિકૃત વદન, તથા સ્થિર શ્વાસ જોઇને સર્વેએ જાણ્યુ કે-ગુજરાતના બાદશાહ સિકંદર શાહની બાદશાહી લીલા પૂરી થઇ ગઇ છે.

તરતજ હકિમને બોલાવવામા આવ્યો. ઇશ્વરની લીલા આગળ હકીમનું શું ચાલે ? હકિમે નિરાશ મુખે કહ્યુ–"હુ કોને બચાવુ ? લગભગ બે કલાક થયાં બાદશાહે આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો છે । "

ગુજરાતનું સિંહાસન શૂન્ય બની ગયુ. ચિંતાતુર મુખે સર્વે ત્યાંથી બ્હાર નીકળ્યા શુ કરવું તેની પૂછપરછ કરવામા સર્વે પ્ર વૃત્ત થઇ ગયા.

તે સમયે પ્રભાત થયુ હતુ અધકાર દૂર થઇ ગયો હતો પ-ક્ષીઓ કલરવ કરી રહ્યાં હતાં શીતળ સમીર વહન કરી રહ્યો હતો અરેરે ! બાદશાહ સિકંદર એ દિવસના પ્રભાતનું દર્શન કરી શક્યો નહિ यद् भावि तद् भविष्यति.

સિહાસન કદાપિ ખાલી રહી શકતું નથી. જો કે બાદશાહના મૃત્યુથી દરેકની ચિંતાનો પાર નહોતો, પરંતુ સિંહાસન કદાપિ ખા લી રાખી શકાય તેમ નહોતુ. સર્વ અમીર ઉમરાવોએ નવીન સેનાપ તિ આલિયારખાનને ગુજરાતના રત્નજડિત સિંહાસન પર બેસાડયો, તથા ગુપ્તવેશમાં ફરતા નવીન વજીરનુ ખરૂં રહસ્ય જયારે પ્રકાશિત થઇ ગયું ત્યારે એ સુરસુંદરી અમિનાએ પોતાના પ્રાણાધિક પ્રિયતમ આલિયાર પાસે બેસવાનુ સ્થાન પ્રાપ્ત કર્યુ. પ્રણયી યુગ્મના પ્રભા-વથી વિલાસબાગની શોભામા ઘણો વધારો થઇ ગયો એક શુભ મુહૂર્તે શુભ દિવસે તેમનું વિવાહ કાર્ય ઘણી ધામધુમથી થઇ ગયું

" આલિયાર જહાન્દારશાહ " નામ ધારણ કરી ગુજરાતની પ્રજાનું પાલન કરવા લાગ્યો. વૃદ્ધ સમસેરખાન રાજ્યના મુખ્ય વજીરનો અધિકાર ચલાવવા લાગ્યો. અમિનાએ " આફસારાન્નિસા બેગમ" નામ ધારણ કર્યું.

એક દિવસે આફ્સારાન્નિશા બેગમે હસતાં હસતાં ગુજરાતના નવીન સમ્રાટ્ જહાન્દારશાહને પ્રેમપૂર્ણ કંઠે કહ્યું:–આલિયાર ! આલિ !"

આ શબ્દોથી જહાન્દારની પૂર્વ સ્મૃતિ જાગ્રત થઇ. તેણે હસતાં હસતા પ્રાણાધિક અમિનાના ગુલાબી અધરોષ્ઠ પર ચુંબન કરી પૂછયું:–"શું છે અમિના ?"

અમિનાએ કહ્યુ "–આજે તમે જહાન્દારશાહ બાદશાહ બન્યા છો, અને હું આફ્સારાન્નિસા બેગમ બની છું. આજે તમને પેલી પર્વત પરની ઝુંપડી યાદ આવે છે ! આજે તમને પેલી સરિતાનું મૃદુ સંગીત યાદ આવે છે ! કહો કહો, આપણે તે સમયની આપણી ગરીબ સ્થિતિમા વિશેષ સુખી હતા કે અત્યારની જાહોજલાલી અને ઐશ્વર્ય ભરેલી સ્થિતિમાં વિશેષ સુખી છીએ ?"

ગુજરાતના સમ્રાટે રાજમહિષીના કંઠને આલિંગન કરી ઉત્તર આપ્યો·–"રાજ્ઞિ ! એ સ્મૃતિ કદાપિ હૃદયપટ પરથી દૂર કરી શકાય તેમ નથી. પ્રકૃતિએ જેવા સ્નેહ તેમજ મમતાથી આપણુ પાલન કર્યું છે તેવાજ સ્નેહ અને મમતાથી આવ, હવે આપણે આપણી પ્રજાનુ પાલન કરીએ. દયાળુ દેવ જે કરે છે તે બધું આપણા કલ્યાણને માટેજ કરે છે !"

વાસ્તવિક રીતે જહાન્દારશાહના ઉપરના શબ્દો અક્ષરે અક્ષર સત્ય થયા છે. પ્રજાનુ તેણુ એટલી બધી મમતાથી પાલન કર્યું કે તેથી કરીને સર્વે નગરવાસિઓ સિકંદર શાહના અત્યાચારોને ધીમે ધીમે ભૂલી ગયાં

શાલિની.

ભગવાન્ સૂર્યનારાયણે પોતાની રક્તોજ્વળ કિરણરેખાઓથી પશ્ચિમ આકાશને સુવર્ણમય કરી મુકયુ હતું, પરંતુ માત્ર થોડાજ સમયમાં અંશુમાલી અગાધ સાગરમા સતાઇ ગયા ! પૃથિવી ઉપર સર્વત્ર અંધકારનું સામ્રાજય પ્રસરી રહ્યુ સંધ્યા સમયનો પ્રબળ સમીર ગંભીર અવાજ કરતો જોરથી વહેવા લાગ્યો. વિસ્તિર્ણ ગગન મંડળ કૃષ્ણમેઘથી ઢંકાયલુ દેખાવા લાગ્યુ ચંદ્ર નથી ! તારાઓ નથી ! પ્રકૃતિ દેવીનું શ્યામ સ્વરૂપ ભીષણ દેખાવા લાગ્યુ. અહાહા! કેવું એ રજનીનુ ભયંકર સ્વરૂપ ! ! !

આ જુઓ, પ્રાણજ્યોતિને બુઝાવનારી સમરભૂમિ ! આ કેવી કાળની અકળ ગતિ ! લોહીથી ભીજાઇ ગયેલી વિકાળ રણ ભૂમિ આર્ત્તરવથી ગાજી ઉઠી છે અનેક નિર્જીવ દેહો ભૂમાતા ઉપર સદાને માટે સૂતા છે. અનેક ઘોડાઓ પણ વવાઇ જઇ સ્વામીની સાથે ગાઢ નિદ્રામા સૂતા છે ! પ્રકૃતિ દેવીનું અંગ ધ્રુજી ઉઠશે કે કેમ એવો વિચાર આવવાથીજ કદાચિત અંધકારે સમર ભૂમિ ઉપર શ્યામ રંગનો પડદો ઢાકી દીધો હશે.

પાણિપતના વિસ્તીર્ણ મેદાનમા બાબરે ઇબ્રાહિમ લોદીનો પોતાની પ્રચંડ શકિતથી પરાજય કરી નાખ્યો અને તેના દુરાચા-

રણુનો બદલો આપ્યો. આ મહા શ્મશાન ! આ ભયંકર આદર્શ એ પાણિપતની બીજી લઢાઈ હતી !

આ ગંભીર રાત્રિના સમયે હાથમાં સળગતી મસાલો લઇને પાંચ છ જંગલી ભીલો જેવા પુરૂષો ભીષણ સ્મશાનભૂમિ ઉપર ફરે છે. પ્રત્યેક પ્રેતનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતા તેઓ આપસ આપસમાં કાંઇ વાતચીત કરતા આગળ ચાલ્યા જાય છે એવામાં તેમના કાને કોઇનો કોમળ રૂદન સ્વર પડયો. તેઓ એકદમ ચમકયા, પરતુ પછીથી તેઓ જે તરફથી અવાજ આવતો હતો તે તરફ જવા લાગ્યા. થોડાજ સમયમાં પોતાની આજુબાજુ પડેલા પ્રેત સમૂહમાંથી કોઇ ક્ષીણ સ્વરે બોલતું હોય છે એવો તેમને ભાસ થયો તેથી તેઓ જ્યાં ઉભા હતા ત્યાજ ઉભા રહીને સાભળવા લાગ્યા.

" અધકાર ! જયા જુઓ ત્યા ભયકર-ઘોર અંધકાર ! હાય ! મ્હારી પ્રિયકરકન્યા ! મ્હારા હીંદુસ્તાનનો સુખસૂર્ય અસ્તાચળમા ઉતરી પડયો ! વિજયશ્રીએ શત્રુને માળા આરોપી હવ હું બાદશાહ નથી! અહા ! મ્હારૂં એક લક્ષની સખ્યા સુધીનું સન્ય, રત્ન વિભુષિત સિંહાસન, અપ્સરાના જેવી સુંદર સ્ત્રીઓ, ભવ્ય રાજપ્રાસાદ આજે રસાતાળમાં ઉતરી ગયા ! બ્હેન ! હવે રૂદનનો શું ઉપયોગ ? આ જો, ગુપ્ત વાતાવરણમાથી મ્હારી બરાબરીના લોકો ચાલ્યા જાય છે, તો પછી હું પણ તે ચિર શાન્તિ સુખનો ઉપભોગ ભોગ વવા શા માટે ના જાઉં ?..... અરેરે ! આ કેવી ભયંકર વેદના ! જા બેટા! ઈશ્વર તને સુખી... .."

"પિતાશ્રી ! હું હવે કયા જાઉ ? "

"ના, ના, એમ નિચારો દુખી થઇશ નહિ. અલ્લાની ત્હારા ઉપર પૂર્ણ કૃપા છે. પા...ણી, પા...ણી."

એક દીર્ઘ નિશ્વાસ સાંભળવામાં આવ્યો । પુન સર્વત્ર શાંતિ સ્થપાઇ ગઇ ! વળી તરતજ એક હૃદયભેદક કિકિયારી શ્રવણે પડી. અને તે સાથે કોઇના ધરણી ઉપર ઢળી પડયાનો અવાજ થયો.

ભીષણ અંધકાર– ઢગલાઓમાંથી ઉત્પન્ન થયેલી હૃદયભેદક કિકિયારી–ક્ષીણ કરૂણ સ્વર–તે જંગલીઓના કાને પહોચી. હાથમાની મશાલો સારી રીતે પ્રજવલિત કરીને તેમણે આગળ જઇને જોયું તો દિલ્લીના તક્ત ઉપર અભિષિક્ત થયેલો રાજા ઇબ્રાહિમ અને તેની પ્રેમાળ પુત્રી રેઝિયા બેભાન થઇ જઇને ભૂમિ ઉપર પડયાં છે. લોહીવાળાં વસ્ત્રોથી બાદશાહનું સર્વાંગ લાલ થયલું હોઇ તેમાંથી તેનો પ્રાણ તો કયારનોય પરલોક પહોંચી ગયો છે. રેઝિયાનું હૃદય ઘણું ધબકે છે. તેના બન્ને નિતંબો ઉંચા નીચાં થયાં કરે છે. ઉપર જણાવેલા જંગલી પુરૂષો પૈકીના એકે આગળ જઇને તે યૌવનારૂઢ કોમળાંગી રાજકન્યાને પોતાની ખાંધ ઉપર લીધી તથા તે પ્રેતો ઉપર પગ મૂકતો ચાલવા લાગ્યો. તેની સાથે સાથે તેના સોબતીએ પણ હાથમાંની મશાલોને સતેજ કરી શાંતિથી ચાલવા લાગ્યા.

આ પ્રસંગે બે પ્રહર રાત્રિ થઇ ગઇ છે. મશાલોના અજવાળાથી રણભૂમિ ઉપર પ્રકાશ પડયો છે. પરંતુ એ પ્રકાશમાં રજનીનો મધ્યકાળ ઘણો ભયંકર દેખાય છે. પિશાચવર્ગની રણકર્કષ કિકિયારીઓ, પ્રાણયુક્ત આસન્નમરણ અને ભગ્ન યોદ્ધાઓનુ ભીષણ સ્વરૂપ, દેહનુ ભયંકરપણુ, હિંસ્ત્ર પશુઓની કર્કશ બુમો, મૃત્યુપથે પ્રયાણ કરતા પ્રાણિઓનો દયાજનક રૂદનસ્વર, અને આ સર્વને અંધકારને લીધે આવનારૂ ભીષણ સ્વરૂપ જોઇને બનવાનું સઘળું બની ગયું હોય એવો ભાસ થાય છે

× × × ×

ચારે બાજુએ ઘીચ જંગલ આવી રહ્યું છે ! નિબિડ અંધકારને લીધે વૃક્ષો રાક્ષસોના જેવા સ્થિરતાથી ઉભા જણાય છે. ઉંચા પર્વતના શિખરો જેવી ભીષણ જગ્યા માનવ લોકોએ રહેવાને માટે શાથી પસંદ કરી હશે ? જુઓ ! પેલા ભીલો કુમારિકા રાજકન્યાને ઉચકી આ રસ્તેથીજ ચાલ્યા જાય છે આ અરણ્યપ્રદેશના તેઓ અનુભવી હોય એમ લાગે છે અસ્તુ તે સર્વ પુરૂષો એક રાક્ષસના વદન જેવી દેખાતી ભયંકર ગુફામાં પેઠા. ચાલો, આપણે પણ તેમની પાછળ પાછળ જઇએ તે ગુહામાં કેટલાક મનુષ્યો નિવાસ કરતા હોય એવું જણાય છે. એ જંગલી પુરૂષે સુકુમાર રાજકન્યાને પોતાની ખાંધ ઉપરથી ઉતારી એક પલંગમાં સૂવાડી. આ પ્રમાણે થતાંની સાથેજ બાળિકાએ એક ગાઢ નિશ્વાસ મૂકયો. આ સમયે તે પૂર્ણ શુદ્ધિ ઉપર આવી હશે. તે સ્વતઃ કાંઇ ગણગણ કર્યા કરતી હતી એવામાં તેને ઉંચકી લાવનાર મનુષ્ય બોલ્યો— "રાજકન્યા ! શું હજુ સુધી તું મ્હને ઓળખી શકી નથી? તું હવે રણભૂમિમાં નથી ! ચિત્ત સ્થિર કર ! હું દાઊતખાનસાહેબનો સરદાર છું ખાનબહાદુરે કરેલી માગણીનો ત્હેં અસ્વીકાર કર્યો કે શું ? તેના પિતાનો હું મિત્ર હોઇ આજે તું મ્હારે સ્વાધીન છે. હવે હું જોઉછું કે તું કેવી ખાનસાહેબને ઇચ્છાને વરતી નથી ! "

આ વાકયો સાંભળતાની સાથેજ રાજકુમારી ફરીથી બેશુદ્ધ બની ગઇ !

(૨)

પંદરમું સેકું એટલે ભયંકર રાજક્રાંતિનો કાળ ! પઠાણ બાદશાહ ઇબ્રાહિમ લોદીને દિલ્લીના સિંહાસન ઉપર બિરાજમાન

થયલો જોતા તેના કનિષ્ઠ બન્ધુ દૌલતખાનને ઘણી લાગણી થઇ આવી, પરંતુ પોતે નિર્બળ છે એમ ધારી તે સ્વસ્થ બેઠો. મેવાડાધિપતિ રાણા સંગ્રામસિંહના પરાક્રમની કીર્તિ ચોદિશે પ્રસરી રહી હતી દિલ્લી હસ્તગત કરી લેવાને માટે તેણે ઘણો યત્ન કર્યો, પરંતુ તેનો પ્રયત્ન બરાબર સફળ થયો નહિ, આથી કરીને દૌલતખાન અને સંગ્રામસિંહ એકત્ર થયા આમ થવા છતા પણ તેને વિશેષ મદદની જરૂર હતી. એવામા તેના જાણુમા એમ આવ્યું કે બાબર નામનો કોઇ એક મોગલ અફગાનિસ્તાનમા આવેલો હોઇ તે ઘણો પરાક્રમી છે. તેથી તેણે બાબરને પોતાની મદદે બોલાવ્યો. તે પણ આવા પ્રસંગની રાહ જોતો હોવાથી તેણે મદદ કરવાનું કબુલ કર્યું, અને તે આ તરફ આવવા નીકળ્યો, એવામા એક વિલક્ષણ પ્રકારથી અગ્નિમા ઘૃતસિંચન થયા જેવું બન્યુ, તથા તેથી કરીને એ કલહાગ્નિ વિશેષ સળગી ઉઠ્યો.

તે સમયે અપ્રતિમ સુંદરતાને લીધે સર્વત્ર પ્રશંસા પામેલી ઈબ્રાહિમ લોદીની એકની એક પુત્રી રેઝિયા એક દિવસે દિલ્લીથી ઘણે દૂર આવેલા એક રાજપુષ્પોદ્યાનમાં વિહાર કરવા ગઇ હતી તે પ્રસંગે તેણી દોલતખાન લોદીનો તરૂણ પુત્ર કુમાર ખાનબહાદુરની નજરે પડી. પછી શુ પૂછવું! તે સ્વરૂપલુબ્ધ તરુણ એ સુરસુંદરી પાસે ગયો અને નિર્લજતાથી તેણે તેનો કોમળ હાથ પકડયો. આ પ્રકાર રેઝિયાથી જોઇ શકાયો નહિ અને તે ગુસ્સાની આગથી સળગી ઉઠી, તેથી તેણે પોતાના અંગરક્ષકોને કહ્યું –'જુઓછો શું? બાદશાહનો પુત્ર છે તેથી શુ થઇ ગયુ? આવી હલકાઇ હું બિલકુલ પસંદ કરતી નથી. તેના હાથ પગ બાંધીને તેને એકદમ રાજધાનીમા લઇ ચાલો."

રાજકન્યાની આજ્ઞા કોનાથી અમાન્ય કરી શકાય ? તરતજ ખાનબહાદુર ચતુર્ભુજ થયો ત્યાર પછી રાજકન્યા ત્યાંથી તરતજ ચાલી નીકળી. તે ગુપ્ત માગદ્વારા ઠેઠ રજવાડામાં ગઇ અને તેણે બનેલો સઘળો પ્રકાર બાદશાહને કહી સંભળાવ્યો. તે સાંભળીને બાદશાહ પણ ઘણો ગુસ્સે ભરાયો, એટલામાં રાજકુમારિકાના અંગરક્ષકો કેદીને લઇ ત્યાં આગળ હાજર થયા. બાદશાહે લાલચોળ નેત્રોથી કેદી તરફ તીક્ષ્ણ દષ્ટિ કરી કહ્યું:—"નીચ કુતરા ! તું શું મ્હારી કન્યાને એક સાધારણ છોકરી સ્હમજે છે કે ? તું ત્હારા પિતાના જેવોજ નીચ અને હલકો છે. આગ લાગો ત્હારા મનુષ્યત્વને ! ત્હારા કરતાં તો પશુ પ્રાણિઓ પણ સારા ગણી શકાય."

આ શબ્દોથી ખાનબહાદુરના ગુસ્સાની પણ સીમા રહી નહિ તે સારાસારનો વિચાર કર્યા સિવાય બોલ્યો:—'ક્ષુદ્ર મનના સ્વાર્થી બાદશાહ ! તને આ સિંહાસન યોગ્ય નથી. આ સમયે તું મ્હને શું સજા કરી શકવાનો છે ? રેઝિયા મ્હારી સ્ત્રી છે તું તેનો મ્હારી સાથે નિકાહ કરતો નથી એજ ત્હારૂં ગાંડપણ છે."

"અરે ! ઉસ્માન ! જા, આ મૂરખાને સો ફટકા લગાવી તેને ગધેડા ઉપર બેસાડી આખા શહેરમાં તેને ફેરવી આવ અને પછીથી મ્હારી સમીપ લાવ જો થયેલી આજ્ઞા તરફ દુર્લક્ષ કર્યુ તો ત્હારો અંતજ આવી પહોંચ્યો છે એમ સ્હમજજે ' બાદશાહે હુકમ ફરમાવ્યો, પરંતુ ઉસમાન કેદીને લઇને બહાર નીકળ્યો ના નીકળ્યો એવામાં તો તેનું મસ્તક તેના ધડથી જૂદું થઇ ગયું, તથા એક જંગલી જોરાવર ભીલે ખાનબહાદુરના બંધનો છોડી નાખી તેને ઘોડા ઉપર બેસાડયો અને તે ઘોડો દોડાવતો એક ક્ષણમાં તો પલાયન કરી

ગયો. આ પ્રકાર પૂર્ણ થવાને એક પળનો પણ વિલંબ થયો નહિ. જ્યારે આ પ્રકાર જાહેર થયો ત્યારે દરેકના આશ્ચર્યની સીમા રહી નહિ. જોકે એ બીનાને ઘણા ખરાએ જોયો હતો, પરતુ કોઇની પણ તેને પકડવાની હિમત ચાલી શકી નહિ વાચક ! હવે ઉપર દર્શાવેલી ભીષણ રણભૂમિ ઉપરથી રેઝિયાને ઉંચકી જનાર કોણ હતા એ હવે તમારા લક્ષમાં આવ્યુજ હશે ! પોતાના પુત્રનુ થયેલુ અપમાન દોલતખાન સહન કરી શક્યો નહિ. તેથી તેણે બાબર તથા સંગની મદદ મેળવીને એક લક્ષ સૈન્ય સાથે ઇબ્રાહિમ લોદિને પાણિપતની રણભૂમિ ઉપર સત્રાડ્યો, તથા પોતાના અપમાનનો બદલો લીધો છતા આ બદલો લેવાના પરિણામથી દોલત ખાનની તથા સગની કેટલી બધી ખરાબી થઇ ! મદદે બોલાવવામા આવેલો બાબર દિલ્લીનો બાદશાહ થઈ બેઠો. અરસપરસના વૈરનુ આ કેવું પરિણામ ! અસ્તુ. ચાલો હવે આપણે રેઝિયાના તરફ નજર કરીએ.

પ્રભાત સમયના બાળસૂર્યના કિરણોથી રેઝિયાનું નવીન નિવાસસ્થાન વિભુષિત થયું હતુ મંદમંદ વહેતા વાયુની લહરિયોથી તે વનપ્રદેશમા આનંદ પ્રસરી રહયો હતો આવા સમયે બે ત્રણ તરૂણ રજપૂત વીર શિકારીના વેશથી તે સ્થળે ફરતા હતા, અને કેટલીક વખત તેઓ શંકા ભરેલી દષ્ટિથી ચારે દિશાનું અવલોકન કરતા હતા. તે ત્રણેની ઉમર લગભગ સરખીજ જણાતી હતી; પરંતુ તેઓ સર્વમાં એક ઘણો સુસ્વરૂપ હોઇ ઘણો શૂરવીર જણાતો હતો. આ ઉપરથી બીજા બન્ને તેનાથી ઉતરતા દરજ્જાના હોવા જોઇએ એવું જોનારથી સહજ અનુમાન કરી શકાય તેમ હતું શ્રેષ્ઠ દેખાનાર

રજપૂત બીજા બે સાથીઓ તરફ નજર કરી બોલ્યો—"મ્હારા સુખ દુઃખના સાથીદારો, આપણે આપણા વીરત્વનો ત્યાગ કરવો જોઇએ નહિ. ન્યાયની બાબતમા ગરીબોએ કદાપિ શ્રીમતોની સાથે નમીને ચાલવું નહિ. જો કે આજે ખાનબહાદુર શ્રીમત છે તોપણ તેના આચારો ઘણા હલકા છે. તેને કેટલાક ભીલ લોકો સહાયતા કરે છે તેનું મુખ્ય કારણ પણ તેની શ્રીમતાઇજ છે. આપણે એમની ગુપ્તગુહા શોધી કાઢવી જોઇએ તે ઠેકાણે બિચારી કેટલી અબળાઓને ફસાવવામાં આવતી હશે? કેટલા રમણી રત્નો ઉપર એ રાક્ષસ નરાધમ પોતાની સત્તા ચલાવતો હશે? ઇશ્વર જાણે દોલતખાન તો પોતાના પુત્રના આચાર વિચારો પ્રતિ બિલકુલ લક્ષ્ય આપતા નથી. આપણે એ ગુપ્તગુહા શોધી કાઢી દુશ્મનોના પંઝામાં ફસાયલી નિરાધાર અબળાઓને બચાવવી જોઇએ. આ કાર્ય માટે આપણને રાણાજી સુદ્ધા દુષણ દેનાર નથી. કેમ, તમારો મત કેવા પ્રકારનો છે?"

"આપ ફરમાવો તે પ્રમાણે વર્ત્તવા અમે તૈયાર છીએ. અબળાનું સંરક્ષણ કરવુ એ પ્રત્યેક પુરૂષનો ધર્મ છે ઇશ્વરે આપણને શકિત આપી છે, તેનો ઉપયોગ બીજાના કલ્યાણ માટે કરવાથીજ આપણે આપણી ફરજોમાથી કાઇક અંશે મુકત થઇએ છીએ. ભૂત માત્ર પર દયા કરી તથા કોઇ સંકટમા પડયુ હોય તો પ્રાણની પણ પરવા રાખ્યા સિવાય તેને સંકટમાથી મુકત કરવુ એ મનુષ્ય માત્રનું કર્ત્તવ્ય છે. આપણે પણ આપણું કર્ત્તવ્ય બજાવવામા કોઇની પણ પરવા કરીશુ નહિ એ શ્રીમંત થયો એટલે તેણે લોકો ઉપર અત્યાચાર કરવો કે શુ? નહિ રામસિંહ!

આપણે કદાપિ એમ થવા દઇશું નહિ.'' બન્ને સાથીદારો આવેશમાંજ બોલ્યા.

"શાહબાશ રામસિંહ! ત્હારાં આ વચનો સાંભળી મ્હને ઘણોજ આનંદ થયો છે ચંદનસિંહ! તું પણ વીર પુરૂષજ છે. ચાલો ત્યારે હવે આપણે આપણી શોધ ચલાવીએ. લોકકલ્યાણ કરવું એ મ્હારો, પણ નિયમ છે અને મ્હારી સાથે તમારા જેવા સાથીદારો હોય એટલે પછી પૂછવુંજ શું ? ચાલો, પેલી ગુપ્તગુહા આટલામાંજ કોઈ સ્થળે હશે. આપણે ચોકસાઇથી શોધ કરીએ." આમ કહી તે ત્રણે જણાઓ બારિકાઇથી તપાસ કરતા કરતા રમણિય વન-પ્રદેશમાં ફરવા લાગ્યા. સમરસિંહના જમણા હાથમાં એક તીક્ષ્ણ અને લાંબો ભાલો હતો તેનું હૃષ્ટપુષ્ટ, પ્રભાવશાળી શરીર, વિસ્તૃત ભાલ પ્રદેશ, મજબુત છાતી, દીર્ઘ તથા ઉન્નત બાહુ કોઇના પણ મનમાં પૂજ્યભાવ ઉત્પન્ન કરે એવા હતા. રામસિંહ અને ચંદનસિંહ એ બે તેના સાથીદારો પણ વીરજ હતા. અસ્તુ.

ફરતા ફરતા દોઢ પ્રહર દિવસના સુમારે તેમની નજરે એક ગુહા પડી એ ગુહા ગિરિગવ્હર લતાપર્ણોથી પૂર્ણ ઢંકાયલી હતી. પરંતુ આ ત્રણે વીરોએ એ ગુપ્તગુહા—અત્યાચારની જગ્યા શોધી કાઢી. યત્ન કરનારને શું અશક્ય હોય છે ? સમરસિંહે અને તેની પાછળ તેના બન્ને સાથીદારોએ તે અંધકારપૂર્ણ ગુહામાં કોઇ છે કે નહિ તે સંબંધની તપાસ કરવાનો ચાલાકીથી યત્ન કર્યો, તો ગુહાની અંદર કોઇ બોલતું હોય એવો તેમને ભાસ થયો. તેઓ કાન દઇ સાંભળવા લાગ્યા ગુહાની અંદરની સઘળી વાતચીત તેઓ સ્પષ્ટ રીતે સાંભળી શકતા હતા.

" બોલ ! હજુ પણ ત્હારો મિજાજ નરમ પડ્યો છે કે નહિ? તું દિલ્લીના બાદશાહની કન્યા છે તેથી હું ત્હારા ઉપર દયા કરીશ એમ ધારતીજ નહિ. હજુ પણ કાંઇ બોલવું હોય તો બોલ. "

"નરજાતિને કલંક લગાડનારા રાક્ષસ ! જે સમયે હું બાદશાહની પુત્રીના અધિકાર ઉપર હતી તે સમયે ત્હારી આ પાપી જીભ કયાં ન્હાસી ગઇ હતી ? જ્યારે ત્હારા શરીરમાં અપાર સામર્થ્ય હતું ત્યારે પછી જે સમયે મ્હારા અંગરક્ષકોએ તને કેદ કર્યો તે પ્રસંગે કેમ ત્હેં ત્હારૂં વીરત્વ દર્શાવ્યું નહોતું ? તું શૂરવીર નથી. માત્ર ત્હારી જીભજ શૂરવીર છે. મ્હને તું શિક્ષા કરીશ ? બેલાશક કર. અંધારી ગુહામાં કેદી તરીકે પૂરી રાખી અસહાય દીન અબળાને ફટકા મારવામાં અને મશ્કરી કરવામા જો તને વિક્રમયશ પ્રાપ્ત થતો જણાતો હોય તો ભલે તે તને પ્રાપ્ત થાય ! "

"શાર્દુલરાય ! જોઇ શું રહ્યો છે ? પચ્ચાસ ફટકા લગાવ. પછીથી કેવી બોલે છે તે જોઉં તો ખરો ! "

સમરસિંહની મુખમુદ્રા ક્રોધાગ્નિથી લાલચોળ બની ગઇ. તે પોતાના સોબતીઓ તરફ નજર કરી બોલ્યો — "મ્હારા શૂરવીર સાથીઓ ! આપણે આ ગુપ્તગુહામાં જવુજ જોઇએ. અંદરની વાતચીત તમે સાંભળી ? એક અબળાને તે નરાધમ સતાવે છે. આપણે ગુહાનું પ્રવેશદ્વાર કેવી રીતે શોધી કાઢીશું ? ઘણી પચાતી આવી પડી છે."

" આ ઉપર એક શિલા દેખાય છે, તેને આપણે યત્ન કરીને ખસેડીએ. "

" પરંતુ ઉભા રહો, સ્હામેથી કોઇ આવતું જણાય છે; તેનેજ પકડો કે જેથી તે આપણને માર્ગ બતાવશે. " સમરસિંહ બોલ્યો.

તરતજ એક ભીલ તે ત્રણુ વીર પુરૂષો પાસે આવી પહોંચ્યો. સમરસિંહે તેને કાંઇ પણુ બોલવાનો સમય નહિ આપતાં તેને તેની ગરદનમાથી પકડયો. ભીલે છુટ ાને માટે ઘણો યત્ન કર્યો પરંતુ તેનું કાંઇ ચાલ્યુ નહિ તેથી તેણે નિરૂપાયે કહ્યુ -" વીરનરો ! હું તમારો હેતુ સ્હમજી ગયા છુ. જો તમે મ્હને જીવનદાન દેશો તો હું તમારા હેતુને પૂર્ણ કરીશ. "

" ઠીક થયુ કે તું જલદીથી ઠેકાણે આવી ગયો. ચાલ ત્યારે અમને આ ગુપ્તગુહાનુ પ્રવેશદ્વાર બતાવ. જો કાઇ ગરબડ કે લુચ્ચાઇ કરી તો જીવથી ગયોજ સ્હમજજે" આમ કહી સમરસિંહ તેની પાછળ ચાલ્યો તેના સાથીદારો પણુ તેની સાથે સાથે ચાલવા લાગ્યા. તે ભિલનું નામ ચગા હતુ તેણે એક ઉચા અને લતાપૂર્ણું વૃક્ષ નીચેની એક શિલા ખસેડી દીધી, અને તે પછી અ દર ઉતર્યો. તેની પાછળ પાછળ ત્રણુ વીરપુરષોએ પણુ ગુહામા પ્રવેશ કર્યો અંદર ઉતરી એક એકની પાછળ સર્વ ચાલવા લાગ્યા. થોડા સમય સુધી તે અંધકાર પૂર્ણું ગુહ મા પ્રવાસ કર્યા પછી તેઓ એક એક ઓરડી પાસે જઇ પહોચ્યા. ત્યા જઇ પહોચ્યા એટલે ગુહાભેદી ભીલે ઓરડી તરફ આગળી કરી કહ્યું:-"આ દરવાજો ઉઘાડવો એ તમ રા સામર્થ્ય ઉપર છે ! છતાં મ્હને પ્રાણુદાન દીધુ છે તેથી મ્હારે તમને અગાઉથી ચેતાવવા જોઇએ કે હમણાં આ ઓરડીમા ખાનબહાદુર હાજર છે જુઓ, તે કાંઇ બોલે છે પણુ ખરો.

(૩)

" મ્હારા મુખમાથી જ્યા સુધી શબ્દો નીકળે છે-જ્યાં સુધી મ્હારામા સ્વરોચ્ચાર કરવાની શકિત છે ત્યા સુધી હું કદાપિ ત્હારે

શરણે આવીશ નહિ. તું મ્હારા ફાવે તેવા હાલ કર, તેની મ્હને લેશ માત્ર પણ ચિંતા નથી. મ્હને ખાત્રી છે કે જેનું કોઇ નથી તેનો અનાથનો નાથ દીનદયાળ પરમાત્માજ છે."

"ઠીક છે. શાર્દુલ ! તું જોઇ શું રહ્યો છે ?"

અંદરથી કોઇને કટકા પડતા હોય એવો અવાજ બ્હાર સંભળાવા લાગ્યો તરતજ દરવાજો ભાગી નાખી ત્રણે વીર પુરૂષોએ અંદર પ્રવેશ કર્યો તેમણે અંદર જતાંજ જોયું કે રેઝિયા પલંગ ઉપર ઉંધી સૂતી સૂતી તરફડ્યા કરે છે, તથા તેની પાસે ખાનબહાદુર ઉભો છે. બીજી બાજુએ શાર્દુલરાય હાથમાં ચાબુક લઇ પોતાના સ્વામીની આજ્ઞા સાભળવાને આતુરતાથી ઉભો છે આ ત્રણે પુરૂષોને અંદર દાખલ થયલા જોતાજ ખાનબહાદુરને અતિ આશ્ચર્ય લાગ્યું; પરંતુ તે શાર્દુલરાયને ઇસારત કરી ધીમેથી સરકતો સરકતો અંધારામાં અદ્રશ્ય થયો શાર્દુલરાય પણ પોતાના સ્વામીનું અનુકરણ કરનાર હતો એવામાં રામસિંહે તેના ઉપર તૂટી પડી તેને ઘાયલ કર્યો. ખાનબહાદુરને ન્હાસી ગયેલો જાણી સમરસિંહને ઘણું ખોટું લાગ્યું. રામસિંહ તથા ચંદનસિંહને ખાનબહાદુરને શોધી કાઢવાનું સૂચન કરી સમરસિંહ રેઝિયા પાસે ગયો. તેણે તે કોમળાગી બાળાના બંધનો છોડી નાખ્યા, અને બોલ્યો —"હું જાણું છું કે તમે મ્હારા શત્રુની કન્યા છો, પરંતુ સંકટ સમયે-શત્રુ પણ સંકટમાં આવી પડ્યો હોય તો—સમરસિંહ શત્રુને પણ મિત્ર સ્હમજી તેને સંકટમાંથી છોડાવવાનો યત્ન કરશે. ચાલો, આપણને કોઇ હરકત કરી શકે તેમ નથી"

"પરંતુ, વીર પુરૂષ ! હું હવે કયાં જાઉં ? મને કોઇનો આધાર નથી. આપના જેવા ઉદાર રજપૂત વીર આ દીન, અનાથ અને

અસહાય અબળાને સંકટમાં નાંખીને કદાપિ ચાલ્યા જનાર નથી એવી મ્હારી ખાત્રી છે. પછી તો જેવી આપની ઇચ્છા !"

"એમ હોય તો આ ગરીબ નરની ઝુંપડીમાં ચાલો" એમ કહી સમરસિંહ બ્હાર નીકળી પડયો બ્હાર ચિંગા ઉભોજ રહ્યો હતો. તેણે સમરસિંહને કહ્યુ —"જેવી રીતે આપે આ અબળાને છોડાવી છે તેવી રીતે બીજી એક અબળાને પણ આપ છોડાવો જુઓ, તે બિચારી પેલી તરફના એક વિશાળ ઓરડામા કેદમા પડી છે"

"ઠીક છે. જા તું જઇને રામસિંહ અને ચંદનસિંહને બોલાવી લાવ. ખાનબહાદુર હમણાં નહિ પકડાય તો પછીથી કોઇ સમયે પણ તે પકડાયા સિવાય રહેનાર નથી" આમ કહી સમરસિંહ ભિલે જે ઓરડો બતાવ્યો હતો ત્યા આગળ ગયો, ઓરડાને ઉઘાડી અંદર જતાંજ તેણે જોયું કે એક કૃશ અને પાંડુવર્ણ એવી એક તરૂણી બેભાન અવસ્થા ઉપર ભૂમિ ઉપર પડી છે. તેના હાથ પગને ઘણીજ મજબુતાઇથી બાંધેલા છે સમરસિંહે એ તરૂણીના બંધ છોડી નાખીને તેને પણ મુક્ત કરી. આમ છતા તે તરૂણીમાં ઉઠીને બેસવા જેટલી પણ શક્તિ નહોતી સમરસિંહે તેને પોતાની ખંધ ઉપર ઉંચકી લીધી, અને તે ત્યાંથી ચાલી નીકળ્યો રેઝિયા પણ પાછળ પાછળ આવતી હતી થોડાજ સમયમા તેઓ ગુહાના મુખ આગળ જઇ પહોચ્યા કે તરતજ સમરસિંહે ચિંગા તરફ દૃષ્ટિ કરી કહ્યું—"ચિંગા ! તું આ અબળાને ત્હારા ખભા ઉપર ઉંચકી લે રેઝિયા પણ ત્હારી પાછળ પાછળ આવશેજ. ચંદનસિંહ ! તું એ ત્રણે જણને આ ણી ઝુંપડીમાં લઇ જા. ચાલ રામસિંહ ! તું મ્હારી સાથે ચાલ."

ચંદનસિંહ એ ત્રણે જણને લેઇ ચાલ્યો ગયો, અને સમર-સિંહે રામસિંહ સાથે પુન ગુહામાં પ્રવેશ કર્યો તેઓ ગુહામા ઘણા સમય સુધી આગળ વધ્યા એવામા તેમને કોઈ મ્હોટેથી બોલતું હોય એવો ભાસ થયો. તરતજ તેઓ ચમકીને ઉભા રહ્યા. ઘણા સમય પછીથી તેમને માલૂમ પડયુ કે પાસેજ કાઇ પ્રકાર ચાલી રહ્યો છે પછીથી તરતજ તેમણે બારિકાઇથી શોધ કરવા માડી શોધતા શોધતાં છેવટે તેમની નજરે એક વિસ્તિર્ણ પરતુ ઉપરથી ઢકાયલુ મેદાન નજરે પડયું. એ મેદાનમા પચાસ પોણોસો ભીલો પોતાના તિર કામઠાં સજ્જ કરીને બેઠા હતા. તેઓ સર્વની વચ્ચે શાર્દુલરાય બેઠો હતો. તેની પાસેજ ખાનબહાદુર ઉભો હતો ખાનબહાદુર અને શાર્દુલરાય વચ્ચે સખ્ત ટંટો ચાલતો હતો સર્વ ભીલો આશ્ચર્યથી આ પ્રકાર જોઇ રહ્યા હતા. થોડાજ સમયમા ખાનબહાદુરે શાર્દુલરાયના ઉપર તરવાર ખેચી અને તે મ્હોટેથી બોલ્યો —"હુ મરીશ તો પણ તને જીવતો મુકનાર નથીજ. આજે આ ગુપ્તગુહાનો માર્ગ સમરસિંહને ત્હારાજ નોકરે બતાવ્યો છે, કારણ આ ગુહાના દ્વાર સબંધી બહારના કોઇ પણ મનુષ્યને ખબર નહોતી આજ સુધીમાં લોદી વંશે એકત્ર કરેલી સઘળી સંપત્તિ અહિઆજ છે. હવે તું આ જગ્યાએ રહે એ બિલકુલ કામનુ નથી.' આમ કહી તે શાર્દુલરાયની તરવાર ઉગામવા જતો હતો કે તરતજ અમરસિંહે ખાનબહાદુર તરફ તાકીને પોતાનો ભાલો ઉગામ્યો. જોત જોતામાં તો યવનકુલાગારની છાતી વિચ્છિન્ન કરી નાખીને સ્વામીભકત ભાલો ભૂમાતા ઉપર પડયો અને તે સાથે ખાન પણ પડયો

આવો પ્રકાર જોઈ સર્વ લોકોને ઘણું આશ્ચર્ય લાગ્યુ સઘળા ભીલો તથા શાર્દુલરાય સર્વ આશ્ચર્યથી સમરસિંહના તરફ ટગર

ટગર જોઇ રહ્યા. તરતજ સમરસિંહે આગળ ધસી આવી ઉચ્ચ-સ્વરે કહ્યું -"શાર્દુલરાય અને અન્ય ભિલ જનો! તમે ધનની લાલસાથી અંધ બની જઇને પાપપૂર્ણ કાર્યો કરવા માંડયાં છે એ હું સારી રીતે જાણું છું. શાર્દુલરાય! ત્હેં મ્હને ઓળખ્યો કે નહિ? ઉભો રહે, મ્હને સઘળી વાત વિસ્તારથી કહી સંભળાવ. આના મૂળ સાથે કોઇ પણ ગુપ્ત કારસ્થાનનો સંબંધ હોવો જોઇએ. ત્હારે હવે મ્હારી કોઇ પણ પ્રકારની બિક રાખવાની જરૂર નથી. સમરસિંહનાં આવાં વચનો શ્રવણ કરી તે ભીલ વીર સચેતન ઉત્સાહપૂર્ણ દષ્ટિથી ઘણા પ્રેમથી તેના તરફ જોઇ રહ્યો. શાર્દુલરાયે નમ્રતાથી પોતાના બન્ને હાથ જોડી કહ્યું -"આ સમગ્ર રાજસ્થાનમાં આપને ના ઓળખી શકે એવું કોણ છે? પ્રભુ! હું વારંવાર જેસલમીર જાઉં છું, તથા ત્યાંના મહા-રાજાને હું સારી રીતે ઓળખું છું. આપે જો કે આજે આપનો વેશ બદલ્યો છે તો પણ હું આપનાં વચનોને બરાબર માન્ય કરૂં છું. ખાનબહાદુરનો પ્રાણ ચાલ્યો ગયો છે તો પછી હવે તેનાં સઘળાં કારસ્થાનો આપને નિવેદન કરવામાં મ્હને શી હરકત છે?" પછીથી બીજા ભીલો તરફ વળીને બોલ્યો-"આજથી તમે સર્વ જેસલમી-રના મહારાજાના સેવકો છે. તે કહે તે આજ્ઞા તમારે માન્ય કરવીજ જોઇએ. તમારો જીવનમાર્ગ હવે યોગ્ય પ્રકારે શરૂ થયો છે. જાઓ આજે પૂર્વ પ્રમાણે યવનોના રાજ્યમાં એક ફેરો મારી આવો. હવે આજ ગુહા આપણું નિવાસસ્થાન છે."

ઉપરનાં વચનો સાંભળી સમરસિંહ તે ભિલ તરફ વળીને બોલ્યો —"ઉભા રહો, જે કોઈ સંકટમાં હોય—પછી તે હિંદુ હોય કે યવન હોય—તેને મુક્ત કરવાનું વ્રત મ્હેં સ્વીકાર્યું છે; તેથી જો કોઈ

સંકટમાં પડેલું તમ્હારા જોવામાં આવે તો તેને બેલાશક અત્રે લાવજો. આ તમારૂં મુખ્ય કર્તવ્ય કદાપી ભૂલી જશો નહિ. હવે ખુશીથી જાઓ...... ”

સર્વ એક પછી એક સમરસિંહને પ્રણામ કરી ચાલ્યા ગયા. સર્વની મુખમુદ્રા ઉપર એક પ્રકારનો આનંદ વિલસતો હતો. અસ્તુ ત્યાર પછી શાર્દુલરાયે તેજ ગુહામા એક શીલાસન ઉપર સમરસિંહને બેસાડયો અને તે ખાનબહાદુરનાં કારસ્થાનો કહેવા લાગ્યો.

(૪)

“અમાવાસ્યાનો દિવસ હતો. સૂર્યનારાયણ અસ્તાચળમાં ઉતરી પડતા હતા. સમગ્ર પૃથિવી પીતવર્ણમય (પીળા રંગવાળી) દેખાતી હતી. ઉંચી ઉંચી ઇમારતોના ઘુમટો ઉપર, દેવળોના કળસો ઉપર, અને ગગનચુંબિત વૃક્ષોની ટોચ ઉપર બેસીને સૂર્ય કિરણો સોનેરી જાળ ગુંથતા હતા. થોડા સમયમાંજ સૂર્યાસ્ત થયો એવા સમયે હું આજ ગુહામા કાંઇ વિચાર કરતો બેઠો હતો. એ સમયે મ્હારા અનુચરો નિત્યનિયમ પ્રમાણે પોતાના ધંધા માટે નીકળી પડયા. હું પણ તેમની પાછળ પાછળ જનાર હતો પરંતુ કાંઇ મનમાં આવતાં અહિંઆંજ આમ તેમ ફરવા લાગ્યો. એ સમયે આ ગુફામા ભીષણ અંધકારનું સામ્રાજ્ય સ્થપાઇ ગયું હતું. એવામાં મ્હારી તરફ કોઇ આવતું હોય એવો મ્હને ભાસ થયો. મ્હેં સવિશેષ તપાસ કરી જોયું તો મ્હને માલુમ પડયુ કે એ ખાનબહાદુર હતો. હુ તેને સારી રીતે ઓળખતો હતો તેણે મ્હારી પાસે આવી કહ્યું.- “ મ્હરૂં એક કામ કર. ”

“ શું કામ ? ” સમરસિંહે અતિ ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો.

" પ્રભુ ! મ્હને ક્ષમા કરો. જો કે તે સમયે તો મ્હેં તેનું કહેવું કબુલ કર્યું હતું; પરંતુ હવે તે માટે મ્હને ઘણો પશ્ચાત્તાપ થાય-છે. અરેરે ! હુંજ દુષ્ટ આપને ચિંતાતુર કરવાના, વૈરાગી કરવાના, પદભ્રષ્ટ કરવાના કારણરૂપ થયો છું. પ્રભુ ! હવે હું આપને સંશયમા રાખનાર નથી."

" શાર્દુલરાય ! તુ આટલો બધો નીચ છે? તે સાધ્વીએ ત્હારો એવો તે શો અપરાધ કર્યો હતો? અરેરે ! શાલિની દેવી ! હું ત્હારો વૃથા નિંદક બન્યો. શાર્દુલ ! કહે, ત્હારું નીચ કારસ્થાન મ્હને કહે. ત્હેં ગમેતેવું ભયંકર કાર્ય કર્યું હશે તો પણ તે સાંભળવાને હું તૈયાર છું." સમરસિંહે શોકથી વ્યાકુળ બની જઇને કહ્યું. તેને પોતાની પત્નીના ગુણો એક પછી એક યાદ આવવા લાગ્યા.

" શાલિની દેવી આપના ક્રોધનો ભોગ થઇ પડે એવી યોજના મ્હેંજ કરી છે. ખાનબહાદુરે પ્રથમ તો મ્હને આપના ઉદ્યાનમાં મોકલ્યો. મેં તમારી પાસે આવીને નિર્લજતાથી દેવી એક યવન સાથે પ્રેમાલાપ કરે છે એમ કહ્યું. તે ઉપરાંત ખાનને બાગમાં આવેલો તમે જોયો. આથી કરીને આપનો સંશય દૃઢ થયો. સુકુમાર દેવી શાલિની આપના રોષને પાત્ર થયાથી તે આત્મહત્યા કરવા માટે કિલ્લાના તટ ઉપર ચ્હડી હતી તે પ્રસંગે મ્હેંજ તેને મ્હારી ખાંધ ઉપર લઇને ખાનબહાદુરને સ્વાધીન કરી. પ્રભુ ! હું આપનો મહા અપરાધી છું. ખાનબહાદુર તો પોતાનાં કર્મનું ફળ ભોગવવા યમ દરબારમા ચાલ્યો ગયો; પરતુ હજી સુધી હુંજ માત્ર......"

" નહિ, શાર્દુલરાય ! હવે તે માટે તું કોઇ પણ પ્રકારનો પશ્ચાત્તાપ કરીશ નહિ; પરતુ કહે જોઇએ કે શાલિની દેવી હજુ જીવે-છે કે નહિ?"

" આપ આમ કેમ પૂછોછો ? શું આપે તેમને આપની ઝુંપડી તરફ રવાના કર્યા છે એ આપ ભૂલી ગયા ?"

"અરેરે, તેજ કે એ ! હુ તેને ઓળખી પણ શકયો નહિ ! શાલિની! ત્હારા ઉપર મ્હેં વૃથા આરોપ મૂકયો એ માટે તુ મ્હને ક્ષમા કર. બિચારીને બાલ્યાવસ્થામાથીજ દુખ ભોગવવુ પડ્યુ છે હજુ સુધી સુખનુ સ્વપ્ન સુદ્ધા તેને ભાગ્યેજ આવ્યુ હશે. તેજ કહેતી હતી કે તેના માતાપિતા તેને માત્ર ત્રણ ચાર વર્ષની મૂકી પરલોક ધામ પામ્યા હતા. આ વાત કહેતા કહેતા તેના ચક્ષુમા અશ્રુજળ ભરાઇ આવતું હતુ. તે સમયે હુ તેને પ્રેમથી ગાઢ આલિંગન આપતો હતો, પરતુ હાયરે દુષ્ટ ! હું તેને દુખાગારમા હડસેલી મૂકી. હવે હુ તેની પાસે કયારે જાઉ એમ થયા કરે છે. "

શાર્દુલરાય કોઇ પણ પ્રકારનો વિચાર કરવામા નિમગ્ન બની ગયો હતો. તે એકદમ નિદ્રામાથી જાગૃત થયા હોય તે પ્રમાણે વિચાર નિદ્રામાથી ચમકી ફરી બોલ્યો—' પ્રભુ ! આપના કરતા પણ શાલિની દેવીનો હુ મહા અપરાધી છું હુ પણુ તેમના ઉદ્વાર હૃદયની એકવાર ક્ષમા યાચવાનુ ઇચ્છુ છુ " આમ કહી તે ઉભો થયો અને ચાલવા લાગ્યો. સમરસિંહ તેના તરફ આશ્ચર્યથી જોઇ રહી પોતાના પ્રિય પત્નીને મળવાને માટે ચાલી નીકળ્યો શાર્દુલરાય સંબધી તેના મનમા અનેક વિચારો આવતા હતા.

\+ + + +

થોડા સમયમાજ બન્ને જણા એક જર્જરિત ઝુપડી પાસે આવી પહોચ્યા. બન્ને વીરા અને નિસ્તેજ રજપૂતાણી–શાલિનીને મળવા ઉત્કંઠિત હતા. તેઓ ઝુપડીમા ગયા તો જોયુ કે એક

પલંગ ઉપર શાલિનીને સુવાડેલી હતી તથા ચિંગા અને પોતાના બન્ને દોસ્ત દુખિત ચહેરે ઉભા હતા તેમની દુઃખ પૂર્ણ મુખમુદ્રા જોતાની સાથેજ સમરસિંહે આશ્ચર્યથી પ્રશ્ન કર્યો—"રામસિંહ! તમે આમ કેમ ઉભા છો?"

'પ્રભુ! આપ નજર કરી આ તરફ દેખો! આ સ્ત્રી શું કહે છે એ આપ જરા સાંભળો છે ... લાગે છે કે તે થોડાજ સમયમાં આ લોકનો ત્યાગ કરી પરલોકમાં પધારશે."

રામસિંહના અંતિમ શબ્દોથી સમરસિંહ ધ્રુજી ઉઠ્યો, તથા વિના વિલંબે તે શાલિની પાસે ગયો, અને બોલ્યો—"હમારે શું જોઇએ છીએ તે કહે."

સમરસિંહનુ વચન સાંભળતાની સાથેજ શાલિનીએ પોતાના બન્ને હાથ ઉંચા કર્યા, અને તે પોતાના કાળા વિશાળ નેત્રો ઉઘાડી ક્ષીણ સ્વરે કહેવા લાગી—"નાથ! હુ એકજ નિષ્કલંક છું એવી હું આપની ખાત્રી કરી શકીશ કે? આપને હુ સારી રીતે ઓળખી શકી છુ—આપજ આ અબળાના જીવન આધાર છો. શું આપનું મન હજુ પૂર્વ પ્રમાણે કઠોર છે કે? હુ આપને કરગરીને કહું છું કે હવે આપ મ્હારા ઉપર ગુસ્સે થશો નહિ' આટલુ બોલતાજ તેને ગ્લાની આવી અને તે બેભાન બની ગઇ. સમરસિંહ વિમૂઢ બની જઇને તેના તરફ જોઇ રહ્યો થોડા સમય પછી તે કાંઇક શુદ્ધિમાં આવી, એટલે તે બોલ્યો—' શાલિનીદેવી! પ્રિયે! તું તદ્દન નિષ્કલંક છે એવી હવે મ્હારી સંપૂર્ણ ખાત્રી થઇ છે, પરંતુ તું હવે સ્વસ્થ થા. મ્હને ક્ષમા કર. હુ હવે કદાપિ ત્હારી સાથે એવું વર્તન કરીશ નહિ."

" નાથ ! હું આપને કોણ ક્ષમા કરનાર ? ક્ષમા કરનાર ઇશ્વર સમર્થ છે. હવે મ્હારા જીવનની આશાનો ત્યાગ કરો. પ્રભુ ! "હું નિષ્કલંક છું" એટલા શબ્દોજ આપના મુખે સાંભળવાને હજી સુધી હું જીવતી રહી હતી."

એટલામા શાર્દુલરાય તેની પાસે આવ્યો, તથા એક ગાઢ નિશ્વાસનો ત્યાગ કરી તે બોલ્યો —' બેટા નિનાદિની ! તું મ્હને ઓળખે છે કે ? ત્હારો દુશ્મન અને તને અત્યાર સુધી દુઃખ દેનારો પાપી હુંજ છુ. હવે હું તને સંપૂર્ણ રીતે ઓળખી ગયો છુ ત્હારી માતા અને યવનોને ત્યા નોકરીએ રહેવાનુ કહ્યા કરતી હતી, કારણ કે આપણા ઘરની સ્થિતિ ઘણી ગરીબ હતી. છતાં મ્હને ત્હારી માતાની વાત ગમતી નહોતી. આથી કરીને હમેશાં અમારી બન્ને વચ્ચે ટટો થતો હતો વનમાં એક દિવસે હું વૃક્ષ ઉપર ચ્હડી "નીવ" નામનાં ફળો એકત્ર કરતો હતો એવામાં હુ વૃક્ષ ઉપરથી પડી ઘણો માંદો પડ્યો. મ્હારી બીમારીમાં તુંજ રાત્રિ દિવસ મ્હારી શય્યા પાસે બેસી રહેતી હતી, તેં તને યાદ છે કે ? કહે કે હવે તુ મ્હને ઓળખી શકી છે કે નહિ ? ત્હારી યાદદાસ્ત ઘણી વિલક્ષણ છે તને તે વાતની સારી રીતે માહિતી હશે. મ્હને લોકો કયા નામથી બોલાવતા હતા વારૂ ?"

"પિતાશ્રી ! હું હવે આપને પણ પિછાની શકી છુ. તમને પૂર્વે લોકો વાઘોબા કહીને બોલાવતા હતા. તે સમયે સકળ જનો તમારાથી બહુ ડરતા હતા હવે હું બોલી શકતી નથી તમે હવે મ્હારી છેકજ પાસે આવો ક્યાં છો મ્હારા જીવનાધાર નાથ ! તમે પણ મ્હારી પાસે આવી તમારો હાથ મ્હારા હાથમાં આપો. હવે હુ માત્ર થોડી પળોને માટે જ આ સંસારમાં છું. આપના પૂર્વેના શબ્દો મ્હારી આ દશા થવાના કારણભૂત થયા. હવે આપ તે માટે બિલ-

કુલ ખોટું લગાડશો નહિ...પાણી ..આ...પો...'' શાલિનીનો કંઠ સુકાઇ ગયો. તેનો જીવનદીપક હોલવાઇ જવાની તૈયારી કરવા લાગ્યો. ચિગાએ તેને પાણી પાયુ સમરસિંહ મૂઢ બની જઇ પત્થરની પ્રતિમા પ્રમાણે સ્થિર બેસી રહ્યો શાર્દુલરાય પોતાનો શ્વસુર હોવા છતાં તેણે શા માટે આવા કૃત્યો કર્યા ? પરંતુ આશ્ચર્યની વાત તો એજ છે કે પોતાની પુત્રીને પણ તે ઓળખી શકયો નહિ ! આ કેવી વિચિત્ર લીલા ! પૈસાનો તથા અધિકારનો નીશો ચ્હડયો એટલે મનુષ્ય અંધ બને છે અર્થાત્ કાંઇ દેખી શકતો નથી એ સત્ય છે તેની વિચાર શક્તિ નષ્ટ થઇ જાય છે શાર્દુલરાય ત્હેં આ શું કર્યું ? ત્હેં ત્હારી પોતાની પુત્રીનો ઘાત કર્યો ! ' સત્ય છે, શાલિનીના પૂર્વ જન્મનાં પાપનુંજ કદાચિત્ આ પરિણામ હશે; બીજુ શું હોય ? અસ્તુ.

અલ્પ સમયમાંજ શાલિની આ લોકનો ત્યાગ કરી પરલોકે પહોંચી ગઇ. તેની મુખમુદ્રા શાંતિપૂર્ણ અને આનંદી જણાતી હતી તે સમયનો ભયંકર અને શોકપૂર્ણ દેખાવ જોતાં કોઇને પણ કંપારી છૂટી આવે તેમ હતું.

શાલિનીની ઉત્તરક્રિયા સમાપ્ત થઇ ગયા પછી સમરસિંહે પોતાનો પૂર્વનો વ્યવસાય શરૂ કર્યો સકળ જનોની સાથે બંધુત્વ ભાવથી વર્તીને દુ:ખીઓના દુ:ખ દૂર કરવાં એજ તેનું ધ્યેય હતું. શાહજાદી પણ પોતાનાથી બની શકે તેટલો પરોપકાર કરતી હતી. ઉપરનો પ્રસંગ વીતી ગયા પછી શાર્દુલરાય દિવાનો બની ગયો. તે ઝુંપડીમાથી કદાપિ બહાર નીકળતો નહિ. નિદ્રાદેવીએ તેના ઉપર અવકૃપા કરી દીધી. તે હમ્મેશા પોતાની પુત્રીને યાદ કર્યા કરતો હતો પછીથી થોડા સમયમા તે પણ પોતાની પુત્રીને મળવાને માટે પરલોક પ્રયાણ કરી ગયો ૐ तत्सत्.

કંઠ્ઠિકા.

૧.

રાજનીતિ

દશમા સૈકાની શરૂઆતમા હિંદુસ્તાનમા ન્હાના ન્હાના અગણિત સ્વતંત્ર રાજ્યો સ્થપાયા હતા સ્વાર્થી, હીનબલ અને વિલાસપરાયણ રાજાઓ પોતાના દરબારમાં મોજશોખમા વખત ગાળતા હતા; તેનો લાગ જોઇ મુસલમાનો ધીમે ધીમે પંજાબ પ્રદેશ પર પોતાની સત્તા જમાવતા હતા.

આપણે જે વખતની વાત કરીએ છીએ તે વખતે બુંદેલખંડની ગાદીએ ચંદેલવંશના રાહીલ રાજાનો પુત્ર હર્ષદેવ હતો. તે આર્ય હો કે અનાર્ય પણ તેના હૃદયમા સ્વદેશપ્રીતિ જાગૃત હતી શા ઉપાય યોજીએ તો ભારતવર્ષ પરદેશીઓના હુમલાથી નિર્ભય રહે તેનો તે રાત્રિદિવસ વિચાર કર્યા કરતો સરહદના પ્રદેશોનુ રક્ષણ કરવા માટે દેશનું સમગ્ર બળ એક મહારાજના હાથમા આરોપાવુ જોઇએ; એ હેતુ લક્ષમા લઇ તેણે દેશેદેશના રાજાઓ પર દૂત મોકલ્યા, પણ તેના અભિપ્રાયને કોઇએ દાદ દીધી નહિ.

ભારતવર્ષનો પુણ્યસંચય તે વખતે ઘણો થોડો હતો, એટલે નરશીરો પણ તેનો ઉદ્ધાર કેવી રીતે સાધી શકે; રાજા હર્ષદેવ એક દિવસ પંડિતો અને સુભટોની સભા ભરીને બેઠા હતા. ભાટ ચારણો-

એ હમેશ મુજબ રાજાનાં સ્તુતિગાનો લલકારવા માંડયા; પણ હર્ષ-દેવે તેમને મના કરી કહ્યું —"એક બુંદેલખંડ જેવડા ન્હાના પ્રદેશના અધિપતિને 'સમગ્ર પૃથ્વીનો અધીશ્વર' કહી અપમાનિત ના કરો."

ભારત સામ્રાજ્યનો સંદેશ લઇ ગયલા દૂતો એક એકે દેશેદે-શથી પાછા આવવા લાગ્યા. કનોજ જઈ આવેલા દૂતે કહ્યું—" મ-હારાજ કનોજપતિ મહેન્દ્રપાલ દેવે તેમના સભાપંડિત અને કવિ રાજશેખરની રચેલી વિદ્ધશાલભંજિકા મોકલાવી છે અને તેના મુખ-પૃષ્ઠ ઉપર આપના સંદેશાનો ઉત્તર પોતાને હાથેજ લખી દીધો છે.

રાજાએ ગ્રન્થ હાથમાં લઇને જોયો તો ઉપર લખેલું હતું.— **काव्य शास्त्रविनोदेन कालोऽगच्छति धीमताम्** । હર્ષદેવે તે પર અણગમો બતાવી મ્હો મરડયુ એવામા બીજા એક દૂતે આવી રાજાના ચરણમા એક પત્રિકા ધરી

રાજાએ પોતે પત્રિકા ઉકેલી વાંચી જોઇ. ચેદીરાજ કલચૂરી વંશના રાજા મુગ્ધતુંગ પ્રસિધ્ધ ધવલે લખ્યુ હતું કે "પોતે હમણા લઢાઇમા રોકાયેલ છે અને પૂરતી સત્તા ધરાવે છે, મ્લેચ્છો તથા યવનોને ન્હસાડવા જેટલુ બળ તેનામા છે તેથી તે બીજા રાજાઓ સાથે મળીને માથું નમાવવા ઇચ્છતો નથી."

આ વાંચી રાજા હર્ષદેવે પોતાના વૃધ્ધ મંત્રીને હસીને જણાવ્યું, કે:-"આનુ નામજ વિનાશકાળે વિપરીત બુધ્ધિ." ન્હાનકડા એક કોશલ રાજ્યને હરાવીને તથા પૂર્વ કિનારાના ક્ષુદ્ર પ્રદેશો જીતી લઇને કલચૂરી રાજા કેવો ફુલાઇ ગયો છે."

આ વખતે ચોલ રાજ્યમાં વીરનારાયણ ઉર્ફે પરાન્તક દેવ ફરીને રાજા રાજ્ય કરતો હતો. તે કેરલરાજાનો જમાઇ હોવાથી

તેની મદદ વડે પાંડય રાજને હરાવી લંકા સુધી વધ્યો હતો, અને તેના રાજા કસ્સપ (કાશ્યપ) પાચમાને નમાવ્યો હતો. તેથી હર્ષ-દેવને ખાતરી હતી કે તે કદાચ આખા દાક્ષિણાત્ય પ્રદેશનો એક રાજા થઇ શકશે. તેને અભિનંદન આપવા પોતાનો દૂત મોકલ્યો અને સાથે એક ભારત સામ્રાજ્ય વિષેની પોતાની ઇચ્છા પણ જણાવી, પણ પરાન્તક દેવે જણાવ્યું કે—' ઉત્તર ભારત તેનાથી ઘણે દૂર છે. "

હર્ષદેવે પણ તે પરથી નિશ્ચય કર્યો કે પહેલા આજુબાજુના નજદીકના રાજાઓના અભિપ્રાય જાણી લઈ પછીથી કાંઇ પગલાં ભરવાં.

૨.

પ્રગલ્ભા.

લુણી નદીનું જળ ઘણું મીઠું અને શીતળ છે. અજમેરમાં હમણા જ્યા તારાગઢ છે તેની દક્ષિણ દિશાએથી લુણી નદી વહેતી હતી તે વખતની આપણે વાત કરીએ છીએ પ્રભાતના સમયે નદીના શીતળ જળમા સ્નાન કરી કુમારી કઙ્કુકાએ નદી કિનારે આવેલા એક મંદિરમા પ્રવેશ કર્યો કઙ્કુકા નામ સારૂં નહિ લાગે પણ તેથી ઐતિહાસિક નામ બદલી શકાય નહિ.

નામ ગમે તેવુ હતુ, પણ કુમારી ઘણી સુન્દર હતી, કેમકે તેને દેવ મંદિરમા પ્રવેશ કરી જોતાંજ એક સૌમ્યમૂર્તિ યુવાન સંન્યાસી દેવપૂજાના મન્ત્ર વિસરી જઇ નીચેનો જાપ જપતાં ગણગણવા લાગ્યો.—

[illegible]न्तैः सद्य एवाम्बुधौतैः
श्रवणतनिटाषिक्तैः पाटलोपान्तनेत्रैः ।
उपसि बदनबिम्बैरससंसक्तकेशैः
श्रिय इव गृहमध्ये संस्थिता योषितोऽस्य ॥

આ વખતે અજમેરમા ચાહમાન અથવા ચોહાણોની સત્તા તાજીજ જામવા માંડી હતી, રાજા ગોગકનો પુત્ર ચંદન ગાદી પર હતો; કુમારી કચુકા તે રાજા ચદનની બ્હેન હતી.

સુંદરી દેવને અર્ધ્યાંજલિ આપી સંન્યાસીને ચરણે પડી. સન્યાસી ચમકીને એકદમ ખડો થઇ ગયો અને બોલ્યો–"હું આપના પ્રણામ સ્વીકારવાને ગોગ્ય નથી, અને ખાસ કરીને આ મંદિરમાં તો દેવના સિવાય નમવા જેવુ કોઇ ન ગણાય."

શબ્દો શું કંઠના ગુણથીજ મીઠા લાગે છે!

સંન્યાસી સાથે વાત કરવાની કોઇને મના હતી નહિ.

કુમારીએ હસને મ્હોએ જવાબ આપ્યો–"ખુદ ચોહાણપતિ પોતે આપના ભકત છે તો પછી તેની બ્હેન આપને નમે તેમાં શું ખોટુ?"

સંન્યાસી આ પરિચય સાંભળી પ્રસન્ન થયો. કુમારી પ્રગલ્ભા છતાં તેની આખો મુગ્ધા દીસતી હતી. સંન્યાસી તરફ ફરીને વાત કરતી વખતે પાપણો ઉંચી થતી અને સુકોમળ દૃષ્ટિ પર પાછી ઢળી જતી તે સાથે સન્યાસીનું માથું ચકરી ખાઇ ગયુ. સંન્યાસીને લાગ્યુ કે તેનો પ્રાણ જાણે પોતાનુ પુરાણુ વક્ષોગૃહ તજી યુવતીના તીક્ષ્ણ કટાક્ષના રાજમાર્ગે થઇ સૌન્દર્યના નવમંદિરમાં પ્રવેશ્યો.

સુન્દરીએ પોતાની પાંપણો તો ફરી ઉંચી કરી આંખ ઉઘાડી, પણ પડી ગયલો સંન્યાસીનો પ્રાણ પાછો ફર્યો નહિ.

આ પ્રસગ પછી રાજકુમારીની તે દેવપરની ભક્તિ ઘણી વધી પડી. તે હવેથી દરરોજ એ વખત મન્દિરે જવા લાગી અને કોઇ કોઇ વખત તો ઉતાવળમા સાથે દાસીને લેવાનુ પણ ભૂલી જતી.

એક દિવસ સન્યાસી મંદિરના પગથીઆમા બેસી ડાબો હાથ આંખ આગળ રાખી માનપૂજામા લીન થયેલો હતો તે વખતે કચ્છુકા-કુમારી ત્યા ધીરા ધીરા ડગ ભરતી આવી પહોચી સાયકાળની આરતી માટે હજુ મન્દિરના દ્વાર ઉઘડયા નહોતાં સન્યાસી ધ્યાનમુક્ત થયો અને નમ્રસ્વરે કુમારીની કુશળતા પૂછી. કુમારીએ કહ્યું—“હું સંન્યાસધર્મ ગ્રહણ કરીશ અને આપની શિષ્યા બનીશ.” તે પછી બન્નેમા શુ વાતચિત થઇ તે ઇશ્વર જાણે, પણ મન્દિરદ્વાર ઉઘડયાં તે પહેલા તેના હૃદયના દ્વાર તો ખૂલી ગયા હતાં.

તે પછી સન્યાસી રાજસભામા ગયો અને જણાવ્યું કે તે પુરો-હિત થઇ કુમારી કચ્છુકાના વેવિશાળ બુન્દેલખંડના અધિપતિ હર્ષદેવ સાથે કરે છે. ચન્દનરાજાએ તે વાત કબુલ રાખી અને સંન્યાસી લૂણીના જળમાં સ્નાન કરી આન્હિક આટોપી અજમેરથી ચાલી નીકળ્યો, પણ લૂણીના મીઠા શીળા જળને કદી વિસરી શકયો નહિ.

૩.

રણક્ષેત્રમાં.

સંધિ કબુલ ન થાય તો યુદ્ધ ચાલુ થાય એ રાજનીતિ મશહૂર છે.

ચન્દેલપતિ હર્ષદેવે બુન્દેલખંડને આખા ભારતનું કેન્દ્રસ્થાન

બનાવવાના હેતુથી ન્હાના ન્હાના ઘણા રાજાઓ સાથે યુદ્ધ કર્યા હતાં એમ ઘણી જીતો મેળવ્યા પછી ચેદીવંશના કલચૂરી રાજા સાથે લઢાઇ શરૂ કરી ગર્વિષ્ટ રાજા મુગ્ધતુંગ પ્રસિદ્ધ ધવલ તે વખતે વિદેહ થયા હતા અને ગાદીપર તેમનો પુત્ર બાલહર્ષ હતો. મધ્યપ્રદેશમા હાલ જે સગર જીલ્લો કહેવાય છે તે ચેદી રાજ્યનો મુખ્ય ભાગ હતો. તે સાગર જીલ્લાની ઉત્તરે અને બુંદેલખંડની દક્ષિણે શાહગઢ આગળ આ લોકોનો સંગ્રામ જામ્યો હતો.

યુદ્ધયાત્રાને પ્હેલે દિવસે દેવીની પૂજા પછી રાણી કંછુકાને મૂર્છા આવી મૂર્છામાં સ્વપ્ન જોયું કે રાજા જાણે તેજ તેજથી મંડિત મેઘાડંબરમા બેઠા છે અને તે જેમ જેમ રાજાના ચરણ સમીપ જાય છે તેમ સિંહાસન દૂર હઠતું જાય છે. મૂર્છા વળતા રાણીએ પ્રતિજ્ઞા લીધી કે રણક્ષેત્રમા પણ પોતે રાજાની સાથે રહેશે રાજાએ તે નિશ્ચય જાણી ઘણોય નિષેધ કર્યો પણ રાણીએ માન્યુ નહિ કંછુકા જરા હસીને બોલી —

" સંન્યાસી મહારાજ ! ચોહાણની કુંવરી યુદ્ધ જોઇ કદી ભ્રમ પામતી નથી.

લગ્ન પછી રાણી કંછુકા રાજા હર્ષદેવને સંન્યાસી મહારાજજ કહ્યા કરતી.

શાહગઢના રણક્ષેત્રયુદ્ધનો કોલાહલ મચી રહ્યો. ફાગણ શુદ તેરશને દિવસે બપોરે લઢાઇની શરૂઆત થઇ, અને સંધ્યાકાળ પડતા સુધી કોઇ પણ પક્ષની હારજીત સમજાઇ નહિ. સહસા રાણીના મનમા કંઇ ઉત્કંઠા થઇ આવી અને તે વધારે વાર હવે છાવણીના તંબુમાં ભરાઇ રહી શકી નહિ. યુદ્ધનો સાજ ધારણ કરી ઘોડા પર

સ્વાર થઇ અને છાવણી સાથેના પચાસેક પાળાઓ લઇ "જય! ચન્દેલપતિનો જય!" ની હાક ગજાવતા પોતાની ટૂકડીમાં શૂરાતન પ્રેરતાં તણે દુશ્મનોના લશ્કર પર પાછળથી હૂમલો કર્યો. રાતને વખતે નવું લશ્કર આવી ચઢવાથી કલચૂરીના પક્ષનું થાકી ગયેલું લશ્કર રણમાંથી ભાગવા માંડયું, અને "મારો! મારો!" બુમો સાથે બુંદેલખંડના લશ્કરે તેમનો પીછો લીધો. રણક્ષેત્રમાં જય મેળવ્યા પછી રાજા ને રાણી સાથેજ પાછાં ફર્યાં. રાણીના હુકમ પ્રમાણે તરતજ ચાંદનીમાં ઉઘાડા આકાશ નીચે એક શય્યા તૈયાર કરવામાં આવી. તેમાં યુદ્ધનો પોશાક ઉતાર્યા વિનાજ રાજા હર્ષદેવ સૂતા. રાણી રાજાની એક પાસે બેસે છે તેટલામાંજ વૈદ્યરાજ આવી પહોચ્યા; પરંતુ રાજાએ સ્થિર ભાવે જણાવ્યું કે ચિકિત્સાથી હવે લાભ થાય તેમ નથી. છતાં પણ રાણીના આગ્રહથી વૈદ્યે રાજાની છાતી ઉપરના ઘાને ઔષધ લગાડયું અને રાણીએ પોતાને હાથે ઔષધ પાઇને પતિના મુખપર સ્નેહનું ચુંબન કર્યું. રાજા હર્ષદેવે પત્નીનો હાથ પોતાના હાથમાં લઇ કહ્યું—"એક આગ્રહ માન્ય રાખવો પડશે. તું પ્રતિજ્ઞાપૂર્વક કહે કે મ્હારી પાછળ ચિતામાં પડી તું પ્રાણ ખોઇશ નહિ."

દેવીએ ગળગળે કંઠે કહ્યું—"દેવતા, રમણીજન્મના ખરા સુખથી મ્હને કયા અપરાધને લઇ દૂર કરો છો?"

રાજાએ બન્ને હાથ રાણીના કોમળ કંઠે ભરવી કહ્યું—"દેવિ! ઇશ્વરે આપેલા જીવનને આત્મહત્યાથી ખોવાનો કોઇને પણ અધિકાર નથી. સુખની આશા ભલે તજી દે અને દુઃખ સહન કર. એમાં જીવનનું ખરૂં ગૌરવ છે. જે મન્ત્રની લુણીને તીરે મ્હેં દીક્ષા લીધી

હતી, તેજ મન્ત્રથી કુમાર યશોવર્માને દીક્ષીત કરજે. પુત્રની માતા તરીકે મ્હારી કામના પૂર્ણ કરવા સારૂ સતી નહિ થતાં જીવન ધારણ કરજે."

રાણીના હુકમથી કુમાર યશોવર્માને બોલાવી લાવવા સ્વારો છુટયા."

પરિશિષ્ટ.

એપિગ્રાફિકા ઇન્ડકામાં સંગ્રહાયેલા શિલાલેખો પરથી જાણી શકાય છે, કે રાજા હર્ષદેવની ઈચ્છા રાણી કંચુકાએ ઘણે અંશે પૂરી પાડી હતી. કુમાર યશોવર્માએ માતા પાસેથી યુદ્ધ દીક્ષા લઇ ગૌડ, ખસ, કોશલ, કાશ્મીર, મિથિલા, માલવ, ચેદી, કુરૂ અને ગુર્જર વગેરે દેશો જીતી લીધા હતા.

તિબેટના (ભોટ) રાજા પાસેથી કનોજ રાજાને એક મૂર્તિ મળી હતી, તે કૈલાસથી આણવામાં આવી હતી એવી દંતકથા છે. ઇ. સ. ૯૪૮માં યશોવર્માએ તે દેવમૂર્તિ કનોજથી પોતાના રાજ્યમાં આણી અને વૈકુંઠ નામનું મંદિર બાંધી તેમાં તેની સ્થાપના કરી. પિતા માતાનો વૈકુંઠમાં વાસ થાય એવી કામનાથી યશોવર્માએ એ મંદિર બંધાવ્યું હતું એમ કહેવાય છે.

રાજકુમારી અલકાસુંદરી.

"રક્ષણુ કરો ! રક્ષણુ કરો !"

રમણીના આર્ત્ત-કંઠસ્વરથી અજયગઢની આજુબાજુ આવેલો જંગલ પ્રદેશ તથા ડુંગરાળ પ્રદેશ ગાજી ઉઠ્યો. વૃક્ષોમાંથી વિલાપસ્વરનો પડઘો પડ્યો.

જંગલમા આવેલા રસ્તાની પાસે એક સ્વચ્છ જળના ઝરા પાસે બેસીને એક તૃષાતુર યુવક પાણી પીએ છે. તે ઘણો માર્ગ કાપીને આવેલો હોવાથી થાકી ગયેલો છે. તેના મુખમંડળ ઉપર શુષ્ક સ્વેદાણુઓના ચિહ્ન જણાય છે. કંઠ શુષ્ક બની ગયો છે. મહા મહેનતે તેણે આ ઝરો શોધી કાઢ્યો છે. દુઃખમા આવી પડેલી કોઈ રમણીનો વિલાપસ્વર જંગલમા પ્રતિધ્વનિત થઈને સૈનિકના કાને પડ્યો; તેણે પોતાની તૃષ્ણા નિવારણુ કરવાનુ માંડી વાળ્યુ.

પાસેજ તેનો અશ્વ ચરતો હતો. અશ્વને સંબોધન કરી સૈનિક પુરૂષે સ્નેહ સ્વરે કહ્યુ —"વિજય ! ઉભો રહે"

જે દિશામાથી ઉપરનો વિલાપસ્વર આવતો હતો તે દિશા તરફ સૈનિક ઘોડેસ્વાર થઈ ત્વરાથી જવા લાગ્યો. પર્વતનો માર્ગ ઘણો કઠિન હોવાથી સૈનિકને ધારેલે સ્થાને પહોંચતા કાંઈક વિલંબ થયો. બનેલા બનાવને સ્થળે જઈને તેણે જોયુ તો એક પરમ સુંદરી યુવતી વૃક્ષ સાથે બાંધવામા આવેલી તેની નજરે પડી. તેની પાસે

લાલચોળ નેત્રોવાળો, પિશાચના જેવી આકૃતિવાળો એક પુરૂષ ઉભો રહ્યો છે. તેને જોતાજ તે નરકનો દ્વારપાળ છે એવું અનુમાન થયા સિવાય રહે નહિ. પાસેજ એક ભાંગી તુટી પાલખી પડી છે.

સૈનિક પુરૂષે મ્યાનમાંના તરવારને બ્હાર કાઢી, પાછળથી પેલા નરપિશાચના ગળા ઉપર ધરી ગુસ્સાથી પ્રશ્ન કર્યો —"કોણ છે તું ?"

દુરાચારી પિશાચે ઉત્તર આપ્યો.—'મ્હને ક્ષમા કરો. હું તો આજ્ઞાધારક ચાકર છું. મ્હારો અપરાધ લેશ માત્ર પણ નથી."

"ત્હારો માલિક કયાં છે ?"

"તેઓ ભોઇઓને શોધવા ગયા છે "

"આ ભાગી ગયેલી પાલખી કોની છે ? તેના ભોઇઓ કયાં ?"

"ભોઇઓ પ્રાણ જવાના ભયથી પલાયન કરી ગયા છે પાલખી આ યુવતીની છે દેવદર્શન કરી તે આ રસ્તે થઇને જતી હતી. મ્હારા માલિકે તેની પાલખીના ભોઇઓને હાંકી કાઢયા છે. "

"તું રાજપૂત છે ?"

"હા—હુ ચંદાવત્ છું."

"અને ત્હારો એ પાપી માલિક ?"

"તેઓ પણ ચંદાવત્ છે."

"તમે ચંદાવત્ નહિ, પરંતુ રાજપૂતકુળકલંક છો. તું આ રમણીને પિછાને છે ?"

"ના—"

સૈનિક પોતાના હાથમાની તરવારને એ દુરાચારી પુરૂષના ખભા પર રાખી ક્રોધપૂર્ણ સ્વરે પ્રશ્ન કર્યો:—" સાચું બોલ ભામટા. નહિ તો—'

"હું એકલિંગજીનું નામ દઇને કહું છું કે—હું એ સંબંધી કાંઇ જાણતો નથી."

"આ રમણીને બાંધી કોણે ?"

"મ્હારા માલિકે જ."

સૈનિક યુવકે તેના સ્કંધ ઉપરથી તરવાર ખેંચી લઇ કહ્યું'—"જો પલાયન કરવાનો યત્ન કરીશ તો નિશ્ચય સ્હમજજે કે વિના વિઘ્ને ત્હારૂં મોત થશે. જ્યાં સુધી મ્હારૂં કાર્ય પૂરૂં ના થાય ત્યાં સુધી ત્હારે સ્થિર ઉભા રહેવાનું છે."

યુવકે ત્વરાથી એ વિપદમાં આવી પડેલી રમણીને બંધનમાંથી મુક્ત કરી. શત્રુઓના પંઝામાં સપડાયલી રમણી ભયથી વિંધાયલા પત્રની માફક કંપી રહી છે. યુવકે તેના ભયને દૂર કરતાં કહ્યું —"તમે સંકટ મુક્ત થયાં છો. તમે જ્યાં કહો ત્યાં હું તમને મૂકવા આવવા તૈયાર છું. મ્હારૂં નામ જ્યોતિસિંહ છે. હું અકબર બાદશાહનો સેના-પતિ છું. મોગલોએ હમણાંજ જીતેલા રાજપૂત રાજ્યનો સરદાર છું. તમે મ્હારા ઉપર વિશ્વાસ મૂકી શકશો ?"

રમણી એકાએક ચમકી ઉઠી. જ્યોતિસિંહ ! જ્યોતિસિંહ ! આજ કે એ જ્યોતિસિંહ ? રમણીના હૃદયનો ભય એકદમ દૂર થઇ ગયો અને તેની મુખમુદ્રા ઉપર પ્રસન્નતાનું તેજ પ્રકાશી નીકળ્યું. જ્યોતિ-સિંહને પોતાનો પરિચય આપવાનું રમણીએ યોગ્ય ધાર્યું નહિ. તેણે કહ્યું—"વીર પુરૂષ ! હું આપની હમેશા ઋણિ રહીશ ! આપે ધર્મરક્ષા કરી-છે, જીવનરક્ષા કરી છે; પરંતુ હું હાલ તરત આપને મ્હારો પરિચય આપી શકતી નથી તે માટે ક્ષમા કરશો. મ્હને આ ડુંગરાળ પ્રદેશની

બ્હાર મુકી દ્યો ત્યાંથી થોડે દૂરજ એક ગામ આવેલું છે. ત્યાંથી મ્હને પાલખી મળી શકશે."

"ભલે મ્હને કોઇ પણ પ્રકારની અડચણ નથી; પરંતુ તમે એકલા છો તેથી કદાચિત ફરીથી સંકટમા સપડાઇ જાઓ એવો સંભવ છે."

રમણીએ હાસ્ય મુખે કહ્યું—"બાદશાહ અકબરશાહના સરદાર દુર્બળ હાથે તરવાર ધારણ કરતા નથી એ હું સારી રીતે જાણું છું."

યુવક અત્યાર સુધી રમણીના અતુલ સૌંદર્ય સાગરને જોઈ ભાન ભુલી તેની વાત સાભળી રહ્યો હતો તેણે પાછા ફરીને જોયુ તો પેલા દુરાચારી પુરૂષને પલાયન કરી ગયેલો જોયો. યુવક મહા વિપદમા આવી પડયો. તેને માર્ગની બરાબર માહિતી નથી, હવે કેવી રીતે ડુંગરાળ પ્રદેશને વટાવી બ્હાર નીકળવુ ?

રમણી રૂપાની ઘંટડી જેવા કોમળ અને મધુર સ્વરે બોલી—"કુમાર! વિચાર શો કરો છો ? ચાલો આપણે જલદીથી આ સ્થાન વટાવી બ્હાર નીકળી જઇએ. પાપી લોકોનું સૈન્ય વધારે પ્રમાણમા છે તેથી તેઓ કદાચ ફરીથી પણ અત્યાચાર કરી શકે."

અહા! કેવો મધુર સ્વર ? કોઇ જાણે સૂર મિલાવી વીણા વગાડે છે. આહા! કેવું સુંદર સ્વરૂપ! પ્રભાતના કમળ જેવું નિષ્કલંક મુખ, મન્મથનાં તીવ્ર બાણાવાળો કટાક્ષનો ક્રીડા પ્રદેશ, વિશાળ તેમજ ચંચળ ચક્ષુ, વિખરાયલો કાળો કેશ કલાપ! સુગોળ સુંદર બાહુ યુગલ, આ સર્વ જોતા નેત્રોની પલક પડતી નથી. એક વખત જોતા ફરી જોવાનું મન થાય છે. જીવનપર્યંત જોઇ રહેતાં પણ ઇચ્છા પૂર્ણ થાય તેમ નથી.

પાઠક ! તમે વસંત સમીર ચુંબિત અર્દ્ધવિકસિત ગુલાબનું સૌંદર્ય જોયુ છે કે ? હેમંતના ઝાકળથી ભીંજાયલા સેફાલિકાનું મનોમય સૌંદર્ય અનુભવ્યુ છે કે ? વર્ષાથી ધોવાયલા ચંપકની ગૌર કાંતિ જોઇ છે કે કાળા વાદળાથી છવાયલા વિસ્તૃત આકાશમાં વિદ્યુતની તીવ્રરૂપ જ્યોતિ જોઇ છે કે ? ખરેખર, એ સંભવિત છે કે આ સર્વ જોઇને તમારૂં મન મોહિત ના થાય. પરંતુ આ સ્ત્રીનું સુંદર સ્વરૂપ જોઇને અવશ્ય તમારૂં મન મુગ્ધ થાય ને થાયજ.

અમારી વાર્તાનો નાયક જ્યોતિસિંહ આ સુંદર પ્રતિમાના કટાક્ષ બાણથી ઘાયલ થયો છે કે નહિ તે અમે જાણતા નથી; પરંતુ અમે એટલું તો નિશ્ચય જાણીએ છીએ કે જ્યોતિસિંહનું પ્રેમાળ હૃદય કંપી ઉઠયુ છે, તેના મુખ ઉપર આવા સંકટ સમયે પણ એક પ્રકારના સ્મિતની છાયા નજરે પડે છે થોડા સમય પૂર્વે તે આ રમણી સાથે કોઇ પણ જાતનો સંકોચ રાખ્યા સિવાય વાતચીત કરતો હતો, પરંતુ કોણ જાણે કે શાથી તને હવે એક શબ્દ બોલતા પણ શરમ આવે છે થોડા સમય પછી તેનો ત્યાગ કરી ચાલ્યા જવું પડશે એ વિચારે જ્યોતિસિંહના ચિત્તને ભ્રમિત કરી મુકયું જે કર્તવ્ય બજાવવાને માટે તે આવા ગાઢા જંગલમા આવી ચઢયો છે તે કર્તવ્ય કાંઇક વિસારે પડયુ હોય એમ જણાયુ.

જ્યોતિસિંહે જોયું કે અંધકારની ભયંકર છાયા ધીમે ધીમે ઉપરથી ગંભીર થઇને નીચે ઉતરી આવે છે, લીલુ છમ જણાતુ જંગલ ધીમે ધીમે કાળા પડદા ની નીચે ઢંકાઇ જતુ જણાય છે તેણે શરમાતા શરમાતા કહ્યુ—'સુંદરી ! આ ડુંગરાળ પ્રદેશ વટાવી જતાં તમને કેટલુ બધુ કષ્ટ પડશે તેની કલ્પના કરી શકાતી નથી. આવો,

કૃપા કરી મ્હારા હાથને પકડો. પાસેજ મ્હારો ઘોડો બાંધેલો છે.

જો સમય ભયજનક ના હોત તો રમણી પરપુરૂષનો હાથ પકડવા તૈયાર થાત નહિ, પરંતુ આ સમયે તે નિરૂપાય હતી

ધીમે ધીમે સંધ્યા આવી પહોંચવાની તૈયારી કરે છે. અંધકારનું સામ્રાજ્ય વિશેષ પ્રમાણમાં ફેલાતુ જતુ હોવાથી પગ ખસી જવાની ક્ષણે ક્ષણે શંકા રહે છે નિરૂપાયે રમણીએ યુવકનો હાથ પકડયો. બન્ને જણા સાવધાનતાથી આ ડુંગરાળ પ્રદેશ આગળ વધવા લાગ્યાં.

પર્વત ઉપરથી ઉતરવાનો માર્ગ ઘણોજ સાંકડો છે. આજુબાજુ નજર કરતાંજ પાતાળ સુધી પહોંચેલા ઉંડા ખાડાઓ દેખાય છે. જંગલ તથા પાર્વત્ય પ્રદેશથી બ્હાર નીકળવાનો બીજો એક પણ રસ્તો નથી. એક વિશાળ ડુંગર ઉતરી જેવા એ બન્ને નીચે ઉતર્યા કે એકાએક આઠ દશ સૈનિકો ખુલ્લી તરવાર સાથે આવી પહોંચી એ બન્નેના માર્ગની આજુબાજુ ઉભા રહ્યા—રસ્તો ઘેરી લીધો. રાજપૂત એકલો છે તેમા વળી તેની સાથે સ્ત્રી જાત છે. અંધકારની પણ પ્રબળ સત્તા ચાલી રહી છે આવા સમયે આવનાર આઠ દશ સૈનિકોએ રાજપૂત પર આક્રમણ કર્યું. જ્યોતિસિંહ યુવતીને પાછળ રાખી, એકલિંગજીનું સ્મરણ કરી ખુલ્લી તરવારને ઝપાટાબંધ ફેરવતો ફેરવતો શત્રુઓ સ્હામે થયો. જ્યોતિસિંહે જોયું કે આક્રમણ કરનારા સૈનિકોમા પેલો પલાયન કરી જનાર પિશાચના જેવો મનુષ્ય પણ હતો તેણે વિચાર્યુ કે એ પાપીજ આ અનર્થનું મૂળ છે. આમ વિચારી તેણે પ્રથમજ તેના મસ્તકને ગરદનથી જૂદું કરી નાખ્યું. શત્રુઓ જ્યોતિસિંહના ઉપર ચારે બાજુએથી તૂટી પડયા.

દેવ દાનવના યુધ્ધમાં કુમાર કાર્તિકની પ્રમાણે તે પોતાની તરવાર ફેરવવા લાગ્યો, પરંતુ તેના દુર્ભાગ્યે તેનો કોઇ સાથી નહોતો !

જ્યોતિસિંહ જ્યારે આવી વિપદમાં સપડાયો છે ત્યારે પાસેના પર્વતની ઉપર બાજી એક ઘટના ઘડાય છે. પાંચસો સૈનિકોની સાથે એકવીર પુરૂષ એ ડુંગરાળ પ્રદેશ પરથી નીચે ઉતરી આવે છે નીચેનો સઘળો પ્રકાર તેણે ઉપરથી થોડો ઘણો જોયો છે. અંધકાર થયલો છે તેથી નીચે જલદીથી ઉતરી આવતા તેને કાંઇક અડચણ નડે છે. તેણે ગંભીર કંઠે આજ્ઞા કરી કે—“ તમારામાંથી વીસ જણા જલદીથી નીચે જઇને યુવકની રક્ષા કરો.”

એકાએક અધિક પ્રમાણમા આવી પહોંચેલા મોગલ સૈન્યને જોતાંજ શત્રુદળ પલાયન કરી જવાનો યત્ન કરવા લાગ્યુ. પરંતુ તેમનો માર્ગ બંધ થઇ ગયો હતો. એ જંગલ પ્રદેશને લોહીથી ભીંજાવી પાંચ સાત જણા એ સ્થળે જ મૃત્યુ પામ્યા.

એક તેજસ્વી વીરપુરૂષે આગળ આવી પહોંચી આજ્ઞા કરી કે—“ સૈનિકો ! શાંત થાઓ હવે લોહી રેડવાની કાંઇ જરૂર નથી આ જીવતા રહેલા લુચ્ચાઓને પકડી કેદ કરો.”

આ આજ્ઞા થતા પૂર્વે રજપૂત વીર જ્યોતિસિંહના ખભા ઉપર એક સખ્ત આઘાત થયો હતો ઘામાંથી લોહી ઘણુ વહી જવાથી જ્યોતિસિંહ નિર્બળ બની ગયો છે. પેલા તેજસ્વી વીરપુરૂષે પોતાના કિંમતી ફેંટામાથી થોડું કપડુ ફાડી તે યુવકને જ્યા આઘાત થયો હતો ત્યાં બાંધી દીધુ ત્યાર પછી તેણે પ્રેમ પુર્ણ સ્વરે કર્યું જ્યોતિસિંહ સખ્ત આઘાત થયો છે કે ? તને એકલો મોકલ્યો હતો તેથી હું ઘણો ચિંતાતુર હતો ત્હારો અશ્વ જોતાજ મ્હને માગ

જડી આવ્યો જો સમયસર ના આવી પહોંચ્યો હોત તો આજે હું તને હમેશાને માટે ગુમાવી બેસત ”

જ્યોતિસિંહે કૃતજ્ઞતાદર્શક સ્વરે ઉત્તર આપ્યો.–“જહાંપનાહ ! ઇશ્વર આપનું કલ્યાણ કરો. આપની દયા હું કદાપિ ભૂલી જઇશ નહિ ”

આ આવનાર તેજસ્વી પુરૂષે અત્યાર સુધી પેલી વૃક્ષની પાછળ સંતાયલી રૂપવતી શ્યામાને જોઇ નહોતી. થોડા સમયને અંતરે તેની નજર એ સ્વરૂપવતી શ્યામા તરફ ગઇ તેણે જ્યોતિસિંહને પ્રશ્ન કર્યો·–“જ્યોતિ ! આ શ્યામા કોણ છે ? ”

જ્યોતિસિંહે બનેલો સઘળો બનાવ કહી સંભળાવ્યો.

તેજસ્વી વીરપુરૂષે એક હિંદુ સૈનિકને આજ્ઞા કરી કે:–“ઘાયલ થયલા સેનાપતિને તથા આ રમણીને પેલા હિંદુ સન્યાસીની ઝુંપડીમાં લઇ જાઓ. હું પછીથી ત્યા આવી પહોચીશ. આ તેજસ્વી પુરૂષની આજ્ઞા એકદમ અમલમા મુકાઇ આ તેજસ્વી વીરપુરૂષ બીજો કોઇ નહિ, પરંતુ અકબરશાહ જાતેજ છે. જ્યોતિસિંહ તેનો નવીન સેનાપતિ છે

દ્વિતીય પરિચ્છેદ.

પર્ણશય્યાની ઉપર જ્યોતિસિંહ સુતો છે તેની શય્યા પાસે પેલી સ્વરૂપવતી શ્યામા બેઠી છે. સુંદરી અનિમેષે જ્યોતિસિંહના ઘા ઉપર કાળા રંગનો લેપ લગાવે છે.

આ ઝુંપડી નિર્જન છે કેટલીક વખત માત્ર આ સુંદરીના શ્વા·

સના અવાજ સિવાય કોઇ પણ પ્રકારનો અવાજ સંભળાતો નથી. સુંદરી તન્મયતાથી રોગી સેનાપતિની સેવા કરે છે. સંધ્યા સમયે એક જટાધારી સન્યાસીએ ઝુંપડીમા પ્રવેશ કર્યો ગભીર સ્વરે તેમણે પ્રશ્ન કર્યો—"બેટા ! જ્યોતિસિહને કેમ છે ?"

સુંદરી રોગીની પથારી પાસેથી થોડે દૂર ખસી ગઇ, તથા ધીમે ધીમે તેણે ઉત્તર આપ્યો—" પિતા ! રોગીની સ્થિતિ હવે ઘણી સારી જણાય છે. થોડા સમય પૂર્વે કાંઇક જ્ઞાન આવ્યું હતું, હમણાં ઉંઘે છે."

વૃદ્ધ સન્યાસીને મળેલા ઉત્તરથી કાંઇક આનંદ થયો. તે બોલી ઉઠયો.—"ભવાનીની કૃપાથી જ્યોતિસિહ બચી ગયો છે ઔષધ લાગુ પડયું જણાય છે."

સન્યાસી ચાલ્યા ગયા અલકાસુન્દરીએ શય્યા ઉપર સુતેલા પોતાના જીવનનું રક્ષણ કરનાર રજપૂત વીરના તરફ નજર કરી. અનેક વખત નજર કરવા છતા તેની દર્શન આશા પૂર્ણ થઇ નહિ. તે વિચારવા લાગી કે કુમાર જયત દેવ દાનવના યુદ્ધમા ઘણું વીરત્વ બતાવીને આ નિર્જન ઝુપડીમા સુતા છે.

રાજપુત્રી મનમા ને મનમા બોલી ઉઠી:-"પ્રભુ ! શા માટે આવી કઠિન પરીક્ષામા મુકી ? અરેરે ! શા માટે આ રૂપની આગમા મ્હને હડસેલી મુકી ? શા માટે આવો વિચિત્ર પ્રકાર બની આ કામદેવ મ્હારી નજરે પડયા ? જેને મેળવવાની નથી, મેળવી શકું એવી આશા પણ નથી તેને માટે હુ આટલી બધી વ્યાકુળ કેમ બની ગઈ છું ? ચોહાણ અને ચંદાવત્ વચ્ચેની શત્રુતા કાળાતરે પણ દૂર થઇ શકે તેમ નથી. ચોહાણોએજ ચંદાવતોનું સર્વસ્વ લુટી લીધુ છે. તેમના

અત્યાચારથીજ જ્યોતિસિંહે અકબરશાહના સેનાપતિની જગ્યાનો સ્વીકાર કર્યો છે. જ્યોતિસિંહ મ્હારા થઇ શકે ખરા, પરંતુ પિતા થવા કેમ દે ?"

રાજકુમારી અલકાનો ચિંતાપ્રવાહ અટકી ગયો પથારી ઉપર પડેલા રાજપૂત યુવકે આ સમયે પોતાની આંખો ઉઘાડી, ધીમે સ્વરે પ્રશ્ન કર્યો - "હું કયાં છું ? આ ગોહમય રાજ્યમાં મ્હને કોણ લઇ આવ્યું ? મ્હારા ઉશિકા પાસે બેઠેલી ઓ દેવબાળા ! તું કોણ છે ?"

અલકા શો ઉત્તર આપવો તેના ગંભીર વિચારમા પડી ગઇ. શરમે આવી તેનો કંઠ દબાવી ગયો શરમ આવે એવોજ આ પ્રસંગ છે; છતા સંન્યાસીએ પણ આજ્ઞા કરેલી છે કે જેણે તેનું જીવન બચાવ્યું છે તેની આગળ શરમ શા માટે જોઇએ ? અલકાએ કોમળ પરંતુ કંપતા સ્વરે ઉત્તર આપ્યો કે —"આપ ચિંતા કરશો નહિ. આપ સુખ સ્થળેજ છો "

" સુંદરિ ! તમે કોણ છો ? શા માટે મ્હારી સેવા ચાકરી કરો છો ?"

" હું આપના આશ્રયદાતા સંન્યાસીની આજ્ઞાધારિણી છુ. આપની સેવા કરવાને માટેજ સંન્યાસી મહાત્મા મ્હને અહિં મૂકી ગયા છે "

"કોણ મૂકી ગયું છે ? સંન્યાસી મહાત્મા ? કોણ છે તેઓ?"

" તેઓ મહાપુરૂષ છે "

" વારૂ, હું આ સ્થળે આવ્યો કેવી રીતે ?"

અલકાએ સઘળી હકીકત ધીમે ધીમે કહી સંભળાવી. જ્યોતિ-

સિંહને પ્રથમનો પ્રકાર યાદ આવ્યો. તેણે પ્રશ્ન કર્યો-"બાદશાહ ક્યાં છે ?"

તેઓ આપની સેવાની વ્યવસ્થા કરી દિલ્લી ગયા છે. આપને માટે એક વાહનનો બંદોબસ્ત કરી ગયા છે. આરોગ્ય થયા પછી આપને દિલ્લી પહોંચાડવામાં આવશે "

"સુંદરી ! તમે મ્હારા જીવનનું રક્ષણ કર્યું છે અનેક કષ્ટો વેઠીને તમે મ્હારી સેવા ચાકરી કરી છે. કયા શબ્દોથી હું તમારો આભાર માનુ ? તમે દેવબાળા છો કે શુ ? તમારી સેવાથી હું મ્હારૂં સઘળું દુખ ભૂલી ગયો છુ "

અલકા ફરીથી શરમાઇ ગઈ. ધીમે ધીમે તેણે કહ્યુ-"પૂર્વે આપેજ મ્હારા જીવનની રક્ષા કરી છે. આ ક્ષુદ્ર જીવન ઉપર આપનો સંપૂર્ણ અધિકાર છે. "

અલકાથી વિશેષ બોલી શકાયું નહિ. તેણે વિચાર્યુ-"અરેરે ! કેવી ભૂલ કરી ! હું શું બોલી ગઈ !"

જ્યોતિસિંહે ધીમેથી પૂછ્યું "-સુંદરિ ! તમારી ઓળખાણ આપવામાં તમને કાંઇ હરકત છે ?"

આ પ્રશ્નનો ઉત્તર આપવા જતા અલકાનો શ્વાસ રૂંધાઈ ગયો. તેના પિતાના જુલમથીજ જ્યોતિસિહ આજે ભિખારી વેશમાં દેશે દેશ ભટકે છે; જેને રાજ્ય હતું, સુખ હતુ, સંપત્તિ હતી, વીરત્વ હતું, એજ દુર્ગના માલિક પ્રદ્યોતસિંહનો પુત્ર જ્યોતિસિંહ આજે પોતાના પેટના નિર્વાહને માટે મોગલ બાદશાહનો સેનાપતિ બન્યો છે. સન્યાસી જ્યોતિસિહનું પૂર્વ વૃત્તાંત જાણુતા હતા તેથી તેમણે જ એ સઘળી હકીકત અલકાને કહી સંભળાવી

છે. આ સઘળી હકીકત સાભળવામાં આવ્યા પછી જ્યોતિસિંહના તરફ અલકાની પ્રેમભકિત પ્રથમ કરતાં ઘણીજ વધી ગઇ છે. તેની ભકિતએ ધીમે ધીમે પ્રેમનું સ્વરૂપ ધારણ કર્યું છે. તેના હૃદયમાં પિતા માતા એક બાજુએ છે, અને આ નિર્જન ઝુંપડીમાં પર્ણશય્યા ઉપર સુતેલો રાજપૂત યુવક એક બાજુએ છે. અલકા મનમાંને મનમાં વિચારી રહી છે કે જો પોતાનો ક્ષુદ્ર પ્રાણ પોતાના જીવનદાતા સ્વીકારે—જો તેઓ પોતાના જેવી અભાગિની અબળાનું જીવન દાન સ્વીકારે—તો એ દાનથી પિતાના પાપનું પ્રાયશ્ચિત્ત થઇ શકે તેમ છે.

અલકાને ચિતાતુર જોઈ જ્યોતિસિંહે વિચાર્યું કે ઓળખાણ આપવામાં તેને કોઇ પણ પ્રકારની હરકત છે. આથી તે વિશેષ કાંઈ બોલ્યો નહિ. નેત્રો ફરીથી મીચાતા પહેલા તેણે પીવાને માટે જળ માગ્યું.

સુવાસિત ઔષધ મેળવેલું જળ સુદરી અલકાવતીએ તેના મુખમા રેડયુ. રાજપૂત સૈનિકે મનમાને મનમા વિચાર્યું કે દેવલોક-માથી અપ્સરા તેના મુખમા અમૃત રેડી રહી છે. આ અમૃતના પ્રતાપથીજ તે નિદ્રાધીન થઇ ગયો.

તૃતીય પરિચ્છેદ.

"બેટા! ભવાનીના આદેશથી હું જાણી ગયો છું કે તમારા બન્નેના મિલનમા સુખ નથી. કાલે આખો રાત્રિ ગણના કરી જોતાં મ્હને એમ માલૂમ પડી આવ્યું છે કે તમારા બન્નેના મિલનમાં પળે પળે વિઘ્ન છે."

ઝુંપડીની બ્હાર એક મૃગચર્મ ઉપર બેઠે બેઠે સંન્યાસીએ અલકાને ઉપર પ્રમાણે કહ્યુ અલકા સન્યાસીના શબ્દો ચિંતાતુર મુખે, મસ્તક નમાવી સાભળી રહી છે.

પૂર્વ પરિચ્છેદમા વર્ણવેલા બનાવને પાચ સાત દિવસ વીતી ગયા છે જ્યોતિસિંહ દિલ્હી ચાલ્યા ગયા છે સન્યાસીએ અલકાના પિતાને પત્ર લખી તેને બીજા પણ બે ત્રણ દિવસ બેફિકર રહેવાનું સૂચન કરી અલકાને પોતાની પાસે રાખી છે જ્યોતિસિંહ તેમજ અલકાનો એક બીજા ઉપર ઘણો પ્રેમ થઈ ગયો છે એ વાત ચપળ સંન્યાસી સમજી ગયા છે તેથીજ જ્યોતિસિંહને તેમણે પૂર્ણ આરામ થતાં ના થતામા દિલ્હી મોકલી દીધો છે.

અલકાએ નમ્ર સ્વરે પ્રશ્ન કર્યો—"પિતા ! ત્યારે શું કોઇ પણ માર્ગ નથી ?"

"ના બેટા ! વૈધવ્ય યોગ દેખાય છે. તમારે એક વર્ષ સુધી એક બીજાના દર્શન કરવા જોઇએ નહિ દર્શન થતાંની સાથેજ તમે સંકટમા આવી પડશો. ભાગ્યની વાતને કોઇ મીથ્યા કરી શકતુ નથી. સમજી કે બ્હેન ?"

"પિતાજી ! ત્યારે તો હવે હુ મ્હારા વડિલ પાસે જઇશ નહિ, આપની સેવામા સન્યાસિની સ્વરૂપે રહી આ અવશેષ જીવન પૂર્ણ કરીશ."

"બ્હેન ! હુ સન્યાસી છું. સંસારની સાથે મ્હારે ઘણો થોડો સંબંધ છે. હુ ઘડી પછી કયા જઇશ કે કયા રહીશ તે કાંઈ નક્કી નથી. બ્હેન ! તુ મ્હને માયા બંધનમા બાંધવાની ઇચ્છા શા માટે રાખે છે ?"

અલકાએ સંન્યાસીના વચનોનો કાંઇ ઉત્તર આપ્યો નહિ. તેણે મનમાને મનમાં નિશ્ચય્યું–"આ વર્ષ જોતજોતમાં વાતી જશે માતા પિતાને હું અભાગણી શા માટે દુખ દઉં? પ્રેમસ્મૃતિને હૃદયમાં ધારણ કરી–સળગતી આગ હૃદયમાં રાખી હું સમય વ્યતીત કરીશ. ત્યાર પછી મ્હારા જીવનદાતાને મેળવવા સુખી થઇશ– પરલોકમાં તો હું તેમની દાસી થવાનું માન અવશ્ય મેળવીશ "

પાસેજ મજુરો પાલખી લઇ બેઠા હતા અલકા સંન્યાસીને પ્રણામ કરી ઉભી થઇ સંન્યાસીએ આશીર્વાદ આપ્યો કે–'બ્હેન! ભવાનીની કૃપાથી ત્હારી આશા ફળિભૂત થાઓ "

જ્યાં સુધી નજર પહોંચી શકે ત્યાં સુધી સન્યાસી અલકા જે રસ્તેથી વિદાય થઇ તે રસ્તા તરફ જોઇ રહ્યા જાણે કે મહર્ષિ કણ્વ શકુંતલાને વિદાય કેમ ના કરતા હોય! છેવટે અલકા નજર બહાર જતા સંન્યાસીએ ચિંતાતુર મુખે ઝુંપડીમાં પ્રવેશ કર્યો, તથા એક ગુહા પાસે જઇ બુમ મારી–"અનીતા!"

ભગવા વસ્ત્રથી વિભુષિત થયલી એક યુવતી સન્યાસી પાસે આવી ઉભી રહી. ભગવાં વસ્ત્રોથી તેના મુખની આભા ઘણીજ સુંદર જણાય છે. એ રૂપના વન્હિમાં તીવ્રતા નહિ હોવા છતાં અનેક પુરૂષ–પતંગો તેના ઉપર આત્મ વિસર્જન કરવાને તૈયાર થાય તેમછે.

સંન્યાસીએ પ્રશ્ન કર્યો–"વત્સે! ચિત્તસંયમ કરી શકેછે કે?"

"ના પિતા! શરમથી મરી જાઉં છું, છતાં આપની આગળ સત્ય હકીકત નિવેદન કરૂં છું કે હજુ હું ચિત્તસંયમ કરી શકતી નથી, તથા કરી શકું એવી આશા પણ નથી હવે આ પવિત્ર સ્થાનને આ અભાગિનીના ચરણો અપવિત્ર કરશે નહિ!"

સંન્યાસીએ આવા ઉત્તરની આશા રાખી નહોતી તેમનું હૃદય ચંચળ બની ગયુ. ક્રોધદર્શક સ્વરે તેમણે કહ્યુ "દુષ્ટા! ત્હારૂં ભાગ્ય જયારે ત્હારા જાણવામા આવશે ત્યારેજ તુ ત્હારા ચિત્ત ઉપર સંયમ રાખી શકીશ. ત્યારેજ ત્હારો અહંકાર ચુર્ણ થશે, ભ્રમ દૂર જતો રહેશે. જે સંકટ દૂર કરવાને માટે હું આટલો બધો યત્ન કરૂ છું તે સંકટ ત્હારા ઉપર આવી પડ્યા સિવાય રહેશે નહિ. અનીતા! પ્રથમ હું તને જ્યોતિસિંહની ઓળખાણ આપુ છુ દુર્ગનો અધિપતિ પ્રદ્યોતસિંહ મારો શિષ્ય હતો. હમણા એજ દુર્ગ ચંદાવત્ ગંભીરસિંહની સત્તામા છે ગંભીરસિંહ અહંકારી, અત્યાચારી, તેમજ કપટી પુરૂષ છે લુચ્ચાઇથી દિલ્લીશ્વરના કાન ભભેરી પ્રદ્યોતસિંહ પાસેથી એ આ દુર્ગ પચાવી પડયો છે. જે દિવસે પોતાની સત્તામાથી દુર્ગ બીજાની સત્તામા ગયો તે દિવસે રાત્રે પોતાના કુળના અભિમાનથી પ્રદ્યોતસિંહે એક ભિખારીના જેવી સ્થિતિમા ગૃહત્યાગ કર્યો તે સમયે હુ યાત્રા કરવા ગયો હતો.

"ચિત્રાવતી સરિતાની અદર પ્રદ્યોતસિહની નૌકા ડૂબી ગઇ. એ નૌકામાં એક બાળક અને એક બાલિકા હતા એ બાળક તે પ્રદ્યોતનો એકનો એક પુત્ર જ્યોતિસિહ હતો અને પેલી બાળિકા તે તું અનીતા હતી

"પ્રદ્યોતસિહની સત્તામાથી જ્યારે દુગ અને જાગીર ચાલ્યાં ગયાં તે પૂર્વે તેની પત્ની પરલોક પહોચી ગઇ હતી અને તેણે પુન વિવાહ કર્યો હતો. જેની સાથે તેણે પુનર્વિવાહ કર્યો તે યુવતી સંબંધી રાજ્યમા અનેક પ્રકારની વાતો ઉડવા લાગી નવી રાણીના ચરિત્ર સંબધી લોકોનો વિશ્વાસ ઉઠી ગયો હતો. હાલનો દુર્ગાધિપતિ

ગંભીરસિંહ પ્રદ્યોતસિંહનો મુખ્ય સેનાપતિ હતો. નવી રાણી સેનાપતિની સાથે વ્યભિચાર કરે છે એવી વાત પ્રજાજનોમાં પ્રકટ થઇ ગઇ. પ્રદ્યોતસિંહ આ કલંકને સહન કરી શક્યો નહિ તેથી તેણે તેની પત્નીને વિષ ખવડાવી સ્વધામ પહોચાડી દીધી.

"આ પ્રકાર બન્યા પછીથીજ પ્રદ્યોત્સિંહનું ભાગ્ય ફુટયુ. ગંભીરસિંહની ખટપટથી દિલ્લીના બાદશાહ દુર્ગ તરફ આવી પહોંચ્યા. આથી કરીને પ્રદ્યોતસિંહ રાત્રેને રાત્રે તમને સાથે લઇ પલાયન કરી ગયો. તમે ગંભીરસિંહના ઔરસજાત સંતાન છો એ જાણવા છતાં માયાવશ થઇ જઇ તેણે તમારો ત્યાગ કર્યો નહિ. નૌકા ડૂબી ગયા પછી ચિત્રાવતી સરિતાના તીર ઉપર આવેલા એક શિવ મંદિરમા રહેતા સંન્યાસીએ તમારો ઉદ્ધાર કર્યો હુંજ એ સંન્યાસી છું.

"હું સંન્યાસી,—તમને પાસે રાખીને શું કરૂં? પરંતુ હું પ્રદ્યોતસિંહના પ્રેમને ભૂલી શક્યો નહિ આગ્રાના અકબર બાદશાહ પાસે મ્હારૂં ઘણી વખત આવવુ જવુ થયુ હતુ તમને બન્નેને એ સ્થળે એક મ્હારા મુખ્ય શિષ્યને ત્યા મ્હેં મૂકયા. છેવટે મ્હારા એ શિષ્યની પત્નીએ મ્હને નિવેદન કર્યું કે તમારા બન્નેના બાળક અવસ્થાના પ્રેમે-યૌવન પ્રેમનુ સ્વરૂપ ધારણ કર્યું છે. મ્હને આ વાત રૂચી નહિ

"અનીતા! મનમા માઠું લગાડીશ નહિ ત્હારી માતાના કલંકની વાત તે વખતે પણ હુ ભૂલી ગયો નહોતો. વળી ત્હારી સાથે જ્યોતિસિંહનો વિવાહ થઇ શકેજ નહિ એ પણ હુ જાણતો હતો તેથીજ તને જૂદી રાખવાના હેતુથી હુ મ્હારી સાથે તને અત્રે લઈ આવ્યો.

"ત્યાર પછી જ્યોતિસિંહ જ્યારે યૌવન થઈ આ આશ્રમમાં આશ્રય માટે આવ્યો ત્યારે તે મ્હારો [illegible] છે. અત્યારે નિદ્રાધીન થઈ ગયા પછી જ્યોતિસિંહને મળવા જતી મ્હારી આજ્ઞાનું ઉલ્લંઘન થાય, તેનું પાપ લાગે [illegible] પ્રાયશ્ચિત્ત ચિત્તસંયમ છે. ત્રણ દિવસ [illegible] ચિત્તસંયમ કરવાનું કહ્યું પરંતુ [illegible] હવે ત્હારૂં ભાગ્ય જાગી ઉઠ્યું [illegible] થવું એ કેવું અસંભવિત છે એ હવે ત્હારા [illegible] જ્યોતિસિંહ અનાથ (માતા પિતા વિનાનો) છે અને હું તેના પાળક છું. હું તેની સંભાળ ના રાખું તો બીજું કોણ રાખે ? હજુ બાર કલાક સુધી વિચાર કરવાનો સમય સોંપું છું કાલે પ્રભાત સમયે ફરીથી મળીશ."

સંન્યાસી ચાલ્યા ગયા. અનીતા એક ગાઢ નિશ્વાસ મૂકી બે હાથ જોડી ઉંચી નજરે આકાશનું દર્શન કરી બોલવા લાગી—"પ્રેમ-વૃત્તિને હું કેવી રીતે દૂર કરી શકું ? આ વૃત્તિમાંજ મરવું મ્હને વિશેષ ઉત્તમ લાગે છે. દુનિયામાં મ્હારૂં કોઈ નથી માત્ર પ્રેમવૃત્તિજ છે અને તમે હૃદય વગરના સંસાર વિરાગી પુરૂષ પ્રેમનું રહસ્ય કેવી રીતે સ્હમજી શકો ? "

અનીતાનાં નેત્રોમાંથી આંસુની ધારાઓ નીકળી પડવા લાગી તેણે ચિંતાતુર મુખે ગુફામાં પ્રવેશ કર્યો તેણે મનમાંને મનમાં પ્રતિજ્ઞા કરી કે,—" જો જ્યોતિસિંહના વિયોગમાંજ રહેવું પડે તેમ હશે તો ફરીથી એક વખત તેમની રૂપજ્યોતિનું દર્શન કરી

પતંગ બની એ જ્યોતિમા બળી મરીશ. ”

બીજે દિવસે સ્હવારે સન્યાસી કોઇ પણ સ્થળેથી અનીતાને શોધી શક્યા નહિ।

ચતુર્થ પરિચ્છેદ.

સંધ્યા સમય હોવાથી આકાશે લાલ રગ ધારણ કર્યો છે. ચિત્રાવતી સરિતાનું જળ શીતળ હવા ફેલાવી રગ બેરગી બનીને મદમદ અવાજ કરતુ વહે છે. પ્રકૃતિ દેવીની શોભા અપૂર્વ જણાયછે. વનસ્પતિ લીલી હોવાથી નેત્રોને ઠારી દે છે વર્ષાઋતુની સંધ્યા છે. આ સધ્યા સમયની શોભા જોતાજ પ્રેમિક હૃદયમા અનેક પ્રકારના વિચારો થઈ આવે તેમ છે ચિત્રાવતી સરિતાના કિનારાની પાસેજ એક વિશાળ દુર્ગ આકાશ સુધી પોતાના મસ્તકને ગર્વથી ઉચુ રાખી શક્યા છે. આ દુર્ગના સર્વથી ઉચ્ચા મિનારા ઉપર ઉભી ઉભી એક રૂપસુદરી પ્રકૃતિ દેવીની ક્ષણે ક્ષણે બદલાતી શોભાનું દર્શન કરી રહી છે આ રૂપસુદરી બીજી કોઇ નહિ, પરતુ દુર્ગાધિપતિ ગંભીરસિંહની માત્ર એક એક પુત્રી અલકાસુદરી છે

દેવદર્શને જતા રસ્તામા તે કેવી રીતે દુષ્ટોના પંજામા જઇ પડી તથા કુમાર જ્યોતિસિહે કેવી રીતે તેની રક્ષા કરી, સંન્યાસીની ચિકિત્સાથી કેવી રીત જ્યોતિસિહનુ જીવન બચી શકયુ, એ સર્વ હકીકત વાચકો જાણે છે.

અલકા એક નિર્જન મિનારામા ઉભી ઉભી જ્યોતિસિંહ સબધી વિચાર કર્યા કરે છે ચિત્રાવતીના શીતળ સમીરથી પણ તેનું બળતુ

હૃદય શાંત થતું નથી. પિતા કદાપિ શત્રુના પુત્રના હાથમાં પોતાની કન્યાનો હાથ મૂકનાર નથી. જ્યોતિસિંહ પણ સાહસિક બનીને દુર્ગમાં આવી શકતો નથી છતાં તે એક વખતે છુપાતો છુપાતો આવીને અલકાને મળી ગયો છે.

જ્યોતિસિંહનો વિચાર કરતા કરતાં અલકા આકુળ વ્યાકુળ બની ગઇ તે વિચારવા લાગી.–" ચંદાવત્ કુળની સાથે ચૌહાણ કુળને ઘણી દુશ્મનાવટ છે. પિતા મ્હારા વિવાહમાં કદાપિ સંમત થશે નહિ અને જો મ્હારા કમભાગ્યે એમ થશે તો પછી આ ચિત્રાવતીના શીતળ જળમાં હું મ્હારા સળગતા હૃદયને શીતળ કરીશ. હવે મૃત્યુ સિવાય બીજા કશાની મ્હને ઇચ્છા નથી. માત્ર એક વખત જીવનદાતા જ્યોતિસિંહના દર્શન થાય એટલે બસ. "

એકાએક મિનારાની નીચેના ભાગ આગળથી કોઇ બોલી ઉઠયું:–"અલકા,–હું આવ્યો છું."

રાજકુમારી અલકા એ અવાજ સાભળતાની સાથેજ સ્હમજી ગઇ કે તેનો પ્રાણાધાર જ્યોતિસિંહ આવ્યો છે. એકાએક પ્રિયતમને પોતાની પાસે આવેલો જોઇને કુમારી અલકાને અતિ આનંદ થયો.

જ્યોતિસિંહે અલકા તરફ અનિમેષે જોઇ રહીને કહ્યું –"અલકા! હવે કેટલા દિવસ સુધી ચોરની માફક અત્રે આવવું જવુ પડશે? મ્હને વારવાર એમ થયા કરે છે કે હું મ્હારો મનોભાવ ત્હારા પિતાને નિવેદન કરૂં, છતા મ્હારા મનોભાવનો તેઓ તિરસ્કાર કરશે એવો મ્હને ક્ષણે ક્ષણે ભય ઉત્પન્ન થાય છે. વળી તેઓ ત્હારા જન્મદાતા છે તેથીજ હું તેમની શત્રુતા ભૂલી ગયો છુ. મ્હારા મનથી હું તેમને મ્હારા આત્મિય સમાન જાણું છું. સન્યાસી મહાત્માનો નિષેધ

હોવા છતા મંગળ અમગળનો વિચાર છોડી દઇ હું દુર્ગમાં આવું-છુ ચાલ અલકા ! હવે આ સ્થાને રોકાવામા સાર નથી હુ ત્હારે માટે મોગલોનું સેનાપતિપણું છોડી દેવા તૈયાર છુ. ત્હારી સાથે હું ઝુપડીમા રહેવા પામીશ તો પણ મ્હને પોતાને ઘણો ભાગ્યશાળી સ્હમજીશ. તું મ્હારી સાથે હોઇશ તો જંગલ પણ મ્હને મંગળ સ્થળ થઇ પડશે."

રાજકન્યા અલકા પ્રથમ તો કાંઇ બોલી નહિ. થોડો સમય વિચારમગ્ન રહ્યા પછી તેણે કહ્યુ-"કુમાર ! આ જીવનમાં આપણુને સુખ મળવુ સર્વથા અસંભવ છે. અનેક સકટો વેઠીએ તો પણ શુભ પરિણામ આવે તેમ છેજ નહિ. જો કે તમે મ્હને જે સ્થળે લઇ જશો તે સ્થળે હું ઘણી સુખમાં તેમજ મહા આનંદમાં રહી શકીશ; પરતુ મ્હારા વિવાહનો દિવસ નક્કી કરવા માટે મ્હારા પિતા સુરતાનસિહની સલાહ લેવા ગયા છે, વળી મ્હારા સાંભળવામા એમ પણ આવ્યું છે કે તેઓ સુરતાનસિંહના પુત્ર દુર્જયસિંહને એક વખત અત્રે લઇ આવવાના છે જો તમે મ્હારો ઉદ્ધાર નહિ કરો તો પછી મ્હારે આત્મઘાતનું મહાપાપ વેઠવું પડશે; પરતુ છુપી રીતે પલાયન કરી જવું એના જેવું બીજુ વધારે મ્હોટું કલંક એક પણ નથી. હું બધું સહન કરી શકું તેમ છું—માત્ર કલંક સહન કરી શકું તેમ નથી. પલાયન કરી જવા સિવાય બીજો કોઇ માર્ગ છે ?"

જ્યોતિસિંહે સ્થિરતાથી કેટલાક સમય સુધી કાંઇ વિચાર કર્યા કર્યો પછીથી તે અલકાના છુટા કેશકલાપની લટો સાથે ગેલ કરતો કરતો બોલ્યો -" બીજો કોઇ ઉપાય તો જણાતો નથી, છતા આ-જથી એક અઠવાડીઆ સુધી વિચાર કરીશ અને પછી તરત તને મળી જઇશ."

" ક્યાં ?"

" આ દુર્ગમાં "

" ના હવે આ રસ્તે થઇને દુર્ગમા આવશો નહિ. તમે પ્રથમ આવ્યા ત્યારેજ સદેહનું કારણુ ઉભું થયું હતુ સરિતાના તટ ઉપર કેટલાક દિવસ સુધી પહેરદારોને પહેરો ભરવા પણુ બેસાડયા હતા. પિતાના ચલ્યા ગયા પછી તેમનો પહેરો શિથિલ કરી નાંખ્યો છે, તેથીજ તમે આજે સહેલાઇથી અત્ર આવી શકયા છો. "

"તો પછી કેવી રીતે હુ દુર્ગમા આવુ ? "

રાજકન્યાએ ઉત્તર આપ્યો-" બે ત્રણુ દિવસમા વિચાર કરી સંદેશો મોકલીશ. "

જ્યોતિસિંહ એક ગાઢ નિશ્વાસ મૂકી, અલકાના ચિંતાતુર બની ગયલા મુખને ચુંબન કરી, દોરડું પકડી નીચે ઉતરી પડયો. ચિત્રાના કિનારે તેનો વિશ્વાસપાત્ર અનુચર તેની રાહ જોતો ઉભો હતો. જ્યોતિસિંહે તેને આજ્ઞા કરી-સુદરસિંહ ! નૌકા લઇ આવ "

નૌકા આવતાની સાથેજ જ્યોતિસહ તેમા બેસી ચાલ્યો ગયો.

અલકા ચિંતાતુર મુખે, આળસનો ત્યાગ કરી દુર્ગની અંદર જતી હતી, એવામા રાત્રિના અધકારની અદર કોઇ રમણીની પ્રતિમા દુર્ગમાંથી પોતાની તરફ આવતી તેની નજરે પડી. રાજકન્યાએ આશ્ચર્યથી પ્રશ્ન કર્યો-" કોણુ છે તુ ? "

આવનાર રમણીએ કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ. તે ધીમે ધીમે કુમારીની પાસેજ આવી પહોચી એકાએક અધકારમા હાસ્ય ધ્વનિ થયો તે સાંભળતાજ કુમારી અલકાસુદરી કપી ઉઠી.

મૂર્તિ ધીમે ધીમે છેક પાસે આવી તથા તેણે ધામેલી રાજક-

ન્યાનો હાથ પકડી કહ્યુ—" બ્હીશ નહિ, હું પણ સ્ત્રી જાત છું. "

" તુ કોણ છે ? દુર્ગમા કેવી રીતે આવી ? તું સ્ત્રી જાત છે તે સ્હમજી, પરતુ ત્હારો ઉદ્દેશ શો છે ?"

રમણી ફરીથી હસી પડી તેણે કહ્યું-" બ્હીશ નહિ હુ કાંઇ ત્હારી દુશ્મન નથી "

અલકા ચિંતાતુર થઇ ગઇ આવનાર રમણીએ પ્રશ્ન કર્યો.—"તુ દેખાય છે તો સુન્દરી, પરતુ પ્રેમનુ રહસ્ય સ્હમજે છે કે ?"

" આવો પ્રશ્ન કેમ કરે છે ?"

" ઉત્તર આપવામા શી હરકત છે ?"

" તુ પ્રથમ ત્હારી ઓળખાણ આપ "

" ઓળખાણ ના આપુ તો ?"

" પહેરદારને બોલાવીશ "

" હુ સ્ત્રી જાત છુ. પહેરદાર મ્હને શુ કરવાનો છે?"

અલકાએ પૂછ્યુ—" તુ આ સ્થળે શા માટે આવી છે ? ત્હારે શુ જોઇએ છીએ ?"

" મ્હારે શુ જોઇએ છીએ ?—જે મ્હને મળી શકે તેમ નથી તેજ મ્હારે જોઇએ છીએ!"

" ત્હારી વાતનો કાંઇ પણ મર્મ હું સ્હમજી શકતી નથી."

રમણીએ પ્રશ્ન કર્યો - " તું બાહાગ રાજકુમાર જ્યોતિસિંહને ચ્હાય છે ?"

અલકાએ આશ્ચર્ય [illegible] કહ્યુ [illegible] હુ તેને ચાહું છુ "

રમણી હૃદયના આવેગથી બોલી ઉઠી—"મ્હારી આગળ કાંઇ છુપાવીશ નહિ. તેઓ હમણાંજ અહિંથી ચાલ્યા ગયા છે. મ્હેં તમારી સઘળી વાતચીત સાંભળી છે. તુ પ્રતિજ્ઞા કર કે તુ તેને ભૂલી જઇશ, અને તેના દર્શન કરવાનો યત્ન પણ કરીશ નહિ જ્યોતિસિંહ મ્હારા છે. બાલ્યકાળથીજ તેઓ મ્હારા છે. ત્હે મ્હારા સર્વસ્વ ધનને લુટી લીધું છે તે તું મ્હને પાછું આપ. તેમને માટે હું દીવાનીની માફક દેશેદેશ ભટકું છું."

રમણીની વાતનું રહસ્ય હવેજ રાજકુમારી અલકા કાંઇક સમજી શકી. થોડા સમય સુધી તે કાંઇ બોલી શકી નહિ માથુ નમાવી રાખી તે વિચાર વમળમા પડી ગઇ. ફરીથી જ્યારે તેણે માથુ ઉંચુ કરીને જોયું તો તે પોતાની આગળ કોઇને પણ જોઇ શકી નહિ રમણી જેવી રીતે એકાએક આવી હતી તેવીજ રીતે એકાએક અદૃશ્ય થઇ ગઇ।

પંચમ પરિચ્છેદ.

અલકાએ ચિંતાતુર ચિત્ત તેના વિશ્રામાલયમા પ્રવેશ કર્યો એક દાસી નજરે પડતાંજ તેણે તેને પ્રશ્ન કર્યો—"દુર્ગમાથી કોઇ સ્ત્રીને બ્હાર નીકળી જતાં જોઇ છે?"

દાસીએ નકારમા ઉત્તર આપ્યો. પહેરદારોને પૂછવામા આવ્યું; પરંતુ તેઓએ પણ 'ના'નોજ ઉત્તર આપ્યો અજાણી રમણીનો કોઇ પણ પ્રકારે પત્તો લાગ્યો નહિ.

અલકા ઘણી ચિંતાતુર થઇ. તેના અંતઃકરણમા ભયે પ્રવેશ કર્યો. એ રમણી કોણ હશે? તેનો શો વિચાર હશે? એ ત્રણ દિવસમા સુરતાનસિંહ આવી પહોચશે તે પૂર્વે જો જ્યોતિસિંહને સમાચાર મળશે નહિ તો શુ થશે?"

ગભીર રાત્રિએ વિશ્રામાલયની બારી ઉઘાડી રાજકન્યાએ એક વખત આકાશના તરફ નજર કરી. નક્ષત્રમાળાવાળા નીલ આકાશમાં અધકાર છે ચિત્રાના જળ ઉપર પણ અધકાર છે. ચારે દિશાએ જળ ઉપર પણ અધકાર છે

આ ગભીર રાત્રિની નિસ્તબ્ધતાનો ભગ કરતો એક ઘંટનો અવાજ થયો. રાજકન્યા જાણી શકી કે રાત્રિનો ત્રીજો પ્રહર થયો છે બારી બંધ કરી તે શય્યાવશ થઇ, તથા સુઇ રહીને અનેક પ્રકારના વિચારો કરવા લાગી. ત્યાર પછી નિદ્રાધીન અવસ્થામાં તે માત્ર દુઃખનાજ સ્વપ્નો જોવા લાગી

દુર્ગની ઉત્તર દિશાએ ચિત્રા સરિતાને તીરે 'કલ્યાણી મંદિર' નામનું એક મંદિર આવેલું છે આ 'કલ્યાણી દેવી' ચોહાણ અને ચંદાવતોની અધિષ્ઠાત્રી દેવી છે.

પ્રભાતકાળે રેશમી વસ્ત્રો પહેરી રાજકુમારી કલ્યાણી દેવીની પૂજા કરવા બેઠી છે સ્થિર, ધીર સ્વર્ણ પ્રતિમા, આ પાષાણ પ્રતિમાના પાદારવિંદમાં બેસી એકાગ્રતાથી દેવીનુ ધ્યાન ધરી રહી છે પૂજા પૂર્ણ થતાંજ તેણે દેવીને સાષ્ટાગ પ્રણામ કર્યા.

ત્યાર પછી આસનનો ત્યાગ કરી રાજકુમારી ઉઠી અને મંદિરના ઉત્તર ભાગમા આવેલા એક ન્હાના ઘરના બારણા આગળ જઇ તેણે ધીમેથી બારણાને ખખડાવ્યુ. દ્વાર તરતજ ઉઘડી ગયું.

આ ન્હાના ઘરની અંદર એક ભૈરવી આસન માંડીને બેઠી છે. તેના મુખ ઉપરથી શાંતિ અને વિવેકની છાયા નજરે પડી આવે છે. તેની પાસે એક ત્રિશૂળ પડયું છે. શરીર ઉપર ભસ્મ ચોળી દીધેલી જણાય છે. ગળામાં રૂદ્રાક્ષની માળા છે. લલાટમાં સિંદુર અને ચંદનની મિશ્રરેખા છે

અલકાએ ભક્તિપૂર્વક ભૈરવીને પ્રણામ કર્યાં ભૈરવીનું ગંભીર મુખ વિશેષ ગંભીર બની ગયું'

રાજકન્યાએ જીજ્ઞાસાથી પ્રશ્ન કર્યો—"શું જોયું મા ?"

ભૈરવીએ કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ; પરંતુ તેના લલાટ ઉપર ચિંતાની રેખા દેખાઇ. રાજકન્યા એ ચિંતાનું દર્શન કરી શકી નહિ. તેણે પુનઃ પ્રશ્ન કર્યો—" માતાજી ! શી ગણના કરી ?"

ભૈરવીએ ધીમે સ્વરે કહ્યું —"બ્હેન ! ભવિષ્ય જાણીને શું કરીશ ? '

અલકાએ ચિંતાતુર બની જઇ પોતાનું ભવિષ્ય જણાવવા માટે ભૈરવીને ઘણી પ્રાર્થના કરી છેવટે નિરૂપાયે ભૈરવીએ કહ્યુ:—"અલકા! ત્હારૂં અને જ્યોતિસિંહનું મિલન તો અવશ્ય થશેજ; પરંતુ તેનું ફળ શુભ નથી કેવી રીતે અશુભ થશે તે જાણી શકું તેમ નથી છતાં એટલું તો હું નક્કી કરી શકી છું કે તને વૈધવ્યયોગ નથી "

રાજકન્યા અલકાસુંદરી ભૈરવીના ચરણોમાં પ્રણામ કરી ચાલી ગઇ. જતાં જતાં તેણે વિચાર્યું —"સંન્યાસીની વાત સાથે ભૈરવીની વાત મળતી આવતી નથી" આથી કરીને જ્યોતિષ ઉપરથી અલકાનો વિશ્વાસ ઉઠી ગયો. તેને ભાગ્ય ઉપર ભરોસો બેઠો.

ષષ્ઠ પરિચ્છેદ.

ચારે દિશાએ ઘોર અંધકાર ફેલાઇ રહ્યો છે. આ ઘોર અંધકારનું સામ્રાજ્ય જંગલની અંદર વિશેષ પ્રમાણમા જણાય છે. સમગ્ર જંગલ નિસ્તબ્ધ જણાય છે. ચારે દિશાએ આકાશને ચુંબન કરતાં ઉંચા વિશાળ વૃક્ષો રાક્ષસ જેવાં દેખાય છે. આ વૃક્ષોની ઉપર અનેક આગીઆઓ ન્હાના ન્હાના દીવાઓની માફક ચમકી રહ્યા છે. કેટલીક વારે ભયાનક વનપશુનો ભયકર અવાજ શ્રવણે પડે છે.

આવી ગંભીર રાત્રિના સમયે આ નિર્જન જગલમાં થઇને એક ઘોડેસ્વાર ધીમે ધીમે માર્ગ કાપતો ચાલ્યો જાય છે. એવામા એક સ્થળે અશ્વ ચમકીને સ્થિર થઇ ઉભો રહ્યો ઘોડેસ્વારે ઘોડા ઉપરથી નીચે ઉતરી જોયુ તો પોતાના માર્ગમા કોઇની અસ્પષ્ટ છાયા તેની નજરે પડી.

સાહસી સૈનિકે કમરમાની કટારને બ્હાર ખેચી કાઢી પ્રશ્ન કર્યો:—"કોણ ઉભુ છે?"

છાયામૂર્તિએ સૈનિકનો અવાજ ઓળખ્યો હોય તે પ્રમાણે ઉત્તરમાં જણાવ્યું કે—"કુમારનો જય થાઓ!"

ઘોડેસ્વાર જાણી શક્યો કે એ છાયા મૂર્તિ બીજા કોઇની નહિ પરંતુ તેના વિશ્વાસપાત્ર સેવક કર્દમસિંહનીજ છે કુમારે પ્રશ્ન કર્યો—આટલો બધો વિલબ કેમ કર્યો? મ્હેં સકેત સ્થળે ત્હારી ઘણા સમય સુધી રાહ જોઇ; પરંતુ ત્હારો પત્તો લાગ્યો નહિ એટલે હું પાછો વળ્યો. મ્હેં ધાયુ હતુ કે ત્હારો યત્ન ફળિભૂત નહિ થયો હોય!"

" આપના આશીર્વાદથી કાર્ય સફળ થયું છે, પરંતુ ઘણી મહેનત ઉઠાવવી પડી છે "

કુમારે કહ્યું—"ત્યારે ચાલ, જ્યારે નકટને આલિંગન કરવાને આગળ પડયા છીએ ત્યારે પછી હવે પાછા ફરીશુ નહિ "

" આજેજ ? "

" હા—આજેજ—આજ રાત્રેજ "

" એક કામ કરો. અશ્વને આ સ્થળેજ રાખો આપણે દુર્ગની ઘણી પાસે આવી પહોચ્યા છીએ. "

" કયે સ્થળે અશ્વને રાખીશું ? "

" એક ઝાડની સાથે બાંધી દઇએ. આપણે પાછા જતી વખતે લઇ જઇશું. "

યુવકે ત્વરાથી પોતાના અશ્વને એક વૃક્ષ સાથે બાંધી દીધો, તથા ધીમે પગલે ચાલીને કર્દમસિંહે બતાવેલા રસ્તે થઇ સંકેત સ્થાને જઇ પહોચ્યો

જંગલની પાસેજ એક ન્હાનો પર્વત આવેલો છે. આ પહાડ ઉપર થઇને ક્ષુદ્ર ગિરિ નદી વહેતી ચાલી જાય છે. આ ગિરિ નદીજ ચિત્રાને મળી જતાં કિલ્લાની પાસે થઇ ચાલી જાય છે. કર્દમસિંહ મહા મહેનતે રસ્તો શોધી કાઢી આ ક્ષુદ્ર નદીની પેલીપાર જઇ પહોચ્યો.

યુવકે કહ્યુ —" કર્દમ ! આપણે વખતસર આવી શકયા નથી. કદાચિત ત્હારૂ કૌશલ વ્યર્થ જશે ત્હારા ભાઇના પહેરાનો સમય કદાચ પૂરો થઇ ગયો હશે "

કર્દમે યુવકને કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ. તેણે વિશાળ

ઉચ્ચ દુર્ગના ગુપ્તદ્વાર પાસે જઇ દ્વાર પર બે ચાર વખત આઘાત કર્યો. અંદરથી પણ એવાજ પ્રકારનો આઘાત ગણાગો. કર્દમસિંહે યુવકને કહ્યું—"બોલ્યા ચાલ્યા વિના પ્રવેશ કરો. દુર્ગની અંદર એ પહેરદારજ તમને માર્ગ બતાવશે."

યુવકે થોડા સમય સુધી કાંઈ વિચાર કર્યો પછી તેણે પોતાના અનુચરના કાનમા કહ્યું—"તુ મ્હારો ઘોડો લઇને છાવણીમા જા. સેનાપતિને કહેજે કે મ્હારે એકસો ઘોડ સ્વારની જરૂર છે. તુ પ્રભાત થતા પૂર્વે આ સ્થળે આવી પહોચજે, તથા સૈન્યને જંગલમાં રાખજે."

કર્દમસિંહે પ્રણામ કરી કહ્યું—"જેવી આજ્ઞા, પરંતુ હવે વિલંબ કરશો નહિ."

યુવકે દુર્ગમા પ્રવેશ કર્યો. એકાએક મ્હોટા અવાજ સાથે દુર્ગનુ દ્વાર બંધ થઇ ગયું. *

આજ રાત્રે દુર્ગનો માલિક ગભીરસિંહ પણ સુરતાનસિંહ તથા દુર્જયસિંહને સાથે લઇને અલકાના વિવાહની વાત નક્કી કરી દુર્ગ તરફ પાછો આવતો હતો.

રસ્તામા વૃક્ષ સાથે બાંધેલા પેલા ઘોડાનો ખોંખારો એકાએક ગંભીરસિંહને કાને પડયો. ગભીરસિંહે જઇને જોયુ તો એક સુસજ્જિત અશ્વ તેની નજરે પડયો. તેના મનમા સદેહ ઉપસ્થિત થયો. આવી ગભીર રાત્રિએ આ સ્થળે કોણે અશ્વ બાંધ્યો? એ વિચારમાં તે પડી ગયો. તેના શત્રુ પણ અનેક હતા. તેણે સુરતાનસિંહને સંબોધન કરી કહ્યું—"આ અશ્વ કોનો હશે?"

એકાએક આ નિર્જન વનપ્રદેશમાંથી કોઇનો કોમળ અવાજ

સંભળાયો કે—"હું તમને એનો ખુલાસો કરી શકું તેમ છું."

જે બાજુએથી અવાજ આવ્યો તે બાજુ તરફ નજર કરતાં ગંભીરસિંહ, સુરતાનસિંહ વગેરેએ જોયું કે ભીષણ અંધકારમાં કોઇ તેમની સ્હામે આવે છે. તેઓમાંનો કોઇ આવનાર મનુષ્યને બરાબર ઓળખી શક્યો નહિ.

ગંભીરસિંહે તરવારને મ્યાનમાંથી બહાર ખેંચી કાઢી કહ્યું:—"કોણ છે રે તું ?

એ વ્યક્તિએ ઉત્તર આપ્યો -"શુ ગંભીરસિંહ સ્ત્રી જાત ઉપર પોતાની તરવાર ચલાવશે ? હુ આપના ઉપર ઉપકાર કરવા આવી-છુ. વિશેષ પરિચયની શી જરૂર છે ?"

ગંભીરસિંહે પ્રશ્ન કર્યો—" આ અશ્વ કોનો છે તે તું કહી શકે છે ?"

"મહારાજ ! આ અશ્વ કુમાર જ્યોતિસિંહનો છે!"

"જ્યોતિસિંહ ! કયો જ્યોતિસિંહ ?"

"દુર્ગના સ્વર્ગીય માલિક પ્રદ્યોતસિંહનો એકનો એક પુત્ર જ્યોતિસિંહ અકબર બાદશાહનો નવીન સેનાપતિ જ્યોતિસિંહ. તમે કપટથી જેનો દુર્ગ તમારી સત્તામા લઇ બેઠા છો એ દુર્ગનો ખરો માલિક જ્યોતિસિંહ "

ગંભીરસિંહના વાઘના જેવા ભયંકર નેત્રો અંધકારની અંદર સળગી ઉઠયાં. આ સ્ત્રી જાત સઘળુ રહસ્ય કયાથી જાણે છે ? એવો તેના મનમા વિચાર થઇ આવ્યો તેણે એ અપરિચિત રમણીની છેક પાસે જઇને ક્રોધદર્શક સ્વરે કહ્યુ:—"પાપીયસી ! જરૂર સમયે ગંભીરસિંહ આ નિર્જન વનમા પોતાની તરવારને અબળાના રૂધિરથી કલંકિત કરી શકશે, સ્હમજી ?"

" એ તો હુ પણ જાણું છું કે મહારાજ ગભીરસિહ પાપ-કર્મનો ભય રાખતા નથી; છતા અત્યાર સુધી આપે મ્હારા રૂધિરથી આપની તરવારને કલંકિત કરી નથી તેથી હુ આપનો ઘણો ઉપકાર માનું છું. "

ગંભીરસિહને પોતે ઉચ્ચારેલા વચનો માટે પશ્ચાત્તાપ થયો. નમ્ર સ્વરે તેણે કહ્યુ -" રમણી ! કાંઇ મનમા લાવીશ નહિ. અમારે રાજધર્મ પાળવાનો હોવાથી ઘણી સાવચેતી રાખીને ચાલવુ પડે છે. હવે જ્યોતિર્સિંહ શા માટે દુર્ગમા પ્રવેશ કરે છે તેનું કારણ તુ કહી શકીશ ? શુ તે એકલોજ છે ? "

" હા તે એકલોજ છે. સિહનો પુત્ર કોઇનો પણ ભય રાખતો નથી. "

" તે દુર્ગમા શા માટે પ્રવેશ કરે છે ? "

રમણીએ ઉત્તર આપ્યો -" મહારાજ એ પ્રશ્નનો હુ ઉત્તર આપું તે પહેલા આપને એક પ્રતિજ્ઞા કરવી પડશે આપને દેવ દેવાદિના ઉપર વિશ્વાસ છે ? આપને આપની ઇષ્ટદેવી કલ્યાણીના નામ સાથે પ્રતિજ્ઞા કરવી પડશે. "

"હા, હુ તૈયાર છુ. રમણી! કહે મ્હારે શી પ્રતિજ્ઞા કરવાની છે?"

" કહો કે, હું જ્યોતિસિંહનું કોઇ પણ રીતે અનિષ્ટ કરીશ નહિ "

"જ્યાં સુધી તે શા માટે દુર્ગમા પ્રવેશ કરે છે એ હુ જાણી શકીશ નહિ ત્યા સુધી તો હુ આ પ્રતિજ્ઞા કરી શકીશ નહિ "

" તે તેના મનમા કોઇપણ પ્રકારનો શત્રુભાવ રાખી તમારા દુર્ગમાં પ્રવેશ કરતો નથી. આપની પુત્રી અલકાને તે ચ્હાય છે. તેને

મળવાને માટેજ તે અત્યારે ગયો છે. આપ પણ કન્યાનો વિવાહ કરવાની તૈયારીમા પડ્યા છો તો જ્યોતિસિંહને અડચણ કર્યા સિવાય દુર્ગમાથી બહાર નીકળવા દો, અને પછીથી આપની પુત્રીનો દુર્જય-સિંહની સાથે વિવાહ કરો."

'જ્યોતિસિંહ સાથે ત્હારો શો સબધ છે ?"

" તે મ્હારો બાળસ્નેહી છે. આપની કન્યા તેને મળશે નહિ એટલે તે મ્હારી સાથે વિવાહ કરશેજ "

"ઠીક, હુ પ્રતિજ્ઞા કરૂછુ કે જ્યોતિસિંહના જીવનનું હુ અનિષ્ટ કરીશ નહિ; પરતુ ત્હારે પણ સાચુ કહેવુ પડશે કે તું કોણ છે?"

" હુ અનીના—"

"અ—ની—તા—અનીતા ! પાપીયસી ! દૂર થા !"

ગભીરસિંહના મનમા સઘળી વાત તાજી થઇ આવી પ્રદ્યોત્ સિંહના સેનાપતિપણાની તેમજ પેલી નવી રાણીની સઘળી પૂર્વકથાથી તેનું મન વ્યાકુળ બની ગયું અનીના એ તેના કલંકના જીવતા ઉદાહરણરૂપ છે. ગભીરસિંહ ધારતો હતો કે અનીતા ચિત્રાના જળમાજ બાલ્યાવસ્થામા ડુબી ગઇ છે તેણે ક્રોધાવેશમા અનીતા જ્યા આગળ ઉભી હતી ત્યા નજર કરી તો તે નજરે પડી નહિ તે અદ્રસ્ય થઇ ગઇ હતી. ગભીરસિંહે ઘણી તપાસ કરી. પરતુ અદ્રસ્ય થઇ ગયલી અનીતાનો પત્તો લાગ્યો નહિ.

ગભીરસિંહ પોતાના સાથીઓ સાથે દુર્ગના ગુપ્તદ્વાર આગળ જઇ પહોચ્યો, તથા ત્યા આગળ ઝોકા ખાતા પહેરદારને તેણે પ્રશ્ન કર્યો —" નિમકહરામ ! આજે કોને દુર્ગમા પ્રવેશ કરવા દીધો છે તે કહે ? કાલે તને ઝાડ ઉપર લટકાવી ત્હારા કૃત્યનો બરાબર બદલા આપીશ "

પહેરદારે ભયથી ધ્રુજતાં ધ્રુજતાં કહ્યુ.—"મહારાજ ! મ્હારો દોષ નથી એક પહેરદાર તેના કોઇ સંબધીને અદર લઇ ગયો છે."

"ઠીક છે, તેની પણ બુરી દશા થનાર છે." આમ કહી ગભીરસિંહે જ્યોતિસિહની તપાસ માટે દુર્ગની અદર બે ચાર માણુસો મોકલ્યા.

જ્યોતિસિહ રાજકુમારી અલકાસુદરી પાસે જઇ શકયો નહોતો. જતાં જતા વચ્ચેજ તે કેદી થઇ પડયો હતો. 'તેને એક ઓરડામા રાખવામા આવ્યો હતો.

એક માણુસ માર્ફત ઉપર પ્રમાણે ખબર મળતાંજ ગંભીર સિંહની ચિતા દૂર થઈ. તેણે કહ્યુ.—"જોજો; આતિથ્ય—સત્કારમાં કોઇ પણ પ્રકારે ખોટ પડવા દેશો નહિ ."

સપ્તમ પરિચ્છેદ.

Thus let me hold thee to my heart,
And every care resign,
And shall we never never part
My life, my all that's mine.

" Goldsmith. "

પ્રભાતકાળે ગભીરસિંહ અને તેનો ભાવી વહેવાઇ સુરતાનસિંહ એક નિર્જન ઓરડામા બેઠા બેઠા કોઇ પણ પ્રકારની ગુપ્ત મસલત ચલાવી રહ્યા હતા. ગંભીરસિહે કહ્યું —"જ્યોતિસિંહ સમ્રાટ્ અકબર બાદશાહનો માનીતો સેનાપતિ છે. તેનું અનિષ્ટ કરવા જતાં આપણે મહા સંકટમા આવી પડીએ તેમ છીએ. બાદશાહ તેના

રક્ષક છે હવે તો તેનો અહિંથી છુટકોજ કરવો નહિ ”

સુરતાનસિંહ પાસે કાંઇ જાતનો મોટો અધિકાર નથી માત્ર તે ઘણો શ્રીમંત છે તેની પાસે જે લક્ષ્મી છે તે લક્ષ્મીની તુલના થઇ શકે તેમ નથી આ લક્ષ્મીના સહવાસમા ઉછરેલો સુરતાનસિંહ જ્યારે માન મેળવવાની આતુરતા રાખે છે ત્યારે ગભીરસિંહ લક્ષ્મી મેળવવાની આતુરતા રાખે છે, કારણ તેના માથા પર ઘણુ દેવું છે આથી કરીનેજ ઉભય એક બીજાના સબંધી થવાનુ ઇચ્છે છે સુરતાનસિંહની ધારણા એવી હતી કે કોઇ પણ પ્રકારે જો જ્યોતિસિંહના પ્રાણનો નાશ થાય તો તેનો માર્ગ સદાને માટે ખુલ્લો થાય, તથા તેનો પુત્ર દુર્જયસિંહ રાજકુમારી અલકાસુદરીનો ભરથાર થાય તણે કેટલાક સમય સુધી કાંઇ વિચાર કર્યા પછી ગભીરસિંહને કહ્યુ—‘ મ્હારા મ્હત્તા પ્રમાણે એક કાર્ય કરો. તો ? જ્યોતિસિંહને અત્રે બોલાવીને બે ચાર વાતો પૂછવી જરૂરની છે આપણે યુક્તિથી તેના પ્રાણનો નાશ કરવો જોઇએ કે જેથી મ્હારો અને તમારો બન્નેનો માર્ગ સરળ થાય. ”

તરતજ ગંભીરસિંહ જ્યોતિસિંહને પોતાની પાસે બોલાવી મગાવ્યો. તેને પોતાની પાસે આવેલા જોઇ ગભીરસિંહે પ્રશ્ન કર્યો.—“કુમાર ! ગઇ રાત્રે કોઇ રીતે અડચણ તો નથી પડીને ? ”

જ્યોતિસિંહે પ્રણામ કરી કહ્યુ —‘ નાજી, આપના આતિથ્યથી હું ઘણો ખુસી થયો છુ. ”

ગભીરસિંહે જ્યોતિસિંહને આસન ઉપર બેસવાનું કહ્યું નહિં. જ્યોતિસિંહે જોયુ કે ગભીરસિંહની જમણી બાજુએ સુરતાનસિંહ અને ડાબી બાજુએ દુર્જયસિંહ બેઠો છે. બીજુ એક

આસન ખાલી પડી રહ્યુ હતું, તો પણ તે આસન ઉપર બેસવાનું તેને કહેવામા આવ્યુ નહિ. અધિકાર તેમજ યોગ્યતામાં તે કોઇ રીતે ગંભીરસિંહ કરતા ઉતરે તેમ નથી ગભીરસિંહે જાણી જોઇને-જ પોતાનું અપમાન કર્યું છે એ તે તરત સ્હમજી ગયો

ગભીરસિંહે જ્યોતિસિંહને સમ્બોધી કહ્યું-" તમે ઉચ્ચવંશીય રજપૂત છો, બાદશાહના સેનાપતિ છો તો પછી ચોરની માફક શા માટે તમે આ દુર્ગમા પ્રવેશ કર્યો? બાદશાહના સેનાપતિને માટે આવું કાર્ય શોભતુ છે કે?"

પોતાના ક્રોધાગ્નિને સમાવી રાખી જ્યોતિસિંહે ઉત્તર આપ્યો:-'આપની સાથે સમાન ભાવે ઉતર આપવાની હું ઇચ્છા રાખતો નથી. મ્હેં ચોરની માફક દુર્ગમા પ્રવેશ કર્યો નથી. આપની કન્યાની અનુમતિથીજ હુ આવ્યો છું તેની સાથે વિવાહ કરવા માટે હું આપની અનુમતિ ઇચ્છુ છુ"

"ચોરની માફક દુર્ગમા પ્રવેશ કરવાથી એ બાબતની અનુમતિ મળી શક્શે નહિ"

"ધર્મદૃષ્ટિથી જોવા જતા તમારી કન્યા મ્હારી પરિણીતા પત્ની છે, તથા હુ તેનો પતિ છુ"

ગભીરસિંહે સુરતાનસિંહ સાથે થોડા સમય સુધી ગુપચુપ વાત કરી જ્યોતિસિંહને કહ્યુ -" કુમાર—તમે રાજપૂત છો અલકાની સાથે જો વિવાહ કરવાની તમારી ઇચ્છા હોય તો આમારા વંશમાં એક રિવાજ છે તે રિવાજ પાળવો પડશે દુર્ગની ઉત્તર દિશાએ 'પ્રમોદમંદિર' નામનું એક ગૃહ પહાડના ઉપર આવેલુ છે એ ગૃહમાંજ રાજપૂતોનાં સંતાનોનો વિવાહ થાય છે. આજનો દિવસ

ઘણો સારો છે તેથી આજે આખો દિવસ ઉપવાસ કરો. સંધ્યા સમયે તમે અલકાને ખભા ઉપર ઉંચકીને પર્વતની ઉપર ચ્હડીને એ 'પ્રમોદ મંદિર'માં જજો. ત્યાર પછી હું કન્યાદાન દઇશ."

જ્યોતિસિંહે ગંભીરસિંહની વાત કબુલ કરી. જો કે તે સ્હમજી તો ગયો કે આ વાતમાં કોઈ પણ પ્રકારની મ્હોટી અડચણ હોવી જોઇએ; પરંતુ અલકાને માટે અનેક અડચણો સહન કરવા તે તૈયાર હતો. તેને જીવનની પણ પરવા નહોતી.

આખો દિવસ જ્યોતિસિંહ ઉપવાસી રહ્યો. વાસ્તવિક રીતે આવા પ્રકારની એક રીત ગંભીરસિંહના પૂર્વજોમાં પ્રચલિત હતી, પરંતુ કાળની ગતિ સાથે એ પ્રથા ધીમે ધીમે દૂર થતી જતી હતી. સુરતાનસિંહ એમ ધારતો હતો કે-"આખો દિવસ ઉપવાસ કર્યા પછી એક હૃષ્ટપુષ્ટ યુવતીને ઉંચકી પર્વત પર ચઢવાનું કામ ઘણું કઠિન છે, અર્થાત્ જીવ જોખમમાં પડે તેમ છે.' ગંભીરસિંહની ધારણા વળી જૂદાજ પ્રકારની હતી. તેને જ્યોતિસિંહ સાથે કાંઇ વિશેષ શત્રુતા નહોતી. જો કુમાર અલકાને પ્રાપ્ત કરે તો તેમાં તેને વિશેષ હરકત પણ નહોતી. જો જ્યોતિસિંહ પરીક્ષામાં નાસિ-પાસ થાય તો તેનું ભાગ્ય.

એક સુસજ્જિત ઓરડામાં જ્યોતિસિંહ સુખ શય્યામાં સૂતો છે. એક પ્રકારના સુખ સ્વપ્નથી તેનું મુખ મંડળ આનંદપૂર્ણ દેખાય છે. એવા સમયે ધીમે ધીમે અલકા તેની પાસે આવી ઉભી રહી. કેટલાક સમય પછી જ્યોતિસિંહ જાગી ઉઠયો. તેણે જોયું તો તેના ઉસિકા પાસે અલકા બેઠી છે. તેણે આનંદપૂર્ણ હૃદયે કહ્યું - "અલકા! ત્હારા પિતાએ મ્હને મળવાની તને રજા આપી છે કે?"

વાસ્તવિક રીતે ગંભીરસિંહે જાતેજ કુમારી અલકાસુંદરીને જ્યોતિસિંહ પાસે મોકલી હતી

અલકા રૂદ્ધ કંઠે બોલી-"સ્વામિન્!" આટલું બોલતામાં તો તેના નેત્રોમાં આંસુ ભરાઇ આવ્યાં.

જ્યોતિસિંહે શય્યામાંથી ઉઠી બેઠા થઇ પોતાના વસ્ત્રથી અલકાના આંસુ સાફ કર્યાં પછી તેણે ગદ્‌ગદ્ કંઠે પ્રેમપૂર્વક કહ્યું:-"અલકા! પ્રિયે! આજના મંગળ દિવસે તું શા માટે આંસુ સારે છે? તું શા માટે આટલી ચંચળ બની ગઇ છે?"

અલકાએ રૂદન કરતાં કરતાં અસ્પષ્ટ સ્વરે કહ્યું.-"આપણી આગળ મ્હોટું સંકટ આવીને ઉપસ્થિત થયું છે પહાડ ઉપર થઇને 'પ્રમોદ મંદિર' આગળ જવાના બે રસ્તા છે. એક સીધો છે અને બીજો લાંબો તથા વાંકોચુંકો છે તમારે આ વાંકાચુંકા રસ્તે થઇનેજ મ્હને લઇ જવી પડશે વળી રસ્તે વિશ્રામ લેવાની રજા નથી.'

"તમો આટલો બધો ભય રાખવાનું કાંઇ કારણ? હું વીરનો પુત્ર છું ગમે એવા કઠિન રસ્તે થઇને પણ હું તને વગર વિશ્રામે 'પ્રમોદ મંદિર' પાસે લઇ જઇશ.

અલકા કાંઇ પણ ઉત્તર આપ્યા સિવાય ચિંતાતુર ચિત્તે ત્યાંથી ચાલી ગઇ.

અષ્ટમ પરીચ્છેદ.

Heaven from all creatures hides the book of fate,
All but the page prescribed their present state!

× × × ×.

One blindness to feature kindly given,
That each may till the circle marked by heaven
A. Pope

" હવે ઉભા રહો !"

"કેમ અલકા ! ભય શો છે ? જો આપણે અર્દ્ધ માર્ગ તો વટાવી આવ્યા છીએ."

"તમારો શ્વાસ ઘણો ઉતાવળો ચાલે છે બાકી અર્દ્ધ માર્ગ જે રહ્યો છે તે ઘણોજ ખરાબ છે થાકથી તમારા ગાત્રો શિથિલ થઇ ગયા છે મ્હને આ સ્થળેજ નીચે ઉતારો "

જ્યોતિસિંહ કાઇ પણ બોલ્યો નહિ તેનામા બોલવાની શક્તિજ રહી નથી. તેનાથી થોડે દૂર તેની પાછળ પાછળ ગંભીરસિંહ, સુરતાનસિંહ તેનો પુત્ર દુર્જયસિંહ તથા દુર્ગના અધિપતિનું અનુચર મંડળ ધીમે ધીમે આવે છે. જ્યોતિસિંહે એક વખત તેમના તરફ નજર કરી નજર કરતાની સાથેજ તનામા ઉત્સાહે પ્રવેશ કર્યો. અલકાને લઇ તે પર્વત પરના વાકાચૂકા માર્ગને વટાવી આગળ વધવા લાગ્યો ધીમે ધીમે તેણે સઘળો માર્ગ પુરો કર્યો, અને તે અલકા સાથે 'પ્રમોદ મંદિર' પાસે જઇ પહોંચ્યો. તે વખતે તેના સકળ અવયવો વિશેષ શિથિલ થઇ ગયા અલકા એકદમ નીચે ઉતરી પડી પૃથ્વી પર ઉભી રહી જ્યોતિસિંહ મુર્છિત થઇ જઇ ધરણી ઉપર ઢળી પડ્યો.

અલકા ભાવી ભયની ભાવના મનમા રાખી જ્યોતિસિંહનામા ચૈતન્ય લાવવાના યત્નો કરવા લાગી તેણે જોયું તો જ્યોતિસિંહના મુખમાથી લોહીની ધારા નીકળતી નજરે પડી તેને ફરીથી ચેતન્ય પ્રાપ્ત થયુ નહિ.

અલકાએ જ્યારે જાણ્યુ કે જ્યોતિસિંહે આ સ્વાર્થી અને પ્રપંચી દુનિયાનો ત્યાગ કર્યો છે ત્યારે તે ઘણી વ્યાકુળ બની ગઇ. પૃથિવી ઉપર આળોટતી આળોટતી રૂદન કરવા લાગી અલકાના રૂદનનો અવાજ સાભળી ગભીરસિંહ, સુરતાનસિંહ, દુર્જયસિંહ વગેરે ત્વરાથી 'પ્રમોદ મદિર' પાસે આવી પહોચ્યા એ સર્વને જોતાજ અલકાએ વિચાર્યું કે હવે બળપૂર્વક તેનો દુર્જયસિંહ સાથે વિવાહ થશે. એમણે સર્વેએ મળી કપટજાળ પાથરી જ્યોતિસિંહનો જીવ લીધો છે. આમ વિચાર આવતાજ તે "હવે કાંઇ ઉપાય ?" એ ગભરી વ્યાકુળતાથી વિચાર કરવા લાગી.

ઉપાય શો ? જગતમા જેનુ કાઇ નથી તેનો દીનદયાળ પ્રણુત-પાળ ભક્તવત્સલ પરમાત્મા છે અલકાએ આશાપૂર્ણ મુખે, સજળ નયને ઉચી નજર કરી જોયુ તો આકાશમા તેને એક સુદર તારો પ્રકાશતો દેખાયો એ તારાની અદર તેણે જ્યોતિસિંહની મૂર્તિનુ દર્શન કર્યું. જ્યોતિસિંહની જ્યોતિ હવે આ દુનિયાનો ત્યાગ કરી સ્વર્ગમાં પ્રયાણ કરી ગઇ છે, એમ તેની ખાત્રી થઇ. એ સ્વર્ગીય જ્યોતિમા કલક નથી, ચિતા નથી, શ્રમ નથી, લોહીની ધારા નથી એ જ્યોતિરૂપ મતિના નેત્રોમા આશા, દષ્ટિમા પ્રેમ અને ઓષ્ઠાધર પર સરળ હાસ્ય છે એ હૃદયના પ્રેમની જાણે સીમાજ નથી એ સ્વર્ગ રાજ્યમા ઉજ્વળ સિહાસન ઉપર બેસીને જાણે કે જ્યોતિસિંહ સ્મિત મુખે આગળી હલાવી કહે છે કે—"આવ અલકા ! પ્રિયે ! ભય શો છે ? મ્હે ત્હારે માટે સિહાસનનો એક ભાગ ખાલી રાખ્યો છે. આ સ્થળે દુખ નથી, વિરહ નથી, આક્ષેપ નથી, નિરાશા નથી અહિ તો શાતિ શાતિ ને શાતિજ છે—અનત પ્રેમની અમૃતધારાઓજ વહે છે આ સ્થળે આવી શકીશ કે?".

આટલા બધા દુ:ખમાં પણ અલકાના મુખ ઉપર સ્મિત હાસ્ય પ્રકાશી નીકળ્યું. નિરાશામા તેને આશાનો આધાર મળ્યો પ્રિયતમના પ્રેમપૂર્ણ આમંત્રણથી તથા આશ્વાસનસૂચક શબ્દોથી અલકાની ચિંતા ચાલી ગઇ. વિના વિલંબે મૃત જ્યોતિસિંહની કમરમાંની કટાર ખેંચી કાઢી તેને પોતાના વક્ષસ્થળમા ખોસી ઘાલી. દેવાંગના અલકાસુંદરી દેવલોકમા પતિ પાસે પહોચી ગઇ, તથા સ્વામી પાસે હમેશાને માટે બેસવાનો અધિકાર તેણે પ્રાપ્ત કર્યો પ્રણયી-યુગ્મનુ દેવલોકમાં પ્રેમમિલન થયુ. જ્યોતિસિંહના હૃદયના લોહીની સાથે અલકાના હૃદયનુ લોહી એકત્ર થઇ ગયુ અને એ પ્રેમ-લોહીની ધારાએ ભૂમાતાને બીજાની પવિત્ર પ્રેમનું રહસ્ય દર્શાવ્યું.

ગંભીરસિંહ હાય! હાય! કરવા લાગ્યો આ સઘળો પ્રકાર એટલી બધી ત્વરાથી બની ગયો કે તેની કોઇને વખતસર ખબર પડી નહિ. પાપી પિતાના હૃદયના પશ્ચાત્તાપની સીમા રહી નહિ.

સંસારમાં ગંભીરસિંહને અલકા કરતા કોઇ વિશેષ પ્રિય નહોતું અલકાને ગુમાવી ગંભીરસિંહ દીવાનો બની ગયો. તેણે પોતાના શરીરરક્ષકોને ક્રોધદર્શક સ્વરે આજ્ઞા કરી કે—"આ પાપીઇ સુરતાનસિંહ તથા દુર્જયસિંહના અહિં ને અહિં હજારો ટુકડા કરી નાખો. એમના લોભથી હુ આજ કર્તવ્ય ભૂલી મ્હારા સર્વસ્વને ગુમાવી બેઠા છુ."

પહેરદારોએ એ બન્ને પાપીઓને કેદ કર્યા ગંભીરસિંહ જ્યોતિ-સિંહ તથા અલકાના એક બીજાના ઉપર પડેલા રૂધિરથી ભીંજાયલા મૃત દેહો તરફ નિર્નિમેષ નયને જોઇ રહ્યો એકાએક પાછળથી જાણે કોઇ બોલી ઉઠયુ કે—"ગંભીરસિંહ!"

ગંભીરસિંહનુ ચિત્ત સ્વસ્થ નહોતુ. તેણે અપરિચિત સ્વર સાભળ્યો નહિ

ફરીથી કોઈ પૂર્વવત્ સ્વરે બોલી ઉઠયું -"ગંભીરસિંહ!"

હતભાગ્ય ગભીરસિહે પાછળ ફરીને જોયું તો એક હૃષ્ટપુષ્ટ સંન્યાસી, - અને તેની પાસેજ એક તેજસ્વી વીર પુરૂષ તેની નજરે પડયો. એ વીર પુરૂષે ગંભીરસિહના તરફ અગ્નિ વર્ષાવતી આંખોએ તથા રોષદર્શક સ્વરે પ્રશ્ન કર્યો —'પાપોષ્ઠ! મ્હારો જ્યોતિસિંહ કયાં છે?"

ગંભીરસિહે કાંઇ ઉત્તર આપ્યો નહિ. તે સ્થિર, ધીર બનીને ઉભો રહ્યો. તેનું સમગ્ર શરીર થરથર કપી ઉઠયું. કેટલોક સમય વીતી ગયા પછી તે પેલા તેજસ્વી વીર પુરૂષના પગ આગળ નમી પડયો. કંપિત કંઠે તેણે કહ્યું -"જહાપનાહ! આ જુઓ આપનો માનીતો સેનાપતિ જ્યોતિસિંહ—અને મ્હારી પ્રાણાધિક પુત્રી અલકા! અરેરે! જો આપ કદાચ થોડા સમય પૂર્વે આવ્યા હોત તો કેવુ સારૂં!"

આ તેજસ્વી વીર પુરૂષ બીજો કોઇ નહિ પરંતુ અકબર બાદશાહ પોતે હતો અનીતાએ સન્યાસીને જ્યોતિસિંહની વિપદની વાત કહી સંભળાવી હતી. સન્યાસી મહાત્માએ જ્યોતિસિહને મુકત કરાવવાનો એક પણ રસ્તો જોયો નહિ ત્યારે તેમણે અકબર બાદશા-હને એ સમાચાર મોકલી પોતાની સાથે આવવાને વિનતિ કરી. અકબર બાદશાહ વિનતિનો સ્વીકાર કરી સંન્યાસી મહાત્મા સાથે આવી પહોચ્યો. કારણ કે જ્યોતિસિંહના ઉપર તેનો પણ અપૂર્વ સ્નેહ હતો, પરતુ ભાગ્યચક્રની અકળ કળાને લીધે તેમના આવતાં પહેલાં થવાનું સઘળુ થઇ ગયું હતુ

અકબર બાદશાહે પાપીષ્ઠ ગંભીરસિંહ પાસેથી સઘળી હકીકત સાંભળી લીધી. બાદશાહની આસપાસ કેટલાક શરીરરક્ષકો ઉભા હતા. બાદશાહે તેમને આજ્ઞા કરીકે:-"આ સર્વને કેદ કરો જેણે મ્હારા પ્રિય સેનાપતિની હત્યા કરી છે, જેણે પોતાની પુત્રીનો નિષ્ઠુરતાથી નાશ કર્યો છે તેને શી સજા કરવી તે હમણા હુ વિચારી શકતો નથી. બંદીવાનોને મ્હારા મુકામ પર લઇ જાઓ. કાલે તેમના સંબંધી વિચાર કરવામા આવશે."

સેનાપતિ આસફખાને બાદશાહની આજ્ઞા પાળવામ બિલકુલ વિલંબ કર્યો નહિ. બાદશાહે સેનાપતિને વિશેષમાં ફરમાવ્યુ કે— "આસફખાન! તમારે એક બીજુ પણ કાર્ય કરવાનું છે. કાલે સંધ્યા સમય સુધીમા આ દુરાચારી ગંભીરસિંહના દુર્ગને ભસ્મિભૂત કરી નંખાવો. દુર્ગમાં જે કાંઇ સંપત્તિ હોય તે સઘળી વિક્રય કરી નાખો અને તેની જે આવક થાય તે આવકમાથી આ પર્વત શિખર ઉપર એક વિશાળ સુંદર "પ્રેમમંદિર" બંધાવો. 'પ્રેમ મંદિર' ના રત્નમય ઓરડામા આ પ્રેમી યુગ્મની પ્રતિમાઓ રાખવામાં આવશે."

સંધ્યાનો સમય થયો કે આકાશ તરફ જોતાં મનમા એક પ્રકારની વૈરાગ્યવૃત્તિ ઉત્પન્ન થાય છે. બાદશાહે એક ગાઢ નિશ્વાસ મૂકી સંન્યાસી મહાત્માને કહ્યું —"ચાલો, હવે આ સ્થળે આવા કરૂણાજનક દેખાવને વધારે વખત જોવાથી શુ થનાર છે! જયોતિસિંહના ઉપર મ્હારો ઘણો સ્નેહ હતો તેના સુકુમાર દેહને કદાચ યુદ્ધમાં પણ સહજ આઘાત થતો તો મ્હારૂં મન ઘણું દુખાતુ હતુ એ દેહને હુ ચિતામા સળગતો જોઇ શકીશ નહિ"

વિના વિલંબેજ એ પર્વત પ્રદેશમાં એક મહા ભયંકર ચિતા સળગી ઉઠી. તે ચિતાની જ્વાળાથી ચારે દિશા લાલચોળ બની ગઇ જ્યોતિસિંહ તથા અલકાસુંદરીના સુંદર દેહે ભસ્મનું સ્વરૂપ ધારણ કર્યું.

× × × ×

હજુ સુધી ચિતા બળી રહી નથી હજુ પણ અંગારા ધક ધક સળગતા છે. હજુ પણ થોડો ઘણો ધુમાડો ગગનમંડળ તરફ જતો જણાય છે. આવા ભયંકર સમયે ભગવા વસ્ત્રોથી વિભુષિત થયલી તરૂણ ભૈરવી હાથમાં એક સુવર્ણ કળશ લઇ ચિતા પાસે આવી પહોંચી. થોડા સમય સુધી અર્ધી બળેલી ચિતા તરફ ટગર ટગર જોઇ રહી. ત્યાર પછી એકાએક દૂધથી ભરેલા કળશમાંનું પવિત્ર દૂધ ચિતામાં રેડી તેણે અગ્નિને શાંત કર્યો.

ભૈરવીની મૂર્ત્તિ શાંત નેમજ સ્થિર છે તેના અંગમાં ચંચળતા નથી, હૃદયમાં ભય નથી તે ધીમે સ્વરે બોલી —" સાખ્વિ ! અલકા ! તું સ્ત્રી સમાજમાં આદર્શ સ્ત્રી છે તું હમણાં સ્વર્ગમાં વિરાજી રહી છે—સ્વામીની પાસે બેસવાનો અધિકાર પ્રાપ્ત કરી શકી છે. ધન્ય છે, ત્હારા પ્રેમમય જીવનને ! હું અદ્યાપિ જીવતી બળી મરૂં છું. જા જા, સાધ્વિ ! તું અમરનામમાં જા—પ્રેમ રાજ્યમાં ચિરકાળપર્યંત સુખી રહે હું તમને આશીર્વાદ આપુ છું કે હવે તમારો કદાપિ વિયોગ થશે નહિ"

દીવાની જેવી જણાતી ભૈરવી પુન બોલવા લાગી:—" હૃદયેશ્વર ! જ્યોતિસિંહ ! અત્યાર સુધી મ્હેં કદાપિ આપને આજના જેટલા

ઉચ્ચ સ્વરે હૃદયેશ્વર કહીને બોલાવ્યા નથી. જીવતા આપને મેળવી શકી નથી. વળી મરણ પામ્યા સિવાય મેળવી શકવાની નથી એ પણ હું જાણું છું. અલકાએ મરણને શરણ થવામાં સાહસ કર્યું છે તેથીજ તે આપને મેળવી શકી છે. હું પણ મરીશ અને તમને મેળવીશ; વળી હવે હુ કદાપિ અલકાની અદેખાઇ નહિ કરૂં.''

આ પ્રમાણે બોલતી બોલતી ભૈરવી અનીતા પર્વતના સર્વથી ઉંચા શિખર પર જઇને ઉભી રહી તેણે શાત પ્રકૃતિ પ્રતિ નજર કરી. ચારે દિશાએ ઘોર અધકાર જણાતો હતો. ભીષણ નરકનો દેખાવ તેનાં નેત્રો આગળ તરવરવા લાગ્યો. તેણે ભય પામી ઉચે નજર કરી તો તેને દેખાયું કે અલકા અને જયોતિસિહ ઉભય પોતાના નશ્વરદેહનો ત્યાગ કરી યુગલ મૂર્તિમા વાદળાઓને પગ તળે દાબતા દાબતા ધીમેથી આકાશમા ભ્રમણ કરી રહ્યા છે. લીલા કાળાં, સફેદ તથા લાલ વાદળા તેમના ચરણોના ચુ ।ન કરી રહ્યા-છે. અનેક ઉજવળ તારા તેમની આગળ નૃત્ય કરતા જણાય છે અ-લકા જાણે કે મેઘમડળમાથી તેને (અનીતાને) કહે છે કે— " જો, જયોતિસિંહ મ્હારા છે જન્મજન્માતર સુધી, અનંતકાળ સુધી તેઓ મ્હારાજ છે તુ આ સ્થળે આવી શકીશ નહિ હમેશાને માટે હવે ત્હારે વિરહાગ્નિમા બળી રહેવુ પડશે. હવે તુ કયા સુધી વિરહાગ્નિમા બળ્યા કરીશ ?"

આટલી બધી માયા જોઇ અનીતા અલકાના આમંત્રણની ઉપેક્ષા કરી શકી નહિ તેની છાતી જાણે ફાટી જતી હોય એમ તેને લાગ્યું..તેના હૃદયમાં નિરાશાનો અગ્નિ સળગી રહ્યો હતો. આ

અગ્નિની જ્વાળા તેનાથી સહન કરી શકાઇ નહિ. તેણે પોતાના સળગી ઉઠેલા આત્માને શાતિ આપવા માટે પર્વતના ઉંચા શિખરપરથી સરિતાના શીતળ જળમાં કુકદો માર્યો

બીજે દિવસે એક દરિદ્ર ખેડુતે સરિતાના જળ પર અનીતાના મૃત દેહને તરતો જોયો હતો. અભાગિની મૃત્યુ તો પામી, પરંતુ મૃત્યુકાળે પણ જ્યોતિસિંહને મેળવી શકી નહિ. તેને માટે સ્વર્ગનાં દ્વાર બંધ થઇ ગયા હતાં.

આ ' પ્રેમમંદિર ' ની કરૂણ કહાણી તથા આદર્શ કુમારી અલકાસુંદરી તથા પ્રેમમયી અનીતાની વાત હજુ પણ કેટલાંક મનુષ્યોનાં નેત્રોમાથી આસુ ઉભરાવે છે. હરિ ! હરિ ! **यद् भावि तद् भविष्यति.**

રાજકુમારી રૂપસુંદરી.

પ્રથમ પરિચ્છેદ.

અનાથ બાળા.

વસંત ઋતુ ચાલે છે. અમાવાસ્યાનો દિવસ છે. સંધ્યા સમયનો મંદ મંદ શીતળ પવન સ્વર્ગ સુખનો અનુભવ કરાવી રહ્યો છે. વૃક્ષોના હાલવાનો અવાજ આત્માને આનંદ આપી રહ્યો છે. અસ્તાચળ ઉતરી પડતા ભગવાન્ સૂર્ય દેવતાએ પોતાનાં રંગ બેરંગી કિરણોથી તરૂપલ્લવોને સુંદર આભુષણો પહેરાવ્યા છે. પક્ષીઓ પોતાના પ્રિય મિત્ર ૠતુરાજના વૈભવને જોઇ આનંદથી ગાન કરી રહ્યાં છે. તેઓ જાણે પરમકૃપાળુ પરમેશ્વરને કૃતજ્ઞતાપૂર્વક ધન્યવાદ આપતાં હોય એમ જણાય છે આવા પ્રાકૃતિક આનંદદાયક સમયે રાજસ્થાનના રૂપ-નગરના રાજભુવનમાં એક અતિ લાવણ્યમયી બાળિકા ચિંતાતુર ચિત્તે નેત્રોમાંથી વહેતી અશ્રુધારાઓથી ભૂમિને ભીંજાવી રહી છે. તેની ઉમ્મર લગભગ સોળ વર્ષની છે. તે કોઇ કોઇ વખત દ્વાર તરફ દૃષ્ટિ કરે છે. તેની મુખમુદ્રા ઉપરથી તો એમ સૂચન થાય છે કે તે કોઇના આવવાની રાહ જુએ છે, પરંતુ આવનાર વ્યક્તિને આવતાં કાંઇ

વિલંબ થયો હોય કે કેમ શાથી તે વારંવાર ગાઢ નિશ્વાસ મૂકે છે. જ્યારે તેનાથી પોતાના હૃદય સાથે લાગેલો ચિંતાનો ભાર ખમી શકાયો નહિ ત્યારે તેણે રૂદન કરી કરીને એ ભાર ઓછો કરવા માંડયો. તે રૂદન કરતા કરતા બોલી ઉઠી —"અરેરે ! હવે શુ કરૂં ? ક્યાં જાઉં ? આ દુઃખ કોને કહુ ? પંદર દિવસમાં તો બાદશાહ અત્રે આવી પહોંચશે તે સમયે હુ શી રીતે આત્મરક્ષા કરી શકીશ ? હુ એ નરાધમ આગળ રડીશ, કકળીશ તો પણ તેના પાષાણ હૃદય ઉપર કાંઇ અસર થનાર નથી. બળાત્કાર ચલાવી તે મ્હને લઇ જશે. તે સમયે હું શું કરીશ ? મ્હારા જીવનની રક્ષા કેવી રીતે થશે ? ઓ અનાથના નાથ ! દીનબંધુ દયાળ પરમેશ્વર ! મ્હારી લાજ ત્હારે હાથ છે, એ સાચવવી એ ત્હારૂં કાજ છે હવે હું કયો માર્ગ ગ્રહણ કરૂં તે તુંજ કહે. હુ દેશના શત્રુ, ધર્મના શત્રુ ધિક્કારપાત્ર ઔરંગજેબ બાદશાહ સાથે કદાપિ પરણનાર નથી, તેનો હેતુ સફળ થવા દેનાર નથી. પ્રભુ ! તું ક્ષમા કરે તો આત્મઘાત કરી હું અખંડ શાંતિનુ સ્થાન પ્રાપ્ત કરૂં;પરંતુ જ્યાં સુધી આ દેહમા પ્રાણ છે ત્યા સુધી તો હુ મુસલમાન સાથે વિવાહ કરી અપવિત્ર થનાર નથી. પાપિણી બની આ જીવનનો ભાર વેઠવા હું ઇચ્છતી નથી. જે મુસલમાનોને હુ ધિક્કારૂં છું જેમનો સ્પર્શ થતાજ પાપ લાગશે એવો હુ ભય રાખુ છુ, યા તો કદાચિત્ અજ્ઞાનતાથી જેમનો સ્પર્શ થતા હુ સ્નાન કરૂ છુ તેમની સાથે હું કદાપિ મ્હારો વિવાહ થવા દઇશ નહિ મ્હેં કોઇની સાથે વિવાહ નહિ કરવાનો નિશ્ચય કરીને તો આ વૈરાગ્ય લીધો છે, તથા મૃત્યુપર્યંત ઇશ્વરભક્તિ કરવાનો નિશ્ચય કર્યો છે તે નિશ્ચયને પૂર્ણ કરવાનું કામ દયાળુ દીનાનાથના હાથમા છે કાકાજીને બોલાવવા માણુસ મોકલ્યુ છતા તેઓ પણ હજુ સુધી આવ્યા નહિ. તેઓ આવશે

કે કેમ એ સંબંધી પણ સંદેહ છે. જ્યારથી હું અહિં આવીને રહેવા લાગી છું ત્યારથી તેઓ મ્હારી બિલકુલ સંભાળ લેતા નથી. હું મરી ગઇ છું કે જીવતી રહી છું તેની પણ તેમને ચિંતા હોય એમ જણાતું નથી. જ્યારે તેઓ આવા નિષ્ઠુર બન્યા છે ત્યારે પછી તેઓ ક્યારે આવશે ? અરેરે ! હું **અનાથિની** છું મ્હારૂં આ સમગ્ર વિશ્વમાં કોઇ નથી. જો હું અનાથિની ના હોત તો પિતાજી મ્હને આવી અવસ્થામાં રડતી કકળતી રાખી અકાળે મૃત્યુ કેમ પામત ? હવે હું કોને શરણે જાઉં ? કોનો આશ્રય મેળવી જીવન રક્ષા કરૂં ? "

આ પ્રમાણે રડતી કકળતી આ અજ્ઞાત્ બાળિકા છેટે થાકી જઇ બેભાન બની જઇ ધરણી ઉપર ઢળી પડી ! અરેરે ! એની દશા ઉપરથી તો એમ માલુમ પડે છે કે તે **અનાથિની** છે. તેનું સમગ્ર દુનિયામા કોઈ નથી.

દ્વિતીય પરિચ્છેદ.

નિરાશામાં આશા !

કહીં લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે !

મ. ન. દ્વિવેદી.

લગભગ એક પ્રહર રાત્રિ વીતી ગઇ છે. ઋતુ નિર્મળ હોવા છતાં અમાવાસ્યાની રાત્રિ હોવાથી ઘોર અંધકાર છવાઈ રહયો છે. અનાથિની બાળિકા મુર્છિતાવસ્થામાં જમીન ઉપર પડી રહી છે. તેની પાસે બેસીને એક સ્ત્રી પંખો હલાવી રહી છે. તેની પાસેજ

એક વીર પુરૂષ ઉભો રહ્યો છે. તે જ્યારે હાલે છે ત્યારે તેની કમર પર લટકતી તરવાર ખખડી તેના વીરત્વનું દર્શન કરાવે છે. આ વીર પુરૂષ બીજો કોઇ નથી; પરંતુ આ બેભાન બનેલી બાળિકાઓનો કાકો રામસિંહ રાઠોડ છે. ભત્રિજી તરફથી માણુસ બોલાવવા આવવાથી કોઇ પણ ઘણું જરૂરનું કાર્ય હશે એમ ધારી તે રાત્રેને રાત્રે ભત્રિજી પાસે આવ્યો છે.

દાસીએ અનેક યત્નો કર્યા ત્યારે બાળાની આંખ કાંઇક ઉઘડી. આંખ ઉઘડતાની સાથેજ તેણે જોયુ કે તેનો કાકો રામસિંહ—તેનો એકનો એક આધાર—તેની આગળ ઉભો છે. બાળિકા વિશેષ સચેત થઇ તે રૂદન કરતી કરતી કહેવા લાગી:—"કાકા ! મ્હારા માથા ઉપર દુઃખનું વૃક્ષ ઉગી નીકળ્યું છે છતા તમે મ્હારી સંભાળ લેતા નથી એ કેવું કહેવાય ? મ્હારા સર્વ દુઃખમાં આપજ મ્હારા આશ્રયદાતા છો ! આપ સિવાય આ સમગ્ર સંસારમાં મ્હારૂં કોણ છે ? પરતુ કાકાજી ! તમે પણ પિતાજીના મૃત્યુ પછી મ્હને અનાથિની સમજી મ્હારી સંભાળ લેતા નથી એ શુ વ્યાજબી છે કે ? મ્હારે તો ઉપર તમે અને નીચે ધરતી માતા છો, બીજું કોઇ નથી." આમ કહી બાળા એક નાના બાળકની માફક મોટે સ્વરે રૂદન કરવા લાગી.

રામસિંહે કહ્યુ—"બ્હેન રૂપવતી ! તું શા માટે આમ રૂદન કરે છે ? કયા પાપીએ ત્હારા દિલને દુભાવી યમસદન તરફ સિધાર વાનું નક્કી કર્યું છે? તુ શા માટે આટલો બધો વિલાપ કરે છે તે મ્હને કહે ? તને શું દુઃખ છે ? ત્હારા કહ્યા સિવાય હું શું જાણી શકું ? તુ મ્હારા બંધુની પુત્રી છે તેથી હુ તને મ્હારી પુત્રીની

સમાન માનુ છુ, ત્હારૂ દુઃખ દૂર કરવુ એ હુ મ્હારૂં મુખ્ય કર્તવ્ય જાણુંછુ."

કાકા તરફથી આવા આશ્વાસનમય વચનો સાંભળતાજ રૂપવતી-નામાં કાંઇક હિંમત આવી. ધૈર્ય ધારણ કરી, ચક્ષુજળને સાફ કરી તેણે કહ્યું—"કાકાજી ! જે ભયથી મ્હેં કોઇની સાથે વિવાહ નહિ કરતા કૌમાર્યવ્રત પાળવાનો નિશ્ચય કર્યો'તો, તથા જે ભયથી સંસારનો ત્યાગ કરી યોગિની પ્રમાણે ઈશ્વરભક્તિમા મ્હારો સમય વીતાડવા લાગી'તી તેજ ભય મ્હારી આગળ ઉપસ્થિત થયો છે મ્હેં સાંભળ્યુ છે કે મ્લેચ્છ બાદશાહ ઔરંગઝેબ ત્વરાથી અહિં આવી જબરદસ્તીથી મ્હારી સાથે વિવાહ કરવાને ઇચ્છે છે. આ સમાચાર આજેજ મ્હારી જાણમા આવ્યા છે, પરંતુ આપ જાણો છો કે એ નરાધમ બાદશાહના મુખનુ દર્શન કરવાની પણ મ્હને ઇચ્છા નથી તો વિવાહની વાતજ ક્યાં ? મ્હારૂ રક્ષણ થઇ શકે એવો એક પણ માર્ગ મ્હને સુઝતો નથી તેથી હું મ્હારા પ્રાણનો ત્યાગ કરીશ પ્રાણત્યાગ કરતા આત્મઘાતનુ જે પાપ લાગે છે તેના કરતાં મ્લેચ્છ બાદશાહના સ્પર્શ માત્રથી વિશેષ પાપ લાગે છે એમ મ્હારૂ માનવુ છે જો આપને કોઇ માર્ગ સુઝતો હોય તો તે દર્શાવો યા તો મ્હને પ્રાણ ત્યાગવાની રજા આપો."

રામસિંહે કહ્યુ—" ત્હારી ઇચ્છા નહિ હોવા છતા ઔરંગઝેબ બળા-ત્કારપૂર્વક ત્હારી સાથે વિવાહ કરવાને આવે છે ? મ્હને તો એક દુષ્ટ માણસે એવા સમાચાર આપ્યા'તા કે એ પ્રકારમા તુ સંમત છે એ સમાચાર જ્યારથી મ્હારા સાંભળવામા આવ્યા હતા ત્યારથી મ્હને ત્હારા ઉપર એટલી બધી રીસ ચઢી હતી કે મ્હેં કદાપિ ત્હારા મુખનુ દર્શન પણ નહિ કરવાનો નિશ્ચય કર્યા હતો. મ્હારા વંડલ

બંધુની કન્યા મ્લેચ્છને વરે એ મ્હારાથી કેમ જોઇ શકાય ? આ કારણથીજ મ્હેં ત્હારી પાસે આવવાનું છોડી દીધું હતું હવે મ્હારો સંદેહ દૂર થયો છે. આવતી પૂર્ણિમાએ ઔરંગજેબ અત્રે ચઢી આ. વવાનો છે હવે માત્ર પંદર દિવસજ બાકી રહ્યા છે. જે કરવાનું છે તે ત્વરાથી કરવુ જોઇએ."

આમ કહી રામસિંહ શાંત રહ્યો તથા તે ગંભીર વિચારમાં પડી ગયો. કેટલાક સમય પછી પુનઃ તે બોલી ઉઠયો.- " બ્હેન ! મ્હને તો આવા પ્રસંગે માત્ર બેજ ઉપાય સૂઝે છે. એક તો એ કે મ્હારી પાસે બાર હજાર સૈન્ય છે તેની મદદથી ઔરંગ- જેબને રોકુ, પરંતુ યવન સૈન્ય આગળ આપણું નજીવું સૈન્ય ટક્કર ઝીલી શકે એ તો સર્વથા અસંભવિત છે. માટે આ સમયે તો માત્ર એક બીજો ઉપાય જે છે તેનેજ અનુસરવુ હુ ઉચિત ધારૂ છુ. આ ઉપાય એજ છે કે તુ ઉદયપુરના મહારાજાધિરાજ રાજસિંહ સાથે ત્હારો વિવાહ કરવાનુ સ્વીકાર. જો તુ આમ કરે તો મહારાજાધિરાજ રાજસિંહજી પોતાના સૈન્ય સાથે અહિં વિવાહ કરવાને આવે અને આપણ ધાર્યું થાય હિંદુસ્થાનમા રાજસિંહજી સિવાય બીજો કોઇ એવો વીર પુરૂષ નથી કે જે બાદશાહ ઔરંગ- જેબની સાથે વિરોધ કરીને હિંદુધર્મનુ રક્ષણ કરે. માત્ર ઉદયપુરા- ધિપતિ રાજસિંહજી ક્ષત્રિયધર્મને પ્રાણનો ભોગ આપીને પાળનાર, શરણાગતનું રક્ષણ કરનાર, અનાથોના સહાયકાર અને બાદશાહ સાથે વેર કરનાર છે જો ત્હારી અનુમતિ હોય તો હું આ બાબત સંબં- ધીનો એક પત્ર મહારાજ ઉપર મોકલવા માટે લખીને તયાર કરૂં?"

રૂપવતીએ ઉત્તર આપ્યો —"કાકાજી ! ઉદયપુરના મહારાજા

સાથે વિવાહ કરવાનો નિષેધ હું શામાટે કરૂ? તેમના જેવા વીર પુરૂષ કે જેઓ નિષ્કલંક સિંહાસનના અધિષ્ઠાતા છે એવા સ્વામી મ્હને પ્રાપ્ત થાય તો એના જેવી બીજી વિશેષ સૈભાગ્યની વાત શી હોઇ શકે? જેના પૂર્વજો અતિ કષ્ટ, તેમજ સબળા બંધુ બાંધવોનો વિયોગ સહન કરીને અકબર જેવા પ્રતિભાશાળી બાદશાહને પણ નમ્યા નથી, જેમણે અદ્યાપિ મ્લેચ્છો સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ સાંધ્યો નથી એવા પ્રતિષ્ઠિત અને પવિત્ર રાજકુટુંબમા વિવાહ થાય અને હું એમા નિષેધ કરૂ તો પછી મ્હારાથી બીજી કઇ સ્ત્રી વિશેષ મૂર્ખ હોય? હુ આપણા વંશની પવિત્ર પ્રતિષ્ઠાનું રક્ષણ કરવાને માટે, મ્હારા અમૂલ્ય ધર્મની રક્ષા કરવાને માટે, આત્મહત્યાના પાપને દૂર કરવાને માટે મહારાણાજીની સાથે મ્હારો વિવાહ થાય તો અતિ આનંદથી હુ તેમને વરીશ, મ્હારૂ સઘળું દુઃખ દૂર કરીશ."

રામસિંહ બોલી ઉઠયો—"જ્યારે રાણાજીની સાથે પરણવાને તું રાજી છે તો મ્હને ખાત્રી છે કે તેઓ પણ શરણાગત અબળાનો તિરસ્કાર કરશે નહિ ઠીક, તો હું રાણાજી ઉપર એક પત્ર લખુ-છું, તથા તું પણ એક પ્રાર્થના પત્ર ત્હારા તરફથી મહારાજશ્રીને મોકલવાને લખી તૈયાર કર."

આ પ્રમાણે વાતચીત થઇ ગયા પછી બન્નેએ એકેક પત્ર લખ્યો, તથા એ બન્ને પત્રો એક મનુષ્યને આપી તેને જૂદોજૂદો જલદીથી જઇ શકે એવી સાંઢણીદ્વારા ઉદયપુર તરફ વિદાય કર્યો.

તૃતીય પરિચ્છેદ.

પત્ર

મધ્યાન્હકાળનો સમય છે ભગવાન્ સૂર્યનારાયણ પોતાના પ્રકાશથી જગતને આલોકિત કરતા કરતા ધીમે ધીમે અસ્તાચળ તરફ ઉતરી પડવા લાગ્યા છે. આજે એક મુખ્ય દરબાર ભરાયો છે. તેમા મેવાડના અનેક જાગીરદારો એકત્રિત થયા છે. દરબારમાં ઘણો ઠાઠમાઠ જણાય છે. વર્તમાન મેવાડાધિપતિ રાણા રાજસિંહજી પોતાના પૂર્વજોના નિષ્કલંક સિંહાસન ઉપર બિરાજ્યા છે મેવાડનો પવિત્ર મુકુટ તેમના મસ્તકને શોભાવી રહ્યો છે અમાત્ય વર્ગ પોત પોતાના સ્થાન ઉપર બેઠો છે. સઘળા સામંત સરદારો યથાસ્થાને બિરાજમાન થયા છે બાદશાહ ઔરંગજેબના પ્રબળ અત્યાચારથી દેશમા ફેલાઇ રહેલા ત્રાસ તેમજ પ્રજાની દુઃસ્થિતિ સબંધી અનેક પ્રકારની વાતો ચાલી રહી છે. એવામા પહેરદારે આવી નિવેદન કર્યું કે—"અન્નદાતાને ઘણી ખમ્મા. રૂપનગરથી રામસિંહજી રાઠોડે એક સ્વાર મોકલ્યો છે, જે બ્હાર ઉભો છે. તે આપશ્રીની સેવામા હાજર થવાની ઇચ્છા રાખે છે તો શી આજ્ઞા છે?"

મહારાણાએ તરતજ કહ્યુ—'તેને આદર સહિત અત્રે લાવ."

આજ્ઞા પ્રાપ્ત થતાંજ પહેરદાર બ્હાર ગયો અને સ્વારને સાથે લઇ દરબારમા ઉપસ્થિત થયો આવનાર સ્વારે મહારાજાને સમ્માન આપી, બન્ને પત્રો તેમની આગળ મૂકયા અને તે થોડે દૂર જઇને ઉભો રહ્યો મહારાણાજી એ બન્ને પત્રોને વાંચતાની સાથેજ ચુપ

બની ગયા. પેલો સ્વાર ઉત્તર પ્રાપ્ત કરવાની ઇચ્છાથી ઉભો રહ્યો; પરતુ રાણાજી ગભીર વિચારમાં ડુબી ગયા છે. રાણાજીને આવી રીતે ગંભીર વિચાર સાગરમાં ડુબી ગયલા જોઇને મેવાડના મુખ્ય સરદાર ચંદાવતજી બોલી ઉઠયા:—"પ્રભુ! શું છે? પત્રો વાચતાની સાથે આપ વિચારમાં કેમ પડી ગયા છે?"

ચંદાવતજીના પ્રશ્નનો રાણાજીએ કાંઇ ઉત્તર આપ્યો નહિ. તેમણે બન્ને પત્રો ચદાવતજીના હાથમાં મૂકી દીધા.

ચંદાવતજી:—"મ્હને આ પત્રો વાંચવાની આજ્ઞા છે?"

રાણાજી—"હા, એમા કોઇ એવી ગુપ્ત હકીકત નથી કે જે સર્વ સાંભળી ના શકે તમે આ પત્ર ઉચ્ચ સ્વરે વાંચી સર્વ સામંત સરદારોને સંભળાવો."

આજ્ઞા પ્રાપ્ત થતાંની સાથેજ ચંદાવત્ સરદારે ઉચ્ચ સ્વરે પ્રથમ પત્ર વાચવા માડયો. તે નીચે લખેલા આશયનો હતો.

"સિદ્ધિશ્રી ૧૦૮ સર્વોપમા યોગ્ય શ્રી ભારતભૂષણ ક્ષત્રિયકુળગૌરવ રાજસ્થાન કેશરી શ્રીમંત મહારાણા શ્રી રાજસિંહજી મહારાજની સેવામાં સેવક રામસિંહજી રાઠોડના પ્રણામ. અત્રેના વર્ત્તમાન કુશળ છે. વિશેષમાં મ્હારા વડિલ બંધુ કે જેઓ શાહજહાન બાદશાહના સમયમાજ શાહી સૈન્ય સાથે યુદ્ધ કરતાં કરતા માર્યા ગયા છે તેમને તો આપશ્રી સારી રીતે પિછાનો છો. મ્હારા એ વડિલ બંધુની એકની એક રૂપસુંદરી નામની કન્યા છે તે પણ આપ જાણતા હશો. પિતાનું મૃત્યુ થયા પછી કેટલાક કાળના અંતરે રૂપસુંદરીએ જીવનપર્યંત કૌમાર્યવ્રતનું પાલન કરવાનો નિશ્ચય કર્યો હતો, તથા તે રાજમ્હેલનો ત્યાગ કરી એક એકાંત સ્થાનમાં પોતાની માત્ર એકની

એક દાસી સાથે તે સમયથીજ રહેવા લાગી. પોતાની દાસી સિવાય બીજા કોઇ પણ માણસને તે પોતાની પાસે આવવા દેતી નહિ, તથા તે પોતે પણ બીજા કોઇની પાસે જતી નહિ આવી રીતે તે રાત્રિ દિવસ પૂજાપાઠમા નિમગ્ન રહેતી, તથા જીવનપર્યંત સંસારથી વિરક્ત રહી ઇશ્વર ભજન કરવાનો તેનો નિશ્ચય હતો; પરંતુ તેની સુંદરતાની પ્રશંસા બાદશાહ ઔરંગજેબના કાન સુધી જઇ પહોંચી છે,* તેથી કરીને એ નરાધમ બાદશાહ તેની સાથે બળાત્કારપૂર્વક વિવાહ કરવાને ચૈત્ર સુદ પૂર્ણિમાને દિવસે આવનાર છે. રૂપસુંદરી એ મ્લેચ્છનુ મુખ સુદ્ધા જોવામા પોતાને પાપ લાગ્યા જેવું સ્હમજે છે, જો તેનાથી યદાકદાચિત્ ભૂલથી યવનનો સ્પર્શ થાય છે તો તે સ્નાન કરી નાંખે છે, તે બાદશાહ સાથે કેવી રીતે વિવાહ કરે? આથી કરીને કોઇ પણ ઉપાય નહિ સુઝવાથી તે આત્મઘાત કરવા તૈયાર થઇ છે. આપના સિવાય ભરતખંડમા એવા બીજા કોઇ ક્ષત્રિય વીર નથી કે જે બાદશાહ સાથે વિરોધ કરી આ કુમારિકાના હાથનો સ્વીકાર કરે. આથી કરીને આ પત્રદ્વારા હું આપને પ્રાર્થના કરૂં છુ કે આપ ગૌબ્રાહ્મણ તેમજ અબળાઓનું રક્ષણ કરનાર છો; તો પછી મ્હારી પુત્રી તુલ્ય રૂપસુંદરીનું પણ રક્ષણ કરી તેના હાથને સ્વીકારો. આપની સાથે તેનો વિવાહ થાય તો તે એથી કરીને પ્રસન્ન છે, તથા એ સંબધી તેણે આ સાથે આપને એક જૂદો પત્ર લખ્યો છે. હુ આશા રાખું છુ કે આપના જેવા ધર્મવીર આ કુમારિકાની પ્રાર્થના ઉપર લક્ષ્ય આપી તેનો સ્વીકાર કરશે જો આપ કૃપા કરીને અત્રે પધારશો તો હુ મ્હારા બારહજાર સૈન્ય સાથે મૃત્યુ સમય

---

* વાસ્તવિક રીતે આ રાજકુમારી એવી સુંદર હતી કે એ સમયે તેના રૂપની પ્રસંશા સમગ્ર હિંદુસ્થાનમા ફેલાઇ ગઈ હતી.

સુધી આપની સેવામા તત્પર રહીશ હવે સમય ઘણો થોડો રહ્યો- છે તેથી જેમ બને તેમ જલદીથી પધારજો. આમ છતા જો મ્હારી પુત્રી તુલ્ય રૂપસુન્દરીના દુર્ભાગ્યે આપ તેનો સ્વીકાર નહિ કરતા યવનો સાથે વિરોધ કરવાની ઇચ્છા ના રાખતા હો તો આ પત્રનો યથા- યોગ્ય ઉત્તર લખી મોકલશો, કે હુ બાદશાહને રોકવા મ્હારાથી બનતા પ્રયત્નો કરુ, તથા યુદ્ધમા મ્હારૂ મૃત્યુ થાય તે પહેલા મ્હારી રૂપવતી આત્મહત્યાની યથાયોગ્ય વ્યવસ્થા કરી રાખે, જેથી કરી તેની આબરૂનુ રક્ષણ થાય ચન્દાવત, શક્તાવત્ અને ગણાવત્ સરદારોને મ્હારા યથાયોગ્ય પ્રણામ પત્ર ત્વરાથી લખ્યો છે તે માટે ક્ષમા કરશો એ અન્તિમ પ્રાર્થના છે.

લી. આપનો આજ્ઞાપાલક,
રામસિંહ રાઠોડ.

આ પત્ર વાચી રહ્યા પછી ચન્દાવતજીએ બીજો પત્ર કે જે રાજકુમારીનો લખેલો હતા તે વાચવા માડ્યો

" નિર્મળ સિસોદિયાવશના નાયક, મેવાડના પવિત્ર તથા નિષ્ક લંક સિહાસનના માનિક, ભારતગૌરવના આદર્શ, અનાથના નાથ શ્રીમાન્ મહારાણાજીની સેવામા ક્ષુદ્ર દાસીના સવિનય પ્રણામ વિશે- ષમા મ્હારા કાકાજીનો પત્ર વાચી જોવાથી આપશ્રીની જાણમા સ- ઘળી હકીકત આવશે. આ અસહાય અબળા ઉપર રાક્ષસરાજ ઔરંગ- જેબ બળાત્કાર કરવાની ઇચ્છા રાખે છે. પરતુ પ્રભુ! હુ તો અત કરણથી આપનેજ વરી ચુકી છું મ્હારા નિષ્કલંક પ્રેમરાજ્યના માલિક માત્ર આપજ છો. આપ સિવાય સસારના સર્વે પુરુષો મ્હારે મન બંધુ સમાન છે હું આશા રાખુ છુ કે આપ આપની

ક્ષુદ્ર દાસીને સંકટમાંથી બચાવી આપના આશ્રયમાં સ્થાન આપશો—મ્હારા સંકટને કાપશો જો આપ કૃપાળુ કૃપા કરી મ્હને આશ્રય નહિ આપો તો હું મ્હારા પાપી પ્રાણનો ત્યાગ કરીશ—સ્વર્ગના દેવલોકને વરીશ મ્હને મ્હારા અમૂલ્ય ધર્મનું રક્ષણ કરવા જતાં જો મ્હારા પ્રાણનો ભોગ આપવો પડે તો તેથી કોઇ પણ પ્રકારનો ભય નથી, પરંતુ આત્મઘાત કરવો એ મહાપાપને મેળવવા જેવું છે તેથીજ મ્હારે આપની સહાયની જરૂર છે. આપનું કુળ તેમજ સિંહાસન નિ:કલંક છે શરણાગતની રક્ષા કરવી એ આપ જેવા ક્ષત્રિય વીરશિરોમણિનો મુખ્ય ધર્મ છે જે કુમારિકા અંત:કરણથી આપને પતિ માની ચુકી છે, તથા મ્લેચ્છોના હાથમાં પડવાના ભયથી પ્રાણ આપવા તૈયાર થઇ છે એવી કુમારિકાનું આપ રક્ષણ નહિ કરો તો આપના કુળની પ્રતિષ્ઠા ચાલી જશે. શું દેવતાઓના પ્રસાદને ગધેડાઓ ચાખશે ? શું ક્ષત્રિય કન્યાને મ્લેચ્છ પોતાની બેગમ બનાવશે ? શું એવો પ્રકાર આપ આપના નેત્રોએ જોઇ શકશો ? જે સીસોદિયા વંશે પોતાના કુળની મર્યાદા તેમજ વંશપ્રતિષ્ઠાની રક્ષાને માટે અસંખ્ય સુપુત્રોના પ્રાણના બળિદાન આપ્યા છે, તથા ભલાભલાઓની સાથે દુશ્મનાવટનો દાવો રાખી, પોતાના ટેકને જાળવી રાખી પોતાના તમામ સુખોને જલાંજલિ આપી પહાડો તેમજ જંગલોમાં ભટકીને અસહ્ય દુ:ખ ભોગવ્યું છે એવા આપના નિષ્કલંક વંશની વિમળ પ્રતિષ્ઠાને આપ ચાલી જવા દેશો ? હું નથી ધારતી કે કાળાંતરે પણ એમ બને બીજું શું આ અનાથિનીનો આધાર માત્ર આપજ છો મ્હારી આશાને પરિપૂર્ણ કરશો એવી મ્હને દૃઢ ખાત્રી છે, શુભમસ્તુ

આપની ચરણરજ દાસી--રૂપવતીના પ્રણામ."

રાજકુમારી રૂપવતીની આ દુઃખદર્શક પ્રાર્થનાને સાંભળતાંજ સર્વ સરદારોનાં હૃદય દયા તેમજ વીરત્વથી આકુળ વ્યાકુળ બની ગયાં; પરંતુ સર્વે શાંતિ ધારણ કરી પોતાના મનમાં અનેક પ્રકારના વિચાર કરવા લાગ્યા.

ચતુર્થ પરિચ્છેદ.

સંમતિ.

ઉદયપુરના મોટા દરબારે મૌન ધારણ કર્યું છે. પત્ર લઇ આવનાર સ્વાર પણ દરબારનો આવો દેખાવ જોઈ પોતે જે સ્થળે ઉભો હતો તે સ્થળે કાષ્ટના પુતળાની માફક ઉભો રહ્યો છે. અમીર ઉમરાવો તેમજ સરદારો મહારાજ રાજસિંહને શાંત જોઇ શાંતિથી બેઠા બેઠા વિચાર કર્યા કરે છે આમ છતાં આપણા પૂર્વ પરિચિત ચંદાવત્ સરદાર કે જેઓ આ સીસોદિયા વંશના મુખ્ય સરદાર તેમજ મેવાડની મુખ્ય જાગીર સલુમ્બરાના માલિક છે તેમને દરબારમા મહારાજાની પાસેજ જમણી બાજુએ સ્થાન મળે છે. રાજ્ય સંબધીના સર્વ કાર્યોમાં મહારાણા આગળ બોલવાનો તેમને અધિકાર છે બન્ને પત્રો વાંચી રહ્યા પછી મહારાણાજીને આવી રીતે શાંત જોઇને ચંદાવતજી મનમાને મનમાં વિચાર કરવા લાગ્યા—કે "મહારાજાને શુ થઇ ગયું છે ? શું રાજકુમારી સાથે વિવાહ કરી તેનું રક્ષણ કરવામા તેમને ભય ઉપજે છે ? આ બાબતનો નિર્ણય કરવો ઉચિત છે." આમ વિચારી તેમણે કહ્યુ—"મહારાજ ! આપ આ પત્રો વાચી રહ્યા પછી આમ ચિંતાતુર કેમ બની ગયા છો ? આ રાજકુમારી રૂપસુંદરી હૃદયથી આપને વરી ચુકી છે. જો આપ તેની

રક્ષા નહિ કરો, તથા તેની સાથે વિવાહ નહિ કરો તો શુ તેને મ્લેચ્છને આધીન થવા દેશો? શું તેની આત્મહત્યાનું પાપ આપ આપને માથે લેશો? શું સસારમાંથી ક્ષત્રિયધર્મનો વિનાશ થઇ જશે. જે કન્યા આપને પતિ માની ચુકી છે, તેને તુર્ક પરણી જશે? શું મેવાડની રાજમહિષી ઔરંગજેબની બેગમ બનશે? હિંદુપતિની પ્રતિષ્ઠા આવી રીતે ચાલી જશે? જે પ્રતિષ્ઠાને માટે મેવાડના આપણા બાપદાદાઓ અને માતાઓના લાખો સુપુત્રોએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે તેજ મેવાડના મહારાજા શુ આજે પોતાની રાણીને મ્લેચ્છોના હાથમાં જવા દેશે? જે મેવાડપતિ શરણાગતની રક્ષા કરવાને તથા પોતાની અચળ પ્રતિષ્ઠાનું સંરક્ષણ કરવાને માટે અસંખ્ય ક્ષત્રિઓનું બળિદાન આપતા હતા, પોતાનો પ્રાણ આપતા હતા, રાજ્ય ગુમાવી જંગલે જંગલ અને પહાડે પહાડ ભટકતા હતા, તથા અનેક પ્રકારના અસહ્ય સંકટો ભોગવતા હતા તેજ મેવાડપતિના વંશજ શું આજે પોતાને શરણે આવેલી અબળા કે જે તેમની પત્ની થવા ચ્હાય છે તેને નીચ યવનના હાથમા જવા દેશે? શું મેવાડના મહારાજા ભય રાખે છે? યા તો રણભૂમીમા મરવાની બ્હીક રાખે છે? મહારાજ! મનુષ્ય માત્રનુ મૃત્યુ નિર્માણ થયલું હોય છે. શરણાગતની રક્ષા કરવા જતાં જો મૃત્યુ થાય છે તો તેથી મોત નહિ પણ અમરત્વ પ્રાપ્ત થાય છે, વંશનો, તથા જનેતાનો ઉદ્ધાર થાય છે. સાચા ક્ષત્રિયનું મોત તો રણક્ષેત્રમાજ થવુ જોઇએ, કે જેથી તેને વીરગતિની પ્રાપ્તિ થાય. મેવાડાધિપતિ! આ પત્રોનો ઉત્તર આપવા માટે આપના મનમાં શી આશંકા થઇ આવી છે? જો આ સેવકને આજ્ઞા આપો તો હું એ દુરાત્માની દુરાશાને માટીમાં મળવી દઉં તેમ છું."

ચંદાવતજીના આવા વીરત્વદર્શક વચનો સાભળી રાણાજીએ ધીમેથી ગંભીર સ્વરે કહ્યું -" સાભળો વીર ચદાવત ! આવેશમાં ઉતાવળા બની જઇ ના બોલો તમે શા ઉપરથી જાણી શક્યા કે હું કુમારિકા રૂપસુંદરી સાથે વિવાહ કરી તેની રક્ષા કરવાનું નથી ઇચ્છતો? જે પ્રમાણે મ્હારા પૂર્વજો આ સંસારનો ત્યાગ કરી ચાલ્યા ગયા છે તે પ્રમાણે હું પણ આ સસારનો ત્યાગ કરીશ. રાણા હમ્મીર, સંગજી, કુંભાજી અને પ્રતાપસિંહની માફક પોતાના વશની પ્રતિષ્ઠાનું રક્ષણ કરતાં કરતાં આ સસારમા સુકીર્તિની સ્થાપના કરીને મ્હારૂં નામ અમર કરીને મરવાની લાલસા મ્હને પણ છે, તો પછી હુ કાયર મ્લેચ્છોથી શા માટે ડરૂ ? તમનો ભય શા માટે ધરૂ ! શુ હુ શરણાગતની રક્ષા નહિ કરી આ નિષ્કલક સિહાસનને કલકિત કરીશ એમ તમે ધારો છો ? તથાપિ બુદ્ધિમાન્ પુરૂષે પ્રત્યેક વાત ઉપર ઘણું લક્ષ્ય આપીને તેને અનુસરવુ જોઇએ વિચાર કર્યા સિવાય ઉતાવળથી જે કામ કરવામા આવે છે તેને માટે ઘણી વખત પાછળથી પશ્ચાત્તાપ કરવો પડે છે વળી પાછળથી ના કરે નારાયણ ને જો મેવાડનુ કાઇ અનિષ્ટ થાય તો લોક એમ પણ કહે કે રાજસિંહે એક સ્ત્રીને મેળવવાને માટે સમગ્ર રાજ્યનુ અનિષ્ટ કર્યું. આથી કરીને આ વિષયમા કોઇ વિશેષ અનુભવી અને વૃદ્ધ પુરૂષની સમતિ લેવી ઉચિત છે." ચંદાવતજીએ કહ્યુ -" શ્રીમાનનો વિચાર ઘણો ઉત્તમ છે. આપણા પૂર્વજોના સમયમા રાજબારોટ યાતો રાજકવિની સમતિ માનનીય સમજવામા આવતી હતી જો આજ્ઞા હોય તો વૃદ્ધ રાજકવિને આ દરબારમા બોલાવવામા આવે."

રાણાજીની આજ્ઞા મળ્યાને માત્ર દશેક મિનિટ થઈ હશે કે તરતજ કવિરાજ દરબારમા આવ્યા. સર્વ સામંત સરદારો તથા અધિ-

કારીઓએ તેમને યથોચિત માન આપ્યું. ત્યાર પછી ચંદાવતજીની બેઠક પાસે તેમને સ્થાન મળ્યુ. તેઓ પોતાને સ્થાને બેઠા કે તરત મહારાજાએ તેમના હાથમા આવેલા બન્ને પત્રો મૂકયા અને કહ્યુ –" કવિરાજ ! રૂપનગરથી રામસિંહ રાઠોડ તથા તેમની ભત્રિજી તરફથી આ બે પત્રો આવ્યા છે, એ સબંધી શુ કરવુ યોગ્ય જણાય છે ? "

કવિરાજે પત્રો વાચી થોડા સમય સુધી કાઇ વિચાર કર્યા પછી કહ્યુઃ–" ધર્માવતાર ! આપ યુવાન્ છો છતા આપના વંશની નીતિને સારી રીતે જાણો છે તો પછી જાણી જોઇને મ્હને શા માટે પૂછો છો ? આપના વંશમા કદાપિ કોઇએ નકારનો ઉચ્ચાર કર્યો નથી. બાપા રાવળના વંશજો ગમે એવી અડચણમા કેમ ના ફસાયા હોય તો પણ તેમના મુખમાથી 'ના' શબ્દ નીકળતો નથી પોતાના સિંહાસન તેમજ પ્રતાપી પ્રતાપસિંહજીના નામની પ્રતિષ્ઠાનો વિચાર કરીને સત્યપાલન પર દઢ રહો સત્ય ઉપર તો પૃથિવી ફરી રહી છે, સૂર્યદેવ પ્રકાશ આપી રહ્યા છે, ગંગા વહી રહી છે, જગત્ સ્થિર છે. જો શરણાગત અબળાની રક્ષા આપ નહિ કરો તો સંસારમાથી ક્ષત્રિય ધર્મના મહિમા ચાલ્યો જશે, પૃથ્વી રસાતળમા ઉતરી જશે બ્રહ્માડ નષ્ટ થઇ જશે, આકાશ પાતાળ એક થઇ જશે, તથા સૂર્ય પશ્ચિમમા ઉદય પામશે જે પ્રતાપસિંહ મહારાજે મ્લેચ્છોને કન્યા નહિ આપવાની પ્રતિજ્ઞા કરીને પોતાના અસંખ્ય વીરોને કપાવી નાખ્યા, સગા સબંધીઓ તેમજ બાળ બચ્ચાને પોતાની નજર આગળ રણભૂમિમા મરતાં દીઠા, રાજપહાડ ગુમાવી જે નરવીર જંગલ તથા પહાડોમા ભટકયા, જેણે એક વખત અન્ન પ્રાપ્ત કરવાની મુશિબતોને દઢ મને સહન કરી અને રાજકુમારો મ્લેચ્છને આપવાની ઇચ્છા સ્વપ્ને

પણ ના ધરી એજ પ્રતાપસિંહના વંશજ અંતઃકરથી પોતાને વરનારી કન્યાને પોતાના દેશશત્રુ, ધર્મશત્રુ, વિશ્વાસઘાતી, નીચ યવનોના હાથમાં જવા દે એ કદાપી બને કે ? હું વૃદ્ધ થયો છું; પરંતુ મ્હારા શરીરમાં હવે બળ નથી એમ ધારીને શ્રીમાને વિચાર્યું હશે કે વૃદ્ધ પોતાની શક્તિના જેવીજ મ્હને સમતિ આપશે; છતાં મહારાજ ! હું વૃદ્ધ થઇ ગયો છું એ સત્ય છે; પરંતુ અદ્યાપિ મ્હારી નસેનસમાં પ્રતાપી પ્રતાપની વીરગાદીનું રક્ત પ્રવાહિત થઇ રહ્યું છે. અન્નદાતા ! હું પણ આપનુંજ અન્ન ખાઉં છું તેથી આપણા ધર્મ વિરૂધ્ધના વિચાર મ્હારા મનમાં કયાંથી આવી શકે ? હું દેખાવમાં વૃદ્ધ છુ, મ્હારો દેહ વૃદ્ધ છે, પરતુ અદ્યાપિ મ્હારો આત્મા યુવાન્ છે. હવે વિલંબ કરવાનો સમય નથી. આ આવેલા માણુસને ઉત્તર લખી આપી વિદાય કરો, તથા લઢાઇની તૈયારી કરીને ત્વરાથી રાજકન્યાને પરણી લાવો. રાજહંસિણી રાજહંસને છોડી ગીધની સાથે કેવી રીતે જઇ શકે ? માટે જાઓ, જલદી જાઓ; સમય ઘણો થોડો છે ”

વૃધ્ધ કવિરાજની આવી વીરરસપૂર્ણ સમતિથી સર્વના આત્મા પ્રસન્ન થયા. રાણાજી રાજસિંહે પ્રસન્ન થઇને કહ્યું–“કવિરાજ ! તમારી બુદ્ધિમત્તાને ધન્ય છે. તમારી યોગ્ય સંમતિથી હું ઘણો પ્રસન્ન થયો છું. હું જેવા ઉત્તરની આશા રાખતો હતો તેવોજ ઉત્તર મ્હને મળ્યો છે. (સર્વ સરદારોની તરફ નજર કરીને) કવિરાજ યથાર્થ કહે છે કે હવે વિલબ કરવો ઉચિત નથી. જેમ બને તેમ ત્વરાથી રાજકુમારીને ઉદયપુરના રાજમહેલમા લાવવી જોઇએ; પરંતુ આમાં એક વિધ્ન ઉપસ્થિત થાય એવો સંભવ છે, આ

વિઘ્ન એ છે કે બાદશાહ અવશ્ય આવશે અને ઘોર સગ્રામ થશે. આની પહેલાં રાજકન્યાનો ઉધ્ધાર થઇ જાય તેમ કરવું જોઇએ. તેથી આમા તમને કયો રસ્તો સુગમ માલુમ પડે છે?"

મહારાણાજીના આ પ્રશ્નને સાંભળી સર્વ સરદારોના મુખ્ય સરદાર ચંદાવત્જીએ કહ્યુ—" અન્નદાતા ! મ્હારી તો એવી ધારણા છે કે અત્યારે સર્વ સામંત સરદારો હાજર નથી. એની વ્યવસ્થા તથા યુધ્ધની તૈયારી સર્વના આવી પહોંચ્યા પછી બીજા કોઇ સમયે કરવામા આવે અને રાઠોડજીના મનુષ્યને ઉત્તર લખી આપીને રવાના કરવામા આવે તો ઘણુ સારૂ. આપણે રામસિહજી રાઠોડના પત્રમા એમ લખી આપીશું કે જાન આવી પહોચના પૂર્વેજ વિવાહની સઘળી સામગ્રી તૈયાર રાખવામા આવે અને જરૂર પડયે ઉપયોગમા આવે માટે પોતાના બાર હજાર સૈન્યને પણ તૈયાર રાખે."

ચદાવત્ સરદારની આ યુક્તિ રાણાજી તેમજ બીજા સરદારોએ પ્રસન્ન કરી મહારાણાની આજ્ઞાથી ચંદાવત્જીએ બન્ને પત્રોના ઉત્તર લખી આપીને સ્વારને વિદાય કર્યો. જે સરદારો હાજર નહોતા તેમને માણુસો મોકલી બોલાવવાનો નિશ્ચય થયો અને ત્યાર પછી ગાન તાન થયા બાદ દરબાર ખલાસ થયો. સર્વ સામંત સરદારો ધીમે ધીમે પોત પોતાને સ્થાને ચાલ્યા ગયા.

પંચમ પરિચ્છેદ.

સલાહ.

રાત્રિનું અંધારૂં વધતું જાય છે. ઉદયપુર નગરમાં આજે ઘણાં માણુસો આમતેમ ધુમી રહ્યા છે. તેઓ અહિંના રહેવાસી હોય એમ લાગતું નથી. કોઈ કારણુસર તેઓ અત્રે આવ્યા હોય એમ ધારી શકાય છે. શુકલપક્ષની શરૂઆતનો અર્દ્ધચંદ્ર પોતાના મંદ પ્રકાશથી જગતને હસાવી રહ્યો છે; પૃથિવી ઉપર અમૃતની ધારા રેડી રહ્યો છે. અનેક તારાઓ પોતાના પ્રકાશથી રાત્રિની શોભામાં વધારો કરી રહ્યા છે. આવા સમયે ગઢના ઉપર આવેલી એક અગાસીમાં મહારાજ રાજસિંહજી આમતેમ આટા મારે છે, તેમનું પ્રશસ્ત મુખમંડળ વિચારમગ્ન જણાય છે તેઓ કોઈ સમયે ઉદયસાગરના અગાધ નિર્મળ જળરાશી તરફ જુએ છે, તો કોઇ સમયે અદ્દ્ભુત ઉત્તુંગગઢને જુએ છે. કોઇ સમયે પોતાના હૃદય પર હાથ મૂકી નક્ષત્ર તેમજ ચંદ્રમંડળથી વિભુષિત થયલા આસમાની આકાશ તરફ જુએ છે, તો કોઇ સમયે પોતાની કમરપર લટકતી તરવાર તરફ જોઇ વિચાર કરે છે આવી રીત વિચારમયી અવસ્થામાં અગાસીમા તેઓ આમ તમ ફરે છે, એવામા એક નોકરે આવી નિવેદન કર્યું કે—" મહારાજ ! સર્વ સરદારો નીચે બેઠા બેઠા આપની રાહ જુએ છે. "

નોકરનું વાક્ય સાંભળતાની સાથેજ રાણાજી નીચે ઉતર્યા. સ્વા-

મીને આવતા જોઇ સઘળા સામંત સરદારોએ ઉભા થઇ જઇ પ્રેમ તથા ભક્તિપૂર્વક તેમને માન આપ્યુ, તથા સર્વ એકસ્વરે બોલી ઉઠયા.—"મહારાજા દીર્ઘજીવી થાઓ."

મહારાજાએ પણ પોતાના પરમશુભચિંતક યોદ્ધાઓને યથાયોગ્ય સમાન આપ્યું. ત્યાર પછી તેઓ પોતાના સિંહાસન ઉપર બેઠા. તેમની સાથેજ સઘળા જાગીરદારો સભામા હાજર થઇ ગયા. સર્વ સામંત સરદારો તેમજ જાગીરદારે ને પોતાના આસન ઉપર બેસવાની રાણાજીએ આજ્ઞા કરી, અને પછીથી કહ્યુ -'વીરબંધુઓ! આજે જે કારણને લીધે તમને સર્વને એકાએક અત્રે બોલાવ્યા છે તે કારણુ એ છે કે રૂપનગરની રાજકુમારી રૂપસુંદરી સાથે બાદશાહ ઔરંગજેબ જબરદસ્તીથી વિવાહ કરવાની ઇચ્છા રાખે છે. આથી કરીને તે ચૈત્ર પૂર્ણિમાને રોજ પોતાની સઘળી તૈયારી સાથે રૂપનગર જનાર છે. આ અયોગ્ય અને રાજપૂતોના કુળને કલંક લાગે એવા સંબંધમા કુમારી રૂપવતી અને તેના કાકા રામસિંહજી રાઠોડ પ્રતિકુળ છે. કુમારીએ પત્ર લખી પોતાની રક્ષાને માટે પ્રાર્થના કરીછે, તથા અંતકરણપૂર્વક તે મ્હને પતિ માની ચુકી છે આથી કરીને તેની રક્ષા કરીને તેને પરણી લાવવી એ મ્હારૂ મુખ્ય કર્તવ્ય છે. અસહાય અબળા કે જે મ્હને પતિ ગણી ચુકી છે તેની આવા પ્રસંગે હું રક્ષા ના કરૂ તો મ્હારા કુળમા કલંક લાગે તેમ છે. હું જાણુંછું કે મેવાડના ઉપર ગમે એવું સંકટ આવી પડયું હોય છે છતાં તમે દરેક પ્રસંગે મદદ કરવા તત્પર રહો છો તો આશા રાખું છું કે આ પ્રસંગે પણ તમે તમારૂં વીરત્વ દર્શાવવામાં પાછી પ્હાની નહિજ કરો."

ત્યાર પછી રાણાએ ચંદાવતજીની તરફ દૃષ્ટી કરી કહ્યું–"ચંદાવતજી! આ ગાદીનું માન તેમજ પ્રતીષ્ઠા રાખવાનું કામ તમારૂ છે. સત્ય રીતે જો કહું તો આ ગાદી આપનીજ છે; કારણ કે આપના પ્રતાપી પૂર્વજ ચંદ્રસિંહજીએ આપના પિતાની આજ્ઞાથી આપનો અધિકાર આપના નાનાભાઇ મોકલજીને (જે નાની રાણીથી ઉત્પન્ન થયો હતો.) આપીને તેમને સિંહાસન ઉપર બેસાડયા હતા વાસ્તવિક રીતે ગાદીના અધિકારી તો જ્યેષ્ઠ પુત્ર હોવાના કારણથી તેઓ હતા. પરંતુ માત્ર પિતાની આજ્ઞાને માન આપવા માટેજ તેમણે પોતાના કનિષ્ઠ બંધુને મેવાડની ગાદી ઉપર બેસાડયા અને તેઓ તેમના જાગીરદાર બનીને મૃત્યુ સમય સુધી તેમને મદદ કરતા રહ્યા. આ પ્રમાણે તેમના સર્વ વંશની પોતાના તનમનથી આ ગાદીને મદદ કરતા આવ્યા છે. આ ઉપકારને મ્હારા પૂર્વજો કદાપિ ભૂલી ગયા નહોતા; તેમજ હું પણ ભૂલી જનાર નથી. જ્યાં સુધી મેવાડ સીસોદિયા વંશને આધીન રહેશે ત્યાં સુધી ચંદાવત્ સરદાર હમેશા તેની જમણી બાજુએ રહેશે."

ચંદાવતજી !–"મહારાજ! આ કરતા બીજો વિશેષ પુરસ્કાર મ્હારે શો જોઇએ? સ્વામી ધર્મજ અમારો તથા અમારા વંશજોનો પરંપરાથી ચાલતો આવેલો ધર્મ છે, તથા તેને અનુકૂળ ચાલવુ એજ અમારૂં મુખ્ય કર્ત્તવ્ય છે"

પછી મહારાજાએ રાઠોડ કુળકળશ જયમલના વંશજ તથા જગાવત્ કુળના સરદાર અને પોતાના કુળના બીજા સરદારોને સંબોધી કહ્યુ–"વીરનરો! મ્હે તમને જે કારણથી અત્રે બોલાવ્યા છે તે કારણ તમે જાણી ચુકયા છો. વિશેષમા કહેવાની હું જરૂર

ધારતો નથી કે મેવાડના આધારસ્તંભ તમેજ છો, તથા તેની સર્વ પ્રકારે રક્ષા કરવી એ તમારૂં કામ છે ”

મહારાણાનું અંતિમ વાક્ય સમાપ્ત થતાંજ સર્વ યોદ્ધાઓએ અતિ ઉલ્લાસથી ઉત્તર આપ્યો –‘ સ્વામી આજ્ઞાનુ પ્રતિપાલન કરવું એજ અમારૂં મુખ્ય કર્તવ્ય છે. સ્વામી આજ્ઞાને અમે શિર ઉપર ચઢાવવા સદા સર્વદા તૈયાર છીએ શ્રી એકલિંગજીની કૃપાથી અમે મરતા સુધી મેવાડની રક્ષા કરીશુ અને મરીશુ તો પણ સ્વદેશના હિતમાજ મરીશું. ”

રાજસિંહજીએ આનંદાવેશમા આવી જઇ કહ્યું.—“ બંધુવર્ગ ! મારૂં સાહસ તેમજ તમારો ઉત્સાહ જોઇ મ્હને અતિ આનંદ થયો-છે. હવે એ વિચાર કરવો જરૂરનો છે કે કેવી રીતે શી વ્યવસ્થા કરીને આપણે રાજકુમારીને લઇ આવવા જવુ ? અને કદાચ બાદ-શાહની મુલાકાત રસ્તામાજ થઇ જાય તો તેને રોકીને કેવી રીતે રાજ્યકન્યાનો ઉદ્ધાર કરવો ? ”

રાણાજીની વાત સાંભળી ચંદાવતજીએ કહ્યું કેઃ–“ મ્હારી તો એવી સલાહ છે કે આપશ્રી થોડા વીરયોદ્ધાઓને લઇને વિવાહ કરવા માટે રૂપનગર તરફ જાઓ; કારણુ ત્યાં આગળ રામસિંહ રાઠોડ પોતાનું બારહજાર સૈન્ય લઇ આપને પ્રસગ આવ્યે મદદ કરવા તૈયાર રહેશે, વળી હુ સમસ્ત સરદારોની સાથે સીસોદિયાઓને લઇને બાદશાહના દિલ્લીથી આવવાના માર્ગને અગાઉથીજ જઇને રોકું. જો બાદશાહ આવી ચઢશે તો ત્યાજ અમે તેને અટકાવી રાખીશું. હું દૃઢ પ્રતિજ્ઞા કરીને કહુ છુ કે જ્યા સુંધી આપ રાજકુમારીની સાથે વિવાહ કરી તેને ઉદયપુર નહિ લઇ આવો ત્યાં સુધી હુ ઔરંગજેબને રાજસ્થાનની જમીન સુદ્ધા જોવા દઇશ નહિ. ”

આ ઉપાય તેમજ પ્રતિજ્ઞાને સાંભળીને એકત્ર થયેલા સઘળા મનુષ્યો ચંદાવતજીની પ્રશંસા કરવા લાગ્યા યોદ્ધાઓની આનંદ ગર્જનાથી સલાહભુવન ગાજી ઉઠયું સર્વ સરદારોએ જણાવ્યું કે— " ચંદાવતજીએ જે વાત કહી છે તે ઘણી સારી છે જો એકલિંગજીની કૃપા હશે તો આપણા સર્વના મનોરથ ફળિભૂત થશે.

રાણાજીને પણ ચંદાવતની સલાહ યોગ્ય લાગી ચંદાવતજીને તેમણે સર્વ સામંત સરદારોના અધિપતિની જગ્યાએ નિયુક્ત કર્યા.

બીજે દિવસે પ્રભાતકાળે સઘળા સરદારો પોતપોતાતા સ્થાને ગયા અને પોતપોતાના સૈન્યને યુદ્ધ માટે સુસજ્જિત કરવા લાગ્યા. યુદ્ધ સામગ્રી પણ તૈયાર થવા લાગી ચંદાવતજી પણ બીજે દિવસે પોતાની રાજધાની સલુંબરામાં જઇ પહોચ્યા

ષષ્ઠ પરિચ્છેદ.

વીરબાળા.

આજે ચંદાવતજી સઘળા સૈન્ય સાથે ઉદયપુર થઇ ઔરંગઝેબ બાદશાહનો માર્ગ રોકવા જનાર છે, પરંતુ કોણ જાણે કે શાથી વીર પુરૂષ ચંદાવતજીની મુખમુદ્રા આજે ગંભીર અને કાંઇક ચિંતાતુર જણાય છે વાચકો પણ વિસ્મય પામશે કે જે નરવીર પોતાની ફરજ પોતાની જાતેજ ઉઠાવી લીધી છે, તેના મુખ ઉપર એકાએક ચિંતા કયાંથી ? પરંતુ સ્ત્રીજાતથી કયા વીર પુરૂષોનાં, કયા મહાત્માઓનું મન ડગ્યું નથી? સ્ત્રી જાતજ એવી આકર્ષણીય છે કે ગમે એવો મહાન્ પુરૂષ તેની આગળ પોતાના વીરત્વ, જ્ઞાન, ધ્યાન તેમજ માનને ભૂલી જાયછે,

તો પછી આ એક સાધરણ જાતનો સલુંબરાધિપતિ ચંદાવત્ સરદાર એ મોહિનીની માયાનો ત્યાગ કરવામા કયાથી ધૈર્ય લાવી શકે ? વળી હમણાંજ એટલે કે લગભગ ચાર પાચ દિવસથી તેઓ હાડાવશની એક સુકુમાર સ્વરૂપવતી બાળાને પરણી લાવ્યા હતા આ કન્યા હાડા વશની હોવાથી હાડી નામથી ઓળખાય છે તે એક અદ્વિતીય સુદરી છે એમ કહીએ તો કાઇ અતિશયોક્તિ જેવુ નથી આ વીરબાળા ને મૂકી ચદાવત્ સરદારનો જીવ સૈન્ય સાથે પ્રયાણ કરતા આચકો ખાય છે તેમનો યુધ્ધ ઉમગ મદ પડી ગયો છે તેમનો ઉત્સાહ દૂર જતો રહ્યો છે. ચિત્ત ચિતાતુર બની ગયુ છે રણવાદ્યો પોતાના ગંભીર અવાજથી યોધ્ધાઓમા શૂરાતન જાગૃત કરી રહ્યા. છે ચારણો તેમજ ભાટો પૂર્વજોને કીર્તીના કવિતો લલકારી રહ્યા છે ચદાવતજી પોતાના સૈન્યમા એકત્ર થયલા સૈનિકોને થોડા સમય સુધી થોભવાનુ કહી પોતાના જનાનખાનામા ગયા. હાડી પતિને સૈન્યમાથી પાછા આવેલા જોઇ ઘણ આશ્ચર્ય પામી પતિની મુખમુદ્રા જોતાજ તે સમજી ગઇ કે ગમે તેમ હોય પરંતુ પતિના મનમા કોઇ ગૂઢ ચિતા ચાલી રહી છે તેણે સ્વામીના મુખ ઉપર વિરત્વના તેજને બદલે વિષાદનુ ગાભીર્ય જોયું પતિને પોતાની છેક પાસે આવેલા જોઇ હાડીએ પ્રશ્ન કર્યો—'નાથ ! શું થયુ ? શુ કાઇ પ્રકારના અશુભ સમાચાર સાભળ્યા છે ? જેને પરિણામે આપ આટલા બધા ચિતાતુર જણાઓ છો? આપનું મુખ કેમ આમ નિસ્તેજ બની ગયુ છે ? અતિ ઉમગથી આપ ડકો વગડાવીને સૈન્યમા સિધાર્યા હતા, તે સમયે આપના મુખ ઉપર જે વીરત્વનુ તેજ પ્રકાશી રહ્યુ હતુ તે તેજ આપના મુખ ઉપર જણાતું નથી. આપ આમ હતોત્સાહ કેમ થઇ ગયા છો શું'

કોઇ શત્રુ ચઢી આવે છે ? ક્ષત્રિયો સંકટ સમયે પણ નિરાશ નહિ થતાં યુદ્ધમાં પોતાના પ્રાણ વિસર્જન કરે છે. તેઓ રણક્ષેત્રમાં પોતાની કાયા, માયા સર્વ ભૂલે છે. પ્રાણનાથ ! આપે પણ કાયા અને માયાનો ભય દૂર કરી દુશ્મનોને રગદોળી નાખવામાં શુરાતન દર્શાવવુ જોઇએ. આપ શા માટે આવા ઉદાસિન બની ગયા છો તે કૃપા ભાવે દાસીને કહેશો ?"

ચદાવતજીએ પત્નીને ગાઢ આલિંગન આપી કહ્યુ—"હા, ત્હારાથી ગુપ્ત કાંઇજ નથી તુ જે કહે છે તેમાનુ કાંઇ નથી સત્ય વાત એ છે કે રૂપનગરના રાઠોડવંશની રાજકુમારી રૂપસુંદરી સાથે મ્હારા મહારાજા સાહેબ રાજસિંહજી વિવાહ કરવા જનાર છે, તથા તેજ કુમારીને દિલ્લીનો બાદશાહ ઔરંગજેબ બળાત્કારથી લઇ જવાનો ઇરાદો રાખે છે. હવે રાજકુમારી રૂપસુંદરી રાણાજીનેજ તનમનથી પોતાના પતિ દેવતા માની ચુકી છે, તથા મલેચ્છથી પોતાનુ રક્ષણ કરવાને માટે તેણે રાણાજી ઉપર એક પ્રાર્થના પત્ર મોકલ્યો છે. આમ હોવાથી મહારાજા તેની સાથે વિવાહ કરવા જનાર છે, તથા હુ સમસ્ત મેવાડના સૈન્યને લઇ બાદશાહ ઓરંગજેબનો માર્ગ રોકવા આગ્રા તરફ જનાર છું. દિલ્લીપતિ પોતાની સેના લઇને એ રાજકન્યાને બળાત્કારથી લઇ જવાને જરૂર આવશે અને ત્યા આગળ રસ્તામાંજ ભયંકર સંગ્રામ થનાર છે. આથી કરીને હુ ત્યાંથો પાછો જીવતો જાગતો ત્હારી પાસે આવી શકું એ સર્વથા અસંભવિત છે, કારણ કે મેવાડનુ સૈન્ય યવન સૈન્ય કરતા ઘણુ થોડું છે. મ્હારે ઓરંગજેબને જ્યાં સુધી મહારાણા રાજસિંહજી રાજકન્યા રૂપસુંદરીને ઉદયપુર ઇ ના આવે ત્યાં સુધી રોકી રાખવાનો છે. મ્હે

રાણાજી તથા સઘળા સામંત મરદારોની હાજરીમા પ્રતિજ્ઞા કરી છે કે હુ જ્યાં સુધી રાણાજી કુમારીની સાથે ઉદયપુર નહિ આવી પહોંચે ત્યા સુધી અવશ્ય બાદશાહને રસ્તામાંજ રોકી રાખીશ. હું મ્હારી આ પ્રતિજ્ઞાને પૂરી તો કરી શકીશ એમાં કાંઇ શક નથી. હુ મોતથી ડરતો નથી વળી મોતનો મ્હને શોક પણ નથી: કારણુ દરેક માણુસને એક દિવસ મોતને આધીન થવુ પડવાનુંજ છે. જો હું મોતથી ડરૂ તો મ્હારી માતાની કુખમા કલંક લાગે. મ્હારા પૂર્વજ ચંદ્રસિંહજીના સ્વચ્છ નામ ઉપર પાણી ફરી જાય. આ સંસારમાં કોઇ અમર રહેતુ નથી, તેથી રણક્ષેત્રમા પ્રાણનું બળિદાન આપવું એના જેવી ઉત્તમ વાત ક્ષત્રિયોને માટે બીજી એક પણ નથી. મ્હને જે ચિંતા થાય છે તે માત્ર ત્હારા સંબંધીજ થાયછે. તુ કાલેજ વિવાહથી બધાઇને આવી છે અને ત્હારૂં મોત પણ સમીપ આવી પહોંચ્યું છે; કારણુ ક્ષત્રિયાણીઓજ જ્યારે સતી થાયછે ત્યારેજ તેમના કુળની કીર્તિમા વધારો થાય છે ત્હેં સંસાર સુખનું સ્વપ્ન સુદ્ધા જોયુ નથી તો પછી કેવી રીતે તુ મ્હારા મૃત્યુ પાછળ સતી થવાની હિંમત કરી શકીશ ? આ વિચારથીજ મ્હારૂ ચિત્ત ચિંતાતુર બની ગયું છે—આત્મા આકુળ વ્યાકુળ થઇ રહ્યો છે.”

પતિની ચિંતા પોતાના સંબંધીજ છે એમ જાણવામા આવતાં હાડીજીએ ઘણી ગંભીરતાથી કહ્યુ –“નાથ ! શા માટે આશંકા ધરાવો છો ? જે પ્રમાણે આપ આપના ધર્મને જાણો છો તે પ્રમાણે હુ પણ મ્હારો સ્ત્રીધર્મ બરાબર જાણું છું જો આપ શત્રુ સૈન્યનો સહાર કરી વિજય પામશો તો એથી વિશેષ આ સંસારમા બીજું

કોઇ સુખ મ્હારે માટે હોય એમ હું ધારતી નથી, પરંતુ ના કરે નારાયણ ને કાંઇ અનિષ્ટ પ્રસંગ આવશે તો હુ મ્હારા કર્ત્તવ્યથા મહજ પણ વિમુખ થઇશ નહિ એ નિશ્ચયપૂર્વક જાણજો માટે મહારાજ ! મ્હારી ચિંતાને દૂર કરો અને દુષ્ટોનો પરાજય કરવા પરવરો, કોઇ પણ મુખ્ય કાર્ય કરવા જતી વખતે અથવા તો યુદ્ધમાં જતી વખતે સાંસારિક સુખોનો વિચાર કરવો યા તો માયાવી માયામાં લપટાવું એ વીર પુરૂષને યોગ્ય નથી શ્રી એકલિંગજીનુ ધ્યાન ધરી આપ સિધારો. હુ પણ આપને અંતઃકરણપૂર્વક અભિનંદન આપુ છું જાઓ, કર્ત્તવ્ય બજાવવામા વિલંબ ના કરો, મ્હારી ચિંતા દૂર કરો. પતિ એજ નારીનું જીવન છે—નારીના પરમેશ્વર છે; તો પછી પતિ વિના નારી એક ક્ષણ પણ જીવી શકશે નહિ તેની ખાત્રી રાખજો. શ્રી એકલિંગજી તમને વિજયમાળા આરોપે એજ મ્હારી પ્રાર્થના છે ''

ચંદાવતજીને પોતાની પત્નીના વચનોથી ઘણોખરો સંતોષ થયો; પરંતુ ચિંતા એવી નથી કે તે મનુષ્યના હૃદયમાથી ત્વરાથી ચાલી જાય આવીજ દશા ચંદાવતજીની થઇ પત્ની સંબંધી તેમના મનમાં જે ચિંતા થઇ હતી તેને દૂર કરવા તેઓ અસમર્થ થયા તેમના મુખ ઉપર ચિંતાની જે છાયા દેખાતી હતી તે બિલકુલ દૂર થઈ નહિ હાડીજી પાસેથી વિદાય થતી વખતે તેઓ વારવાર હાડીજી તરફ પાછા ફરી દૃષ્ટિ કરવા લાગ્યા હાડીજીએ પતિની અવસ્થાનો વિચાર કરી પુનઃ કહ્યુ —'' મહારાજ ! બીજી કોઇ પણ વાત મનમા નહિ રાખતા માત્ર યુદ્ધનોજ વિચાર કરો. આ સમયે આપને મહારાણાજીના કાર્ય ઉપર ધ્યાન આપવુ જોઇએ. આપ જે

પ્રતાપી સીસોદિયા વંશમા ઉત્પન્ન થયા છો એ વંશનો ધર્મ સારી રીને જાણો છો. આથી કરીને વિજય કામનાથી યુદ્ધમાં પ્રવૃત થઇને શત્રુઓ સંહાર કરવા તરફ ધ્યાન આપો અને વિજય મેળવી સુખરૂપ પાછા પધારો. "

ચંદાવતજીએ કહ્યું :" પ્રિયે ! યુદ્ધમા વિજય કરી સુખરૂપ પાછા આવવાની આશા ઘણી થોડી છે, પરંતુ રણમા શત્રુઓને પીઠ દેખાડીને જીવતા આવવાનુ મ્હારાથી કાળાતરે પણ બની શકે તેમ નથી. આથી કરીને મ્હારૂં મોત થશેજ એમાં કાઇ સંદેહ નથી. મ્હારી અને ત્હારી આ છેલ્લી મુલાકાત છે. તું વીર અને શુદ્ધ હાડાવંશની કન્યા છે. તું ચતુર છે; માટે જો હું મરી જાઉ તો મ્હારી પાછળ આપણી લાજ રાખજે, આપણી પ્રતિષ્ઠાનું રક્ષણ કરજે. "

હાડીજીએ ઉત્તર આપ્યો-" આપને મ્હેં ઘણું કહ્યું છતાં આપ મ્હારી ચિંતાને દૂર કરી શકતા નથી. આપ મ્હારા ઉપર ભરોસો રાખી આપના કર્ત્તવ્ય પ્રત્યે ધ્યાન આપો. મ્હેં જે કહ્યું છે તેને શીલાલેખ સમાન સ્હમજી રાખજો હુ મ્હારા ધર્મને પાળવામા એક ક્ષણનો પણ વિલંબ કરીશ નહિ. "

હાડીજી પાસેથી વારંવાર પોતાના ધર્મની રક્ષા કરવાનું વચન લઇ સલુંબરાધિપતિ ગઢની બ્હાર નીકળયા અને સાહસનો સંચય કરી સૈન્યમા જવાની ઇચ્છાથી ઘોડેસ્વાર થયા આમ છતાં તેમના મન માની ચિંતા દૂર થઇ નહિ. વિચારના તરંગોથી તેમનું મન આકુળ વ્યાકુળ થઈ રહ્યુ છે. હાડીજીએ વચન આપવા છતાં તેના શબ્દો તરફ તેના વચન તરફ તેમને વિશ્વાસ બેસતો નથી. તેમના મનમાં એવો વિચાર આવ્યા કરતો હતો કે:-" મ્હારા મૃત્યુ પછી આવા

રાજપાટનો વૈભવ છોડી દઇ મ્હારી પત્ની સતી થશે કે નહિ ? જે અબળાઓની રક્ષા કરવાને માટે અમારા કુળના અસખ્ય વીરોએ પોતાના પ્રાણને ઉત્સર્ગ કર્યા છે એ રક્ષણ થયલી લાજ તેમજ પ્રતિષ્ઠાને મ્હારી પાછળ હાડીજી સસારસુખની તૃષ્ણાથી બચાવી શકશે કે નહિ ?"

આવા પ્રકારના વિચારથી ચંદાવતજીનું મન ઘણું અસ્વસ્થ થઇ ગયું. તેઓ વિચારમગ્ન અવસ્થામાંજ એકત્રિત થયલા સૈનિકો પાસે જઇ પહોંચ્યા. સૈનિકોએ ચંદાવતજીને આવી પહોએલા જોઈ ગંભીર ગર્જનાથી સમસ્ત પહાડ તથા જંગલને ગજવી મૂકયું.

પોતાના સૈનિકોનો ઉત્સાહ જોઇ ચંદાવતજીને પોતાના કાર્યનો ખ્યાલ થઇ આવ્યો પોતે કરેલા વિલંબ માટે મનમાને મનમાં પસ્તાવો કરીને તેઓએ સૈન્યને આગળ વધવાનો હુકમ કર્યો. તમની આજ્ઞા થતાંજ ડણડકો વાગવા લાગ્યો, તથા સઘળા સૈનિક અતિ આનંદ તેમજ ઉલ્લાસથી આગળ વધવા લાગ્યા.

ચદાવતજીએ પ્રયાણ કરતી વખતે પોતાની પત્નીને તેનાં વચનો ઉપર દઢ રહેવાનુ કહેવાને માટે પોતાના એક નોકરને મોકલ્યો. તથા તેની સાથે કહેવડાવ્યું કે –' તું ત્હારો ધર્મ ભૂલી જઇશ નહિ." નોકર દોડતો દોડતો હાડીજી પાસે ગયો. તથા ચદાવતજીનું વચન કહી સંભળાવ્યું. નોકર મારફત મળેલો સંદેશો સાંભળતાંજ હાડી રાણી વિચારવા લાગી કે:—" સ્વામીનું ચિત્ત અદ્યાપિ મ્હારા તરફના વિચારોને દૂર કરી શકયું નથી. મ્હેં તેમને વારવાર કહ્યુ, તેમની આગળ પ્રતિજ્ઞા લીધી તો પણ તેમના મનનો સદેહ દૂર થતો નથી, જ્યારે આ પ્રમાણે આવા કટાકટીને સમયે તેમનું ચિત્ત સ્વકર્તવ્ય

તરફ નહિ લાગતાં મ્હારામાંજ લાગેલું છે તો પછી તેઓ લઢાઇમાં કાંઇ પરાક્રમ કરી શકશે નહિ; તથા રાણાજીનું કાર્ય વિફળ થવાના કારણરૂપ હુંજ થઇ પડીશ, હવે આ પ્રસમયે મ્હારે મ્હારૂં છેવટનું કર્ત્તવ્ય બજાવ્યા સિવાય છુટકો નથી. હું હવે મ્હારા ધર્મનું પ્રતિપાલન કરી પતિની ચિંતાને દૂર કરવા માટેનો જે એક ઉપાય અવશેષ રહ્યો છે તે આદરીશ અને સ્વર્ગના દેવલોકને વરીશ."

આવો વિચાર કરી હાડી રાણીએ આવેલા નોકરને કહ્યું:-"તને એક પત્ર લખી આપું છું તે મ્હારા સ્વામીને આપજે, તથા તેમને મ્હારાં વચનોની ખાત્રી થવા માટે મ્હારૂં મસ્તક પણ આપું છું કે જેથી કરીને તેમની ચિંતા દૂર થાય."

હાડી રાણીના વચનો સાંભળી નોકર આશ્ચર્ય પામી તેના તરફ સ્થિર દૃષ્ટિથી જોઇ રહ્યો. હાડી રાણીએ ત્વરાથી લખવાની સામગ્રી એકત્ર કરી એક પત્ર લખ્યો, તથા એ પત્રને નોકરના હાથમા આપ્યા પછી એક તીક્ષ્ણ તરવારને મ્યાનમાંથી બ્હાર કાઢી પોતાની ગરદન ઉપર ફેરવી દીધી. પછી શું ? તરતજ મસ્તક ધડથી જૂદુ થઇ પડયુ. હાડી રાણીની સુંદર પ્રતિમાએ પોતાની આલોકની લીલાને સમાપ્ત કરી. તેનો નિર્જીવ દેહ જમીન પર પડયો રહ્યો. લોહીની ધારાઓથી આખો ઓરડો ભરાઇ ગયો. નોકર પત્થરના પુતળા પ્રમાણે ઉભો રહીને આ વિચિત્ર દેખાવ જોઇને અવાક બની ગયો. પછીથી ચિંતાતુર ચિત્તે હાડીરાણીનું મસ્તક લઇને મહેલમાંથી નીચે ઉતર્યો અને પોતાના સ્વામી પાસે જઇ પહોંચ્યો. ત્યાર પછી કાંઇક શાંત થતાં તેણે સમસ્ત હકીરત ચંદાવતજીને કહી સંભળાવી, તથા તે સાથે હાડીરાણીનું મસ્તક અને પત્ર પણ ચંદાવતના હાથમાં મૂકયાં. પત્રમાં નીચે પ્રમાણે હકીકત લખેલી હતી:-

" પ્રાણનાથ !

આપ જે પ્રતાપી સીસોદિયા વંશમાં ઉત્પન્ન થયા છો તેની પ્રતિષ્ઠા તેમજ ગૌરવને સારી રીતે જાણો છો. જેવી રીતે આપના પ્રતાપી પૂર્વજો પોતાના ધર્મનું પ્રતિપાલન કરતાં કરતાં આ નશ્વર માનવ જગતમાં પોતાની કીર્તિપતાકાને સ્થિર કરી ગયા છે. તથા જેવા રીતે તેમણે પોતાની ગૌરવરક્ષા, સ્વદેશરક્ષા તેમજ સ્વામીસેવાની રક્ષા કરવામાં પોતાનુ તેમજ પોતાના કુટુબનુ રણભૂમિમા બળિદાન આપ્યું છે તેને આપ સારી રીતે જાણો છો, છતા આપ આપના કુળની મર્યાદા વિરૂદ્ધ મ્હારે માટે વિચાર કરી રહ્યા છો તે વિચાર દૂર થતાં સ્વામીસેવાનું કાર્ય આપ નિશ્ચિંત્ત મને કરી શકો એ હેતુથીજ મ્હેં મ્હારો છેવટનો યત્ન આદર્યો છે. મ્હેં આપને મ્હારા ધર્મ ઉપર ચાલવાનુ વચન આપ્યું હતુ. પરંતુ એથી કરીને પણ આપને સંતોષ થયો નહિ, તેમજ આપની ચિંતા દૂર થઇ નહિ તેથીજ મ્હારે મ્હારો ધર્મ પ્રથમથીજ બજાવવો પડયો છે. આપ મ્હારી ચિંતા કરતા કરતા દુશ્મનો સાથે લઢી મરો અને હું રાજમહેલમાં બેઠી બેઠી સુખ ભોગવું એ મ્હારાથી કેવી રીતે બની શકે ? આથી કરીને હુ મ્હારી પ્રતિજ્ઞા પ્રમાણે આપની પહેલાંજ સતી થાઉં છુ, કે જેથી કરીને આપને આપનું કર્ત્તવ્ય બજાવતી વખતે મ્હારા તરફની બિલકુલ ચિંતા રહે નહિ. હવે આપને સ્વામીસેવા બજાવતા બજાવતાં જો મરણને શરણ થવુ પડે તો પણ બિલકુલ કષ્ટ થશે નહિ. આ દાસી સ્વર્ગમા આપની સેવામા સદા સર્વદા તૈયાર રહેવાને માટે પ્રથમથીજ જાય છે, માટે મ્હારી કોઇ પણ પ્રકારની ચિંતા કરશો નહિ. જો મ્હારા મરણનો શોક કરો તો

આપને મ્હારા સોગન છે. જો આ કાર્યમાં મ્હારો કાંઇ અપરાધ થયો હોય તો આપ ઉદાર અંતઃકરણથી ક્ષમા કરજો. એજ અંતિમ પ્રાર્થના. પ્રણામ ! સ્વર્ગમિલન ! !

લી૦ આપના ચરણોની દાસી.

" વીરબાળા ".

પત્રને વાચી રહ્યા પછી ચંદાવતજીએ અતિ આનંદથી પોતાની પ્રિય પત્નીનુ મસ્તક પોતાની છાતી ઉપર લટકતું રાખ્યું. જેવી રીતે મૃગરાજ બંધનમાં પડી જવાથી અત્યંત વ્યાકુળ બની જાય છે, તથા મુક્ત થઇ ગયા પછી પ્રસન્નતાપૂર્વક પોતાના નિવાસ તરફ દોડે છે તે પ્રમાણે ચંદાવતજી પણ ઘણા આનંદથી સઘળા સૈન્યની આગળ જઇ પહોંચ્યા. તેમના સર્વાંગ પર પુનઃ પૂર્વ પ્રમાણે વીરત્વ દેખાવા લાગ્યું. ગંભીર ગર્જનાથી તેમણે યોદ્ધાઓને ત્વરાથી આગળ વધવાની આજ્ઞા કરી સકળ સૈનિકો પોતાના મુખ્ય સેનાપતિની વીરત્વદર્શક મુખમુદ્રા જોઇ આનંદથી આગળ વધવા લાગ્યા. ચંદાવતજી પોતાના તેજી ઘોડાને ત્વરાથી દોડાવતા સૈન્યની આગળ ચાલવા લાગ્યા ક્રોધથી તેમનાં બન્ને નેત્રો લાલચોળ બની ગયા છે હૃદય ઉપર રાણીનું ચંદ્રમાની માફક હસતું મુખમંડળ લટકી રહ્યું છે.

આવી રીતે સલુંબરાધિપતિ વીર ચંદાવતજીની સાથે સાથે સઘળું સૈન્ય ઉદયપુર તરફ જવા લાગ્યું.

સપ્તમ પરિચ્છેદ.

પ્રયાણ.

આજે ઉદયપુરના વિશાળ દુર્ગની શોભાની સીમા નથી. આ દુર્ગના સર્વોચ્ચ શિખર ઉપર રાજપૂતોની કીર્તિ પતાકા આકાશ સાથે વાત કરી રહી છે. આખા ઉદયપુરમાં સર્વત્ર રંગબેરંગી તોરણો ઝૂલી રહેલા જણાય છે. રાજમહાલયના પ્રત્યેક ઓરડાને અસંખ્ય કિંમતી વસ્તુઓથી શણુગારવામા આવ્યો છે. આખા નગરમાં મનુષ્યોની મેદિની થઈ રહી છે. ઘેર ઘેર દ્વાર ઉપર તોરણો લટકી રહ્યાં છે. અનેક સ્ત્રીઓ મંગળગીતોથી આકાશને ગજવી રહી છે. ગઢમાંથી અસંખ્ય નોકરો બ્હાર નીકળે છે અને અંદર જાય છે. આજે મહારાણા રાજસિંહજી રૂપનગરની રાજકન્યા રૂપસુંદરી સાથે વિવાહ કરવા જનાર છે. આથી કરીનેજ આજે સર્વત્ર આનંદ ફેલાઈ રહ્યો છે.

નગરની બ્હાર મેદાનમાં અસંખ્ય સેનાઓના સિપાહીઓ છાવણીઓ નાખી પડયા છે. મેવાડના સઘળા જાગીરદારો આજે ઉદયપુરમા ઉપસ્થિત થયા છે. કોઇ બે હજાર તો કોઇ ચાર હજાર સૈન્ય લઇ પોતાના રાણાને સહાય કરવા આવ્યા છે. આ દરેક સેનાની છાવણી જૂદી જૂદી છે. આ દરેક છાવણીઓની વચ્ચે વચ્ચે એક એક મ્હોટો તંબુ ઠોકવામાં આવ્યો છે; એ દરેક છાવણીના સેનાપતિને માટે છે. એ તંબુઓ ઉપર ભિન્ન ભિન્ન પ્રકારની અનેક પતાકાઓ ઉડતી જણાય છે. ચદ્દાવતજી પણ પોતાના વિશાળ સૈન્ય સાથે એક બાજુએ પડયા છે. ચારે બાજુએથી વિજયડંકો વાગી

રહ્યા છે. તે સાથે યોદ્ધાઓના કોલાહલનો અવાજ સાંભળવામાં આવે છે. પ્રભાતસૂર્યનાં તેજસ્વી કિરણો પ્રકાશ ફેલાવી રહ્યાં છે, તથા પ્રાત:કાળના શીતળવાયુના સ્પર્શથી રાજપૂતોની સુંદર પતાકાઓ ઉડી રહી છે. સંસારને આશ્ચર્ય પમાડે એવા આ રાજપૂત વીર સમારોહે આજે ઉદયપુરને માનવસમુદ્ર બનાવી મૂક્યું છે. રણવાદ્યોની સાથે સાથે મંગળવાદ્યો અને મંગળગીતોની સાથે વીરરસનાં ગીતો સમુદ્રની લહરિયો માફક ઉછળી રહ્યાં છે.

સર્વ સેનાપતિઓ પોતપોતાના યોદ્ધાઓને તૈયાર કરીને મહારાણાની રાહ જોઇ રહ્યા છે. વિના વિલંબે મહારાણા રાજસિંહજી અમૂલ્ય વસ્ત્રો પહેરી એક સુસજ્જિત તેજી અશ્વ પર સ્વાર થઇ બ્હાર આવ્યા. તેમને જોતાંજ સર્વ સેનાએ પોતાનાં અસ્ત્રો નમાવ્યાં અને અતિ ઉત્સાહથી 'મેવાડનાથનો જય' એવી ગર્જના કરી. અસ્ત્રોના ખડખડાટને તેમજ યોદ્ધાઓના જયધ્વનિનો ચારે દિશાએથી વારંવાર પડઘો પડવા લાગ્યો. સઘળું સૈન્ય મહારાજા રાજસિંહજીની આસપાસ ફરી વળ્યું. ભાટ ચારણો ઉત્સાહ વધારે એવાં કવિતો ઉચ્ચ સ્વરે લલકારવા લાગ્યા. કવિતો પૂર્ણ થયા પછી રાણાજી રાજસિંહે પોતાના સરદારો તરફ નજર કરી કહ્યું.—'સ્વામીભક્તો! હવે વિના કારણ વિલંબ કરવો વ્યાજબી નથી. દેવીની પૂજા કરવાની સામગ્રી તૈયાર છે. હવે આપણે દેવી પાસેથી પ્રયાણ કરવાની રજા લેવી જોઇએ.'†

† પૂર્વે મેવાડ યા તો સઘળા ક્ષત્રિયોમા એવો રિવાજ હતો કે કોઈ પણ કાર્યની શરૂઆત વખતે અગર તો યુદ્ધમાં જતી વખતે દેવીની પૂજા કરવામાં આવતી હતી. હજુ પણ કેટલેક સ્થળે આ રિવાજ ચાલુ છે.

આમ કહી રાણાજીએ પોતાના અશ્વને આગળ કર્યો. તેમની પાછળ સઘળા સરદારો પોતપોતાના સૈન્ય સાથે ચાલવા લાગ્યા. સર્વ લોકો વિસ્તિર્ણ મેદાનનો ત્યાગ કરી એક પહાડ પાસે જઇ પહોચ્યા. આ પહાડ ઉપર મેવાડની પરાપૂર્વથી પૂજાતી આવેલી કરાલાદેવીનું મંદિર છે. મહારાણા સર્વ સરદારો સાથે ત્યાંજ આગળ ઘોડા ઉપરથી ઉતર્યા તથા દેવીની સમીપ જઇ પહોંચ્યા. ત્યા આગળ પૂજાની સામગ્રી આગળથી તૈયાર રાખવામા આવી હતી પૂજારીઓએ રાણાના આવ્યા પછી પૂજાની શરૂઆત કરી. બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરતા કરતા હવન કરી રહ્યા છે, અગ્નિની જ્વાળા સળગી રહી છે. મહારાણા તેમજ બીજા સરદારો ઉભા રહીને ભક્તિપૂર્ણ હૃદયે દેવીની પ્રાર્થના કરી રહ્યા છે. સકળ સૈનિકો ભક્તિભાવથી જયનાદ કરી રહ્યા છે.

પૂજા સમાપ્ત થઇ. એક પૂજારીએ દેવીની તરવાર ઉપરથી સિંદુર ઉતારીને રાણાની તરવાર પર ચોપડયું ત્યાર પછી સર્વ સેનાપતિઓના મસ્તક પર તેમજ તરવારો પર દેવીની તરવારનુ સિંદુર લગાવવામા આવ્યુ. આ કાર્ય થઇ ગયા પછી પૂજારીએ રાણાજી તરફ નજર કરી કહ્યું—"ધર્માવતાર ! આજની પૂજાને માતાએ અતિ પ્રેમથી ગ્રહણ કરી છે. જગદંબા આપના પર પ્રસન્ન છે આપના મનોરથ સફળ થશે."

આ પૂજારીના વચનો સાભળતાજ રાણાજી તેમજ સકળ સરદારો અતિ પ્રસન્ન થયા. તેઓ સઘળા દેવીને પ્રણામ કરી મહારાજાની પાછળ પાછળ પહાડ પરથી નીચે ઉતર્યા.

ધીમે ધીમે મહારાણા રાજસિંહ સાથે સઘળા સરદારો અને સૈન્ય પૂર્વે દર્શાવેલા મેદાનમાં આવી પહોંચ્યુ. મહારાણાની સાથે

રૂપનગર જવાને માટે બે હજાર ઘોડેસ્વાર પ્રથમથીજ નિયુક્ત કરવામા આવ્યા હતા, તેઓ રાણાજીની પાસે ઉપસ્થિત થઇ ગયા. મેવાડનો પ્રબળ યુદ્ધ ડકો વાગવા લાગ્યો યોદ્ધાઓ નિર્નિમેષ નયને રાણાજીની તરફ જોવા લાગ્યા રાણાજીએ પોતાના સૈનિકો તરફ દષ્ટિ કરી ગંભીરતાથી તેમજ ઉત્સાહથી કહ્યુ—"મ્હારા શૂરવીર યોદ્ધાઓ ! આજે તમે સઘળા જે હેતુથી અત્રે એકત્રિત થયા છો એ હેતુ પર તમારા કુળની લાજ તેમજ પ્રતિષ્ઠાનો આધાર છે સીસોદિયાઓ અનેક વિપત્તિઓ આવી પડવા છતા ગભરાતા નથી વળી તમે પણ આપણા વંશ પરંપરાના ધર્મને સારી રીતે જાણો છો. તમારે હવે વિના વિલબે ઔરંગજેબ બાદશાહની સામે થવુ પડશે જો કે તમારી સખ્યા મ્લેચ્છ સૈન્ય કરતા થોડી છે ,પરતુ એથી કોઇ પણ પ્રકારે હિંમત હારી જવા જેવું નથી. એક સિહનુ બચ્ચું હજારો બકરાઓને ગભરાવી નાખે છે આજે તમારા સર્વના સેનાપતિ સલુબરાધિપતિ વીર ચદાવતજી છે તેમની પ્રતિજ્ઞાનુ રક્ષણ થવાનો આધાર તમારા સર્વના ઉપર અવલબીને રહેલો છે માટે મ્હારા વ્હાલા બધુઓ ! સર્વ હૃદય સાથે એવીજ પ્રતિજ્ઞા કરજો કે—

"પ્રાણ જાય તો જાય આ, રહ્યુ ચિત્તોડવશ,
રણક્ષેત્રમા ભીષ્મ થઇ, કરૂ મ્લેચ્છનો ધ્વશ"

હવે આ કરતા તમને વિશેષ કાઇ કહેવાની હુ જરૂર ધારતો નથી, કારણ તમે વીરપુરુષો છે શત્રુઓને તમારી તલવારનો સ્વાદ ચખાડવાનુ તમે જન્મથીજ શીખ્યા છો સ્વામી ધર્મને તમે સારી રીતે જાણો છો "

મહારાણાના વચનો પૂર્ણ થતાની સાથેજ સઘળા સૈનિકો અતિ ઉત્સાહથી તેમજ ઉમગથી પોકાર કરી ઉઠયા કે—"કરાલાદેવીની

જય," "મેવાડનો જય," "મહારાણા રાજસિંહજીનો જય."

ત્યાર પછી વિશેષ વખત વ્યતીત નહિ કરતાં રાણાજી રાજસિંહ પોતાની સાથે બે હજાર રણકુશળ ઘોડેસ્વારોને લઇ રૂપનગર તરફ જવા નીકળી પડયા. ત્યાર પછી પચાસહજાર યોદ્ધાઓનુ રાજપૂત સૈન્ય ચન્દ્રાવતજીની આજ્ઞામા પૃથ્વીને કંપાયમાન કરતું આગળ વધવા લાગ્યું. બપોરનો વખત થયો છે. પક્ષીઓ વૃક્ષો ઉપર બેસીને વસતગાન કરી રહ્યા છે. વૃક્ષોની કુમળી કુપળોએ સૂર્યના કિરણોથી કમનીય શોભા ધારણ કરી છે. પ્રાતઃકાળના પવનથી સૈન્યનો ઝુંડો ઉડી રહ્યો છે

વસંતઋતુની સુદર શોભા નયનોને આનંદ પમાડે છે. વનની આવી કમનીય સુદરતાનુ દર્શન કરતી કરતી સેના આગળ વધે છે યુધ્ધના વાદ્યોના અવાજથી તેમજ સૈનિકોના પગરવથી જગલની નિસ્તબ્ધતા દૂર થઇ ગઇ છે કોઇ કોઇ સ્થળે પહાડોની વચ્ચે સુદર સરોવર છે, જેનુ પાણી એવુ સ્વચ્છ છે કે તેની નીચેની જમીન સ્પષ્ટ રીતે દેખાઇ આવે છે, તથા તેનું જળ પણ ઘણું મીઠુ અને નિર્મળ છે.

આવા પ્રકારના જગલ માર્ગને વટાવી રાજપૂત સૈન્ય પોતાને ધારેલે સ્થળે જઇ પહોચ્યુ

અષ્ટમ પરિચ્છેદ.

શુભવિવાહ.

હવે આપણે રાણા રાજસિહજી તરફ નજર કરીશુ. તેઓ રાજકન્યા રૂપસુદરી સાથે વિવાહ કરવાને માટે રૂપનગર તરફ વિદાય થયા. પાઠક! આ સમય વિચિત્ર છે. એક તરફ જ્યારે સગ્રામની

તૈયારીઓ ચાલી રહી છે ત્યારે બીજી તરફ શુભવિવાહની ધામધુમ ચાલી રહી છે.

આજે રૂપનગરમા વિવાહની સઘળી તૈયારી થઇ રહી છે. રામસિંહજી પોતાના બાર હજાર સૈન્ય સાથે રૂપનગરમાં ઉપસ્થિત થયા છે, તથા વિવાહ સામગ્રી તૈયાર કરાવી રહ્યા છે. નગરમા જ્યાં જોઇએ ત્યાં આનંદ આનંદ નજરે પડે છે. પ્રત્યેક સ્થળે અસખ્ય મનુષ્યો એકત્ર થયલાં જણાય છે. કેટલેક સ્થળે જાનૈયાઓના નિવાસ સ્થાનની વ્યવસ્થા કરવામા આવે છે જે દિવસથી મહારાણા રાજસિંહજી તરફથી વિવાહ સંમતિ સબંધીનો ઉત્તર આવ્યો છે તે દિવસથી રૂપનગરમાં અસાધારણ આનદ ફેલાઇ રહ્યો છે પૂર્વે રામસિહ રાઠોડની રાણા રાજસિંહજી તરફ જે શ્રધ્ધા તથા ભક્તિ હતી તે હમણા સહસ્ત્રધા વધી ગઇ છે.

આજે પૂર્ણિમાનો દિવસ છે આજેજ વિવાહનું મુહૂર્ત છે. આજે મહારાણા રાજસિંહ રૂપનગર આવનાર છે. રૂપનગરના સર્વે મનુષ્યો તેમના દર્શન કરવાને માટે ઘણા ઉત્સુક થઇ રહ્યા છે. રાજમહેલમા દાસદાસીઓની દોડાદોડ ચાલી રહી છે. આજે રૂપવતીના રાજમહેલની કમનીય શોભા જોતાંજ મન વિહ્વળ બની જાય છે. કુમારી રૂપસુદરી પોતાના સખી મડળની વચ્ચે બેઠી બેઠી આનદ સાગરમાં સ્નાન કરી રહી છે. તેના મુખ ઉપર હાસ્યની રેખાઓ ફુટી નીકળી છે તે વિચાર કરે છે કે –" આજે હિંદુપતિ મ્હને પોતાની અર્ધાંગના બનાવશે, આજે હું નિર્ભાગીને તેઓ સૌભાગ્યવતી બનાવશે, હુ અનાથિનીનો હાથ પકડી મ્હને સનાથ કરશે "

આવા પ્રકારના અસખ્ય વિચારો રાજકુમારીના મનમાં વિહાર

કરી રહ્યા છે. આજે આ અદ્વિતીય સુંદરીએ પોતાની સુંદરતાથી સંસારને વિમોહિત કરવાનો નિશ્ચય કર્યો હોય એમ લાગે છે. યૌવન અવસ્થાનું અતુલ સાૈંદર્ય તેના અંગ પ્રત્યંગમાંથી ઉછળી રહ્યું છે. કિંમતી ચોળીમાં છુપાઇ રહેલાં પયોધરો પોતાને છુપાવવાનો યત્ન કરવા જતાં હારી જતાં હોય એમ જણાય છે. કાળો કેશકલાપ નાગદેવતાની ફણા પ્રમાણે પીઠ પર ઝુલી રહ્યો છે. આજે સખી મંડળે રાજકન્યાને સોળે શૃંગારથી સુસજ્જિત કરી છે, તથા તેઓ તેની પાસે બેસી વાર્તાવિનોદ કર્યા કરે છે

ધીમે ધીમે સાયંકાળનો સમય થયો સૂર્ય ભગવાન્ અસ્તાચળ તરફ ઉતરી પડવાની તૈયારી કરવા લાગ્યા આખા દિવસના તાપથી થાકી ગયલા પખીઓ સંધ્યા સમયના શીતળ પવનનો આસ્વાદ લેવા આકાશમાં આમ તેમ ઉડતા જણાય છે આવા સમયે રામસિંહ રાઠોડે રવાના કરેલા માણસોમાંથી એક આવીને કહ્યું –" મહારાણા રાજસિંહજી બે હજાર ઘોડેસ્વારો સાથે આવી પહોચ્યા છે. હવે તેઓ અત્રેથી વિશેષ દૂર નથી."

આ શુભ સમાચારથી રામસિંહજીના આનંદની સીમા રહી નહિ અતિ ઉત્સાહથી મંગળસૂચક વાદ્યો વાગવા લાગ્યા રામસિંહજી પોતાના સૈન્ય સાથ ઘણીજ ધામધુમથી રાણા રાજસિંહજીને તેડી લાવવા રૂપનગરની બહાર નીકળી પડયો રાણા રાજસિંહજી પણ પોતાના સૈન્ય સાથે રૂપનગરની ઘણે પાસે આવી પહોચ્યા હતા, તેથી રામસિંહજીને દૂર જવું પડ્યું નહિ રસ્તાથીજ બન્ને પક્ષનું આનંદ મિલન થયું જાનૈયાઓનો સત્કાર કરી તેમની સંગે રામસિંહજી પાછા રૂપનગરમાં આવી પહોચ્યા અને મહારાણા તથા જાનૈયાઓના

નિવાસ માટે પોતાનાથી બની શકે તેવી ઉત્તમ વ્યવસ્થા કરી આપી. જ્યારે રૂપનગરના મનુષ્યોની જાણમાં એમ આવ્યું કે સઘળું રાજપૂત સૈન્ય લઇ સલુંબરાધિપતિ વીર ચંદાવતજી ઔરંગજેબ બાદશાહનો માર્ગ રોકવા ગયા છે, ત્યારે સર્વના આનંદની સીમા રહીજ નહિ.

રાત્રે જ્યારે વિવાહનો સમય થયો ત્યારે રામસિંહે કન્યાદાન સમયે અતિ પ્રેમ તથા ઉમંગથી રૂપવતી રાણા રાજસિંહને અર્પણ કરી. પાઠક ! એ સમયની અવર્ણનીય શોભા તથા સ્વજન પરિજનોના સ્નેહનુ દિગ્દર્શન કરાવવા માટે અમારી આ ક્ષુદ્ર લેખિની અસમર્થ છે. પ્રિય પાઠક ! જે કુમારીને આપણે પ્રથમ પરિચ્છેદમાં એક અનાથિની તરીકે ઓળખી હતી તેજ સુરૂપા, અદ્વિતીય સુંદરી આજે ક્ષત્રિયકુળશિરોમણિ મહારાણા રાજસિંહની રાણી બની છે. તેણે આજે ઉદયપુરના મહારાજાધિરાજની પાસે બેસવાનો અધિકાર પ્રાપ્ત કર્યો છે. ધન્ય છે ! કાળની અકળ ગતિને ધન્ય છે !

મહા આનંદમા અને ઘણીજ ધામધુમમાં આ મંગળ વિવાહનું કાર્ય સમાપ્ત થયુ. પ્રાત:કાળ સુધી રાણાજી રાજસિંહજીને રૂપનગરમા રોકવાનું રામસિંહજીએ ઉચિત ધાર્યું નહિ તેથી તેણે રાત્રેને રાત્રે તેમને પોતાની પુત્રી સમાન ભત્રિજી સાથે માનસહિત વિદાય કર્યા. રાજસિંહજી પોતાની નવી રાણી સાથે કોઇ પણ પ્રકારની હરકત સિવાય પોતાની રાજધાની ઉદયપુરમાં જઇ પહોચ્યા.

નવમ પરિચ્છેદ.

ભયંકર સંગ્રામ.

રાત્રિનો અંધકાર દૂર થઇ ગયો છે. ચંદ્રદેવ પોતાના સ્વચ્છ અને શીતળ પ્રકાશથી જગતને પ્રકાશિત કરી રહ્યા છે રાત્રએ રખડતાં પશુઓ આનંદપૂર્વક આમતેમ રખડયા કરે છે. ચોદિશી શાંતિનુ સામ્રાજ્ય સ્થપાયલુ માલૂમ પડે છે. માત્ર કોઇ કોઇ વખત કોયલનો અવાજ કાનને આનંદ આપે છે. આવા સમયે આગ્રાની પાસે એક વિશાળ મેદાનમા એક મોટુ લશ્કર પોતાની છાવણી નાખીને પડયું-છે. આ લશ્કર વીર ચંદાવતજીનુ છે

પાઠક! આવો આપણે પ્રથમ રાજપૂત સૈન્યનું અવલોકન કરી લઇએ. જે વીર ચંદાવતજી પોતાની પ્રાણાધિક પત્નીના શોકને દૂર કરી અતિ આનંદથી દિલ્લીશ્વર ઔરંગજેબની સામે ટક્કર ઝીલવા આવ્યા છે એ વીરમૂર્તિના આપણે ફરીથી દર્શન કરી આપણા નેત્રોને સફળ કરી લઇએ ધન્ય છે! ચંદાવતજી! ધન્ય છે તમને! ધન્ય છે તમારી સ્વામીસેવાને! ધન્ય છે તમારી સ્વદેશભક્તિને!

છાવણીની અંદર કેટલેક ઠેકાણે ન્હાની ન્હાની તાપણીઓ સળગતી જણાય છે આ તાપણીઓની આસપાસ કેટલાક રજપૂત સૈનિકો બેઠા બેઠા યુદ્ધ સંબંધી વાર્ત્તાલાપ કરી રહ્યા છે. કોઇ કહે છે કે–"જોઇએ તો ખરા કે યવન બાદશાહ કેટલી સેના લઇને આવે છે?" કોઈ વળી કહે છે –"કદાચિત્ એમ બન્યુ હોય કે આ સમાચાર ઔરંગજેબને મળ્યા હોય અને ભયથી ના પણ આવે!"

કોઇ એમ કહે છે કે-" અરે શું વાત કહું ? મ્હારા હાથ તો દુશ્મનોનાં ગળાં કાપવાને તલપી રહ્યા છે ! " કોઇ વળી રણશૂરો કહે છે-" મરવુ તો બસ રણક્ષેત્રમાજ મરવુ કે જેથી કરીને સદ્દગતિ પ્રાપ્ત થાય. "

આ પ્રમાણે યોદ્ધાઓ અતિ ઉત્સાહથી જૂદી જૂદી ટોળીઓ બાંધી વચ્ચે તાપણી સળગાવી આજુબાજુ બેઠા બેઠા વાર્તાલાપ કરી રહ્યા છે

રાત્રિ વિશેષ વ્યતીત થયા પછી સર્વ સૈનિકો પોત પોતાના સ્થાને સાવચેતીથી સૂઇ રહ્યા. સૂતી વખતે પણ તેમણે પોતાનાં અસ્ત્ર શસ્ત્રો દૂર રાખ્યાં નહોતા, કારણ કે તેઓ યવનોનું કપટ સારી રીતે જાણતા હતા. આમ હોવાથી વીર ચદાવતજી ગુપ્ત દૂતોને ફરતા રાખી શત્રુની સંભાળ રાખતા હતા.

પ્રભાત સમયે એકાએક એક ગુપ્તદૂતે આવી શત્રુદળ આવી પહોંચવાના સમાચાર આપ્યા. જે સમાચાર મળતાંજ રણવાદ્યો વગડાવવામાં આવ્યાં સર્વ લશ્કર નિમેશ માત્રમાજ અસ્ત્રશસ્ત્રથી સાજ્જિત થઇ ગયું. વીર ચંદાવતજી પણ ઘોડેસ્વાર થઇ પોતાના સૈનિકોને યોગ્ય સલાહ આપવા લાગ્યા.

જ્યારે ઔરંગજેબ બાદશાહ પોતાના સૈન્ય સાથે આ રાજપૂત છાવણી પાસે આવી પહોચ્યો ત્યારે તેણે પોતાના માર્ગને બંધ જોવાથી પોતાના સેનાપતિને પૂછ્યું કે.-" આ સામે કોનું સૈન્ય માર્ગ રોકીને પડયું છે?'

વિના વિલંબે સેનાપતિએ ઉત્તર આપ્યો:—" જહાંપનાહ ! હું એ સંબધી કાંઇ જાણતો નથી; છતાં હમણાંજ તપાસ કરાવું છું."

આ પ્રમાણે કહી સેનાપતિએ પોતાના સૈન્યમાંથી એક યોદ્ધાને ચંદાવતજી પાસે મોકલ્યો. એ યોદ્ધાનું નામ હસનઅલ્લી હતું. હસનઅલ્લીએ સલુંબરાધિપતિ ચંદાવતજી પાસે જઇ તેમને યોગ્ય સંમાન આપી પૂછ્યું—" આપ અમારો માર્ગ રોકીને કેમ પડયા છો ? અમને આગળ વધવા દ્યો."

ચંદાવતજીએ તરતજ કહ્યું:—" આપને જો આ માર્ગે થઇ આગળ વધવું હોય તો પ્રથમ અમને હઠાવીને બેલાશક ચાલ્યા જાઓ."

હસનઅલ્લી:—"અમે કાંઇ આપની સાથે લઢવા આવ્યા નથી; અગર તો અમારે ઉદયપુર તરફ જવું નથી. અમે તો બીજે સ્થળે જઇએ છીએ. વિના કારણ આપ શા માટે અમારી સાથે લઢવા તૈયાર થાઓ છો ?"

ચંદાવતજી ક્રોધાવેશમાં આવી બોલી ઉઠયા—'એનો હું પણ જાણું છું કે તમે અમારી સાથે લઢવા આવ્યા નથી; પરંતુ અમે ક્ષત્રિય થઇને ભયની ભાવનાથી પાછા હઠીએ તેમ નથી."

હસનઅલ્લી—' અમે રૂપનગર જવાના છીએ ત્યાંની રાજકુમારી રૂપવતી સાથે અમારા બાદશાહ ઓરંગજેબ શાદી કરવા સિધારે છે; તો પછી આપ આપ શાદીમાં શા માટે ઉત્પાત કરીને વિઘ્ન નાખો છો?"

ચંદાવતજીએ પૂર્વવત્ સ્વરે કહ્યું—" અમે ક્ષત્રિય છીએ. રણભૂમિ અમારે માટે મંગળ સ્થાન છે. જીવવાનો લોભ રાખી અમે શત્રુનો ભય રાખીશું એવો ખ્યાલ સ્વપ્ને પણ લાવશો નહિ."

હસનઅલીએ જાણ્યુ કે પોતે ગમે તેટલું કહેશે તો પણ ક્ષત્રિય સરદાર પોતાના વિચારથી ડગે તેમ નથી; તેથી તે પોતાના બાદશાહ પાસે ચાલ્યો ગયો અને સઘળી હકીકત કહી સંભળાવી બાદશાહે ફરીથી ચંદાવતજીને કહેવડાવ્યુ કે.—"વિના કારણ તમે પતંગ બનીને શા માટે તમારા મોતને આમંત્રણ કરો છો ?"

બાદશાહના માણસને ચંદાવતજીએ ઉત્તર આપ્યો,—"તું ત્હારા બાદશાહના જઇને એમ કહે કે અમે કાંઇ તમારા ધમકીથી ભય પામીએ તેમ નથી. જો તમારે આ માર્ગેથી આગળ વધવું હોય તો આ સ્થળે તમે અમને તમારી તરવારનુ પાણી બતાવી ચાલ્યા જાઓ "

સલુબરાધિપતિના આવા દૃઢ ઉત્તરને સાભળતાજ બાદશાહે પોતાના સૈન્યને રાજપૂતો સામે લઢવાની આજ્ઞા કરી. બાદશાહની આજ્ઞા સાભળતાજ યવન સૈન્ય યુદ્ધના આકારમા ગોઠવાઇ પ્રબળ વેગથી આગળ વધ્યું બીજી તરફ રાજપૂતો પણ પ્રથમથી તૈયાર હતા. વિના વિલંબે ઉભય પક્ષ વચ્ચે તુમુલ યુદ્ધનો આરંભ થયો. એક તરફ અસંખ્ય યવન સૈન્ય અને બીજી તરફ થોડું પણ મરણીયુ થઇને લ્હડે એવુ રાજપૂત સૈન્ય છે એક તરફ સમસ્ત હિંદુસ્થાનનું બાદશાહી બળ અને બીજી તરફ મેવાડનુ અપાર વીરત્વ છે. એક બાજુએ યવન સૈન્યનો ઇસ્લામી ઝુંડો આકાશમાં ઉડી રહ્યો છે ત્યારે બીજી તરફ મેવાડનો સૂર્યાકૃતિના જેવો ચળકતો લાલ વાવટો વાયુમા ફરફરી રહ્યો છે એક તરફ બાદશાહની પ્રબળ અભિલાષા છે અને બીજી તરફ સીસોદિયાકુળના શિરોમણી વીર ચંદાવતજીની દૃઢ પ્રતિજ્ઞા છે એક બાજુએથી બાદશાહી સૈન્ય "અલ્લાહો અકબર" નો પોકાર કરતું રાજપૂતો ઉપર તુટી પડે છે ત્યારે બીજી તરફથી રાજપૂત સૈન્ય "શ્રી એકલિંગજીની જય." નો પોકાર કરતુ શ-

ત્રુઓને પોતાના અસીમ વીરત્વનું દર્શન કરાવે છે.

યવન સૈન્યે રાજપૂતો ઉપર ઘણો ભારે હુમલો કર્યો, પરતુ યુદ્ધભૂમિને પોતાની માતા સમાન સ્હમજનાર રાજપૂતો પાછા હઠયા નહિ. તેઓ પોતાના અસ્ત્ર શસ્ત્રથી શત્રુઓને કાપી નાખવા લાગ્યા. જો કે રાજપૂતોની સંખ્યા ઘણી થોડી હતી; પરંતુ યુદ્ધભૂમિમાં એક મનુષ્ય માર્યો જતા તેને સ્થાને તરતજ બીજો ખડો થઇ જતો; જેથી કરીને શત્રુ પક્ષનુ કાંઇ ચાલી શકતુ નહિ. ચન્દાવતજી પણ પોતાના સૈનિકોના મનમાં વિશેષ ઉત્સાહ પ્રેરવાને માટે આમતેમ ફરતા તેમને વીર વચનો સંભળાવે છે. રાજપૂતો પોતાના સેનાપતિના શબ્દોથી અતિ આવેશમાં આવી જઇ ઘોર ગર્જના કરતા કરતા અનેક યવનોને ઘાયલ કરી ભૂમાતા ઉપર સદાને માટે સુવાડી રહે છે.

બાદશાહ પોતાની અસખ્ય સેના આગળ આ વીર સીસોદિયાઓનુ અતુલ પરાક્રમ જોઇ પોતાના સૈનિકોને ઉત્સાહપ્રેરક વચનો સંભળાવી રહ્યો છે, પરંતુ વીર રાજપૂતો આગળ તેના સૈન્યનુ કાંઇ પણ ચાલી શકતું નથી. ધીમે ધીમે બપોરનો વખત થઇ ગયો સૂર્યદેવ પોતાના પ્રખર કિરણોથી સસારને ઉત્તપ્ત કરી મૂકે છે. તે સાથે યોદ્ધાઓનો ઉત્સાહ પણ ગરમ થતો જાય છે બન્ને પક્ષના યોદ્ધાઓ આલોકની માયાનો ત્યાગ કરી, સગા સબધીની ચિંતા દૂર કરી એકાગ્રતાથી એક બીજાની સામે ઝઝુમી રહ્યા છે હજારો શૂરવીરોનો પ્રાણ પલકમા ચાલ્યો જતો જણાય છે. મૃત્યુ પામતા હાથીઓની ભીષણ ગર્જના, ચારણો વગેરેનો ગગનભેદી સ્વર, તરવારોનો ખડખડાટ વગેરે દેખાવ આ મધ્યાન્હકાળે પ્રલયનુ સ્મરણ કરાવે છે.

બપોરના સખ્ત તાપથી પશુ પ્રાણીઓ સુશીતળ વૃક્ષનો આશ્રય લઇને બેચેન શરીરને સુખ આપવાનો યત્ન કરે છે. સમસ્ત સંસાર આવા ભીષણ તાપને સમયે શાંતિ પ્રાપ્ત કરવાનો યત્ન કરી રહ્યો છે; પરંતુ આ વીર યોદ્ધાઓ તો એ તરફ કાંઇ પણ લક્ષ્ય આપ્યા શિવાય પોતાનું પરાક્રમ દર્શાવવાનો અસાધારણ પ્રયત્ન ચલાવી રહ્યા છે.

આવી રીતે ઘોર સંગ્રામ ચાલી રહ્યો છે. મુસલમાન યોદ્ધાઓ પોતાના અસીમ વેગથી રાજપૂતોના ઉપર આક્રમણ કરી રહ્યા છે; પરંતુ સીસોદિયાની રણભૂમિની અપાર ચતુરાઇ આગળ તેમનો સઘળો પરિશ્રમ વ્યર્થ થઇ પડે છે. રાજપૂતો પર્વત પ્રમાણે ઉભા રહી પોતાનો બચાવ કરે છે, અને શત્રુઓને તેમના કૃત્યનો બદલો આપે છે. અનેક યવનોના મસ્તક રણભૂમિમા રગદોળાય છે

આ પ્રમાણે યુદ્ધ ચાલ્યા કર્યું. ધીમે ધીમે સંધ્યા સમય થયો. સૂર્ય ભગવાન્ અસંખ્ય વીરોની સાથે આ સંસારમાથી અદ્રશ્ય થઇ ગયા. રાત્રિએ પોતાની સત્તા ચલાવવી શરૂ કરી–ધીમે ધીમે અંધકાર વધવા લાગ્યો. બાદશાહ આખા દિવસના સતત પરિશ્રમથી પણ પોતાનો મનોરથ સફળ કરી શક્યો નહિ, તથા સીસોદિયાઓ પોતાને સ્થાનેથી એક પગલું પણ પાછા હઠયા નહિ

પોતાના સિપાહીઓને થાકી ગયલા જાણી ઓરંગજેબે સાયંકાળના કારણે લઢાઇ બંધ કરવાનો વાવટો દેખાડયો ધર્મયુદ્ધને માટે પ્રાણભોગ આપવા તૈયાર થયલા રાજપૂતોએ પોતાની તરવારો રોકી અને લઢાઇ બંધ થઇ. બન્ને પક્ષનું સૈન્ય પોતપોતાની છાવણી તરફ રવાના થયું.

દશમ પરિચ્છેદ.

અપકાર પર ઉપકાર.

બીજે દિવસે સૂર્યોદય થયો. સલુંબરાધિપતિ વીર ચંદાવતજી પોતાના સૈન્યને લઇ રણભૂમિમા ઉપસ્થિત થયા. યવન સૈન્ય પણ યુદ્ધક્ષેત્રમા આવી પહોંચ્યુ. ઓરંગજેબનો વિચાર લઢાઇ કરવાનો નહોતો તેથી આજે પણ તેણે ચંદાવતજીને પોતાનો માર્ગ નહિ રોકવાનું કહેવડાવ્યુ, પરંતુ ચંદાવતજી પોતાની પ્રતિજ્ઞા પર દૃઢ રહ્યા તેમણે પોતાના સર્વ સૈનિકોને રાત્રિના સમયે પણ સાવધાન રહેવાનુ સૂચવ્યુ હતુ વિશ્વાસઘાતી યવન સૈન્ય રાત્રિના સમયે એકાએક આવીને હુમલો ના કરે તે માટે તેઓએ પોતાના સૈનિકોને સશસ્ત્ર સૂઇ રહેવાની આજ્ઞા કરી હતી, એટલુંજ નહિ પણ રાત્રિને માટે સૂઇ રહેવાનો નિયમ રાખવામા આવ્યો હતો કે અમુક સખ્યાના સૈનિકો સૂઇ રહે અને અમુક તેમની પાસે બેસી રહે. આવી રીતે પ્રત્યેક સૈનિકને સમગ્ર રાત્રિમા બે ત્રણ કલાકની નિદ્રા મળતી હતી રાત્રિના સમયે વીર ચંદાવતજી પણ કેટલીક વખત ઘોડેસ્વાર થઇ થોડે દૂર સુધી ફરી આવે છે—ઓરંગજેબે આ પ્રકારની ખબર પડતાજ વિચાર્યું કે જેઓ રાત્રિની વખતે આટલી બધી સાવધાનતા રાખે છે તેઓ દિવસે તો કેવી રીતે પાછા હઠશે? આવો વિચાર આવવાથીજ તેણે વીર ચંદાવતજીની પાસે લઢાઇ બંધ કરી પોતાને માર્ગ આપવા સદેશો કહેવડાવ્યો હતો, પરંતુ વીર ચંદાવતજીએ શત્રુના સદેશા ઉપર લક્ષ્ય નહિ આપતા પોતાના સૈન્યને યુદ્ધમાં

ઝઝુમી પડવાની આજ્ઞા કરી મુસલમાનો પણ શસ્ત્રોને સભાળી લઢવા લાગ્યા પુન પૂર્વવત્ સંગ્રામ શરૂ થયો સીસોદિયાઓના પ્રબળ વેગથી પૃથ્વી કંપવા લાગી સેકડો મસ્તકો ધડથી જૂદા થઇ ધરણી પર ઢળી પડવા લાગ્યા. ઘાયલોની દયા ઉપજાવે એવી બુમોથી તેમજ વીરોના જયનાદથી સમસ્ત મેદાન ગાજી ઉઠયું.

આજે પણ આવા પ્રબળ વેગથી બન્ને પક્ષનું યુદ્ધ ચાલ્યું. સધ્યા થઇ છતા એક પણ પક્ષ પાછો હઠયો નહિ. સંધ્યા થતાં સુધી બન્ને પક્ષના સૈનિકો અતિ આવેશથી લઢયા બન્ને પક્ષના અસંખ્ય યોદ્ધાઓ માર્યા ગયા, પરંતુ એક પણ પક્ષ પાછો હઠયો નહિ. ઔરંગઝેબ પાસે અગણિત સૈન્ય હોવા છતા તે રાજપૂત સૈન્યને હઠાવી પોતાનો હેતુ સફળ કરી શકયો નહિ. તેણે વિચાર્યુ કે આ યુદ્ધ જલદીથી પૂર્ણ થાય એવો સભવ નથી આજે પણ લઢાઈ બધ રહી આજના યુદ્ધનું પણ કાઇ પરિણામ આવ્યુ નહિ

આજે ત્રિજો દિવસ છે. સૂર્યોદય થવાને હજુ થોડા સમયનો વિલબ છે છતા સમરભૂમિ યોદ્ધાઓથી ખાલી નથી રણપ્રમત્ત યોદ્ધાઓ પોતાના વીક્રમવીરનો એક બીજાને પરિચય કરાવી રહ્યા છે

પાઠક ! આજનુ યુધ્ધ સાધારણ નથી પ્રત્યેક યોધ્ધાની તરફ નજર કરતાંજ એમ મલુમ પડી આવે છે કે આજે તે પોતાના કર્તવ્યને અવશ્ય પૂર્ણ કરી નાખશે પ્રત્યેક સૈનિક અતિ વેગથી શત્રુ સ્હામે ધસે છે. અનેક સૈનિકોના મસ્તકો ભૂમાતાને ચુબન કરવાને માટે ક્ષણે ક્ષણે નીચે પડે છે નરરકતથી પૃથિવી ભીજાઇ ગઇ. આ લોહીથી ભીજાયલી જગ્યા પર સૂર્યનારાયણના કિરણો ચમકવા લાગ્યાં.

મુસલમાની સૈન્ય આજે પ્રાણભોગ આપવા પ્રવૃત્ત થઇ ગયું છે તેઓ સર્વે પોતાના બાદશાહનો હેતુ સફળ કરવાને માટે પોતાનામા જેટલું વીરત્વ છે તેટલા વીરત્વનો ઉપયોગ કરી રહ્યા છે. "દીન, દીન" તથા "અલ્લાહો અકબર" નો વારંવાર પોકાર કરતી મુસલમાની સેનાએ રાજપૂતોના ઉપર આક્રમણ કર્યું; પરંતુ સીસોદિયાઓ પણ યવનો કરતાં કાંઇ ઉતરે એવા નથી મહારાણાનું સંમાન પોતાના જીવનના એકના એક ફળ સમાન છે . સ્વામીસેવા એજ પોતાનો મુખ્ય ધર્મ છે એવુ સ્હમજનારા રાજપૂત વીરો શત્રુઓના આક્રમથી યત્કિંચિત્ પણ ભય પામ્યા નહિ. તેઓ ચપળતાથી પોતાની તરવારને ફેરવવા લાગ્યા રાજપૂતો થોડા હતા, પરંતુ પ્રાણની પરવા મૂકીને લઢતા હતા. તેઓ પાછા ના હઠયા તે નાજ હઠયા. ધન્ય છે વીરપુરૂષો ! ધન્ય છે તમને ! ધન્ય છે તમારી સ્વામીસેવાને ! ધન્ય છે તમારી સ્વદેશભક્તિને ! ધન્ય છે તમારા અસીમ વીરત્વને !

સીસોદિયાઓને આ સમયે અસહ્ય સંકટ વેઠવું પડયુ યવન સૈન્યના પણ અગણિત યોદ્ધાઓ આલોકની યાત્રા પરવારી ગયા, પરંતુ તેથી યવન બાદશાહને બિલકુલ ક્ષોભ થયો નહિ ત્રણ દિવસથી રાજપૂત સૈનિકોમા ઘટાડો થતો હોવાથી આજેજ એ ઘટાડો યવન બાદશાહના જાણવામા આવ્યો તેઓ યવનો આગળ ઘણા થોડા માલૂમ પડવા લાગ્યા. રાજપૂત સનિકોનો પોણો ભાગ પોતાનો સ્વામીધર્મ બજાવી સ્વર્ગે સિધારી ગયો હતો.

સૈન્યની વચ્ચે ઉભેલા સલુંબરાધિપતિ વીર ચંદાવત્જી વિચારવા લાગ્યા કે પોતાના સૈનિકોની સંખ્યા ઘણી થોડી થઇ ગઈ

છે; આમ છતા તેમણે શત્રુઓનો માર્ગ મુક્ત કર્યો નહિ. તેમનું ધ્યાન પોતાની ભીષ્મ પ્રતિજ્ઞા પ્રતિ હતું. પોતાના સૈનિકોનો ઘણો ખરો ભાગ યુદ્ધભૂમિમાં કપાઇ ગયલો જોતાંજ તેમનાં નેત્રો ક્રોધાગ્નિથી સળગી ઉઠયાં, તથા ઘણા વેગથી ઘોડો કુદાવતા તેઓ શત્રુ સૈન્ય તરફ ધસ્યા. અવશેષ રહેલા રાજપૂત સૈનિકો પોતાના પ્રિયકર સેનાપતિની રક્ષા કરવાને માટે ઘણાજ રોષથી ભયંકર ગર્જના કરતા કરતા આગળ ધસ્યા અને ચંદાવતજી સમીપ જઇ પહોચ્યા ચંદાવ પોતાના સૈનિકો સાથે શૅન્યમા પ્રવેશ કર્યો જો કે યવન સૈન્યની સંખ્યા હજુ પણ ઘણી હતી, છતા ચંદાવતજી અને તેમના સૈનિકો પોતાની તરવારના પરાક્રમથી દુશ્મનદળમા પેઠા. આ સમયે તેમની ગતિને રોકવાનું કામ કાંઇ સહેલુ નહોતુ જોતજોતામાં અનેક યોદ્ધાઓનાં મસ્તકો ઉડાવી દઇ વીર ચદાવતજી પોતાના ચતુર સૈનિકો સાથે ઔરંગઝેબના હાથી પાસે જઇ પહોચ્યા આ સમયે માત્ર થોડા રાજપૂતોના વીરત્વથીજ અસંખ્ય યવન સેના ગભરાઇ ગઇ અને વિક્ષિપ્ત થઇ ગઇ.

ચંદાવતજીએ માત્ર એકજ ભાલાથી બાદશાહના હાથીના મહાવતને જમીનદોસ્ત કરી નાખ્યો ત્યાર પછી ચતુર અશ્વને હાથી ઉપર ચઢાવી પોતાના હાથને બરાબર સંભાળી તેમણે ઔરંગઝેબના તરફ એક એવો ભાલો ચલાવ્યો કે ભયનો માર્યો ઔરંગઝેબ કપવા લાગ્યો. ગદ્‌ગદ્ કંઠે તેણે ચંદાવતજીને કહ્યુ—“ વીર પુરૂષ ! વિના કારણ મ્હને શા માટે મારો છો ? વિવાહનો સમય તો વીતી ગયો છે. મ્હને વિના કારણ મારવાનું કાંઇ પ્રયોજન ? ”

ચદાવતજીના મનમાં પ્રબળ દુશ્મનના આ શબ્દોથી દયા આવી.

તેમણે ભાલાને પાછો ખેચી લઇ ઉત્તર આપ્યો—"ત્હારા જેવા પ્રબળ દુસ્મનને મારી હુ મ્હારા મનનો કાંટો દૂર કરવાને માટે આ સમય યોગ્ય ધારૂ છુ ત્હારા જેવા નીચ જુલમીનો અત લાવી હું મ્હારા દેશનો ભાર ઉતારવાને ઇચ્છુ છુ. પરતુ ક્ષત્રિય વીર સમય આવ્યે દુશ્મન ઉપર પણ દયા કરવાને પાછો હઠતો નથી અપકાર પર ઉપકાર કરવાનું તે સારી રીત જાણે છે. આથી કરીને હું તને જીવતો જવા દઉ છુ; પરતુ આજથી દશ વર્ષ સુધી મેવાડ પર ચઢાઇ નહિ કરવાના તુ કુરાનના સોગન ખા ત્યાર પછી ત્હારી જે ઇચ્છા હોય તે પૂર્ણ કરજે."

જો કે આ વાત સર્વથા ઔરંગજેબના વિચારથી પ્રતિકુળ હતી, પરતુ પોતાનો જીવ જોખમમા આવી પડેલો હોવાથી તેણે નમ્ર વચને ચદાવતજીને કહ્યુ—"આપનુ કહેવુ હું કુરાનના સોગન સાથે માન્ય કરૂ છું ! પરતુ હવે આપ લઢાઇ બધ કરી આપના સૈન્ય સાથે પાછા ફરી જાઓ"

બાદશાહના આ નમ્ર વચનો સાભળી ચંદાવતજીએ શાત થઇ પ્રસન્નતાથી પોતાના અશ્વને હાથી પરથી નીચે ઉતાર્યો એટલામા યવન સૈન્યે કે જે આજુબાજુ વિખરાઇ ગયું હતું તેણે એકાએક 'અલ્લા હો અકબર' ની ગર્જના સાથે ચારે તરફથી ચદાવતજીના ઉપર હુમલો કર્યો. ચંદાવતજીના રક્ષકો પોતાના સેનાપતિને સકટમા આવી પડેલા જાણી મરણીઆ થઈ શત્રુઓ ઉપર તુટી પડયા. જોતજોતામા ચદાવતજીએ સેકડો યવનોનો સંહાર કરી નાખ્યો, પરતુ તેમના શરીર ઉપર પણ ઘણા ઘા થયા છેવટે શત્રુઓને અતુલ પરાક્રમ દર્શાવી તેઓ દુસ્મનદળની બ્હાર નીકળ્યા, પરતુ થયેલા ઘાની વેદનાથી તેઓ વધારે સમય ઘોડા ઉપર બેસી શકયા નહિ. અવશેષ

રહેલા રાજપૂત સૈનિકોએ પોતાના સેનાપતિને ઘોડા પરથી નીચે ઉતાર્યા. વીર ચંદાવતજીના જીવનની આશા અસંભવ થઇ પડી. છેવટે પોતાનો જીવ નહિજ બચે એવી જ્યારે તેમને ખાત્રી થઇ ત્યારે અસ્પષ્ટ સ્વરે તેમણે પોતાના પ્રાણાધિક સૈનિકોને ઉદ્દેશી કહ્યુ:—"વીર બંધુઓ! મ્હારી પ્રતિજ્ઞા પૂર્ણ થઇ ગઇ છે. રાણાજી રાજકુમારી રૂપસુંદરી સાથે ઉદયપુરમાં આવી પહોચ્યા હશે; અને જો કદાચિત્ તેમને એક દિવસનો વિલંબ થશે તો પણ હવે હરકત જેવું નથી. કારણ અહિથી દુશ્મનો ગમે તેટલી ત્વરાથી રૂપનગર જશે તો પણ તેમને ઓછામા ઓછા ત્રણ દિવસ લાગ્યા સિવાય રહેશે નહિ. થયું, હવે હું આ પ્રપંચી દુનિયાનો ત્યાગ કરી પરમકૃપાળુ પરમાત્મા પાસે કે જ્યાં મ્હારા હૃદયની અધિષ્ઠાત્રી દેવી પૂર્વેથીજ જઇ પહોચી છે ત્યાં જાઉં-છું. રાણાજીને મ્હારા છેવટના પ્રણામ ...."

થયું! ચંદાવતજીનો પ્રાણ કોઇ નવીન દેશે ચાલ્યો ગયો. આજે ભારતનો એક ઉજ્વળ તારો પતન પામ્યો. મેવાડે આજે પોતાનું એક અમૂલ્ય રત્ન ગુમાવ્યું. સીસોદિયાઓનું બાકી રહેલુ સૈન્ય પોતાના સેનાપતિને ગુમાવી ચિંતાતુર ચિત્તે ચાલ્યું ગયું. આ સંગ્રામથી બન્ને પક્ષને ઘણું નુકસાન થયું.

એકાદશ પરિચ્છેદ.

ઉપસંહાર.

મહારાણા રાજસિંહજી રૂપનગરની રાજકુમારી રૂપસુંદરી સાથે વિવાહ કરી સુખરૂપ ઉદયપુર આવી પહોંચ્યા છે. આજે અ-

નેક જગ્યાએથી દુર્ગેશ્વરો મહારાણાજીને વધાઇ દેવા આવ્યા છે. સલુંબરાના સાથે ગયલા પચાસ હજાર વીરોમાંથી જે પાંચ હજાર બચી ગયા હતા તેઓ પણ આજે ઉદયપુર આવી પહોચ્યા નગરનિવાસીઓ તથા બીજા સરદારો તેમને અતિ માન આપી તેડી લાવ્યા નગરની સ્ત્રીઓ મંગળગીત ગાઇને તથા યોદ્ધાઓના યશોગાન ગાઇને તેમના ઉપર પુષ્પવૃષ્ટિ કરવા લાગી. સર્વ સરદારો સભામંડપમાં પધાર્યા અને પોતપોતાને સ્થાને બિરાજ્યા. આમ છતાં જે જે સરદારોએ સ્વામીધર્મ બજાવતાં બજાવતા પોતાના જીવનનો ભોગ આપ્યો હતો તેમના આસનો ખાલી પડયાં રહ્યા સર્વ લોકો તેમના સ્વામીધર્મની પ્રશંસા કરવા લાગ્યા. રણક્ષેત્રમાંથી પાછા આવેલા વીરનરોએ જયારે ચંદાવતજીએ પોતાની ભીષ્મ પ્રતિજ્ઞા કેવી રીતે પૂર્ણ કરી, તથા બાદશાહ પાસ દશ વર્ષ સુધી ચિત્તોડ પર ચડાઇ નહિ કરવાની પ્રતિજ્ઞા કેવી રીત લેવડાવી એ સંબધાની વાત કહી સંભળાવી ત્યારે સર્વનો આત્મા ઘણો પ્રસન્ન થયો વીર ચંદાવતજીનું વીરત્વ, પરાક્રમ અને અકાળ મૃત્યુનું સ્મરણ આવતાજ મહારાણા તથા બીજા સરદારો 'ધન્ય, ધન્ય' કહેવા લાગ્યા. લડાઇ સમયે જે ચારણ હાજર હતો તેણે ઘણાજ ઉત્તેજક કવિતોથી લડાઇનું વર્ણન અને ચંદાવતજીના વીરત્વના ગુણાનુવાદ ગાયા.

લડાઇનું વર્ણન તેમજ ચંદાવતજીના ગુણાનુવાદ સાંભળી મહારાજા ઘણા પ્રસન્ન થયા પોતાના અનેક વીરસરદારોના પ્રાણનાશથી તેમને વિશેષ લાગણી થઇ નહિ, કારણ કે આજે રાજપૂત વીરોએ પોતાની સ્વતંત્રતાનું પ્રાણના ભોગે રક્ષણ કર્યું હતું. તેમના

ગૌરવને સાચવી રાખ્યું હતું. તેઓ સ્વેચ્છાથી બાદશાહ સાથે વિ-રોધ કરી આનંદમાં મસ્તાન રહેવા લાગ્યા.

સમસ્ત રાજસ્થાનના સ્વતંત્ર થયા પછી રાણા અમરસિંહના સમયમાં શહેનશાહ જહાંગીરે મેવાડને પોતાની સતામાં લીધું હતું. ચાળીસ વર્ષ પછી ઔરંગજેબનો અત્યાચાર સહન નહિ કરતાં તે પુનઃ સ્વાધીન થઇ ગયુ. સમસ્ત મેવાડમાં નવીન બળનો સચાર થયો પરતંત્રતાનાં વાદળાને વિદિર્ણ કરી સીસોદિયાઓનો તેજસ્વી સૂર્ય પૂર્વ પ્રમાણે પ્રકાશવા લાગ્યો. અસ્તુ

કુસુમકુમારી

યાને

પ્રણયીયુગ્મનું સ્વર્ગમિલન!

(૧)

અહમદનગર પાસે આવેલો એક પુરાતન ઉદ્યાન અદ્યાપિ નજરે પડે છે. સર્વ જાણે છે કે મહારાષ્ટ્ર વીર શિવાજીને પોતાની સત્તામાં લેવા માટે ઔરંગઝેબ બાદશાહ વર્ષમાનો ઘણો ખરો સમય અહમદનગરમાંજ વ્યતીત કરતો હતો. અત્યારે પણ તેની કબર અહમદનગર પાસે જોવામાં આવે છે. ઉપર જે ઉદ્યાન જણાવવામાં આવ્યો છે એ ઉદ્યાનની અંદર એક વિશાળ આકર્ષક મહેલમા ઓરંગઝેબ બાદશાહની કેટલીક બેગમોનો નિવાસ હતો. આ ઉદ્યાનના મધ્ય ભાગમા એક ભાગી જવા આવેલો ફુવારો હજુ પણ નજરે પડે છે. માત્ર આ ઉદ્યાનમાનો મહેલ આજે ભાગી તુટી ખંડેર સ્વરૂપે દેખાય છે.

જે ઉદ્યાન હમણાં વાઘ વગેરે હિંસક પશુઓનુ નિવાસસ્થળ થયો છે તેજ ઉદ્યાન બે વર્ષ પૂર્વે ઇન્દ્રના નંદનવન કરતા પણ અધિક સુંદર તથા મનોહર હતો. જે ફુવારો અત્યારે ભાગી તુટી સ્થિતિમાં ચિંતાતુર ચિત્તે રૂદન કરતો જણાય છે તેજ ફુવારો પૂર્વે ગુલાબજળની ધારાઓથી ચારે દિશાઓમાં સુગંધ ફેલાવી દેતો હતો.

જે સ્થળે અત્યારે હિંસક પશુઓના ભયંકર અવાજ સંભળાય છે તેજ સ્થળે પૂર્વે અપ્સરાઓના કંઠનો મધુર સંગીતસ્વર સંભળાતો હતો. કેવી સમયની લીલા !

લગભગ ત્રણસે વર્ષ પૂર્વે ઔરંગઝેબ અહમદનગરમાં નિવાસ કરતો હતો. જ્યારે આ ઉદ્યાન વિલાસ અને શૃંગારથી પરિપૂર્ણ હતો ત્યારે એક દિવસે સંધ્યા સમયે ઉદ્યાનની દક્ષિણ દિશાએ આવેલી એક ન્હાની ઝાડીની અંદર એક યુવક બેઠો બેઠો કાંઇ વિચાર કર્યા કરતો હતો. યુવકની ઉંમર લગભગ પચ્ચીસેક વર્ષની હતી. શરીર બળવાન્ જણાતું હતું તે ઉચ્ચકુળનો મરાઠો હોય એમ તેના વસ્ત્રો તથા તેની મુખમુદ્રા ઉપરથી માલૂમ પડતું હતું તેના કમ્મરપટ્ટામાં માત્ર એક ન્હાની કટાર હતી. હિંદુએ શા માટે સાહસ કરી પાષાણ-હૃદયી નીચ ઔરંગઝેબના જનાનાની પાસે પ્રવેશ કર્યો હશે ?

થોડા સમય પછી અલંકારોનો મધુર સ્વર સંભળાયો એકાએક ચારે દિશાને પ્રકાશિત કરતી એક યુવતી કે જે હજુ નવયૌવના હતી તેણે જે ન્હાની ઝાડીમાં ઉપરનો યુવક સંતાઇ બેઠો હતો એ ઝાડીમાં પ્રવેશ કર્યો યુવક આશ્ચર્યથી ચમકી ઉભો થયો અને એકાએક યુવતી તરફ આગળ વધ્યો યુવતીએ સત્વર દૂર સરકી જઇ કહ્યું:-
" પુરંદર ! મ્હને સ્પર્શ કરી અપવિત્ર થશો નહિ "

પુરંદરે આ યુવતીના શબ્દો તરફ લક્ષ્ય નહિ આપતાં તેને સ્પર્શ કરી અનેક ચુંબનો કર્યા બન્નેના નેત્રોમાંથી આંસુની ધારાઓ નીકળી બન્નેના વક્ષસ્થળને ભીંજવવા લાગી પુરંદરે કહ્યું:—
" કુસુમ ! શરીર અપવિત્ર થયું છે તેથી શું ? ! હૃદય તો નથી થયું ને ! ત્હારૂં હૃદય મ્હારૂં છે; શરીર કદાપિ જોયું નથી–અને જો-

વાની ઈચ્છા પણ નથી ! આજે ત્હારા અનુરોધને લીધે ત્હારા શ-રીરમાંથી હૃદય જૂદું કરવા આવ્યો છુ ! ”

પુરદરના ખભા પર મસ્તક રાખી કુસુમ રૂદન કરતી હતી. પુરંદર પણ રૂદન કરવા લાગ્યો આવી રીતે બન્ને પ્રેમીઓએ થોડા સમય સુધી શાંત રૂદન કર્યા કર્યું. છેવટે હૃદયભાર કાંઇક અશે દૂર થતાં કુસુમે કહ્યુ —“ નાથ ! પ્રાણાધિક ! હવે આ અપવિત્ર શરીરને નહિ રાખવાનો નિશ્ચય કર્યો છે જો આ હૃદય મ્હારૂં હોત તો અ-ત્યાર સુધીમાં તેને આ શરીરથી જૂદું કરી નાખ્યું હોત, પરંતુ પુરં-દર ! જ્યારથી હું બાળિકા હતી ત્યારથી આ હૃદય પર તમારો અધિ-કાર છે—આ શરીર પર પણ તમારો અધિકાર છે. બળાત્કારથી પાપાત્માએ આ પવિત્ર શરીરને કલંકિત કર્યું છે, તો પછી હવે આ શરીર રાખીશ નહિ તમને બોલાવી ભયના મુખમાં મૂક્યા છે તો પછી હવે વિલબ શા માટે કરો છો !

તરતજ વિલબ નહિ કરતા પુરદરે કમરમાની તીક્ષ્ણ કટાર બ્હાર કાઢી કહ્યુઃ—“આજે હુ માયા, દયા વગેરેનો ત્યાગ કરીને આ-વ્યો છુ આપણે બન્ને મરી જઇને સ્વર્ગમા મળીશુ, પરતુ ત્હારા કોમળ અને સુદર શરીર પર ......

કુસુમે પ્રિયતમને બોલતો અટકાવી કહ્યું —“વાહ ! મ્હને તમે આ નરકાગારમાથી સ્વર્ગમા લઇ જતા ભય પામો છો ? ! ”

પુરદરે કુસુનને પોતાના હૃદય સાથે આલિંગન આપી અનેક ચુંબનો કર્યાં. પછી તેણે ગદ્ગદ્ કઠે કહ્યુ —“તો પછી હવે વિલંબ શા માટે કરવો ? ”

કુસુમે પોતાનું હૃદય આગળ ધર્યું. ફરીથી પુરંદરની કટાર ચ-

મકી ઉઠી. એક ક્ષણ માત્રમાં કુસુમ કરતાં પણ કોમળ કુસુમના હૃદયમાં કટાર પ્રવેશ કરત, પરંતુ તેમ થયું નહિ.

ઝાડીની પાછળ એક ઘણો બળવાન્ ખોજો આ પ્રકાર જોઇ રહ્યો હતો. યુવકને કટારનો ઘા કરતો જોઇ તે સત્વર યુવકની સમીપ આવી પહોચ્યો અને તેનો હાથ પકડયો કુસુમ તથા પુરંદર આશ્ચર્યથી એ ખોજા તરફ ટગર ટગર જોઇ રહ્યા એકાએક કુસુમની મુખમુદ્રાએ વિચિત્ર ભાવ ધારણ કર્યો. સિંહણના જેવાં નેત્રો કરી કુસુમે એ ખોજા તરફ તીક્ષ્ણ નજર કરી ઉચ્ચ સ્વરે કહ્યું—"મસરૂર ! હું કોણ છું તે તું જાણે છે ?"

ખોજાએ સહજ પણ ગભરાયા સિવાય ગંભીરતાથી કહ્યું—"હું જાણું છું કે તમે બેગમ સાહેબા છો."

કુસુમે કહ્યું —' હું આજ્ઞા કરૂં છું કે તું વિના વિલંબે આ યુવકના હાથને છોડી દે—એ મ્હારા સબંધી છે "

પૂર્વવત સ્વરે ખોજાએ કહ્યુંઃ—" બેગમસાહેબાની આજ્ઞાને શિર પર ચઢાવી આ કાફરનો હાથ છોડી દઉં છું, પરંતુ જે બેગમ સાહેબાનો જીવ લેવા તૈયાર થયો છે તેને હું બાદશાહની રજા સિવાય છોડીશ નહિ."

"ત્યારે તું એને કેદ કરી શકીશ કે ?" કુસુમે ક્રોધથી લાલચોળ બની જઇ કહ્યું, આ શબ્દો કહેતાની સાથેજ તે બે પગલાં આગળ વધી તથા જમીન પર જોરથી પોતાનો પગ પછાડયો. તરતજ જોતજોતામાં પુરંદર જે સ્થળે ઉભો હતો તે સ્થાનેથી તેના પગ નીચે ઉતરી પડયા અને વિના વિલંબે પૃથ્વિના ગર્ભમાં અંતર્ધ્યાન થઇ ગયો. તરતજ એ જગ્યા પાછી પૂર્વ પ્રમાણે સપાટ થઇ રહી. ત્યાર

પછી કુસુમ ધીમે ધીમે ઝાડીમાંથી બ્હાર નીકળી અને ખોજાને ઉદ્દેશી તેણે કહ્યું —"જો ત્હારી ઇચ્છા હોય તો ભલે તું આ હકીકત બાદશાહને નિવેદન કરજે!" આમ કહી કુસુમ જનાનખાનામાં ચાલી ગઇ.

ખોજો તો અવાક બની ગયો. તે પત્થરની પ્રતિમા માફક સ્થિર ઉભો રહ્યો. તેણે મનમાંને મનમાં વિચાર્યુંઃ—"એ શક્તિ હવે નથી એક બાળિકાએ મ્હને ઠગ્યો! પયગમ્બર પોતેજ મોહિનીની માયાનો પાર પામી શક્યા નથી તો પછી હું પામર જીવ કોણ માત્ર! પરંતુ કાંઇ ફિકર નહિ કોઇ પણ પ્રકારે હું એ કાફરને તો પકડીશજ"

આ પ્રમાણે વિચાર કરી ખોજા મસરૂરે સીટી વગાડી. તરતજ બીજા બે ખોજાઓએ આવી પહોંચી તેને સલામ કરી મસરૂરે કહ્યું— "આ સ્થળે ભોંયરૂં છે કે કેમ એ તમે જાણો છો?"

એક ખોજાએ કહ્યું —"હા છે. તેના બે પ્રવેશદ્વાર છે બાદશાહના શયનાલયમાંથી તથા આ સ્થળેથી નગર સુધી જવાનો એક રસ્તો છે."

મસરૂરે કહ્યું.—"ત્યારે જલદીથી તમે એ ભોંયરાના મુખ્યદ્વાર આગળ જાઓ એ ગુપ્ત માર્ગ વાટે જે છોકરો હમણાંજ ગયો છે, તેને પકડી કેદ કરી લાવો"

તરતજ બન્ને ખોજાઓ સલામ કરી ચાલ્યા ગયા મસરૂર પણ વિચાર કરતો કરતો એ સ્થાનેથી ચાલતો ગયો.

(૨)

હવે અત્રે કુસુમ તથા પુરંદરના પૂર્વ જીવનની કાંઇક પિછાન આપીશું અહમદનગરથી પાંચ ગાઉ દૂર એક દેવગામ નામનું ન્હાનું ગામ આવેલું હતું, અત્યારે એ ગામનું એક પણ ચિન્હ રહ્યું નથી.

એ ગામમા નારાયણુરાવ નામનો મરાઠો રહેતો હતો પુરંદર તેનો એકનો એક પુત્ર હતો. એ ગામમા એક વિધવા રમણી રહેતી હતી. કુસુમ તેનીજ કન્યા હતી. લોકો એમ કહેતા હતા કે આ વિધવા રમણી કોઇ રજપૂત રાણાની રાણી હતી એ વાત સત્ય હતી કે અ- સત્ય તેનો નિર્ણય પ્રદર્શિત કરવાનુ અમને એક પણ સાધન મળી આવ્યું નથી, અમને લાગે છે કે કુસુમનુ અદ્વિતીય સૌન્દર્ય તથા તેના રાજરાજેશ્વરી જેવા ભાવ જોઇનેજ એ લોકોએ આવી વાત ઉડાવી હશે બાલ્યાવસ્થાથીજ કુસુમ અને પુરદર એકઠા રહેતા હતાં, કારણ કે પુરદરના ઘરની પાસેજ કુસુમની માતા રહેતી હતી. જ્યારે કુસુ- મની ઉમ્મર લગભગ સોળ વર્ષની થઇ ત્યારે પુરદરના પિતાએ પુર- દરનો વિવાહ કુસુમ સાથે કર્યો. પૂર્વની કુસુમ હવે કુસુમકુમારી નામથી ઓળખાવા લાગી પ્રેમમય બન્ને હૃદયો જાણે કે એક બીજા- ને માટેજ જન્મ્યા છે વિધાતાથી આ ભિન્ન હૃદયનું પ્રેમમિલન જોઇ શકાયુ પરતુ દેહમિલન જોઇ શકાયુ નહિ વિવાહ થઇ ગયાને એક માસ વિત્યા પછી એક દિવસે ઔરગજેબે શિકારેથી પાછા ફરતી વખતે દેવાગામમા કુસુમકુમારીને જોઇ તરતજ કુસુમને પોતાના જનાન ખાનામ લાવવાનો હુકમ કરવામા આવ્યો શિવાજી વિના તે સમયે એવો કોઇ નહોતો કે જે બાદશાહના હુકમમા વિઘ્ન કરી શકે. તેથી બિચારી સુકુમાર શ્યામા કુસુમકુમારીને અનિચ્છાએ બાદશાહના જનાનખાનામા જવુ પડયુ

. કુસુમકુમારી એક માસ સુધી મોતીબાગ નામના ઉદ્યાનમાં રહી એ સમયે ત્યા પણ તેને એક સખી મળી આવી એ એક બાદી હતી. સર્વ તેને જુમલા નામથી બોલાવતા હતા કુસુમે જુમ-

લાની મદદથી પુરંદરને એક પત્ર પહોંચાડયો. આ પત્રમાં તેણે પોતાની અવસ્થાનુ વર્ણન કરી, છેવટે પોતાની પાસે આવી પોતાના પ્રાણનો નાશ કરી જવાનો પુરંદરને અનુરોધ કર્યો. કુસુમે લખ્યું હતું કે —"મ્હારાપર તમારો જો બિંદુ માત્ર પણ પ્રેમ હોય તો અત્રે આવો. આપણે ઉભય સાથેજ મરીશુ. સ્વર્ગલોકમા આપણે એક બીજાને વરીશુ. આ નરકાગારમાથી ઉદ્ધાર થઇ શકે એવો એક પણ માર્ગ નથી માટે અત્રે આવી મ્હારા હૃદય પ્રદેશમા તમારી તીક્ષ્ણ કટાર ખેંચી ઘાલી મ્હારો ઉદ્ધાર કરો"

પુરદર તેજસ્વી મરાઠો હતો પોતાની સ્ત્રીને પાપપંકમાં મગ્ન રાખવા કરતાં તેનો પ્રાણ દૂર કરવો યોગ્ય વિચારી તે કુસુમને મળવા આવ્યો હતો. જુમલાની મદદથી તે પૂર્વે જણાવેલા ઉદ્યાનની અદર પ્રવેશ કરી જનાનખાનાની બાજુએ આવી શકયો હતો. ત્યાર પછી શું બન્યુ તે પાઠકો જાણે છે.

(૩)

એકાએક ગુપ્ત ભોંયરામા જઇ પડતાંજ પુરંદર સ્તંભીત થઈ ગયો આ પ્રકાર એટલે બધી ત્વરાથી બન્યો કે એનુ રહસ્ય તે સમજી શકયો નહિ તે વિચારમગ્ન અવસ્થામા થોડા સમય સુધી ઉભો રહ્યો; પરતુ એવામા એકાએક કોઇએ પાછળથી અધકારની અદર તેના ખભા પર હાથ મૂકયો પુરદરે પ્રશ્ન કર્યો —"કોણ છે ?"

સ્ત્રીના અવાજમા ઉત્તર મળ્યો —"પુરદર ! જલદીથી પલાયન કરી જાઓ. શત્રુઓ તમારી શોધમા છે. બેગમ સાહેબાએ વિના વિલબે પલાયન કરી જવાનુ કહાવ્યુ છે. જો તમે બચી શકશો તો બેગમ સાહેબા સાથે તમારી મુલાકાત ફરીથી થશે. જલદીથી આ

ભોંયરાની બ્હાર નીકળી જાઓ. બ્હાર એક અશ્વ તૈયાર રાખવામાં આવ્યો છે."

ધીમે ધીમે આ સ્વર અંધકારમા મળી ગયો પુરંદરે અન્ય કોઇ ઉપાય જોયો નહિ તેથી પલાયન કરી જવાનુંજ ઉત્તમ ધારી તે ભોયરામા અધકારની અંદર આગળ વધવા લાગ્યો. ભોંયરાના મુખ પાસે જઇ પહોચતાં તેને ઘણો વખત લાગ્યો બ્હાર નીકળ-તાંની સાથે તેણે ત્યાં આગળ એક અશ્વને ઉભેલો જોયો તરતજ ઘોડેસ્વાર થઇ તેણે ઘોડાને પૂર વેગમા દોડાવ્યો

કેટલેક દૂર ગયા પછી તેણે જાણ્યું કે તેની પાછળ બે ઘોડે-સ્વારો આવે છે. પુરંદરે પોતાના ઘોડાને ઘણીજ ઉતાવળથી દોડાવ્યો; પરતુ જેવો તે એક માર્ગે થઇને બીજા માર્ગ તરફ વળ્યો કે બે તીર તેના જમણા હાથમા પેસી ગયા. હાથથી ઘોડાને દોડાવવાને તે અસમર્થ બન્યો ત્યારે પગદ્વારા ઘોડાની પીઠ પર આઘાત કરતો કરતો માર્ગ કાપવા લાગ્યો, આમ છતા તેની પાછળ પડેલા બન્ને ઘોડે સ્વારો તેને પોતાની ઘણી પાસે આવી પહોચેલા જણાયા. તરતજ પુરદર ઘોડા ઉપરથી કુદકો મારી નીચે ઉતરી પડયો, તથા ઘોડાને પાછળથી બે ચાર લાત મારતા ઘોડો આગળ દોડી ગયો ત્યાર પછી તે અધકારની અદર એક ઘરની પાછળ છુપાઇ ગયો. જોત-જોતામા તેની પાછળ પડેલા ઘોડેસ્વારોઆવી પહોચ્યા આગળ દોડતા ઘોડાનાં પગલા સાભળી તેઓ પણ ત્વરિત ગતિથી આગળ વધ્યા અને ધીમે ધીમે અદ્રશ્ય થયા.

જ્યારે ચારે દિશા શાત થઇ ત્યારે પુરંદર બ્હાર નીકળ્યો. તે ક્યાં આગળ ચાવી ચઢયો છે, કેટલો સમય થયો છે તે અત્યાર

સુધી પુરંદર જાણી શક્યો નહોતો. છેવટે તપાસ કરતાં માલૂમ પડયું કે તે અહમદનગરના એક નિર્જન સ્થાને આવી પહોંચ્યો છે. રાત્રિનો લગભગ એક પ્રહર વીતી ગયો છે. તરતજ પુરંદરે પોતાના હાથમા પેસી ગયલા બન્ને તીરો બહાર ખેંચી કાઢયા, તીરની સાથે તીર વેગે રક્ત પણ નીકળવા લાગ્યું. પોતાનો ફેંટો ફાડી તેણે થયલા ઘા પર પાટો બાંધ્યો તો પણ લોહી નીકળતું બંધ થયું નહિ તેના વસ્ત્રો લોહીથી ભીજાઇ ગયા. છેવટે પુરંદર ઘર તરફ જવાનો વિચાર કરી આગળ વધ્યો; પરંતુ તેનાથી માર્ગ કાપી શકાયો નહિ લોહી એટલા બધા પ્રમાણમા વહી ગયુ હતુ કે તે નિર્બળ બની જઇને રસ્તા પર ગબડી પડયો. તેનું માથુ ભમવા લાગ્યુ અલ્પ સમયમાંજ તે બેભાન બની ગયો.

જ્યારે પુરંદર ભાનમા આવ્યો ત્યારે તેને લાગ્યુ કે તે સ્વપ્ન જુએ છે. એક વિશાળ ઓરડામા તે પડયો રહ્યો છે તેના હાથ પગ બાંધી દેવામા આવ્યા છે. ઓરડામા સેંકડો સોનાના દીપકોમા સુગંધી તેલ બળી રહ્યુ છે. એ સુગંધી સમગ્ર ઓરડામા પ્રસરી રહી છે. ઓરડાના દરેક થાંભલા ઉપર પુષ્પહારો લટકી રહ્યા છે. પુષ્પોનો બનેલો એક મોટો પંખો ઉપર ઝુલી રહ્યો છે સામે સોનાના સિંહાસન ઉપર દિલ્હીશ્વર ઔરંગજેબ બેઠો છે-તેની પાસેજ કુસુમકુમારી બેઠી છે. બાદશાહની આગળ દશબાર અતુલ્ય રૂપવતી સુંદરીઓ નૃત્ય કરી રહી છે આ સર્વ દેખાવ જોઇ પુરંદરે પોતાના બંધનો છોડી નાખવાનો યત્ન કર્યો. પરંતુ તેનુ કાંઇ વળ્યું નહિ. આ સર્વ દેખાવ જોતાંજ તેના હાથમા થયલા આઘાતમાથી વિશેષ લોહી નીકળવા લાગ્યુ. તે ફરીથી મુર્છિત થઇ પડયો.

પુરંદર જ્યારે ફરીથી ભાનમાં આવ્યો ત્યારે તેને માલૂમ પડ્યું કે તેને બાદશાહના સિંહાસન પાસે લાવવામા આવ્યો છે. તેની ચારે દિશાએ ચાર ખોજા નગ્ન તરવારને હાથમા રાખી ઉભા છે. ગાન તાન બંધ થઇ ગયું છે. રમણીઓ બાદશાહના સિંહાસન પાછળ ઉભી રહી હતી. પુરંદરે વિચાર્યું કે હવે તેને તેના અપરાધની શિક્ષા થશે. પુરંદરનું નિષ્કપટી મુખમંડળ જોઇ બાદશાહના કઠોર મનમાં પણ થોડી ઘણી દયા થઇ આવી હતી, નહિ તો પુરંદરે ક્યારનોય આલોકનો ત્યાગ કર્યો હોત. ઔરંગજેબે પુરંદર તરફ તીક્ષ્ણ નજર કરી પૂછ્યું:—"યુવક ! તુ ઘણો સાહસિક જણાય છે. જે જનાનખાનામા પ્રાણભયને લીધે કોઇ પણ પ્રવેશ કરી શકતુ નથી તે સ્થળે ત્હેં પ્રવેશ કર્યો છે. તું કોની પાસે આવ્યો હતો તે જો કહીશ તો હુ તને છોડી દઇશ, ત્હારા અપરાધની ક્ષમા કરીશ"

પુરંદર બાદશાહના પ્રશ્નનો ઉત્તર આપી શકે તેમ નહોતું. તે મરણને શરણ થવા માટેજ આવ્યો હતો, તેથી મૃત્યુનો તેને બિલકુલ ભય રહ્યો નહોતો. વળી તેની ખાત્રી હતી કે પોતે મરણને શરણ થશે એટલે કુસુમ પણ પોતાના પ્રાણનો ત્યાગ કરશે આ ઉપરાંત તેને એવો વિશ્વાસ હતો બન્નેના મૃત્યુથી બન્નેનું સ્વર્ગમિલન થશે આથી કરીને તેણે ઉત્તર આપ્યો—"બાદશાહ ! મ્હેં અપરાધ કર્યો છે તો પછી ભલે આપ મ્હારા પ્રાણનો નાશ કરો; પરંતુ કોઇ પણ રીતે હું કોની પાસે આવ્યો હતો તે આપને કહેનાર નથી."

બાદશાહને આવો ઉત્તર આપવાનું સાહસ બીજાથી થઇ શકવું સર્વથા અશક્ય હતું. ઔરંગજેબ પોતાને મળેલા ઉત્તરથી રાતો પીળો થઇ ગયો. તેણે ખોજાઓને આજ્ઞા કરી કે:—"હમણાને

હમણાં આ પામરના પ્રાણનો નાશ કરો. આ મહેલમાં જે જે નિવાસ કરે છે તે સર્વ અહિં હાજર છે. (પાછળ નજર કરીને) કયી બાંદીની સાથે પ્રેમ કરવાને માટે યુવક અત્રે આવ્યો હતો ?"

કોઈએ ઉત્તર આપ્યો નહિ. ઔરંગજેબનો ગુસ્સો ઘણો વધી ગયો. જ્યારે ઔરંગઝેબ ગુસ્સે ભરાતો ત્યારે તેને સારાસારનું જ્ઞાન રહેતું નહિ. તેણે વિના વિલંબે પુરંદરના પ્રાણનાશની આજ્ઞા કરી:- " આ સ્થળેજ એના પર તમે તમારી તરવારો ફેરવી દ્યો. તેની પ્રણયિની આ દેખાવ જોઇ સુખી થશે."

આજ્ઞા થતાંની સાથેજ ચારે તરવારો વિદ્યુતની માફક ચમકી ઉઠી અને તેમણે કઠોરતાથી પોતાનુ કાર્ય સંપન્ન કર્યું. ત્યાર પછી એક હૃદયભેદક બુમથી આખો ઓરડો, મહેલ તેમજ ઉદ્યાન ધ્રુજી ઉઠયો. બાદશાહ પોતે કમરમાં લટકતી તરવારે સિંહાસન પરથી કુદકો મારી નીચે ઉતર્યો.

નીચે ઉતરતાંજ તેણે જે દેખાવ જોયો તે ઘણોજ હૃદયભેદક હતો. તેણે જોયું કે કુસુમકુમારીએ જઇને તરવારો નીચે પોતાનું હૃદય ધરી દીધુ હતું. બે તરવારોએ તેના હૃદયમા પ્રવેશ કર્યો હતો. પુરદર પણ બચી શકયો નહોતો. બાકીની બે તરવારોએ તેના હૃદયમાં પ્રવેશ કર્યો હતો બાદશાહનો કુસુમકુમારી પર અસીમ સ્નેહ હતો. તેનાથી બોલાઇ જવાયુ કે-" કુસુમ ! આ શુ કર્યું ?"

કુસુમકુમારીએ અસ્પષ્ટ સ્વરે ઉત્તર આપ્યો -" સ્વામીની સાથે સ્વર્ગમિલન થવાનો ઉપાય આદર્યો."

કુસુમકુમારીનાં આ અંતિમ વચનો મૃતપ્રાય. પુરંદરના શ્રવણે પડયાં. તેનાથી કાંઇ પણ બોલી શકાયું નહિ. તે મહા કષ્ટે કુસુમ-

કુમારીને એક ચુંમન કરી તેના દેહ ઉપર ઢળી પડયો. કુસુમકુમારી પણ પૃથિવી માતાને ભેટી પડી. બન્નેના શરીરમાથી વહેતુ પ્રેમ લોહી એકત્ર થઇ ભૂમિને ભીંજવવા લાગ્યું.

+ + + +

બાદશાહનો પાષાણ પ્રાણ પણ આ દેખાવ જોઇ દ્રવીભૂત થયો. તેણે આજ્ઞા કરી કેઃ—" સાત દિવસ સુધી અકમ નગરના સર્વજનો શોક ચિન્હ ધારણ કરો. આ વિશાળ ઉદ્યાનમાજ આ બન્ને પ્રેમાત્માઓને એકઠા કબરમા સુવાડો. એ કબરની ઉપર આરસ પહાણનો એક ફુવારો કરાવો. આ ફુવારામાથી રાત્રિ દિવસ ગુલાબજળની ધારાઓ નીકળી કબર પર પડે તેમ કરો, તથા આ ફુવારાના પત્થરો પર આગળના ભાગમા એટલા અક્ષરો લખાવો કે **કુસુમ કુમારી** યાને **પ્રણયીયુગ્મનું સ્વર્ગમિલન !"**

દિલ્લીશ્વરની આજ્ઞાને પૂર્ણ કરવામા શો વિલબ ? આ મર્મભેદક ઘટનાને બીજે દિવસેજ કુસુમકુમારી અને પુરંદરની કબર ઉપરનો ફુવારો ગુલાબજળની ધારાઓથી કબરને શાંત, તથા શીતળ કરવા લાગ્યો. બાદશાહે જાતે એક ગુલાબનો છોડ કબર આગળ રોપ્યો લગભગ ત્રણસે બેગમો અને તેમની લગભગ દોઢ હજાર બાંદીઓ તમજ સહચરીઓએ એકેક પુષ્પહાર એ પ્રણયીયુગ્મની કબરપર ચઢાવ્યો. શાતિ શાતિ શાતિ

પ્રભાવતી.

રણધીરસિંહ ગરીબ ઘરનો બાળક પણ તેજસ્વી યુવક હતો. પ્રભાવતી અપૂર્વ સુંદરી હોવા ઉપરાત ચિતોડના સર્વ રજપૂતોના મુખે તેના સ્વરૂપની પ્રશસા થતી હતી

પ્રભાવતી જે મકાનમા રહેતી હતી તે મકાનની આસપાસ સુંદર બાગ આવેલો હતો રણધીરની ઝુપડી પણ બાગની બહાર નજીકજ આવેલી હતી. બાગમા ઇશાન ખુણામા આવેલા વિશાળ વૃક્ષોએ રણધીરની ઝુપડી ઉપર છાયા કરી મૂકી હતી શૈશવાવસ્થામા પ્રભાવતી પ્રતિદિન સંધ્યા સમયે પોતાના ઉદ્યાનની અંદર રણધીરની સાથે આમોદ પ્રમોદ કરતી હતી

બાલ્યાવસ્થાનો પરિચય યૌવનના પ્રારભમા લુબ્ધ મોહકતામા પરિણત થયો હમેશા સધ્યા સમયે રણધીર પોતાની સઘળી પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ પ્રભાવતી પાસે આવતો તથા રાત્રિએ ચાદનીના મનોહર પ્રકાશમા સૌદામિનીના જેવી પ્રકાશતી પ્રભાવતીના મુખમડળ તરફ વિહ્વળતાથી તે અનેક ક્ષણ સુધી અનિમેષ નયને જોઇ રહેતો

પોતે ગરીબનો બાળક છે એ રણધીર જાણતોજ હતો. પ્રભાવતી ઉપર તેનો સ્નેહ પણ નિસીમ હતો, પરંતુ પ્રણયીયુગ્મનું મિલન થવું એ સર્વથા અશક્ય હતુ. પ્રભાવતી પણ રણધીર ઉપર

અપૂર્વ પ્રેમ રાખતી હતી. તે વારંવાર વિચાર કરતી હતી કે આ ધન તથા ઐશ્વર્ય કરતાં મ્હારા પ્રિયતમ રણધીરના પ્રેમની કિંમત અતુલનીય છે.

આમ હોવાથી બન્નેનો પ્રેમપ્રવાહ એક બીજા પ્રતિ અવિચ્છિન્ન રીતે વહન કરતો હતો.

આવી અવસ્થામાં કેટલાક વર્ષો વીતી ગયાં એટલામાં રણધીરને ચિત્તોડ રાજ્યના સૈનિકોમા નોકરી મળી. આ પ્રસગે પ્રભાવતીએ સોળ વર્ષ પૂરાં કરી સત્તરમા વર્ષ પર પદાર્પણ કર્યું હતું.

રણધીરના સ્વજનમા તેની માતા સિવાય અન્ય કોઇ હયાત નહોતું. રણધીર મહિનામા એક વખત પોતાના ઉપરી અધિકારીની રજા લઇ પોતાની માતાને તેમજ પ્રભાવતીને મળવા આવતો હતો. તેના આગમનના દિવસની દશ દિવસ પૂર્વેથી પ્રભાવતી તેનું ચિતન કર્યા કરતી હતી એ દશ દિવસો ત્હેને દશ યુગ જેવા થઇ પડતા હતા. જ્યારે રણધીર ઘેર આવતો ત્યારે તે પ્રભાવતીને મળતો. તેની અનુરાગપૂર્ણ વાતો સભળતાં રણધીરનું સર્વાંગ રોમાંચિત થઇ જતુ. તેના મુખનું અવલોકન કરતા કરતા તે તન્મય બની જતો. વિદાય પ્રસગે એક માસની ભાવી વિશૃંખલતાથી ઉભયના ચક્ષુ જળપૂર્ણ થઇ જતા.

૨

હમણાનો રણધીર મિલકુલ સ્વગૃહે આવતોજ નથી. તેને આવી ગયાને બે ત્રણ માસ વઇ જવા આવ્યા છે આ સમય દરમ્યાન પ્રભાવતીની અવસ્થા ઘણી કરૂણાજનક થઇ પડી છે તેને પોતાના પ્રાણાધિક પ્રિયતમ સિવાય સ્વજીવન તુચ્છ ભાસે છે. પ્રેમપૂર્ણ જીવન એજ આ સસારમાનું શ્રેષ્ઠ સુખ છે. પ્રેમ હીજ સસારમા મનુષ્યાત્મા ટકી શકે

છે. હમેશાં પ્રભાવતી પોતાના પ્રિયતમની પર્ણકુટી પ્રતિ જોઇ રહી કોઇ જાણે નહિ તદનુસાર આસુ સારી પોતાના મનોદુ:ખનુ કાંઇક અ શે સમાધાન કરતી હતી.

સંધ્યાનો સમય હતો. ભગવાન ઉષાકાન્ત અસ્તાચળમાં ઉતરી પડવાની તૈયારી કરી રહ્યા હતા સંધ્યાદેવીએ અનેકરંગી સાડીથી પોતાનું સુંદર શરીર આવૃત્ત કર્યું હતુ. આવા રમણિય સમયે ઉદ્યાનની અંદર પ્રભાવતી વૃક્ષસમુહની છાયા નીચે બેઠી બેઠી પોતાના પ્રાણાધિક રણધીરનું ધ્યાન ધરી રહી હતી, એવામા એકાએક પાછળથી તે સુંદરીને કોઇએ તેના નામથી બોલાવ.

પ્રિય પાઠક ! આ સંબોધનાર અન્ય કોઇ નહિ પરતુ રણધીર સ્વત હતો. પરિચિત પ્રેમીના પરિચિત અવાજથી તે હિઆગના આશ્ચર્યથી ચમકી ઉઠી ! તે પોતાના પ્રિયકર પ્રતિ ટગર ટગર જોઇ રહી રણધીરના મુખારવિંદ ઉપર સ્વેદાણુઓ તરી આવ્યા. રણધીરના હાથમા આ સમયે એક ન્હાની પોટલી હતી.

રણધીરે કહ્યુ—"પ્રભાવતી ! હુ આ સમયે આવ્યો તેથી તને કદાચ આશ્ચર્ય લાગ્યું હશે. કોઇ જાતની શકા લાવવાનુ પ્રયોજન નથી. આજે હું તને ભાવી સુખની એક વાત કહુ તો તે ઉપર તું લક્ષ્ય આપીશ કે ?"

"આપ શી વાત કહેવા ધારછો છો વારૂ ?" પ્રશ્ન થયો.

"જો સાભળ, પ્રિયે ! તને આપણી રાજ્યધાનીની કાંઇ ખબર છે ? નહિ જ હોય દિગ્વિજય મ્લેચ્છ સૈન્ય પહાડોનું અતિક્રમણ કરી આ તરફ આવે છે દિલ્લીનો સમ્રાટ્ અલ્લાઉદ્દીન ખિલજી ચિત્તોડ પર ચઢી આવવાને નીકળી ચુક્યો છે. તેની સાથે અમારે યુદ્ધ થનાર છે." રણધીરે ખુલાસો કર્યો.

સંભાવિત સંગ્રામની ભાવિ આશંકાથી પ્રભાવતી મુખા-વિંદ ઉપર એકાએક ભીતિદર્શક ચિન્હો પ્રકટી નીકળ્યા. તેણે ક્ષીણ કંઠે કહ્યું–" ત્યારે વ્હાલા રણધીર ! તમે પણ યુદ્ધમાં ભાગ લેશો કે ? અવશ્ય આપે ભાગ લેવો જ જોઇએ. પ્રિયકર ! ત્યારે હવે આપણી મુલાકાત પુન કયારે થશે ? "

" તેનો જ બંદોબસ્ત કરવાને હુ અત્રે આવ્યો છું. વ્હાલી ! મ્લેચ્છ સૈન્યની સખ્યાનો તને કાઇ ખ્યાલ નથી. ચિત્તોડનું સમગ્ર સૈન્ય મ્લેચ્છોના આગળ કાઇજ હિસાબમાં નથી. " રણધીરે સૂચવ્યું.

" ત્યારે શુ થશે પ્રિયે રણધીર ? " કંપિત સ્વરે પ્રભા-વતીએ પ્રશ્ન કર્યો.

" હું તેજ કહેવા માગુછું. જો સાંભળ ! ના કરે નારાયણ ને અહિં આ યુદ્ધમાંથી હુ મ્હારા પ્રાણની રક્ષા કરી ના શકું, તો મ્હારી સકળ આશાઓ આ જન્મને માટે શેષ થઇ જાય; વળી બીજી વાત એ છે કે તું ધનિકની કન્યા છે અને હુ સામાન્ય સૈ-નિક છુ. આપણી આવી વિરૂદ્ધ અવસ્થાને લેઇ આપણું મિલન સ માજ–સમતિથી થવું એ સર્વથા અશકય છે; વળી સ્વજન પરિજન પણ આપણા મિલનમા પોતાની અનુમતિ આપશે નહિ. આથી મ્હે તો એમજ વિચાર્યું છે કે આ સગ્રામ જ આપણા મિલનનો સુયોગ કરી આપશે " રણધીરે પ્રેમની પ્રતિમારૂપ પ્રભાવતી પ્રતિ એકાગ્ર દૃષ્ટિથી જોઇ રહી કહ્યુ

ચકોર ચપળા આશ્ચર્યથી રણધીરના મુખમંડળ તરફ જોઇ રહી. તેણે કહ્યુ:—"રણધીર ! વ્હાલા ! તમે શું કહેવા માગો છો તે હું સ્હમજી શકતી નથી. "

રણધીરે મૃદુ હાસ્ય કરતાં કરતાં કહ્યુ —" હું તો એમજ ધારૂં છું કે હજુ સુધી તું ન્હાની બાળિકા જ રહી છે. જો ધ્યાન આપ. બાલે ! મ્લેચ્છ સૈન્ય આપણા ચિત્તોડ દુર્ગમા ઉપસ્થિત થયું કે તે દુર્ગનું નામ નિશાન પણ રાખશે નહિ દુર્ગવાસીઓની હત્યા કરશે, સમગ્ર ચિત્તોડ લુટી લઇ બાળીને ભસ્મ કરી મૂકશે તથા આ પ્રમાણે કરી તેઓ પોતાના વિજયની ગૌરવ ઘોષણા કરશે. એ સમયે ત્હારૂં અને મ્હારૂં અસ્તિત્વ કયા લુપ્ત થશે તેની કોને ખબર ? આમ હોવાથી જ મ્હારૂં એમ કહેવું છે કે આ યુદ્ધના સુયોગે તું તથા હું ઉભય, ચિત્તાડનો પરિત્યાગ કરી દેશાન્તરે પલાયન કરી જઇએ તો લઢાઇના પ્રસગે અને તે વીત્યા પછી આપણા અસ્તિત્વ સબંધી કોઇને કાઇ પણ શકા રહેશે નહિ. હું સર્વ પ્રકારની વ્યવસ્થા કરીને જ શિબિરમાથી ચાલ્યો આવ્યો છું. જો આ પોટલીમા ત્હારે માટે છદ્મવેશ લાવ્યો છુ. તે પરિધાન કરી લે કે પછીથી આપણે ઉભય સહેલાઇથી સટકી જઇશુ. હૃદયની વેદના હું તને કેવી રીતે જણાવી શકું ? જે પ્રેમમિલનની આકાંક્ષાથી અધૈર્ય બની ગયો છુ, તે સફળ કરવાને માટે જ આ યુદ્ધ પ્રસગ આપણે માટે એક ઉત્તમ સુયોગરૂપ નથી થઇ પડયો ? ! "

રણધારના વચનો શ્રવણ થતાની સાથે જ પ્રભાવતીના ઉપર જાણે વિજળીજ ટુટી હોય તેમ તે ગભીર બની ગઇ થોડા સમય સુધી તે વિમૂઢા પ્રમાણે સ્વસ્થાને બેસી જ રહી. છેવટે તેણે ધીમે સ્વરે પણ આકર્ષક રીતે કહ્યુ —"રણધીર ! હુ આપને મુખે શુ સાભળું છુ ? ! સ્વપ્નમા પણ હુ મ્હારા પ્રિયતમ તરફથી ભિરૂતાસૂચક વચનો સાભળવાને ઈચ્છું નહિ ! રણધીર ! વ્હાલા ! તમે

વીર પુરૂષ છો. હુ સોગન સાથે જણાવું છું કે આપના કરતાં વિ-શેષ પ્રિય મ્હને આ અખિલ વિશ્વમા કોઇ જ નથી. સમાજની યા તો લોકનિંદાની મ્હને લેશ માત્ર પણ પરવા નથી; પણ દેશની વિ-પદને શુ તમે સુયોગ કરવા ચાહો છો ? આ શુ તમારા જેવા વીર સૈનિકને શોભતુ છે કે ? જુઓ સાંભળો:—

ખરા ક્ષત્રિય નથી ડરતા, મરણુની બ્હીક નહિ જોતા;
મૂકીને પાય, દુશ્મન સર્પની ઉપર, અમર થાતા,
સૂવે જે સુખ શય્યામાં, નથી ક્ષત્રિય એ વીરો,
દુશ્મન મારીને મરતા, ખરા ક્ષત્રિય ધર્મીઓ.
ક્ષત્રિયધર્મ સંભાળો, લઇ શમશેર ને ભાલો;
રોળો દુશ્મનો રણમાં, કુળનું પણ તમે પાળો. ”

વીરાંગનાનુ આ ઉચિત કથન સાંભળી રણધીરને ઘણું આશ્ચર્ય લાગ્યું, પણ પોતાના મનોભાવને ગોપન કરતાં તેણે કહ્યુ:—“ પ્ર-ભાવતી ! તું આ શુ કહે છે ? ”

“ હું જે કહુ છું તે સત્ય જ કહું છું. તમે રાજાના સૈનિક છો, તથા તમારા જેવા સૈનિકોના ઉપર તો આપણી માતૃભૂમિની રક્ષાનો આધાર છે. નારીના તુચ્છ પ્રેમમાં પડી સ્વદેશહિતચિંતક વીર પુરૂષે પોતાના કર્ત્તવ્યને વિસારી દેવું જોઇએ નહિ.” પ્રત્યુત્તર મળ્યો.

અલ્પ સમય સુધી ઉભય શાત રહ્યાં. કેટલાક સમય પછી રણધીરે ક્ષુબ્ધ કંઠે કહ્યું:—“ પ્રિયે ! ત્યારે તો હવે આલોકમાં આ-પણા મિલનની આશા વ્યર્થ છે. યુદ્ધમાંથી પાછો ફરીશ કે કેમ તે દૈવ જાણે ! યદાકદાચિત જો પાછો ફરૂં તો પણ આપણું મિલન કેવી રીતે થશે ! ! ”

" આમ નિરાશ કેમ થાઓ છો ? આપણું મિલન ઇશ્વરે બાલ્યાવસ્થાથીજ કર્યું છે. દૈહિક પ્રેમ કરતાં આત્મિક પ્રેમ સર્વોતમ છે. પ્રિયતમ રણધીર ! હું આપને અનુરોધ કરૂં છું કે, દેશના દુર્દૈવ પ્રસગે તમે નારી પ્રેમથી મોહવશ થઇ સ્વકર્ત્તવ્યને વિસારે ના મૂકો. શું આપને રાજપૂતકુળનું કે આપણા ધર્મનું અભિમાન નથી ? રજપૂતાણીઓની લાજ દુષ્ટ મ્લેચ્છોને હાથે લેવાતી જોઇ તેને તમે સુયોગ માનશો ? "

રણધીરને જ્યારે એમ જ લાગ્યું કે ગમે તેટલી યુકિત તથા તર્ક વાપર્યા છતાં આ વીરબાળા પોતાના સંકલ્પનો ત્યાગ કરનાર નથી ત્યારે તે રજા લઇ વિદાય થઇ ગયો. પોતાની દૃષ્ટિથી પ્રેમમૂર્તિ દુર થાય ત્યાં સુધી પ્રભાવતી તેના તરફ ટગર ટગર જોઇ રહી.

૩

રસ્તે જતાં જતા રણધીરના મનમાં અનેક પ્રકારના વિચારો ઉત્પન્ન થવા લાગ્યા સત્ય રીતે જોવા જતા તો એ શિબિરમાથી પલાયન કરી પ્રભાવતીની મુલાકાતે આવ્યો હતો; તેણે આ વખતે પ્રથમાનુસાર ઉપરી અધિકારીની રજા મેળવી ન્હોતી, આથી કરીને પોતે રજા વિના બ્હાર જઇ આવ્યો છે એ વાતની ઉપરી અધિકારીને ખબર પડે તો તેને તોપને ગોળે ઉડાવી મૂકયા સિવાય રહે નહિં એવી તેને ખાત્રી હતી. પલાયન કરી આવતા પહેલા એવો ખ્યાલ નહોતો આવ્યો કે પ્રિયતમા પોતાની વાતનો ઇનકાર કરશે અને પુન પોતાને છાવણીમા પ્રવેશ કરવો પડશે. આવી વિપદની આશકાથી તે આકુળ—વ્યાકુળ બની ગયો. રણધીર દુખનો માર્યો એક વિશાળ વૃક્ષ નીચે બેસી પડયો. ચિતાના પ્રબળ ઉદ્વેગથી તેનામા ચાલવાની પણ શકિત રહી નહે.તી.

મનુષ્યનુ મન જે વખતે આકુળ--વ્યાકુળ બની ગયું હોય છે તે વખતે જો યદાકદાચિત્ તેને એકાત સ્થાન મળે છે તો તેથી તેના મનમાં દુ ખમાંથી દૂર થવાને માટે અનેક સારી ખોટી કલ્પનાઓ ઉત્પન્ન થાય છે તેમજ વિરામે છે. આવા સમયે મનુષ્ય સારાસારનુ જ્ઞાન ભૂલી જઇ પાપમા પ્રવૃત્ત થાય એવો પણ પ્રસંગ પ્રાપ્ત થવાનો ઘણો સભવ હોય છે.

રણધીરના મનનું પણ તેમજ થયુ એક પ્રકારની દુરાશાએ તેના મનમાં પ્રવેશ કર્યો પાપથી ત્હેનુ મન મલિન થયું, તથા તેથીકરીને તેના મનમાં અનેક મલિન વિચારો ઉપસ્થિત થયા તેણે વિચાર્યું -પ્રભાવતી ! મ્હારી પ્રાણોપમા પ્રિયતમા ! હું તને આ જન્મમા તો કદાપિ ભૂલી શકું તેમ નથી ત્હારી સાથે મ્હારૂ મિલન થાય એવી મ્હને પ્રબળ જીજ્ઞાસા છે. જો હુ યુદ્ધમા મૃત્યુ પામું તો તો મ્હારી આશાનો સદતર નાશ થઇ જાય; વળી જેને હું આલોકમાં મેળવવા ભાગ્યશાળી ના થાઉં તેની પ્રાપ્તિ પરલોકમા થશે કે કેમ તેનો પણ શો વિશ્વાસ ? અરેરે ! પ્રભાવતી ! હુ તને કેવી રીતે મેળવી શકું ? ”

રણધીરના મલિન થયેલા મનોપ્રદેશમાથી એક વિચારે દઢભાવથી સૂચના કરી કે-“મરવાથી કાંઇ ફાયદો નથી ‘ જીવતો નર ભદ્રા પામે ’ એ જન-કથનાનુસાર તું જો જીવતો હોઇશ તો તે ચમકતી વિજળીને અવશ્ય મેળવી શકીશ. ત્હારા જીવનનું રક્ષણ પણ સહેલાઇથી થઇ શકે તેમ છે. દેશને માટે તું ત્હારૂ જીવન અર્પણ કરીશ તો પણ તેથી દેશનુ શું રક્ષણ થવાનું છે ? જો તુ મ્લેચ્છ સૈન્યને મદદ કરીશ તો તેથી ત્હારી રક્ષા થશે; એટલુજ નહિ પણ ત્હારી સાથે પ્રભાવતીની રક્ષા કરવાનું પણ ત્હારાથી

બની શકશે; વળી મ્લેચ્છો ચિત્તોડ પર આક્રમણ કરશે તો જનસમાજનો નાશ થઇ જશે આથી ત્હારૂં અને પ્રભાવતીનું પ્રેમમિલન કોઇ પણ પ્રકારની અડચણ સિવાય થઇ શકશે ! ત્હારા કરતા વિશેષ પ્રિય એવું તેનું બીજું કોઇજ નથી, એમ તે સુંદરીએ જણાવેલુ જ છે; આથી પ્રાણરક્ષા માટે તું યવનોને મળી જઇશ તો તે અવશ્ય તને ક્ષમા કરશે. ”

દુરાશા દૃઢ થઇ. રણધીરનો યવનનોને—શત્રુઓને સહાય કરવાનો દુષ્ટ વિચાર નિશ્ચિત્ત થયો. હરિ ! હરિ ! ! દુષ્ટ આશાને લઇ કેટલાં મનુષ્યો આ પૃથ્વીમાં પાપકર્મ કરવા પ્રવૃત્ત થાય છે ? !

રણધીર બીજે રસ્તે વળ્યો તથા ખડકો અને પહાડો ઓળંગતો યવન સૈન્યની છાવણી તરફ ચાલી નીકળ્યો.

૪

ચિત્તોડથી લગભગ સાત આઠ માઇલ દૂર એક વિશાળ મેદાનમાં યવન સેનાએ પોતાની છાવણી જમાવી હતી યવન સેનાના ચાર ઉપરી સરદારો અલ્લફખાન, નુસરતખાન, મલિકકાફુર અને ખુશરૂખાન એક ભવ્ય તંબુમાં બેઠા બેઠા ચઢાઇ સબંધી વિચાર ચલાવી રહ્યા હતા. એટલામાં તંબુની બ્હાર પ્હેરો ભરનાર પહેરેદારે અંદર પ્રવેશ કરી કુરનસ બજાવી કહ્યુ —“એક ચિત્તાડનિવાસી રાજપૂત યુવક આપ નામવરોની મુલાકાત લેવાની ઇચ્છા જણાવે છે. ખાદિમને શો હુકમ છે ? તેનું એવુ જણાવવુ છે કે જો તેને આપ આશ્રય આપશો તો તે ચિત્તોડ સ્વાધિન કરવાનો માર્ગ સહેલાઇથી આપને બતાવશે ”

અલફખાને આશ્રયાર્થીને અંદર મોકલવા પહેરદારને સૂચવ્યુ.

ચારે જણે અરસ્પરસ કાંઇક મસલત કરી. અંતે નુસરતખાને કહ્યું.–
' આ મનુષ્યને લીધે આપણને ઠીક મદદ મળશે. "

થોડા વખતમાં જ પ્રહરી આશ્રયાર્થી રણધીરને તંબુમાં પ્રવેશ કરાવી મ્હાર ચાલ્યો ગયો રણધીરનો તેજ પુજ ચહેરો જોઇ યવન સરદારો થોડા વખત સુધી તેના તરફ ટગર ટગર જોઇ રહ્યા. અલફ્ખાને અલ્પ સમયમાજ રણધીરના સર્વાગનું અવલોકન કરી લીધુ.

રણધીર યવન સરદારોને ઝુકીને સમામ કરી રહ્યો કે અલફ્ખાને પ્રશ્ન કર્યો –"તમે શા અર્થે અમને સહાય કરવાને ઇચ્છો છો ? અમારા આશ્રિત થવાનું કાઇ પ્રયોજન ?"

રણધીરે પ્રત્યુત્તર આપ્યો –" ચિત્તોડમા સર્વત્ર યવનોનું પ્રભુત્વ જોવાની મ્હારી મહત્વાકાક્ષા છે. "

રણધીરના પ્રત્યુત્તરથી અલફ્ખાનને સંતોષ થયો નહિ, તથાપિ તેણે નુસરતખાનને કહ્યું–" વિશેષ પૂછપરછ કરવાની હમણા ખાસ આવશ્યકતા નથી. તેનું જીવન મરણ હવે આપણાજ હાથમા છે, એટલે શી હરકત છે ? "

એકાએક કાઇ યાદ આવતા અલફ્ખાને રણધીરને પુનઃ પ્રશ્ન કર્યો;– " તમે ચિત્તોડને જીતવાનો સહેલો માર્ગ બતાવવાનું જણાવ્યું છે ને ? "

રણધીરે કહ્યુ–" હા, મ્હારે પણ તેજ સંબંધી આપને કહેવાનું છે, પરંતુ હુ આપને સહાય કરૂ તેના બદલામા આપે મ્હને એક પ્રકારની સહાય કરવી પડશે "

અલફ્ખાને આશ્ચયથી પ્રશ્ન કર્યો;–"તમને કેવા પ્રકારની સહાયની જરૂર છે ?"

રણધીરે પ્રત્યુત્તરમાં પોતાના પ્રભાવતી સાથેના પ્રેમની કહાણી અકપટભાવે અથેતિ નિવેદન કરી તથા અંતે જણાવ્યું કે—"તે પ્રભાવતી સાથે મ્હારૂં પ્રેમમિલન થાય એ બાબતમાજ મ્હને આપની સહાયની અપેક્ષા છે આપની સહાય વિના હુ તેને હમેશને માટે મ્હારી પ્રેમભાગિની બનાવી શકુ તેમ નથી."

ચારે સરદારોને રણધીરની પ્રેમકહાણીથી કાઇક આશ્ચર્ય લાગ્યુ તથા તેની શરત સાંભળતાની સાથે તો તેઓએ મહામુશિબતે પોતાનુ હસવું દબાવી દીધું. છેવટે કાંઇક વિચાર કરી અલફખાને રણધીરને કહ્યુ—"તમારી શરત મન્જુર કરવામા આવે છે, પણ ધ્યાનમા રાખજો કે જો કદાચ તમે અમારી શરત નહિ પાળો તો તમારા દેહના રક્તથી પણ તેનુ પ્રાયશ્ચિત્ત થઇ શકશે નહિ !"

(૫)

યથાસમયે રણધીરે અગ્રગામી થઇ ચિત્તોડદુર્ગનુ ગુપ્તદ્વાર યવનોને બતાવી દીધુ. કીડીઓની હારની માફક મ્લેચ્છ સેનાએ દુર્ગમા પ્રવેશ કરી દુર્ગનો ધ્વંશ કરવાની શરૂઆત કરી, એક ચિત્તાડનિવાસી રાજપૂતકુળકલંક ક્ષત્રિયના વિશ્વાસઘાતથી ચિતોડદુર્ગ મ્લેચ્છોને આધીન થયો. સેનાધિપતિ તેમજ ખુદ અલ્લાઉદ્દીન ખિલજીએ સતુષ્ટ થઇ રણધીરને ખુબ નવાજ્યો

વિજયમત્ત યવન સેનાએ દુર્ગધ્વંશ તેમજ મનુષ્યોની હત્યા કરવાનુ નિર્દય કાર્ય આરભ્યુ, તથા તે પ્રમાણે કરી તેઓ પોતાના વિજયની ગૌરવ ઘોષણા કરવા લાગ્યા રાજપૂત વીરોએ યુદ્ધમાં પ્રાણના બળિદાન આપ્યા ક્ષત્રીરાગનાઓએ જહરવ્રતનુ પાલન કર્યુ

રણધીરે એકાએક પોતાની શરતની અલફખાનને યાદ આપી.

અલફખાને રણુધીરને કેટલાક સૈનિકો સોંપ્યા. તેમને સાથે લઇ રણુધીર પ્રભાવતીના ઘર તરફ જવા લાગ્યો.

દુર્ગધ્વંશની તેમજ જીવતા રહેલા મનુષ્યોની હત્યાની કરૂણાજનક ઘટના ઘટવી શરૂ થઇ ગઇ હતી દર મુહૂર્તે ભાવી વિપદની આશંકાથી પ્રેમની પ્રતિમારૂપ પ્રભાવતી વિશેષ ગભરાતી જતી હતી આવા સમયે પણ તેના હૃદયમાથી તેના પ્રિયકર રણુધીરની સ્મૃતિ પળવારને માટે પણદૂર થતી નહિ તેનો આત્મા આકુળ—વ્યાકુળ બની ગયો હતો. આત્માની આવી સ્થિતિમાજ પોતાના પ્રિયતમ રણુધીરને જીવતો જાગતો અપૂર્વ આનદમા પોતાની પાસે આવતો જોઇ તે સુંદરી અલ્પ સમયને માટે આનદ સાગરમાં ડૂબી ગઇ. રણુધીરને પ્રેમના પ્રબળ ઉમળકાથી આલિંગન કરવાને તે આગળ દોડી, પરતુ તરત જ જયારે તેને એમ માલુમ પડયુ કે રણુધીરની સાથે યવન સૈનિકો તેના સાથીદાર તરીકે આવે છે ત્યારે તો તે સખેદાશ્ચર્યથી જડ પુતળીના પ્રમાણે જયા હતી ત્યાંજ સ્થિર ઉભી રહી.

ક્રમે ક્રમે રણુધીરની સાથે છેવટે થયલા વાર્ત્તાલાપની સ્મૃતિ થઇ આવી. એજ મેળાપ વખતે થયલી વાતચીતના પરિણામનું દર્શન થતાંની સાથેજ દુ:ખથી, લજ્જાથી તથા ભયથી પ્રભાવતી કપી ઉઠી. થોડા સમય સુધી શાંત રહ્યા પછી તેણે કઠોર કંઠે કહ્યુ —"રણુધીર !"

કર્કશ કંઠસ્વર શ્રવણુ થતાની સાથેજ રણુધીર કાઇક બ્હીધો. તેના કઠમાથી ધીમો સ્વર નીકળ્યો —" પ્રિયતમે ! "

' ખબરદાર રણુધીર! કૃપા કરી હવે મ્હને એ સબોધનથી સંબોધશો નહિ ! હવે હું તમારી પ્રિયતમા નથી. મ્હારી પ્રિય જન્મભૂમિના તમે વિદ્રોહી છો છતા શુ તમે મ્હને પ્રિયતમા કહોછો ? રણુધીર !

તમારૂં પ્રિય મ્લેચ્છ સૈન્ય છે. તમારી પ્રિયતમા વિશ્વાસઘાતકતા છે. માતૃદ્રોહી પુરૂષ ! આંખે વિકાસી જુઓ કે તમારા વિશ્વાસઘાતકતાથી આજે આપણી સોનાની માતૃભૂમિ સ્મશાનભૂમિના સ્વરૂપમાં ફેરવાઇ ગઇ છે. બંધુજનોનો હાહાકાર, રજપૂત કુલાંગનાઓએ અગ્નિદેવને આપેલા પોતાનાં પ્રાણનાં બળિદાનો—એ સર્વ હૃદયવિદારક દર્શનથી પણ તમારા મનમાં અનુતાપ ઉત્પન્ન થતો નથી ? અરેરે ! તમે છેકજ નિષ્ઠુર થયા ! મ્હારાથી પ્રાણાધિક ચિત્તોડ દુર્ગની આવી શોચનીય અવસ્થા જોઇ શકાતી નથી !" પ્રભાવતી પોતાના નેત્રોમાથી વહેતા જળપ્રવાહને અટકાવી શકી નહિ

રણધીરે વેદનાપૂર્ણ કંઠે કહ્યું—"પ્રભાવતી ! ત્હારે માટેજ મ્હેં આમ કર્યું છે, વળી તને મેળવવાનો અન્ય ઉપાય નહિ હોવાથીજ મ્હેં શત્રુને સહાય કરી છે. પ્રણય આગળ પ્રાણ તુચ્છ છે, દેશ તુચ્છ છે, પૃથિવી તુચ્છ છે. તને મેળવવાને માટે મ્હેં જે અધમ કાર્ય કર્યું છે તેનુ તું જે પ્રાયશ્ચિત્ત કહે તે કરવા તૈયાર છું; પણ તું મ્હારાથી વિરૂપ થઇશ નહિ આપણાં સર્વ સંકટો દૂર થયા છે. હવે ચાલ આપણે સુખેથી આપણી આશા અને ઈચ્છાને તૃપ્ત કરીએ."

કર્કશ કંઠે ચીત્કાર કરી તે વીરબાળા બોલી ઉઠી—"મ્હારે માટે તમે આ પ્રમાણે કર્યું છે ? શુ આ તુચ્છ સ્વરૂપના મોહથી અંધ થઇ તમે સ્વદેશના વિદ્રોહી થયા છો ? તમે એમ ધારો છો કે દેશદ્રોહીના ઉપભોગાર્થ મ્હારા દેહની ઉત્પત્તિ થઇ છે ? રણધીર ! મ્હારો આ દેહજ જો જન્મભૂમિના સત્યાનાશના કારણ રૂપે છે તો જુઓ ! હું તેનું પ્રાયશ્ચિત્ત તમારી નજર આગળજ કરૂં છું—"

આમ કહી પ્રભાવતીએ પોતાના વસ્ત્રમાંથી એક તીક્ષ્ણ કટાર બ્હાર કાઢી.

વિપદસૂચક ભવિષ્યનો ખ્યાલ આવતાજ રણધીર એકદમ આગળ ધસ્યો.

એટલામાં તો તે વીરાંગનાએ તીક્ષ્ણ કટારને પોતાના વક્ષ-સ્થળમાં ખોસી દીધી. સર્વાંગ સુંદરી, પ્રેમની પ્રતિમારૂપ પ્રભાવતી રણધીરના ચરણો આગળ ઢળી પડી ! इतिशम्

કરૂણામયી.

(૧)

શાહજાદીની આજ્ઞાથી બાંદી સુરાપાત્ર હાથમા લઇને એક ઓરડાના દ્વાર પાસે આવી ઉભી રહી ત્યાર પછી ધીમેથી દ્વાર ઉઘાડી તેણે અંદર નજર કરી તો અંદર એક યુવક સૂતો હતો. બાંદી દીપકોથી પ્રકાશી રહેલા ઓરડામાં ચિંતાતુર યુવકની અતુલ સૌંદર્યમયી મૂર્ત્તિ જોતાજ મુગ્ધ બની ગઈ. ત્યાર પછી કાંઇ વિચાર કરી, સુરા પાત્રને બ્હાર મૂકી તેણે ઓરડામાં પ્રવેશ કરી કહ્યુ –"મહાશય !"

યુવકનું આવનારી બાંદી તરફ લક્ષ્ય નહોતું કોઇનો કંઠ સ્વર સાંભળવામા આવતાજ તે આશ્ચર્ય પામી બેઠો થયો બાંદીએ તરતજ કુરનસ બજાવી. યુવકે પણ પોતાની ધર્મપ્રથા પ્રમાણે તેને માન આપ્યુ. પછીથી બાંદીએ કહ્યું –" મહાશય ! હું શાહજાદી ગુલનારની બાંદી છુ તેમનાજ આદેશથી હું આપને વિશ્રામ સમયે હરકત કરવા આવી છું મ્હારો અપરાધ ક્ષમા કરો "

નિર્નિમેષ નયને બાંદી તરફ જોઇ રહી યુવકે કહ્યુ –" કેમ, ત્હારે શું કહેવું છે ? "

બાંદીએ કહ્યુ:–" મ્હારી વાત ધ્યાન આપીને સાંભળવી પડશે "

" ઠીક, કહે જોઇએ ! "

બાદીએ પાસેજ પડેલા એક આસન ઉપર બેસી કહ્યું -" આપ જાણો છો કે આપ શા માટે કેદી થયા છો ? "

" ના, અદ્યાપિ એ જાણવાનો સુયોગ મ્હને પ્રાપ્ત થયો નથી હુ તો એમજ ધારૂં છું કે મ્હારો કાંઇ અપરાધ થયો નથી. વિના વાકેજ મ્હને કેદ કરવામાં આવ્યો છે. કોની આજ્ઞાથી કેદ થયો છુ તે સુદ્ધા હુ જાણુતો નથી "

" સાભળો, હું કહુ છું. કેટનાક દિવસ પૂર્વે એક રાત્રે મોગલો તથા રજપૂતોનું યુધ્ધ થયું હતુ. મહારાજ જશવતસિંહે અગીમ વીરત્વ દર્શાવીને સમ્રાટ્ના સૈન્યને પરાજિત કર્યુ હતુ. ત્યાર પછી તેમણે પોતાના સરદારોને ધનરત્નાદિ લુટી લેવાની આજ્ઞા કરી હતી. એ રાત્રે રમણીઓનો તબુ લુંટતા લુંટતાં તમે અમારા તબુમા આવી ચડયા હતા-યાદ છે કે ? "

" હા, તુ ત્હારે આગળ બોલ્યે જા. "

" એ સમય જો કે ઉપયુક્ત નહોતો તો પણ આપની વીર મૂર્ત્તિ અને વીરત્વ જોઇ મુગ્ધ બની ગઇ હતી. ત્યાર પછી લગભગ એક વર્ષ પૂર્વે અમારા બગલાની પૂર્વ દિશાએથી એક જગલ માં થઇને અમે ઘોડાપર બેસી નગર તરફ આવતા હતા. એકાએક એક વાઘે અમારા પર હુમલો કર્યો. એવામા એક ઇશ્વરે મોકલાવેલા વીર પુરૂષે અમને સકટમાથી બચાવ્યાં. તે સમયે અમે ભયને લીધે ભાન ભૂલી ગયા હતા તેથી એ વીર પુરૂષનો આભાર માની શકયા નહોતા આપે કૃતઘ્ન ધાર્યા હતા કે ? "

" કૃતજ્ઞતા મેળવવાની આશાથી મ્હેં કાંઇ કાર્ય કર્યુ નથી ક્ષુદ્ર શકિતથી ક્ષુદ્ર કર્ત્તવ્ય માત્ર બજાવ્યું છે ! "

બાંદીએ યુવક તરફ ટગર ટગર જોઇ રહી કહ્યું –"કર્ત્તવ્ય! ઠીક ત્યારે અમારૂં પણ એક કર્ત્તવ્ય છે ! આપની ઘણી શોધ કરી હતી. કાલે સંધ્યા સમયે આપ રાજમાગ પર ફરતા હતા—"

બાંદીની વાતને અટકાવી યુવક વચ્ચેજ ઉત્તેજિત કંઠે બોલી ઉઠયો —"આ કૃતજ્ઞતા પ્રકાશ કરવા માટેજ આ માર્ગ લીધો છે કે ? મ્હને લાગે છે કે તુંજ તે સ્ત્રી કે જેના જીવનનું મ્હે રક્ષણ કર્યું હતુ."

"ના મ્હાશય! હુ તો તેમની બાંદી છું. તેમણે મ્હને આપની પાસે એમ કહેવા મોકલી છે કે આપ કેદી નથી—રાજઅતિથિ છો. આપે તેમના ઉપર જે ઉપકાર કર્યો છે તેનો બદલો આપી શકાય તેમ નથી, તો પણ શાહજાદી પોતાનાથી બની શકશે ત્યા સુધી આપને સંતુષ્ટ કરશે."

"જો મ્હને વિના અપરાધે કેદી કર્યો હોય તો મ્હને એ મુક્ત કરશે તો હું તેમનો મ્હારા ઉપર મ્હોટો ઉપકાર થયો માનીશ. એ સિવાય અન્ય કોઇ બદલાની અપેક્ષા હુ રાખતો નથી"

"એમ તે બને કે ! શાહજાદી પોતાના ધનભંડારનું અમૂલ્ય રત્ન શોધે છે !"

"ત્હારી શાહજાદી મ્હને જે અમૂલ્ય રત્ન આપશે તેના પર હું પદાઘાત કરીશ, કાળાંતરે પણ હાથમા નહિ ધરીશ." આમ કહી યુવક ઉઠી ઉભો થયો

"શાંત થાઓ, શાંત થાઓ. આપ શુ કહો છો તે હુ સ્હમજી શકતી નથી તમે શાહજાદીનુ આવું અપમાન કરી શા માટે દુ:ખના દાવાનળમાં પડવાની તૈયારી કરો છો ?"

યુવકે ઉત્તર આપ્યોઃ—" મ્હારૂં ચિત્ત ચંચળ બની ગયું છે. મ્હને ક્ષમા કરો. બીજુ શું કહું ? "

" આપ હિંદુ-રાજપૂત છો ? "

" હા. " યુવકની કમર પર લટકતી તરવાર ખખડી ઉઠી.

" આપનું નામ જણાવી શકશો ? "

" મ્હારૂં નામ કમલાપતિસિંહ છે. "

" ક્યા નિવાસ કરો છો ?

" જોધપુરમાં. "

" મહારાજ જશવંતસિંહજીના રાજ્યમાંને ? વાહ, ઘણા આનંદની વાત. મ્હેં પણ જોધપુર જોયું છે. હું થોડા દિવસ ત્યાં રહી હતી. એ વખતની વાત હજુ થોડી થોડી યાદ રહી છે. અમારાં સ્વદેશભક્ત મહારાણી, કુમાર અને ન્હાની રાજકુમારી અરૂણા—"

યુવક ઘણું આશ્ચર્ય પામ્યો તે મહારાજ જશવંતસિંહજીનો એક મુખ્ય સરદાર હતો. તે જોધપુરનાં રાજકુટુંબનાં સર્વ માણસોને પિછાનતો હતો. તેણે બાદીને પ્રશ્ન કર્યો:—" તું તેમને કયાથી ઓળખે ? "

" એ વાતનો ઉત્તર આપવો કાંઇ ઘણો જરૂરનો નથી; પરંતુ આ જીવનમાં હુ પૂર્વની વાત ભૂલી ગઇ નથી તેથીજ મ્હારાથી આટલુ બોલાઇ જવાયુ. સાહેબો, શાહજાદીએ આપને રાજઅતિથિ તરીકે અત્રે રાખ્યા છે; તેમજ આતિથ્ય સત્કારનો ભાર તેમણે પોતાના માથા પર ઉપાડી લીધો છે."

" શાહજાદીનો ઘણો ઉપકાર માનું છું. "

(૨)

" ઉપકાર નથી, સાધારણ બદલો છે. " બ્હારથી કોઇ આ શબ્દો બોલી ઉઠ્યું. બાદી તથા યુવક ચમકી ઉઠયાં.

વિના વિલબે પાસેનું બારણું ઉઘડયુ. બાંદીએ ઘુંટણ સુધી નમી પડી આવનાર રૂપસુંદરીને માન આપ્યું આવનાર રમણી વિજળીના જેવી તેજસ્વી તથા ગુલાબના ફુલ જેવા શરીરવાળી હતી આ રમણીએ ઓરડામાં પ્રવેશ કરી બાદીને પોતાની છાતી સાથે ચાંપી કમલાપતિના તરફ નજર કરી

કમલાપતિ સૌંદર્યથી વિહ્વળ બની ગયો હતો. તેને બિલકુલ જ્ઞાન રહ્યું નહોતું !

જે રમણી ત્યા આગળ આવી તે સમ્રાટ ઔરંગજેબની બ્હેન ગુલનાર હતી. ઐતિહાસિક વાચકો આગળ તે ઘણી પ્રસિદ્ધ નથી; કારણ કે એ સમ્રાટની બીજી બે બ્હેનોના જેવી વિદુષી અને રાજકાર્ય ધુરંધુર નહોતી શાહજાદીએ ઘણા કોમળ સ્વરે કહ્યુ —" કમલાપતિ ! તમે મ્હારા પ્રાણદાતા છો. સમ્રાટની બ્હેનના જીવનની તમે રક્ષા કરી છે તેનો જો બદલો આપવામા આવે તે થોડો છે. અદ્યાપિ તમને તમારા એ બહાદુરી ભરેલા કાર્યનો કાંઇ બદલો આપી શકાયો નથી. હમણા એ બદલો આપવાનો સુયોગ મળી આવ્યો છે. તમે એ બદલાનો અસ્વીકાર કરો તેથી કરીનેજ તમારી સાથે અત્યાર સુધી કાંઇક ઉગ્ર વ્યવહાર ચલાવવામા આવ્યો છે. દયા કરીને એ દોષની ક્ષમા કરજો " આમ કહી ગુલનાર ચચળ નેત્રોએ કમલાપતિની તરફ જોઇ રહી. કમલાપતિના મસ્તકમા દુબળતાએ પ્રવેશ કર્યો હોય એમ જણાતું હતુ, તેણે કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ

શાહજાદીના નેત્રસંકેતથી બાદી બ્હાર ચાલી ગઇ હતી. કમલા-પતિને નિરૂત્તર જોઇ શાહજાદી ધ્રુજતે પગે બે ડગલા આગળ વધી. અને તેણે કમલાપતિનો હાથ પોતાના હાથમા લીધો કમલા-પતિ કંપી ઉઠયો. શાહજાદીનો હાથ તરછોડી નાંખી તે બોલ્યો-
' આ શુ કહેવાય શાહજાદી ? "

ગુલનાર મદ્યપાનથી ઉન્મત બની ગઇ હતી. તેણે કહ્યું —
"તમે આશ્ચર્ય શા માટે પામો છો? તમારે યોગ્ય થઇ પડે એવું મ્હારી પાસે કાંઇ નથી. આજકાલ કરતાં લગભગ એક વર્ષથી તમારી પ્રેમ મૂર્તિની મ્હે મ્હારા હૃદયમંદિરમા પ્રતિષ્ઠા કરી રાખી છે. આ એક વર્ષના સમય દરમ્યાન દરેક ક્ષણે મ્હે આપનીજ મોહનમૂર્તિના વિચારો કર્યા છે. આશા નિરાશાના વિચારોમાં હું એક વર્ષ સુધી વ્યાકુળ થઇ રહી છુ. મ્હેં જે કષ્ટ વેઠયું છે તેનો ખ્યાલ આપને ભાગ્યેજ આવશે. સમગ્ર હિંદુસ્થાનના સમ્રાટ્ શાહાજહાનની પુત્રી એક સાધારણ હિંદુને મેળવવા ઇચ્છે છે એવો વિચાર આવતા હું જાતેજ ઘણુ આશ્ચર્ય પામું છુ; પરતુ શું કરૂં ? મ્હારૂં હૃદય આ-પને દેવસ્વરૂપે પૂજે છે. બોલો, કમલાપતિ ! શુ મ્હારો આવો અ-પૂર્વ પ્રેમ નિરાશાના વાયુમા ઉડી જશે ? ત્યારે શુ મ્હારૂ આ કુસુમ જેવુ કોમળ યૌવન આપના પ્રેમથી વિકસિત થવાને બદલે સુકાઇ જશે ? "

કમલાપતિના આશ્ચર્યની સીમા રહી નહિ. તેના મુખમાંથી એક પણ શબ્દ બ્હાર નીકળી શકયો નહિ. ગુલનાર આગળ બોલવા લાગી—
" કમલાપતિ ! પ્રથમ દિવસે જ્યારે તમે અમારો તંબુ લુંટવા આ-વ્યા હતા, સશસ્ત્ર યોદ્ધાના વેશમાં અમારી પાસે આવ્યાં હતા તે

સમયે કોણુ જાણે કે શુ વિચારથી તમે અમારા તંબુને લુંટયા સિવાય પાછા ફર્યા હતા ! પરંતુ શૂરવીર, ઉદાર પુરૂષ કમલાપતિ ! તમે તમારા દુશ્મનની કન્યાને કોઇ પણ પ્રકારની અડચણ કરી નહોતી. તેથી જ હું તમારૂં મહત્વ સ્હમજી શકી હતી. કમલાપતિ ! હૃદયેશ્વર ! શું તમે મ્હારી પ્રાર્થના પ્રતિ લક્ષ્ય નહિજ આપો ? હું આપને મ્હારૂં સર્વસ્વ અર્પણ કરવા તૈયાર છું." આમ કહી ગુલનારે પોતાના બન્ને હાથ કમલાપતિના ખભામાં નાંખ્યા. કમલાપતિ વ્યાકુળતાથી ઓરડાના દ્વાર તરફ ગયો તો દ્વાર બંધ હતું. શાહજાદી ઉચ્ચ સ્વરે હસી પડી. કમલાપતિ નિરાશ બની જઇ આમ તેમ આંટા મારવા લાગ્યો. એવામાં એકાએક પાછલા ભાગનું દ્વાર ખુલી ગયું. કમલાપતિ એ દ્વારમા થઇ આગળ ગયો તો તેણે જે દેખાવ જોયો તેનાથી તેના નેત્રો અંજાઇ ગયાં શાહજાદી ગુલનારનો રંગમહેલ જોતાંજ તે પાષાણ પ્રતિમા પ્રમાણે સ્થિર થઇ ગયો. મધુરાં હાસ્ય, કોમળ કંઠના સુલલિત ગાન, વિલક્ષણ નૃત્ય, વગેરે જોતાંજ કમલાપતિએ પોતે ઇંદ્રલોકમા પ્રવેશ કર્યો હોય એવો તેને એક ક્ષણને માટે ભાસ થયો. વિચિત્ર વિલાસાલયમા વિચિત્ર રૂપજ્યોતિનો વિચિત્ર પ્રકાશ પડયો. અગ્નિમા ઘીની આહુતિ થઇ. કમલાપતિ સ્થિર, ધીર અને ગંભીર બની ગયો.

(૩)

"ત્યારે શુ મ્હારી પ્રાર્થના નિષ્ફળ જશે ?"

"ચોક્કસ."

"કારણ ?"

"શાહજાદી ! અધમ હિંદુ રાજપૂત, દિલ્લીશ્વરની કન્યાનો પ્રેમપાત્ર થવાને યોગ્ય નથી."

" તમને ભય લાગે છે ? ભય રાખવાનું કાંઇ કારણ નથી. આપણો પ્રેમ કોઇ જાણી શકશે નહિ જહાનઆરા, રોશનઆરા વગેરે હોય તો પણ ગુલનારના રંગમહેલની ગુપ્ત વાત ગુપ્તજ રહેશે. તમે મ્હારી પ્રાર્થના સ્વીકારો."

"શાહજાદી ! તમારે પગે પડી ભિક્ષા માગુંછું કે તમે આ પાપવૃત્તિ દૂર કરો. હું એક રાજપૂત છું, તમારી પ્રણયપ્રાર્થના સ્વીકારી શકીશ નહિ "

" સાંભળો, હજુ પણ મ્હારી પ્રાર્થના સ્વીકારી શકતા નથી? મ્હારી આજ્ઞા વિરૂધ્ધ વર્તવાથી મરણને શરણ થવુ પડશે, અને જો મ્હારી પ્રણયપ્રાર્થનાનો સ્વીકાર કરશો તો રાત્રિ દિવસ અપાર આનંદની પ્રાપ્તિ થશે હુ તમારા પર અપૂર્વ પ્રેમ રાખીશ."

દૃઢ સ્વરે કમલાપતિએ કહ્યુ —" માફ કરો શાહજાદી ! વીર રાજપૂત જીવન જવાના ભયથી પોતાના સદ્‌વિવેકને દૂર કરી શકશે નહિ. જીવનને તે ઘણું તુચ્છ સ્હમજે છે પ્રાણના ભયથી તે વિજાતીય, વિધર્મી લલનાની—"

" સભાળીને બોલો."

" શા માટે સભાળીને બોલુ ? શુ તમે જાણતા નથી કે રાજપૂતના હૃદયમાં ભય હોતોજ નથી. તમે ચાલ્યા જાઓ ! જાઓ."

શાહજાદીએ ઉચ્ચ સ્વરે કહ્યું —"ચાલી જાઉ છું; પરંતુ હજુ પણ વિનંતિ કરૂં છુ કે તમે મ્હારા થાઓ."

" નિર્લજ, સ્વેચ્છાચારિણી સ્ત્રી ! ત્હારૂ મુખ જોવુ એ પણ મહા પાપનો સંચય કરવા જેવું છે !"

શાહજાદી ક્રોધાગ્નિથી સળગી ઉઠી. તેણે ગુસ્સાના આવેશમાં

કહ્યુ—"કાફર ! આટલુ બધુ અભિમાન ! તને ત્હારા આ કૃત્યની ભય કર શિક્ષા થશે, ત્હારો પ્રાણ દૂર થશે. અત્યાર સુધી મ્હે ત્હારે માટે જે પ્રેમ સચય કર્યો હતો તે પ્રેમ હિંસાનુ સ્વરૂપ ધારણ કરશે હવે હુ તને મ્હારો જીવનદાતા જાણી જીવતો જવા દઇશ નહિ. જે જીભે મ્હારૂં અપમાન કર્યુ છે તે જીભ કૂતરા પાસે કરડાવવામાં આવશે, તને જીવતોને જીવતો જમીનમાં દાટવામા આવશે." આમ કહી શાહજાદી અભિમાનથી ચાલી ગઇ.

કમલાપતિ શુ કરવુ તે સબધી વિચાર કરવા લાગ્યો તેણે પોતાની કમર પર હાથ ફેરવ્યો તો ત્યા આગળ તેને પોતાની તરવાર જણાઇ નહિ. તે ખરેખર કેદીજ થઇ પડયો હતો

થોડો સમય વીતી જતાની સાથેજ પેલી પૂર્વ પરિચિતા બાદી પુન કમલાપતિ પાસે આવી પહોચી. તેના હાથમા એક ન્હાની તરવાર હતી. વખત, સ્થળ વગેરેનો વિચાર કર્યા સિવાય કમલાપતિએ તેના હાથમાંની તરવાર લઇ લીધી અને પોતાના મ્યાનમાં સરકાવી દીધી.

બાદીએ ગંભીરતાથી કહ્યુ –" કમલાપતિ ! "

" ચાલી જા, ત્હારી શાહજાદીને કહે કે રાજપૂત વીર મરણથી ડરતો નથી. જા, હવે મ્હને કોઇ પણ રીતે વિરકત કરીશ નહિ. "

બાદી ચાલી ગઇ નહિ તે કમલાપતિના તરફ આગળ વધી બોલી–" શાહજાદીએ તમારો જીવ લેવાનો નિશ્ચય કર્યો છે! તમે મરવાને તૈયાર છો ? "

" તને હું એક વખત કહી ચુકયો છું કે મરણનો હું બિલકુલ ભય રાખતો નથી. "

બાદીએ શાન્તસ્વરે કહ્યુ–"આવા સુંદર સંસારનો ત્યાગ કરી,

સ્નેહી સંબંધીઓના સંબંધને દૂર કરી મરી શકશો ? જો તમને જીવવાની ઇચ્છા હોય તો હું તમને મુકત કરી શકું તેમ છું. મુક્ત થવાની ઇચ્છા છે ? ”

“ ના; હું તો મૃત્યુનેજ ઇચ્છું છુ !

“ મૃત્યુને શા માટે ઇચ્છો છો ? જીવનનું શું કોઇ કર્ત્તવ્ય નથી ? દેશના આવા દુર્ભાગ્ય સમયે તમારા જેવા યોધ્ધાઓનો પ્રાણ શું મૂલ્યવાન નથી ? ”

કમલાપતિ શાતિથી બાંદીની તરફ જોઇ રહ્યો તેનુ મુખ ઘણું શાંત, ધીર અને દયાર્દ્ર જણાતુ હતું. બાદી બોલવા લાગી—“ હું શાહજાદી ગુલનારની મુખ્ય બાદી એટલે કે સહચરી જેવી છું. હું તેની આજ્ઞા ઉથાપી શકુ તેમ છુ તમારા જેવા વીર યોદ્ધાને હું મુક્ત કરી શકુ તો મ્હને પણ ઘણો આનદ થાય એક અપવિત્ર ઉચ્છૃંખલ સ્રીની આજ્ઞાથી તમારા જેવા વીર પુરૂષના પ્રાણનો નાશ થાય તો તેથી મ્હને પણ ઘણો શોક થાય, માટે મ્હારૂં કહ્યુ માનો”

કમલાપતિ આશ્ચર્ય પામ્યો. આ રમણી—મુસલમાન–બાંદી ! ! તેણે વિચાર્યુ —“ હુ વિના કારણ શા માટે મ્હારો પ્રાણ ગુમાવુ ?” આમ વિચારી તેણે પ્રશ્ન કર્યો —“ મ્હારી મુક્તિ કરે તેના બદલામા ત્હારે શુ જોઇએ છીએ ? ”

“ કાઇજ નહિ. ”

કમલાપતિએ પુનઃ પ્રશ્ન કર્યો —“ મ્હને મુક્ત કરી કદાચ તુ સકટમા પડીશ તો ? ”

“ હુ એવાં સામાન્ય સકટોનો ભય રાખતી નથી. જો તમે વિના સંકટે તમારા દેશમાં પહોચ્યાના સમાચાર જાણીશ તો પછી હું

મ્હારા ઉપર આવી પડનાર સંકટને આનંદથી સહન કરી શકીશ."

"પરંતુ મ્હને વિચાર થાય છે કે તું મ્હારે માટે કેમ સંકટ વેઠે ?"

"તમારા જેવા વીર યોદ્ધાના પ્રાણનું રક્ષણ કરવા માટે."

"ના, આ કારણ બરાબર નથી. તું આત્મભોગ આપવા તૈયાર થાય છે એનુ કાઇ પણ અન્ય કારણ હોવુ જોઇએ."

"જુઓ ત્યારે હુ તમને ખરૂ કારણ કહૂછુ. મ્હેં એક ભયંકર ગુન્હો કર્યો છે. એક હિંદુ જ્યોતિષી અત્રે આવી ચઢયો હતો તેણે કહ્યુ હતું કે 'પ્રસંગ આવ્યે આ પાપનું પ્રાયશ્ચિત્ત કરજો.' આથી કરીને હુ મ્હારા પ્રાયશ્ચિત્તને માટે આ સારો સુયોગજોઉ છુ."

કમલાપતિએ કહ્યું —"ઘણુ સારૂ, હુ જાઉ છુ; પરંતુ ત્હારા ઉપર જો કાઇ સંકટ આવી પડે તો મ્હને સમાચાર પહોચાડવાનું કબૂલ કર."

"કયા આગળ આપ મળશો ?"

"આરામબાગની પશ્ચિમ દિશાએ મહારાજ જશવંતસિંહજીનુ સૈન્ય જ્યા નિવાસ કરે છે ત્યા. હુ કાબુલથી મહારાજના આગમનની રાહ જોતો એ સ્થળે રહેવાનો છું."

આશ્ચર્ય પામીને બાંદીએ કમલાપતિ તરફ નજર કરી. કમલાપતિએ કહ્યુ —"સ્નેહમયી નારી ! ત્હારૂ નામ શુ છે ?"

બાંદીએ કાંઇક સંકોચ પામી ઉત્તર આપ્યો —'કરૂણામયી,—મુન્ના બાંદી. હવે તમે બ્હાર આવો. મ્હે એક તેજી અશ્વ તૈયાર રાખ્યો છે, વળી તમે રાજપૂત છો કહી શકશો કે યવનના સહવા-

સથી રાજપૂતનું શું થાય ? તેના પાપનું પ્રાયશ્ચિત્ત શું ?"

"મૃત્યુ"

"પધારો !"—કમલાપતિ બાદીની પાછળ પાછળ ચાલી નીકળ્યો.

(૪)

જે પ્રબળ પ્રતાપ તેમજ અપાર ક્ષમતાથી મોગલો ભારત ઉપર રાજત્વ કરી ગયા છે, એ શક્તિનો પરાજય થવાના કારણોમાં એક મુખ્ય કારણ તરીકે 'સ્ત્રીની પ્રભુતા' ઉલ્લેખવા યોગ્ય છે. સામ્રાજ્યનુ અધપતન થવાનુ પ્રથમ કારણ ગમે તે હો, પરંતુ જહાનઆરા તથા રોશનઆરાનુ પ્રભુત્વ સમ્રાટ્ શાહજહાન અને ઔરંગઝેબના ઉપર અપાર તેમજ પ્રબળ હતુ એ ઐતિહાસિક વાત સત્ય છે તે વખતે મોગલોના રાજનૈતિક આકાશમા ભયકર તોફાન ઉપસ્થિત થયું હતુ વૃદ્ધ સમ્રાટ્ શાહજહાન કેદમા પડયો હતો. જહાનઆરાની દશા પણ એવીજ હતી. ઔરંગઝેબ દિગ્વિજય કરવાની આશાથી ભટકતો હતો. તેની સાથે તેના ખાસ સલાહકાર તરીકે તેની ભગિની રોશનઆરા હતી

શાહજાદી ગુલનાર રાજમહેલમાજ નિવાસ કરતી હતી. તેથી કરીને તેની સ્વતંત્રતાની તેમજ તેના પ્રતાપની સીમા રહી નહોતી

એ દિવસે જ્યારે તાતારિણીએ આવી ખબર આપી કે કેદી રાજપૂત મહેલમાથી પલાયન કરી ગયો છે ત્યારે શાહજાદીએ સિંહણનું સ્વરૂપ ધારણ કર્યું એક સાધારણ હિંદુ તેનું અપમાન કરી પલાયન કરી જાય એ તેને માટે ઓછી શરમની વાત નહોતી ! તેણે ચારે દિશાએ ચતુર ગુપ્તદૂતો રવાના કર્યા, તથા પલાયન કરી ગયલા કેદીને મૃત યા તો જીવિત અવસ્થામા પોતાની પાસે હાજર કરવાની

આજ્ઞા કરી. તેની બદનો લેવાની વૃત્તિ સતેજ થઇ ગઇ તેણે ગુપ્ત-દૂતોને પણ એવી સૂચના કરી કે —"જો તમે કદીને ગમે એવી અવસ્થામા પણ મ્હારી આગળ હાજર નહિ કરો તો તમારા પ્રાણનો નાશ કરવામા આવશે."

ગુપ્તદૂતો પોત પોતાના કાર્ય પર ચાલ્યા ગયા ત્યાર પછી શાહજાદીએ બાદીને બોલાવી બાદી આવી પહોચી અને શાહજાદીની ક્રોધદર્શક મૂર્ત્તિ જોઇ ઘણી ગભરાઇ ગઇ.

જો આ સમગ્ર વિશ્વમા શાહજાદીની કોઇના પર કૃપાદષ્ટિ રહેતી હોય તો તે માત્ર આ બાદીના ઉપરજ. ઘણા સમયથી રાજપૂતાના એક અરણ્યમાથી શાહજાદીને આ બાદી મળી આવી હતી. આથી કરીને શાહજાદી તેને પોતાની સખી તથા સંગિની સ્હમજતી હતી. કરૂણામયી પણ શાહજાદીના ઉપર અપાર પ્રેમ રાખતી હતી

કરૂણામયી આવી કે તરત તેને પોતાની પાસે બેસાડી શાહજાદીએ કહ્યુ —" કરૂણામયી! એક ગાન ગા જોઉ ?"

કરૂણામયીએ વીણા લીધી. કોમળ આગળીઓથી તે તારના ઝણકાર કરવા લાગી અમ છતા સુર બરાબર મેળવી શકી નહિ. તેણે વીણાને મૂકી દીધી. શાહજાદીએ ગુસ્સે ભરાઇ જઇ કહ્યુ —" દુર થા !'

બાદી તરતજ શાહજાદી પાસેથી ચાલી ગઇ, તે સમયે મધ્યાનો સમય થયો હતો કેટલાક ગુપ્ત દૂતોએ આવી સમાચાર આપ્યા કે કેદીનો પત્તો લાગતો નથી શાહજાદીએ ઇનામની રકમમા ચાર ઘણો વધારો જાહેર કર્યો. કરૂણામયી વિચાર કરવા લાગી —" આમ કેમ થાય છે ? મનુષ્ય મનુષ્યના ઉપર વગર અપરાધે શા માટે આવો

જુલમ ગુજારે છે ! વળી ખાસ કરીને નારી હૃદય કે જે દયા, માયા તેમજ સ્નેહનું સ્થાન છે, જે હૃદય પવિત્રતાનો આધાર છે, ક્ષમાનું પ્રશસ્ત સ્થાન છે, એજ કોમળ હૃદય શા માટે આટલું બધું નિષ્ઠુર તથા કઠોર થતુ હશે ? જ્યારે સ્ત્રીજ હત્યા કરશે, હિંસા કરશે ત્યારે શુ પુરૂષ રાક્ષસનું સ્વરૂપ ધારણ કરશે ? કદાચિત જો કમલાપતિનો પત્તો લાગ્યો તો તેમનું શુ થશે ?—અરેરે ! દુર્ભાગ્યને લીધે હમણા વૃદ્ધ સમ્રાટ્ કેદખાનું ભોગવે છે નવીન સમ્રાટ્ વિદેશમા ફરે છે, તરૂણ તેમજ ઉદાર હૃદયવાળા કુમાર મહમ્મદ પણ હાજર નથી. ત્યારે શુ આ રાક્ષસી રમણી કમલાપતિની હત્યાજ કરશે ? વગર અપરાધે તે એક યોદ્ધાના પ્રાણનો નાશ કરશે ઉપકાર પર અપકાર કરશે ? કમલાપતિ રાજપૂત છે તેઓ મૃત્યુનો ભય રાખતા નથી મ્હેજ તેમને પલાયન કરી જવાની સલાહ આપી છે. હવે હુ શું કરૂ ? મ્હારાથી શું થઈ શકે તેમ છે ? શુ આ રાક્ષસી લીલા મ્હારે મ્હારા નેત્રોએ જોવી પડશે ? ”

કોણ જાણે કે શું વિચાર નક્કી કરીને કરૂણામયીએ મહેલનો ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો બ્હાર નીકળતા તેને પહેરો ભરનારી તાતારિણીએ અટકાવી કરૂણામયીએ દયાજનક સ્વરે કહ્યુ:—“ શહેરની બ્હાર મ્હારા સ્વામી ઘણા મ્હોટા સંકટમા આવી પડયા છે. તેમનો જીવ જોખમમા આવી પડયો છે, તેથી હું તેમને મળવા માટે જાઉં છું. ”

તાતારિણીનો આ વચનો ઉપર વિશ્વાસ બેઠો નહિ. તેણે હસીને પ્રશ્ન કર્યો —“ ત્હારી બગલમાં આ પોટલી શાની છે ? ”

કરૂણામયીએ ઉત્તર આપ્યો.—“ એમા સાધારણ ભોજન સા-

મરી છે બ્હેન ! તું પણ સ્ત્રી છે, ત્હારે પણ સ્વામી, તથા સંતાન છે. મ્હારો જીવ અત્યારે કેવી સ્થિતિમા છે તે મ્હારૂંજ મન જાણે છે. ”

તાતારિણીના મનમા દયા આવી તેણે દ્વાર ઉઘાડયુ. કરૂણામયા બ્હાર નીકળી વેશ બદલી નાંખ્યો.

(૫)

એક ન્હાના તંબુમા કમલાપતિ ગાઢ નિદ્રામાં પડયો હતો. એક ખુણામાં એક ન્હાના દીવાનો ઝાંખો પ્રકાશ તંબુમા પડતો હતો. એવે સમયે એક મલિન વેશવાળી રમણીએ કમલાપતિના તંબુમા પ્રવેશ કર્યો. રમણીની મુખમુદ્રા ઘણી ચિંતાતુર જણાતી હતી. તેનો જીવ વ્યાકુળ હોય એમ લાગતુ હતું કેટલાક સમય સુધી ચારે બાજુનું અવલોકન કરીને તે નિદ્રાધીન થયલા કમલાપતિ પાસે આવી ઉભી રહી સ્થિર નજરે તે આ કામદેવ જેવા પુરૂષ તરફ જોઇ રહી. ધીમે ધીમે તેણે એક ગાઢ નિશ્વાસ મૂકયો તેણે વ્યાકુળતાથી પ્રેમપૂર્વક યુવકના અધર પર ચુબન કર્યુ. ત્યાર પછી તે સહજ પાછી ફરી અને યુવકના વસ્ત્રો, ફેંટો અને તરવાર લઇ તેણે પોતાના અગ પર ધારણ કરી તેણે વેશ બદલવામા પોતાની સઘળી ચતુરાઇનો ઉપયોગ કરી કમલાપતિના જેવુ સ્વરૂપ ધારણ કર્યું ત્યાર પછી તેણે યુવકના જમણા હાથની ટચલી આગળી પરની મુદ્રિકા કાઢી લીધી. એ મુદ્રિકાના તેજથી સમગ્ર તબુ પ્રકાશી નીકળ્યો યુવક ઘણા દિવસની ચિંતાને વિસારી આજે નિશ્ચિત્ત થઈ ગાઢ નિદ્રામા પડયો હતો તેને કોઇ પણ પ્રકારની ખબર પડી નહિ. મુદ્રિકાને કાઢી લઇ, રમણી તેના હાથને ચુબન કરી, થોડા સમય સુધી કમલાપતિના તરફ અનિમેષે જોઈ રહ્યા પછી તબુનો ત્યાગ કરી ચાલી નીકળી.

પહેરદારે અટકાવ કર્યો તો રમણીએ પોતાની આંગળીપરની વીંટી બતાવી તેથી તેમણે તેને માન આપી આગળ જવા દીધી. તેના ગયા પછી પહેરદારો એકત્ર થઇ વિચારવા લાગ્યા કે.-" આવી ભીષણ રાત્રિના સમયે કમલાપતિ કયા ગયા ? કોઇ ભિખારણે આવીને તેમને કોઇ સ્થળે મોકલ્યા હોય એમ જણાય છે ! "

નવીન સમ્રાટ્ ઔરગજેબ સમગ્ર પૃથ્વિમાં કોઈના પર પણ વિશ્વાસ રાખતો નહિ. તેથી તેના પહેરદારો પણ કોઇનો વિશ્વાસ રાખતા નહિ. જે તાતાર રમણીએ કરૂણામયીને બ્હાર જવા દીધી તેણે પોતાના અવિશ્વાસને દૂર કરવા માટે એક ગુપ્તદૂત કરૂણામયીની પાછળ રવાના કર્યો. એ ગુપ્તદૂત કરૂણામયીની પાછળ પાછળ રાજપૂતોની છાવણી સુધી ગયો અને પછી દૂર ઉભો ઉભો કરૂણામયીની રાહ જોવા લાગ્યો; પરંતુ થોડા સમય પછી જ્યારે એક રાજપૂત યુવક બ્હાર નીકળ્યો અને પહેરદારો અંદર અંદર વાતચીત કરવા લાગ્યા કે કમલાપતિ બ્હાર ચાલ્યા, ત્યારે પેલા ગુપ્તદૂતે ત્વરાથી પોતાના સોબતીઓને આ સમાચાર પહોચાડયા.

યુવક ગંગાતીર સુધી જઇ પહોચ્યો હતો એવામા તેને કેદી કર્યો. તેને તેનું નામ પૂછવામા આવ્યુ તો ઉત્તરમા તેણે કમલાપતિ કહ્યુ આથી કરીને ગુપ્તદૂતોને કોઇ પણ પ્રકારનો સદેહ રહ્યો નહિ.

ગુલનારની એક સહચરીએ તેને જઇને કહ્યુ કે —"કમલાપતિને ફરીથી પકડવામા આવ્યો છે. ગર્વિત યુવક હજુ પણ શાહજાદીની પ્રાર્થનાનો અસ્વીકાર કરવાનુ કહે છે."

તરતજ નિર્દય હૃદયવાળી શાહજાદીએ બીજે દિવસે પ્રભાતકાળે મહેલ પાસે આવેલી વધ્યભૂમિમા કમલાપતિને અર્ધો જમીનમાં દાટી તેના દેહનું કૂતરાને ભોજન કરાવવાની આજ્ઞા કરી.

કેદીએ આ આજ્ઞા સાંભળી. તેણે પોતાના મનમાં વિચાર્યું-"કાંઇ હરકત નહિ. મરણ એ તો હવે મ્હારી આગળ કોમળ છે! મૃત્યુ એજ મ્હારૂ પ્રાયાશ્ચત્ત છે

(૭)

પ્રભાતકાળ થતા પૂર્વે તો સર્વત્ર હાહાકાર થઇ રહ્યો. કમલાપતિ કેદ પકડાયો છે. એવી વાત ફેલાઇ ગઇ જ્યારે આ વાત રાજપૂત સૈનિકોના જાણવામા આવી ત્યારે તેમણે કમલાપતિના તંબુમા જઇને જોયું તો તેને નિદ્રાને આધીન થયલો જોયો. આમ છતા સર્વના ગરબડાટથી કમલાપતિ એકાએક જાગ્રત થયો તેણે પણ આ અતિ આશ્ચર્યજનક સમાચાર સાભળ્યા સમાચાર સાભળતાજ તેના આશ્ચર્યની સીમા રહી નહિ! સત્ય હકીકત જાણવાને માટે તે નગરમાં જવા તૈયાર થયો તો તેના વસ્ત્રો ગૂમ થયલા જણાયા આથી કરીને તો તેનું આશ્ચર્ય ઘણું વધી ગયુ. વિના વિલંબે કમલાપતિ સત્ય પ્રકાર શો છે તે જાણવાને માટે ચાલી નીકળ્યો. મહેલ પાસે જઇ પહોચતા તેણે સાંભળ્યું કે માની કમલાપતિ ફરીથી પકડાયો છે. હમણાજ તેને વધ્યભૂમિમા અડધો દાટી તેનો જીવ કૂતરા પાસે લેવડાવવામા આવશે કમલાપતિએ ઉન્મત્ત બની જઇને નગરમાં પ્રવેશ કર્યો. કોઇ પણ પ્રકારના ભયને હૃદયમાં રાખ્યા સિવાય તેણે વધ્યસ્થાન આગળ જઇને જોયુ તો ત્યા ભયકર દેખાતા બે મ્હોટા કૂતરા એક મનુષ્યના અર્દ્ધાગને કરડી ખાતા હતા. એ મનુષ્યનુ અર્દ્ધાંગ જમીનની અદર દાટવામા આવ્યું હતું એક ક્રૂર હૃદયવાળો જલ્લાદ ઉપરથી મીઠુ નાખતો હતો. આહ! કેવો ભયકર દેખાવ! કમલાપતિ દોડતો દોડતો ત્યા જઇ પહોચી બોલી ઉઠ્યો.—"બાદી મુન્ના? ત્હેં શું મ્હારો વેશ ધારણ કર્યો છે?"

કરૂણામયીના ચિંતાક્લિષ્ટ મુખ ઉપર એક પ્રકારની અપૂર્વ જ્યોતિ પ્રકાશી નીકળી. તેણે માત્ર એક વખત પોતાનાં મીચેલાં નેત્રો ઉઘાડી પાછા મીંચ્યા

ઉચ્ચ આસન ઉપર બેઠેલી શાહજાદી આવનાર યુવકને જોઈ બોલી ઉઠી:—"આ શુ—કોની હત્યા કરવામાં આવી છે? કાફર કમલાપતિ તો આ રહ્યો "

જલ્લાદે તરતજ કમલાપતિને પકડયો. કમલાપતિએ તિરસ્કાર-દર્શક દૃષ્ટિથી શાહજાદી તરફ જોઇ કહ્યુ—"શાહજાદી જેની હત્યા કરવામા આવી છે એ તમારી સહચરી છે.

"કોણ—કરૂણામયી કેમ ?"

*   *

કરૂણાનો પ્રાણ વિનાનો દેહ ભૂમિ પર પડયો. કમલાપતિએ આત્મભોગ આપનાર દેહને પોતાના ખોળામા લીધો એ વખતે પણ લોહી ગરમ હતુ. આવી અવસ્થામા પણ કરૂણામયીના નિર્જીવ મુખ ઉપર અપૂર્વ જ્યોતિ પ્રકાશી રહી હતી

*   *

પ્રભાત સૂર્યના કોમળ કિરણો કરૂણામયીના લોહીથી ભીજાઇ ગયલા દેહ ઉપર પડી પ્રકાશવા લાગ્યા આ સમયે શાહજાદીએ જલ્લાદો આજ્ઞા કરી કે —" છોડી દો, છોડી દો,-- કમલાપતિને છોડી દો

ભાગ્યચક્ર.

પ્રથમ પરિચ્છેદ.

વિદાય.

યમુનાનો કિનારો ચંદ્રપ્રકાશથી પ્રકાશિત દેખાતો હતો. આ ચદ્રપ્રકાશમા એક યુવક અને એક બાળિકા વાતચીત કરતા હતા. સરિતાના સ્વચ્છ અને શીતળ જળના મોજા કિનારા સાથે અથડાઇ ગભીર અવાજ કરતા હતા પ્રકૃતિ શાત તથા ચદ્રના પ્રકાશથી પ્રકાશિત થઇ રહી હતી. શીતળ સમીરની મદમદ લહરિયો આત્માને શાત કરે તેમ હતી

યુવકે કહ્યું—"તિલોત્તમા! જે આશા સફળ થઇ શકે તેમ નથી તે આશાનુ હૃદયમા શા માટે પોષણ કરવુ? એથી કરીને તો ઉલટુ વિશેષ દુ ખ થશે ત્હારા પિતાના વચનો તો મ્હે તને કહી સભળાવ્યા છે હુ દરિદ્ર છુ ત્યારે તુ મ્હોટા ધનાઢ્યની પુત્રી છે જાતે વશ તેમજ ગોત્રમા આપણે ઉભય સમાન છીએ, પરંતુ મ્હારી અવસ્થા ઘણીજ ગરીબ છે તથા હુ નિરાધાર છું. ત્હારા પિતા કાળાન્તરે પણ આપણા ઉભયનો એક બીજાની સાથે

વિવાહ કરશે નહિ. આથી કરીનેજ કહું છું કે વિના કારણ શા માટે દુખ ભોગવે છે? તુ કોઈ સારા સુપાત્રને પરણી સુખી થા. હું ચિરજીવન સુધી ત્હારી આ ઉજ્વળ પ્રતિમા તેમજ ત્હારા મધુર ગુણોનું સ્મરણ કરી એક ભગિની જેવો ત્હારા ઉપર પ્રેમ રાખીશ"

તિલોત્તમાએ યુવકના વચનોનો કાંઇ ઉત્તર આપ્યો નહિ. માત્ર દુખના પ્રબળ અગ્નિથી તેના વિશાળ ચક્ષુઓ અશ્રુજળથી ભરાઇ ગયા. તેના કોમળ હૃદયે એક ગાઢ નિશ્વાસ મૂકયો.

યુવકે નિર્નિમેષ નયને કિશોરીના મુખ તરફ જોઇ કહ્યું- "તિલોત્તમા! ત્હારૂં એક એક અશ્રુબિંદુ મ્હારા હૃદયને ઘણુ દુખી કરે છે. હું ત્હારા દુખના કારણરૂપ થઇ પડયો છું એવો વિચાર આવતાજ મ્હારા આત્માને જે દુખ થાય છે તે હું તને જણાવી શકતો નથી મ્હને જોઇ મ્હારા તરફ પ્રેમ રાખી સુખી થા હું પણ તેવીજ રીતે સુખી થઇશ જો ભાગ્યચક્રને લીધે આપણુ મિલન થવાનુજ હશે તો પછી તેની આડે કોઇ આવી શકશે નહિ. હુ આજે દેશનો ત્યાગ કરી, ત્હારા સ્નેહમય સંગનો ત્યાગ કરી જાઉછુ જો ભાગ્યચક્રની ગતી થશે તો પાછો હું તને આવી મળીશ, નહિ તો પછી આ દુખપૂર્ણ જીવન દેશેદેશ ભટકી પૂર્ણ કરીશ"

તિલોત્તમા પાષાણની પ્રતિમા પ્રમાણે સ્થિર ઉભી રહીને નેત્રોમાંથી આસુ વરસાવી રહી હતી પુનઃ તેણે એક દીર્ઘ નિશ્વાસ મૂકયો એ મર્મભેદક નિશ્વાસની ભાષા—તેનું રહસ્ય કોઇ સમજી શકયુ નહિ.

કેટલાક સમય સુધી મોન ધારણ કર્યા પછી તિલોત્તમાએ

વ્યાકુળ કંઠે કહ્યું—"હું તમારી સાથે આવીશ. તમારે માટે હું પિતાના આશ્રયનો ત્યાગ કરીશ "

"તું મ્હારી સાથે આવીશ? તિલોત્તમા! મ્હારી સાથે આવવામા સાર નથી. ત્હારા પિતા શુ ધારશે તેનો વિચાર કર અને મ્હારી સાથે આવવાના વિચારને દૂર કર. આડોસી પાડોસી તથા દુર્બોધ સમાજના વાગ્બાણો ત્હારા જેવી કોમળ કિશોરીથી સહન કરી શકાશે નહિ. હું મ્હને સુખી કરવાને માટે તને દુખ દાવાનળમાં લઇ જઇશ નહિ આપણા આવા વ્યવહારથી તો ત્હારા પિતાના વંશગૌરવની જ્યોતિ ચિરકાળને માટે નિસ્તેજ થઇ જશે. ત્હારા પિતાએ મ્હારા ઉપર અનેક ઉપકાર કર્યા છે ત્હારા હિતને માટે, તને સુખી કરવાને માટે હુ મ્હારૂં જીવન ઉત્સર્ગ કરવા તૈયાર છું, હૃદયનુ લોહી આપવા તૈયાર છુ, પરંતુ ઉપકાર પર મ્હારાથી અપકાર કરી શકાશે નહિ આપણે જો અવિચાર ભરેલુ પગલુ ભરીશુ તો ત્હારા પિતા સમાજભયથી, પોતાની પ્રતિષ્ઠા ચાલી જવાના ભયથી આત્મઘાત કરશે તિલોત્તમા! મ્હારી સાથે આવવાના વિચારને દૂર કર ત્હારા પિતાના ઉપકારના બદલામાં હુ જન્મ જન્માંતર સુધી ત્હારા વિયોગમા રહી દુખ ભોગવવા તૈયાર છુ "

યુવકનાં વાક્યોએ કિશોરીના કોમળ હૃદયને વીંધી નાખ્યું તેણે ભયંકર નિરાશાસૂચક સ્વરે પ્રશ્ન કર્યો,—"ત્યારે શુ રંજનલાલ! હવે એક પણ ઉપાય નથી?"

"છે, માત્ર એકજ ઉપાય છે તિલોત્તમા! મ્હારા વંશ તેમજ પ્રતિષ્ઠા સબંધી ત્હારા પિતાને કોઇ પણ જાતની હરકત નથી. તેઓને માત્ર પોતાની એકની એક પ્રાણાધિક પુત્રીને મ્હારા જેવા દરિદ્રના હાથમા સોંપવાની અડચણ છે. છતા આ વાત માટે તેમણે

મ્હને એક વર્ષની મુદ્દત આપી છે. આ એક વર્ષના અંદર ભાગ્યચક્રના પ્રભાવથી જો મ્હારી ગરીબ સ્થિતિ દૂર થશે તો અવશ્ય આપણુ બન્નેનું પ્રેમમિલન થશે તિલોત્તમા ! પ્રિયે ! યાદ રાખજે કે જો આપણો બન્નેનો સ્નેહ અકૃત્રિમ અને પવિત્ર હશે તો અવશ્ય આપણું પ્રેમમિલન થશે. બસ; હવે મ્હને સમય નથી, નૌકા આવી પહોંચી છે. મ્હારી સાથે બે સોબતી છે, તેમની સાથે હું આગ્રા જઇશ. જો જગદીશ્વર દયા કરશે તો આવતા વર્ષની પૂર્ણિમાને દિવસે હું તને આ સ્થાને મળીશ " આમ કહી રજનલાલ ધીમે ધીમે કિનારેથી નીચે ઉતરી નૌકામા ચઢી બેઠો. ઉભય પ્રેમાત્માઓના ગાઢ નિશ્વાસ વાયુમાં મળી ગયા. જોત જોતાંમાં નૌકા દષ્ટિથી દૂર થઇ અને તિલોત્તમા ચિંતાતુર ચિત્તે ઘર તરફ ચાલી ગઇ

દ્વિતીય પરિચ્છેદ.

પૂર્વ પરિચય.

હવે તિલોત્તમાનો થોડો ઘણો પરિચય આપવો જરૂરનો છે. તિલોત્તમા અલ્હાબાદના કોઇ એક પ્રખ્યાત તેમજ ધનાઢ્ય ઝવેરીની કન્યા હતી. અમે જે સમયની વાત કરીએ છીએ તે સમયે સમ્રાટ્ અકબર શાહ દિલ્હીના સિંહાસન ઉપર વિરાજમાન થયા હતા. તિલોત્તમાના પિતાનુ નામ ધનશ્રીદાસ હતુ ધનશ્રીદાસ એટલો બધો ધનાઢ્ય હતો કે સમ્રાટ્ અકબરશાહ પણ તેના ઉપર ઘણી માયા રાખતા હતા તિલોત્તમા જ્યારે આઠ વર્ષની બાલિકા હતી ત્યારે તે એક

વખત પોતાના પિતાની સાથે આગ્રા ગઇ હતી. બાદશાહ બાલિકાનું પ્રભાતના અવિકસિત કમળના જેવું સૌંદર્ય જોઇને બોલ્યા હતા કેઃ–ધનશ્રી! તમારી પુત્રી એક દિવસ તેના રૂપ ગૌરવથી સમસ્ત હિંદુસ્થાનને ઉન્મત્ત કરી મૂકશે.''

તિલોત્તમા તેના પિતાને એકના એક સંતાન તરીકે હતી. તિલોત્તમાની માતા તેને ન્હાની મૂકી પરલોકવાસીની થઈ હતી, તેથી તે પિતાના પ્રાણાધિક સ્નેહની અધિકારિણી થઇ હતી. ધનશ્રીદાસ પોતાની કન્યાને માટે સુપાત્ર શોધવાની તજવીજ કરવામાં પણ ઘણી મહેનત કરતો હતો, અનેક સ્થળેથી સબંધ પણ આવ્યા હતા, પરંતુ એ સઘળા સબંધોમાંથી એક પણ સંબંધ ધનશ્રીદાસને યોગ્ય જણાયો નહોતો. ઘણે દૂર આવેલા એક બે સ્થળેથી સબધ આવ્યા હતા, તેમજ પાત્ર પણ ધનશ્રીદાસને યોગ્ય જણાયા હતાં; પરંતુ ઘણે દૂરદેશની વાત હોવાથી ધનશ્રીદાસે અસંમતિ પ્રકટ કરી હતી.

રંજનલાલ નિરાધાર અને આશ્રયહીન યુવક હતો. તેના માતાપિતા પૂર્વેજ પરલોકવાસ કરી ગયાં હતા. રંજનલાલનો પિતા પણ ધનશ્રીદાસના જેવોજ વ્યાપાર કરતો હતો, પરંતુ તેની પ્રકૃતિ ઉચ્છૃંખલ હતી. તેની આવક પણ ઘણી સારી હોવા છતાં અપવ્યયથી તેણે પોતાની સમસ્ત સંપત્તિ ગુમાવી દીધી હતી. રંજનલાલ જ્યારે દશ વર્ષનો હતો ત્યારે તેની માતા પરલોકવાસિની થઇ અને બીજે વર્ષે તેના પિતાએ પણ આલોકની યાત્રા પૂર્ણ કરી.

પિતાના મૃત્યુ પછી રંજનલાલ નિરાધાર બની જઈ એકલો સંસાર સમુદ્રમા ઝોકા ખાવા લાગ્યો. ધનશ્રીદાસ રંજનલાલને નિરાધાર જોઇ તેને પોતાને ઘેર લાવ્યા, તથા તેનુ પુત્ર પ્રમાણે પ્રતિપાલન કરવા લાગ્યા.

જ્યાં સુધી ધનશ્રીદાસની પત્ની જીવતી હતી ત્યાં સુધી રંજનલાલ માતૃશોક ભૂલી ગયો હતો. બન્ને-બાળક બાળિકા સાથેજ આહાર કરતાં હતા. તિલોત્તમાની મમતામયી માતા બન્ને બાળકોને પોતાની બન્ને બાજુએ સૂવાડતી હતી. પ્રભાતકાળે જ્યારે આ નિર્દોષ કન્યકા અને બાળક યમુનાના કિનારે ફરવા જતાં હતાં ત્યારે કેટલાંક પુષ્પોને તેઓ સરિતાના શીતળ જળમાં તણાતાં મૂકી આનંદ પામતાં હતા. "આ મ્હારૂં ફૂલ તો આગળ જવા લાગ્યું, રંજનલાલનું ફૂલ તો અહિંજ અટકી ગયુ." આમ કહી બાળિકા ઘણી વખત કૂદતી કૂદતી તાળીઓ વગાડતી હસતી હતી. બાળિકા રંજનની સાથેજ આહાર કરતી હતી. રંજનની સાથેજ વિદ્યાભ્યાસ કરતી હતી. રંજન જ્યારે ઉદ્યાનમાં ફરવા જતો નહિ ત્યારે બાળિકા પણ જતી નહિ તથા તે દિવસે તે પુષ્પમાળા તૈયાર કરતી નહિ. અર્થાત્ તેઓ બન્ને એકજ વેલીનાં બે પુષ્પ સમાન હતા. બાળિકાની માતા પોતાના મન સાથે વારંવાર વિચાર કરતી હતી કેઃ-"હું મ્હારી કિશોરી કન્યાનો રંજન સાથે વિવાહ કરી મ્હારાં નેત્રોને તૃપ્ત કરીશ."

જો સુભાગ્યે તિલોત્તમાની માતા બીજાં કેટલાંક વર્ષ જીવતી રહી હોત તો આ ઉભય નિર્દોષ પ્રેમમા મત્ત બનેલા બાળક બાળિકાનો એકબીજાની સાથે વિવાહ થયા સિવાય રહેત નહિ; પરંતુ દુર્ભાગ્ય ક્રમે યા તો ભાગ્યચક્રના પરિવર્ત્તન પ્રમાણે બાળિકા તિલોત્તમાની માતાએ આ અસાર સંસારનો ત્યાગ કર્યો. તેમજ રંજનલાલનાં માતાપિતા પણ પરલોકયાત્રા કરી ગયા.

સંસારમાં કેટલાંક માણુસો એવા હોય છે કે બીજાનું અનિષ્ઠ

કરવામાંજ તેમને આનંદ થાય છે. જો કે સત્ય રીતે કેટલીક વખત તેમનો કાંઇ પણ સ્વાર્થ નહિ હોવા છતાં તેઓ બીજાનું અનિષ્ટ કરવાનો યત્ન કરે છે; કારણ તેઓ પોતાના સ્વભાવનો ત્યાગ કરી શકતા નથી. આ પ્રસંગે ધનશ્રીદાસ પાસે પણ એવા કેટલાક માણસો આવી ચઢયા. તેઓ સર્વેની ઇચ્છા એવી હતી કે રતી સમાન રૂપવતી કન્યા તિલોત્તમાની સાથે ઉચ્ચ કુળમા ઉત્પન્ન થયલા પરંતુ ભાગ્યચક્રના પ્રભાવથી નિરાધાર થઇ પડેલા બાળક રંજનનો વિવાહ ના થાય. ધનશ્રીદાસમાં સારાસારનો વિચાર કરી જોવાની જોઇએ એવી શક્તિ નહિ હોવાથી તેણે રંજનની સાથે તિલોત્તમાનો વિવાહ નહિ કરવાની દઢ પ્રતિજ્ઞા કરી.

તિલોત્તમા કિશોરી કુમારિકા હતી. તેનો લેશ પણ દોષ નહોતો. બાલ્યાવસ્થાથી તે રંજનલાલના પર પોતાના પ્રાણ કરતાં પણ વિશેષ પ્રેમ રાખતી હતી. તેનાથી રંજનના વિયોગે એક ક્ષણ પણ રહી શકાતું નહિ. આમ હોવાથી ધનશ્રીદાસે કઠોર હૃદય કરી રંજનલાલને પોતાના ઘરમાંથી વિદાય કરી દેવાનો વિચાર કર્યો; કારણ એમ કર્યા સિવાય તેની પ્રતિજ્ઞા તેનાથી પાળી શકાય તેમ નહોતું. કેટલોક વિચાર કરી છેવટે એક દિવસે ધનશ્રીદાસે રંજનલાલને પોતાની પાસે બોલાવીને કહ્યું—" જો તિલોત્તમા હવે મ્હોટી થઇ છે. હવે તમે બન્ને એકત્ર રહો એ ઠીક કહેવાય નહિ; વળી હવે તું પણ ઉંમર લાયક થયો છે. કાંઇ પણ કામધંધો કર્યા સિવાય ઘરમાં બેસી રહેવુ યોગ્ય નથી. હવે ત્હારે ત્વરાથી કાર્યક્ષેત્રમાં પ્રવેશ કરવો જરૂરનો છે. આળસુ થઇને બેસી રહેવાથી ભાગ્ય કદાપિ પ્રસન્ન થતું નથી હું જાણું છું કે તિલોત્તમા ત્હારા ઉપર ઘણી આસક્તા બની ગઇ છે.

જ્યાં સુધી હું તને તેની નજરથી દૂર કરીશ નહિ ત્યાં સુધી એ તને કદાપિ ભૂલી શકશે નહિ. અત્યાર સુધી મ્હેં ત્હારૂં એક પુત્ર તરીકે પ્રતિપાલન કર્યું છે; પરંતુ ત્હારા આળસને ઉત્તેજન આપી તને કાર્ય-ક્ષેત્રથી વિમુખ રાખવાનું હું ઉચિત ધારતો નથી. મ્હારા એક સ્નેહીના ઉપર હું તને ભલામણ પત્ર લખી આપું છું. આગ્રા શહેરમાં તે અગ્રગણ્ય ગૃહસ્થ છે. બાદશાહની સાથે તેને પિછાન છે. મ્હારી ભલામણથી તે બાદશાહ નામવરને ત્યાં તને કોઇ સારી જગ્યા અપાવશે. ત્હારી બુદ્ધિ ઘણી તીક્ષ્ણ છે તેથી ત્હારી ઉન્નતિ થયા સિવાય રહેશે નહિ ધ્યાન રાખજે કે ત્હારે માટે હું એક વર્ષ સુધી રાહ જોઇશ. આ એક વર્ષની અંદર જો તું ત્હારી ઉન્નતિ કરી શકીશ તો હું ત્હારી સાથે તિલોત્તમાનો વિવાહ કરીશ."

રંજનલાલ સ્થિરતાથી આ સર્વ હૃદયભેદક વચનો સાંભળી રહ્યો હતો. તેણે કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ. ધનશ્રીદાસે લખી આપેલો ભલામણ પત્ર અને ખર્ચાદિ વગેરેની સગવડ થાય ત્યાં સુધી હરકત ના આવે એટલી રકમ અર્થાત્ ત્રીસ સોનામહોરો લઈ તે ભગ્નહૃદયે ધનશ્રીદાસના આશ્રયનો ત્યાગ કરી ચાલી નીકળ્યો. ઇશ્વરનું સ્મરણ કરી તે કર્મક્ષેત્રમાં આગળ તણાયો. અશ્રુજળ સાથે તેણે ધનશ્રીદાસના ગૃહમાં પ્રવેશ કર્યો હતો અને આજે પણ અશ્રુજળ સાથે તેણે ધનશ્રીદાસના ગૃહથી વિદાય લીધી. હવે આપણે જોઇએ કે તેનું ભાગ્યચક્ર કેવું છે?

રંજનલાલની એ દિવસની ચિંતાતુર મુખમુદ્રા ધનશ્રીદાસ પોતાના જીવનમાં કદાપિ ભૂલી ગયો નહોતો.

તૃતીય પરિચ્છેદ.

મિત્રોનું પુનર્મિલન.

યમુનાનો પ્રવાહ વાંકો ચુંકો થઇને ચાલ્યો જાય છે. આ યમુનાના કિનારા પર અકબરશાહનો એક વિશાળ રાજમહાલય દેખાય છે. ત્યાંથી મધુર નોબતનો અવાજ સંભળાય છે. રંજનલાલ મહામુશિબતે જેવો મહાલયના તરફ ઉંચે નજર કરવા ગયો કે તેના માથા ઉપરનો શિરપેચ માથા પરથી ગબડી ગયો. થોડે દૂર કેટલાક બાળકો રમ્યા કરતાં હતાં તે સર્વે મ્હોટેથી ' ખડખડ ' હસી પડયા. રંજનલાલ ત્વરાથી પોતાના શિરપેચને ઉચકી લઇ મસ્તક પર મૂકી એ સ્થાનનો ત્યાગ કરી ચાલી નીકળ્યો.

આ સમયે મોગલોના રાજત્વની પૂર્ણ વિકાસની અવસ્થા હતી. આગ્રા શહેર જન ઐશ્વર્ય તેમજ મહેલ વગેરેથી પરિપૂર્ણ જણાતું હતુ. જે દિશાએ દૃષ્ટિ કરવામા આવે તે દરેક દિશાએ અતિ ઐશ્વર્ય જણાતું હતું. કોઇ સ્થળે વિચિત્ર રાગરાગણીથી નોબત વાગે છે, કોઇ સ્થળે કિન્નરીઓના કંઠના આકર્ષક સંગીતો સૂર સાથે ગવાય છે તો વળી કોઇ સ્થળે સૈનિકોના અસ્ત્રોનો ખડખડાટ સંભળાય છે.

રાજમાર્ગ ઉપર અનેક માણસો આવજાવ કરતા હતા અનંતની સુક્ષ્મરેખા કયાંથી નીકળી કયાં સુધી જઈ પહોચી હશે તે કોઇ કહી શકે તેમ નહોતું. કેટલાક અનેક રંગથી વિભુષિત થયલા હાથીઓ દંભ દર્શાવતા ડોલતા ડોલતા રાજમાર્ગ પર ચાલ્યા જતા હતા. અમીર ઉમરાવોમાંના કેટલાક પાલખી, અશ્વ કે એવા કોઇ આસન પર ચઢી રાજસભા તરફ જતા હતા. આવી રીતે રાજપથ

પર ભાગ્યેજ નિર્જનતા યાતો શાંતિ જણાતી હતી. આ સર્વ પ્રકારનું દર્શન કરતો કરતો રંજનલાલ નીકળ્યો. ધનશ્રીદાસે તેને જે ભલામણ પત્ર આપ્યો હતો તેનો તેણે અભિમાનના આવેશથી કોઇ પણ પ્રકારે ઉપયોગ કર્યો નહિ. ધનશ્રીદાસના એ સ્નેહી પાસે નહિ જતા તે પોતાના એક પ્રતાપરામ નામના પ્રિયમિત્રને ત્યા જઇ પહોંચ્યો.

પ્રતાપરામનું નિવાસસ્થાન શોધી કાઢવામાં તેને ઘણી હરકત પડી નહિ; કારણ કે પ્રતાપરામ સમસ્ત આગ્રામા ઘણો સુપ્રસિદ્ધ હતો. તે આગ્રામાં એક પ્રખ્યાત ચિત્રકાર તરીકે પંકાયલો હતો. મ્હોટા મ્હોટા અમીર ઉમરાવો તો શુ પરતુ અકબર બાદશાહ સુદ્ધા પ્રતાપરામના ગ્રાહક હતા.

પ્રતાપના પિતા પણ આગ્રામાં એક મુખ્ય ચિત્રકાર હતા. ચિત્ર-વિદ્યાની સહાયથી તેમણે ઘણું દ્રવ્ય મેળવ્યું હતુ થોડા સમયથી તેઓએ પરલોકવાસ કર્યો હતો તેથી તેમની સમસ્ત સપત્તિ તથા તેમના સમસ્ત કાર્યભારનો અધિકારી પ્રતાપરામ થયો હતો. પ્રતાપ પણ પિતાના ગુણ પ્રાપ્ત કરી શક્યો હતો. તેણે પોતાની ઉછરતી ઉમ્મરમાં એક ચિત્રકાર તરીકે સમસ્ત આગ્રામા જેટલી કીર્તિ પ્રાપ્ત કરી હતી તેટલી કીર્તિ પોતાની વૃદ્ધાવસ્થામા પણ પ્રાપ્ત કરી શકવા આગ્રાનો કોઇ ચિત્રકાર ભાગ્શાળી થઈ શક્યો નહોતો.

પ્રતાપ અને રંજનલાલ બાલ્યાવસ્થાથીજ મિત્ર હતા. ઘણા દિવસ પછી ઉભય મિત્રોનું પુનર્મિલન થયું. બન્નેના આત્મા આ પ્રેમમિલનથી અતિ પ્રસન્ન થયા રંજનની કર્મકથા સાંભળતાંજ પ્રતાપ ઘણો દુ:ખિત થયો તથા તેણે પોતાના મિત્રને કોઈ એક ધંધો શોધી આપવાનું કહી આશ્વાસન આપ્યુ.

ચતુર્થ પરિચ્છેદ.

ભિક્ષુક કે ભારતેશ્વર?

દિવસ પછી દિવસ જવા લાગ્યા; પરતુ રંજન કર્મક્ષેત્રમાં આગળ વધી શક્યો નહિ, છતા કર્મહીન અવસ્થામા દિવસો વ્યતીત કરવાનું કામ તેને માટે ઘણું મુશ્કિલ થઇ પડયું. તિલોત્તમાનો વિયોગ થવાથી તેના મનનું જે સુખ નષ્ટ થયુ હતું તે સુખ આગ્રાના વિશાળ ઐશ્વર્યમય ભાવની અદર આવી પડવા છતા પાછુ મળી આવ્યું નહિ. કોઇ કોઇ સમયે તે યમુના કિનારે ફરવા જઇને, કોઇ કોઇ સમયે અકબરશાહના વિશાળ મહાલય પાસે તથા કોઇ કોઇ સમયે તે પ્રતાપની ચિત્રશાળામા બેસી અનેક ચિત્રોનુ દર્શન કરવામા પોતાનો સમય વ્યતીત કરતો હતો. પ્રતાપે અનેક પ્રતિષ્ઠિત અમીર ઉમરાવને, રંજનને કોઇ સારે રસ્તે ચઢાવી દેવાની ભલામણ કરી હતી. પરંતુ તેઓ રંજનના વિચિત્ર ભાગ્યચક્ર લીધે કાંઇ પણ કરી શકયા નહિ.

એક દિવસે મધ્યાન્હ સમયે રજન પ્રતાપના દિવાનખાનામાં બેઠો હતો તે એક પુસ્તક વાચવાનો યત્ન કર્યા કરતો હતો; પરતુ કોઇ પણ પ્રકારે તે પુસ્તક વાચવા તરફ પોતાનુ લક્ષ્ય રોકી શકયો નહિ. રજન ધીમે ધીમે પુસ્તકને મૂકી દઈ ઉઠી ઉભો થયો એક વખત ખુલ્લી બારીમાથી આગ્રાના બાહ્ય સૌદર્ય પ્રતિ તેણે દષ્ટિ કરી; પરંતુ તેના ચિંતાથી વિહ્વળ બનેલા મનને એ સૌદર્ય સારૂ લાગ્યું નહિ તે દિવાનખાનામાથી બહાર નીકળી પ્રતાપના 'ચિત્ર-ગૃહ' મા ગયો.

પ્રતાપના ચિત્ર-ગૃહમાં અનેક પ્રકારનાં આકર્ષક ચિત્રો હતાં. એ સર્વ ચિત્રો અનેક જાતના રંગથી રંગવામાં આવ્યા હતાં, તથા કૃત્રિમ હોવા છતાં પ્રકૃત હોય એવાં જણાતાં હતાં. આથી કરીનેજ કવિ અને ચિત્રકારમા ઘણો તફાવત જોવામા આવતો નથી. કવિ મધુર શબ્દની સહાય લઇ જે ચિત્ર મનુષ્યના અંતરમા ઉપસ્થિત કરે છે તેજ ચિત્ર ચિત્રકાર પોતાના કૌશલથી બાહ્ય દેખાવને માટે ઉપસ્થિત કરે છે.

રંજનલાલ પ્રતાપનાં ચિત્રોનું દર્શન કરવા લાગ્યો. ધીમે ધીમે તેનુ ચિત્ત કાંઇક અંશે શાત થયુ. ચિત્ર—ગૃહની ચારે દિશાઓ અનેક પ્રકારનાં ચિત્રોથી તેમજ આરસાઓથી શોભી રહી હતી. આ ચિત્ર—ગૃહની વચ્ચે એક રત્નજડિત વિરામાસન હતું. પ્રેક્ષક શ્રમ પહોંચતાં એ વિરામાસન ઉપર બેસી શકતા. રંજનલાલ જે સ્થળે ઉભો હતો તે સ્થળ પાસેજ એક બારણું હતું. તેની પાસે એક ન્હાની પણ સુંદર દેખાતી રૂમ હતી. આ રૂમમાં બેસીનેજ પ્રતાપ પોતાનું ચિત્રકાર્ય કરતો હતો. ચિત્રો નિહાળી રહ્યા પછી રંજનલાલ પ્રતાપની ચિત્રશાળામા ગયો. પોતાનો મિત્ર હાલ શું કાર્ય કરે છે તે જાણવાની તેમજ જોવાની તેને જીજ્ઞાસા થઇ આવી હતી. પરંતુ ચિત્રશાળામાં પ્રતાપ નહોતો. તેને બદલે એક બીજી વ્યક્તિ ચિત્રશાળામાં હાજર હતી.

જે માણુસ પ્રતાપની ચિત્રશાળામાં હતો તેને રંજનલાલ ઓળખતો નહોતો. પ્રતાપસિંહને ત્યાં આવ્યા પછી અનેક પ્રકારના માણુસો સાથે તેને પિછાન થઇ હતી; પરંતુ આ માણુસ તેને કોઇ નવીન જણાયો. રજને જોયું કે એક માણુસ શાતિ ધારણ કરી

એક આસન ઉપર બેઠો હતો. તેની સામે તેનું ચિત્ર ઘણું ખરૂં તૈયાર થયલું પડયું હતું. અદ્યાપિ એ ચિત્રની અંદર પૂરા રંગ પૂરવામાં આવ્યા નહોતા. માત્ર જેટલુ ચિત્ર તેયાર થયું હતું તે ઉપરથી માલૂમ પડી આવતું હતું કે એ ચિત્ર ચિત્રશાળામાં બેઠેલા માણસનું હતું.

રંજનલાલ એ માણુસની સ્થિતિ જોઇ અતિ આશ્ચર્ય પામ્યો. એ માણુસ ઘણો દરિદ્ર હતો. તેના શરીર ઉપરનાં સર્વ વસ્ત્રો મેલાં અને અડધા ફાટેલાં હતાં. તેને જોતાંજ એમ લાગે કે મૂર્તિમાન દરિદ્રતાએ આવી પ્રતાપની ચિત્રશાળામાં પ્રવેશ કર્યો છે.

એ માણુસે જે અંગરખું પહેર્યું હતું તે ઘણે સ્થળેથી ફાટેલું તેમજ ઘણુ મલિન હતું. મસ્તક ઉપર એક ધુળથી ભરેલી પાઘડી હતી. જોડામાથી પગની આગળીઓ બ્હાર નીકળી હસતી જણાતી હતી. ધોતીઉં ઢીંચણુ સુધીનું અને પાચ વર્ષ સુધી જાણે ધોયુંજ ના હોય એવુ જણાતું હતું. હાથમાં એક ભિક્ષાપાત્ર હતું. રંજનલાલ જાણી ગયો કે પ્રતાપે આ અતિ દરિદ્ર ભિક્ષુકનુંજ ચિત્ર તૈયાર કરવા માંડયું છે. પ્રતાપ કેવો ગાંડો ! ! આવા એક સાધારણ ભિક્ષુકના ચિત્ર માટે તેણે આટલો બધો પરિશ્રમ કેમ ઉઠાવ્યો હશે ?

મનમાંને મનમાં રંજનલાલે પ્રતાપને ઠપકો આપ્યો; છતાં તેણે આ દરિદ્ર ભિક્ષુકનું કોઇ પણુ રીતે અપમાન નહિ કરતાં તેની પાસે જઇ મધુર વચને પ્રશ્ન કર્યો —" ભાઇ ! પ્રતાપ ક્યાં છે તે જાણોછો કે ?"

અત્યાર સુધી ભિક્ષુકે રંજનલાલને જોયો નહોતો. રંજનનો પ્રશ્ન સાંભળી ધીર ભાવે તેણે પ્રશ્ન કર્યો.-" કયા પ્રતાપ ? "

"કેમ; આ ઘરના માલિક-જે તમારૂં ચિત્ર તૈયાર કરે છે તે."

"હું પ્રતાપ—ફતાપને ઓળખતો નથી; પરતુ જે મહાનુભાવ વ્યક્તિ આજ દયા કરી મ્હને અહિં લઇ આવી છે તે પ્રતાપજ છે કે ?"

"હા, હા, તેજ પ્રતાપ. તેજ તમારૂં ચિત્ર તૈયાર કરતા હતા. ઠીક; એજ તમને અહિં બોલાવી લાવ્યા છે કે ? આટલા બધા માણુસો આગ્રામાં હોવા છતા તમનેજ શા માટે બોલાવ્યા ? વળી તમારા આવા ભિક્ષુક દેહની પ્રતિમા તૈયાર કરવાથી તેમને શુ લાભ ? "

ભિક્ષુકે ધીમે સ્વરે ઉત્તર આપ્યો:—" મહાશય ! હુ ઘણો દુર્ભાગ્યવાન્ છું. મ્હારી વાત સાભળતાં તમે તમારા અશ્રુપ્રવાહને રોકી શકશો નહિ. આપ પ્રતાપરામના કોઇ સ્નેહી હશો તેથી હું શા માટે અહિં આવ્યોછું તે આપને કહેવાને માટે સંકોચ રાખતો નથી. "

" કહો ભાઇ કહો, હું તમારી દુ ખમય કર્મકહાણી સાંભળીશ. હું પણ તમારા જેવો એક નિરાધાર હતભાગ્ય ભિક્ષુક છું ! "

ભિક્ષુકે કહ્યું -" મહાશય ! આગ્રા શહેરમાં હુ એક પ્રતિષ્ઠિત વણિક હતો; પરંતુ દુર્ભાગ્યને લીધે રસ્તાનો ભિખારી થઇ ગયો છું. હું પણ એક સમયે વિશાળ બંગલામા વાસ કરતો હતો, પરંતુ હમણાં ઘેર ઘેર ભિક્ષા માગું છું. એક વખતે સોસો માણુસોને ભોજન કરાવતો હતો, હવે મ્હને પોતાને પણ એક મુઠી મળતી નથી. જે લોકો આગળ મ્હને ઘણું માન આપતા હતા તે લોકો હવે મ્હને જોતાંજ તિરસ્કારથી બીજી દિશા તરફ નજર કરે છે. ભિક્ષાને માટે

તેમને ત્યાં જઉં છું તો તેઓ દ્વાર બંધ કરી દે છે. આજકાલ કરતાં ચાર દિવસથી હું ઉપવાસી છું. ઘેર ઘેર ભટકું છું; પરંતુ એક મુઠી પણ ભિક્ષા મળતી નથી. ગઇ સમગ્ર રાત્રિ રાજમાર્ગની એક બાજુએ પડી રહી નિરાહારે કાઢી છે. ધનવાનોનું પુષ્કળ અન્ન કૂતરાઓના પેટમા પડયું છે; પરંતુ મ્હારા દુર્ભાગ્યને લીધે હું ભિક્ષાદ્વારા તેમાંની એક મુઠી પણ મેળવી શકયો નથી મ્હને મ્હારે પોતાને માટે ચિંતા નથી; પરંતુ મ્હારા જેવા હતભાગ્યને પણ પરમેશ્વરે સ્ત્રી પુત્ર આપ્યા છે. હાય ! તેમને માટેજ મ્હને ઘણી ચિંતા થયા કરે છે "

" આજે મધ્યાન્હે આ ઘરના દ્વાર પાસે આવી ઉભો રહ્યો. ગૃહના માલિકે દયા લાવી મ્હને અંદર બોલાવ્યો. મ્હને જોઈ તેમણે કહ્યું,—" જો મ્હારે ત્હારૂં એક કામ છે. મ્હારી ચિત્રશાળામાં સર્વ પ્રકારના ચિત્રો છે, પરતુ કોઇ ગરીબ અને મહાદરિદ્રનું ચિત્ર નથી ઘણાં વર્ષથી હું આગ્રામા રહુ છું, પરતુ ત્હારા જેવો કોઇ ગરીબ તેમજ દરિદ્ર પુરૂષ અદ્યાપિ મ્હારા જોવામા આવ્યો નથી. તું જીવતો જાગતી દરિદ્રતા નમુનારૂપ છે. હું જો ત્હારૂ ચિત્ર તૈયાર કરી તે વેચીશ તો ઘણા પૈસા મેળવીશ, અને તે માટે તને યોગ્ય બદલો આપીશ !" મહાશય ! આથી કરીનેજ આપ મ્હને આ સ્થળે જોઇ શકયા છો. આ જુઓ, મ્હારૂં ચિત્ર તૈયાર થાય છે. "

રજનલાલે ફરીથી એક વખત ચિત્ર તરફ નજર કરી પછી ભિક્ષુકના તરફ દયાદર્શક દૃષ્ટિપાત કરી કહ્યુ:—" ભાઈ ! હજુ સુધી તમે કાંઇ ખાધું પીધું નથી ? "

" ખાવાની વાત તો જાણે બાજુએ રહી; પરતુ અદ્યાપિ જળ સુદ્ધાં પીધું નથી. "

"ત્યારે એક કામ કરો. હમણા તમે વિના કારણ બેસી રહ્યા છો; કારણ કે ચિત્ર તો તૈયાર થતુ નથી. માટે જાઓ ઉઠો, આ બંગલાની પાસે એક મિઠાઇવાળાની દુકાન છે ત્યાથી થોડી મિઠાઇ લઇ આવો. હુ જાતે પણ દરિદ્ર છુ. મ્હારી પાસે જે હતું તે સઘળું ખરચાઇ ગયું છે; માત્ર હાથ ખરચીને માટે થોડા ઘણા પૈસા રહ્યા છે તે લ્યો તમને આપું છુ આ દરિદ્રના દાનની અવહેલના કરશો નહિ. જો તમે આ થોડા ઘણા પૈસાની મિઠાઇ લઇ આવીને ખાશો તો હું મ્હને પોતાને કૃતાર્થ થયો માનીશ." આમ કહી રંજનલાલે કેટલીક તામ્રમુદ્રા એ ભિક્ષુકના હાથમા મૂકી દીધી

રજનની દયાદૃષ્ટિ અને ઉદારતા જોઇ ભિક્ષુકના નેત્રોમા જળ ભરાઇ આવ્યું. તેના મુખમડળ ઉપર કૃતજ્ઞતાનો ભાવ પ્રકટ થયો. તેણે પૈસાને લઇ કહ્યુ—" મહાશય ! તમે મ્હને આ તમારી પાસે રહેલા પૈસા આપી દો છો તો પછી તમે પોતે શું કરશો ? "

" મ્હારી ચિતા કરશો નહિ. મ્હારૂ શુ થશે તેની ચિંતા વિધાતાને છે. "

" આપની દયાને માટે હુ આપને ઘણો ધન્યવાદ આપુ છું આ પૈસાની તમે મ્હને મિઠાઇ ખરીદી ખાવાનુ કહો છો, પરંતુ એથી મ્હારા આખા કુટુબને એક દિવસ આહાર થશે "

" ઠીક ત્યારે એ પૈસા તમે ઘેર લઇ જાઓ મ્હારી પાસે હવે બીજું કાઇ નથી. " એકાએક આ સમયે રજનલાલની નજર પોતાની આગળી ઉપરની મુદ્રિકા તરફ ગઇ

રંજને પ્રસન્નતાથી કહ્યું -" મ્હારી પાસે હજુ આ એક મુદ્રિકા છે એને પણ તમે લઇ જાઓ. એને વેચવાથી જે આવશે તેમાથી તમારૂં થોડા દિવસ સુધી પોષણ થશે."

" ના, આ મુદ્રિકા હું લઇશ નહિ. હું સો જન્મ સુધી ભૂખે મરી જાઉં તો ભલે પરંતુ આ ધૃણિત કાર્ય તો નહિજ કરૂં "

" ભાઇ ! તમે વિચાર કરી જુઓ. મ્હારા તરફથી આ પ્રેમપૂર્વક મળતા ઉપહારનો અસ્વીકાર ના કરો. આ મુદ્રિકા મ્હારી આંગળી પર રહીને મ્હને શી ઉપયોગી થઇ પડવાની છે ? જો એ તમને ઉપયોગી થઇ પડશે તો તેથી મ્હારો આત્મા પ્રસન્ન થશે તમે જાણો છો કે દાતા પોતાની ઇચ્છા તેમજ શકિત પ્રમાણે દાન કરે છે; તો પછી તમારે સંકોચ રાખવાનું કાંઇ કારણ ? "

ભિક્ષુક થોડા સમય સુધી શાંત બેસી રહ્યો. પછી તેણે કહ્યું – " હુ એક પ્રખ્યાત દરિદ્ર છું. જો હું આ મુદ્રિકા વેચવા જઇશ તો ઝવેરી મ્હને ચોર ધારી જમાદારને સ્વાધીન કરશે."

" ના ના—એવો ભય રાખશો નહિ. આ મુદ્રિકા કાંઇ ઘણી કિંમતી નથી, કે જેથી કરીને કોઇ તમારા તરફ શંકાની નજરે જુએ. જો કોઇ તમને કાંઇ કહે તો તેને મ્હારી પાસે લાવજો "

" ઠીક ત્યારે, જો આ દાન હું સ્વીકારૂં અને તેથી તમે પ્રસન્ન થતા હો તો ભલે હું એનો સ્વીકાર કરૂં છુ. "

પ્રતાપ અદ્યાપિ ચિત્રશાળામાં આવ્યો નહોતો. તે બીજા કોઇ કાર્યમા પ્રવૃત્ત હતો. રંજનલાલે વ્યાકુળતાથી ભિક્ષુકને કહ્યું:—" તમે થોડો સમય રાહ જુઓ, હું હમણાજ આવું છું." આમ કહી રંજન ચિત્રશાળાનો ત્યાગ કરી ચાલ્યો ગયો.

ત્યાર પછી કેટલોક સમય વીતી જતા પ્રતાપે પોતાની ચિત્રશાળામાં પ્રવેશ કર્યો. તેણે ભિક્ષુક પાસે જઇ કુરનસ બજાવી નમ્રસ્વરે કહ્યુ:–" જહાપનાહ! આ દાસે આપને ઘણુ કષ્ટ આપ્યું છે.

ચિત્રને યોગ્ય થઇ પડે એવા રંગોનું મિશ્રણ કરવામાં ઘણી મહેનત કરવી પડી તેથીજ આટલો વિલંબ થયો. દાસના અપરાધની ક્ષમા કરજો."

"ના–ના પ્રતાપ ! ત્હારો કોઇ પણ પ્રકારનો અપરાધ થયો નથી. શાંત થા; હું જે પ્રશ્ન કરૂં તેનો ઉત્તર આપ. ત્હારે ત્યાં જે એક યુવક આવ્યો છે તેની સાથે ત્હારે શો સબંધ છે ?"

પ્રશ્ન સાંભળતાંજ પ્રતાપનું મુખ સુકાઇ ગયું. તેણે નમ્રતાથી પૂછ્યું.—"ભારતેશ્વર આગળ એ યુવકે કાંઈ અપરાધ કર્યો છે? "

" હા—તેણે જે અપરાધ કર્યો છે તે માફ થઇ શકે તેમ નથી."

આ વચનોથી પ્રતાપનું ચિત્ત વિશેષ ચિંતાતુર બની ગયું. તેણે નમી પડી ભિક્ષુકના ચરણોમાં પોતાનું મસ્તક મૂક્યું. ભિક્ષુકે ધીમે ધીમે પ્રતાપનો હાથ પકડી તેને ઉભો કરતાં કહ્યું–" પ્રતાપ ! મ્હેં જાણ્યું છે કે એ યુવક ત્હારો બાલ્યાવસ્થાનો મિત્ર છે. તું સૌભાગ્યવાન્ છે. જો એમ ના હોય તો ત્હારા ભાગ્યમાં આવા ઉદાર હૃદયવાળા સ્નેહી સાથેનો સંબંધ ક્યાંથી નિર્માણ થયો હોય ? ત્હારા બંધુનુ હૃદય ઘણુજ દયાપૂર્ણ, ઘણું ઉદાર તેમજ અનેક ઉચ્ચ પ્રકારના ગુણોથી ભરેલું છે. આ જો ! તેનું ઉદાહરણ!" આમ કહી તેણે પોતાની આંગળીમાંથી એક મુદ્રિકા બ્હાર કાઢી પ્રતાપને દેખાડી.

પ્રતાપે જોયું તો તેને માલૂમ પડયું કે એ મુદ્રિકા રંજનલાલની છે. રંજનલાલની મુદ્રિકા ભિક્ષુકવેશી ભારતેશ્વર પાસે ક્યાંથી આવી એ તે સ્હમજી શક્યો નહિ. શુષ્કમુખે તેણે કહ્યું.–"જહાંપનાહ ! આ દાસ ઉપહાસને યોગ્ય નથી. આપ આ દાસની સાથે ઉપહાસ

નથી કરતા એ સત્ય છે; પરંતુ ખરૂ રહસ્ય શું છે તે અદ્યાપિ હું સ્હમજી શક્યો નથી. ”

ભિક્ષુકવેશી ભારતેશ્વરે રંજનલાલની સાથે પોતાને જે વાતચીત થઇ હતી તથા તેણે શા માટે પોતાને મુદ્રિકા આપી હતી એ સઘળી હકીકત કહી સંભળાવી પ્રતાપ સઘળી વાતચીત સાભળી ઘણું આશ્ચર્ય પામ્યો, તથા પોતાના મિત્રના અપરાધની ક્ષમા માગી.

આ છદ્મવેશી ભિક્ષુક બીજા કોઇ નહિ પરંતુ સ્વયં દિલ્લીશ્વર અકબરશાહ હતા. તેઓ આવા વેશમાં શા માટે પ્રતાપને ત્યાં આવ્યા હતા એ કારણ આગળ જણાવવામાં આવે છે.

જગતમાં હમેશાં દયાનોજ જય થાય છે. આજે પણ તેમજ થયું. દરિદ્ર રંજનલાલની આગળ ભારત–સમ્રાટ્ પરાજિત થયા.

પંચમ પરિચ્છેદ.

ભારતેશ્વરનું આમંત્રણ.

ભિક્ષુકવેશી સમ્રાટ્ રાજમહાલય તરફ ચાલ્યા ગયા હતા. પ્રતાપ ચિંતાતુર ચિત્તે બેઠો બેઠો કાંઇ વીચાર કર્યા કરતો હતો. એકાએક તેના મુખમંડળે વાદળાં વિનાના આકાશના જેવો ઉજ્વળ ભાવ ધારણ કર્યો. મનમાંને મનમાં તેણે વિચાર્યું —“નિર્બોધ રંજનલાલ! ત્હેં શું કર્યું ભાઇ? સમગ્ર હિંદુસ્થાન જેની સત્તા નીચે છે, જે ગોવળકાંડાની હિરાખાણોના માલિક છે, જેઓ વારંવાર હજારો અને લાખો સોનામહોરોથી તોળાય છે તેમને ત્હેં સામાન્ય ભિક્ષુક

ધારી કેટલાક પૈસા આપ્યા છે ! આ કરતાં બીજું વધારે ભારે અપમાન શું હોઇ શકે ? જેમનો કૃપાકટાક્ષ મેળવવાને માટે હિંદુસ્થાનના સેંકડો રાજાઓ ઘણી આકાંક્ષા ધરાવે છે તેમને ત્હેં એક સામાન્ય મુદ્રિકા આપી કૃપા દર્શાવી છે ? ”

આ સમયે રંજનલાલ એક કાચપાત્રમાં કેટલોક ખાદ્ય પદાર્થ લઇ આવ્યો; પરંતુ ચિત્રશાળામાં ભિક્ષુકને નહિ જોવાથી તેણે ઉત્સુક બની જઇ પ્રશ્ન કર્યો —“ભાઇ! પેલો દરિદ્ર ભિક્ષુક ક્યાં ગયો ? તે ત્રણ દિવસથી ભૂખે મરી જાય છે તેથી હું તેને માટે થોડું ઘણું મિષ્ટાન્ન લઇ આવ્યો છું. ”

પ્રતાપ બોલી ઉઠયો:—“ ભાઇ રંજન ! ત્હેં સર્વસ્વનો નાશ કર્યો છે. ત્હારામાં સહજ પણ બુદ્ધિ નથી. ”

“ કેમ ભાઇ ! મ્હેં શું કર્યું છે ? મ્હારે હાથે કોઇ પણ પ્રકારનું દુષ્કર્મ થયું નથી. માત્ર ખાવાનું વેચાતું લઇ આવતાં થોડો વિલંબ થયો છે. હું બજાર સુધી ગયો હતો તેથીજ મ્હને આવતાં વિલંબ થયો. તમારા નોકરને મોકલ્યો હોત તો વધારે વિલંબ થાત. ઠીક, પરંતુ એ ભિક્ષુક ક્યાં છે ? ”

“ રંજન તું દીવાનો બની ગયો છું કે શું ! સર્વશ્રેષ્ઠ અને સર્વોચ્ચ હિમાલય પર્વતને તું એક સાધારણ ડુંગર કહે છે ? હાથીને કીડી કહે છે ? ભારતેશ્વરને ભિક્ષુક કહે છે ? ”

રંજન પ્રતાપનાં વચનોનું રહસ્ય સ્હમજી શકયો નહિ. તેણે કહ્યું:—“ ભાઈ ! વિના કારણ શા માટે મશ્કરી કરે છે ? આ મશ્કરી કરવાનો વખત નથી. ક્યાં છે એ બિચારો અનાહારી ભિક્ષુક—તે કહે. જ્યાં સુધી હું તેને આ ખાદ્યપદાર્થ ખવડાવીશ નહિ ત્યાં સુધી મ્હારો આત્મા તૃપ્ત થશે નહિ. ”

પ્રતાપે સ્મિત કરી કહ્યું:—" એ ભિક્ષુક જે સ્થળે ગયો છે તે સ્થળે પ્રવેશ કરવા જતાં ત્હારૂં મસ્તક ધડથી જૂદું થઇ પડે તેમ છે. રંજન! હું ત્હારી મશ્કરી કરતો નથી. જે સત્ય છે તેજ કહું છું. તું જેને ભિક્ષુક ધારે છે તે ખરી રીતે ભિક્ષુક નથી. તેઓ તો ભિક્ષુકના વેશમા સમ્રાટ અકબરશાહ હતા!"

અકબરશાહનો નામોચ્ચાર થતાંની સાથેજ રંજનલાલ આશ્ચર્યથી અવાક બની ગયો. ઉદ્વેગ, ઉત્કંઠા તેમજ ઉત્તેજનાથી તેનું સર્વાંગ પસીનાથી ભીંજાઇ ગયું. મુખમંડળ મલિન થઇ ગયું. કાચપાત્ર હાથમાંથી પડી ગયું.

કેટલાક સમય પછી રંજન કાંઇક સ્વસ્થ થયો. તે બનેલા બનાવમાં શું રહસ્ય હતું તેનો વિચાર કરવા લાગ્યો. તેણે એક વખત પ્રતાપના મુખ તરફ નજર કરી. પ્રતાપને પણ તેણે પોતાના જેવો ચિંતામગ્ન જોયો. ત્યારે શું પ્રતાપે ખરી વાત કહી છે? મશ્કરી તો નથી કરી? પરંતુ અકબરશાહ આવી રીતે દરિદ્રનો વેશ ધારણ કરી અહિં શા માટે આવે?

પ્રતાપ રંજનનું મુખમંડળ જોતાંજ તેના વિચારો જાણી ગયો. તેણે કહ્યું:—" ભાઇ! તું એમ વિચારે છે કે અકબરશાહ અહિં શા માટે આવે? આવવાનું કારણ છે. હું ધારૂં છું કે હું બાદશાહનો મુખ્ય ચિત્રકાર છું તે તું જાણે છે. બાદશાહના જીવનના પ્રત્યેક સુખ અને ઐશ્વર્યના સમયે તેઓ કેવા દેખાય છે તેનું દર્શન કરવા યા તો સ્મૃતિ રાખવા માટે મ્હેં તેમની સઘળી અવસ્થાઓનાં ચિત્ર તૈયાર કર્યાં છે, પરંતુ દરિદ્ર ભિક્ષુકના વેશમા તેઓ કેવા દેખાય છે એની સ્મૃતિ રાખવાનો તેમને ઘણો શોક હતો. તેથી કરીનેજ તેમણે આજે અહિં દરિદ્ર ભિક્ષુકનો વેશ ધારણ કર્યો હતો. માત્ર આજેજ

નહિ પરંતુ ત્રણ દિવસથી તેઓ આ વેશમાં પોતાનું ચિત્ર તૈયાર કરાવે છે. આ આદર્શ ભિક્ષુક વેશ મ્હેંજ તેમને માટે સંગ્રહ કર્યો છે ત્હારી સાથે તેમને જે વાતચીત થઇ હતી. તે સઘળી તેમણે મ્હને ત્હારી ગેરહાજરીમાં કહી સંભળાવી હતી તને તેઓએ એક પત્ર આપવાનું ફરમાવ્યું છે. આ લે ત્હારો પત્ર."

રંજનલાલ કેવી રીતે પત્ર વાંચી શકે? આ સર્વ અસંભવ વાત સાંભળતાં તેનો કંઠ શુષ્ક થઇ ગયો હતો, માથું ભમતું હતું. તે સ્વપ્ન રાજ્યમા ભમે છે કે જાગ્રત અવસ્થામાં તેનું તેને પોતાને બિલકુલ જ્ઞાન નહોતું. કેટલાક સમય પછી કાંઇક સ્વસ્થ થતાં તેણે બાદશાહનો પત્ર વાંચ્યો. પત્ર નીચે પ્રમાણે લખેલો હતો.

" મહાનુભાવ બંધુ !

આવતી કાલે રાત્રે આપના નવપરિચિત દરિદ્ર ભિક્ષુક બંધુની ઝુંપડીમાં પધારશો તો ઘણો ખુશી થઇશ. નિમંત્રણના ચિહ્ન તરીકે આ મુદ્રિકાને મૂકી જાઉં છું. તે પછી જે કર્ત્તવ્ય છે તે આપનો મિત્ર પ્રતાપ આપને કહેશે. " **જલાલુદ્દીન મહમ્મદ અકબર.** "

આ કેવો ચમત્કાર-આ શું જાગ્રત સ્વપ્ન છે? રંજનલાલ વિચારવા લાગ્યો કે આગ્રાનો ભવ્ય રાજમહેલ તેજ આ ફકિરની ઝુંપડી કે!!

ષષ્ઠ પરિચ્છેદ.

નિરાધાર કે સરદાર?

રંજનલાલે એ દિવસ સંદેહમાં, વિસ્મયમાં, ઉત્કંઠામાં તેમજ કૌતુકમાં પસાર કર્યો. ધીમે ધીમે સન્ધ્યાદેવીનું આગમન થયું.

સંધ્યાદેવીની વિદાયગીરી થવાનો વખત હતો એવામાં પ્રતાપે રંજનલાલને કહ્યું.—“ રંજન ! બાદશાહ નામવરની મુલાકાતે જવાનો સમય થયો છે. હું તને રાજમહાલય સુધી મૂકવા આવીશ. ત્યાંથી એક ખોજો તને સમ્રાટની પાસે લઇ જશે. આ મુદ્રિકા તું તેને બતાવજે એટલે કોઇ પણ પ્રકારની હરકત તને નડશે નહિ. ” આમ કહી પ્રતાપે અકબરશાહના નામની એક કિંમતી મુદ્રિકા રંજનલાલના હાથમાં મૂકી.

તરતજ રંજનલાલે પ્રતાપની સહાયતાથી વસ્ત્રો બદલ્યાં અને ત્યાર પછી બન્ને મિત્રો રાજમહાલય તરફ ચાલી નીકળ્યા પ્રતાપ રંજનલાલને રાજમહાલય સુધી પહોચાડી પાછો ફર્યો. રંજનલાલે રાજમહાલયના મુખ્ય દ્વાર પાસે જઇને જોયુ તો ત્યાં આગળ એક બળવાન્ ખોજો તેની રાહ જોઇ ઉભો રહ્યો હતો.

રંજનલાલને પોતાની પાસે આવી પહોચેલો જોઇ ખોજાએ તેને કહ્યું —“આમંત્રણ તમનેજ કરવામા આવ્યુ છે તે બાબતની કોઇ નિશાની બતાવી શકશો ? ”

“ હા, આ જુઓ!” આમ કહી રંજનલાલે બાદશાહ અકબરના નામની મુદ્રિકા બતાવી.

“મ્હારી પાછળ પાછળ આવો. ” એમ કહી ખોજો આગળ ચાલવા લાગ્યો અને તેની પાછળ પાછળ રંજનલાલ જવા લાગ્યો. કેવો વિશાળ રાજમહેલ ! ઉંચી નજર કરતાજ માથું ભમી જાય એટલી તો તેની ઉંચાઈ હતી. રાજમહાલયની અંદર પણ કેટલાંક દ્વાર આગળ બળવાન્ ખોજાઓ નાગી તરવાર હાથમાં લઈ પહેરો ભરતા હતા. જે રસ્તે થઇને રંજનલાલ ખોજાની પાછળ પાછળ

જવા લાગ્યો તે રસ્તો ધીમે ધીમે ઉંચો ચઢતો હતો. ધીમે ધીમે ખોજાની સાથે રંજનલાલ એક મજબુત લોખડના દ્વાર પાસે આવી ઉપસ્થિત થયો. આ ગગનને સ્પર્શ કરી રહેલા રાજમહાલયનું અતુલ સૌંદર્ય જોતાંજ રંજનલાલ નિસ્તબ્ધ તેમજ નિર્વાક્ બની ગયો. એ લોખડના દ્વાર પાસે એક પહેરદારે ફરીથી ઓળખાણની નિશાની માગી. ખોજાએ મુદ્રિકા બતાવી. તરતજ પહેરદારે દ્વાર ઉઘાડયાં. બન્ને જણે એક ભવ્ય મહેલમા પ્રવેશ કર્યો.

રંજને વિચાર્યું —" આ શુ ? હુ કયા આવી ચઢયો ? આવો ભવ્ય મહેલ તો આજેજ જોવામા આવ્યો !" સેકડો થાંભલાઓ ઉપરનું કોતર કામ જોતા અતિ આશ્ચર્ય ઉપજે તેમ હતું. ચારે દિશાએ સુગધિત દીપકો પ્રકાશતા હતા. અનેક આરસના પત્થરની પ્રતિમાઓ નજરે પડતી હતી. રંજન તો આ ભવ્ય મહેલનું અતુલ સૌંદર્ય જોઇ વિચારમા પડી ગયો. તેને વિચારમગ્ન જોઇ ખોજાએ કહ્યુ—" આનું નામ જોધબાઇ મહેલ" છે. બાદશાહ નામવરનાં મુખ્ય બેગમ સાહેબા જોધબાઇ—કુમાર સલિમનાં માતાજી અહિં નિવાસ કરે છે. આ તો હજુ રાજપ્રાસાદની બ્હારનીજ બાજુ છે."

થોડા સમય પછી ખોજાએ કહ્યું—" મહાશય ! સ્થિર થઇ ઉભા રહો."

રંજનલાલ સ્થિરતાથી ઉભો રહ્યો એટલે ખોજાએ એક રેશમી રૂમાલ તેની આખો પર બાધી દીધો. રાજમહાલયનું અતુલ સૌંદર્ય જોવાને માટે અસમર્થ થયાથી રંજને પ્રશ્ન કર્યો—" કયાં સુધી આ ધળાની માફક મ્હારે રહેવું પડશે ?"

ખોજાએ સ્મિત હાસ્ય કરી ઉત્તર આપ્યો કે-" આ સ્થળે બાદશાહ નામવરની મનાઇથી કોઇ પણ પુરૂષ પ્રવેશ કરી શકતો નથી. બાદશાહની આજ્ઞાથી આપને આવી રીતે મ્હારી સાથે આવવું પડશે આ જોધબાઇ મહેલમાંથી બ્હાર નીકળ્યા પછી હું આપનાં નેત્રો પરથી રૂમાલ છોડી નાખીશ "

રંજને પ્રશ્ન કર્યો-" ત્યારે શુ આ સિવાય બીજો કોઇ માર્ગ નથી ? "

" માર્ગ એક નહિ પણ અનેક છે, પરતુ બાદશાહ સધ્યા સમય પછી " દીવાનેખાસમા " રહે છે, તેથીજ આપને આ માર્ગે થઇને લઇ જવાની આજ્ઞા થઇ છે "

પછી રંજનલાલ કાંઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય જોધબાઇ મહેલની બ્હાર નીકળ્યો બ્હાર નીકળતાજ ખોજાએ તેના નેત્રો ઉપરથી રૂમાલ છોડી લીધો પછીથી બન્ને જણા ધીમે ધીમે આગળ ચાલ્યા અને થોડા સમયમાજ એક અધકારપૂર્ણ સ્થળે જઇ પહોંચ્યા. એ સ્થળે એટલો બધો અંધકાર હતો કે એકાદ વખત તો રંજનનો પગ ખસી જતો રહી ગયો આથી કરીને ખોજો તેનો હાથ પકડી આગળ ચાલવા લાગ્યો કેટલેક દૂર જતા રંજનલાલે એક ઓરડામા દીપકનો પ્રકાશ જોયો એ ઓરડાના દ્વાર આગળ પણ કેટલાક બળવાન્ પરતુ નપુસક પહેરદારો નગ્ન તરવારો હાથમા લઇ ઉભા રહ્યા હતા.

મુખ્ય પહેરદારે બાદશાહની નિશાની જોઇ તેના સાથીદારોને ગુપચુપ કાઇ કહ્યુ. રજન એ વાત સાભળી શક્યો નહિ, પરંતુ પોતાના સબંધીજ વાત ચાલે છે એમ તે જાણી શક્યો. પહેરદારોની

વાતચીત પૂર્ણ થતાંજ એક પહેરદારે અંગરખામાંથી એક રૂમાલ બ્હાર કાઢી રંજનલાલના નેત્રો ઉપર ફરીથી બાંધ્યો. ત્યાર પછી એક ન્હાનું દ્વાર ઉઘાડી મુખ્ય પહેરદારે કહ્યુ–" આમાં પ્રવેશ કરી સામે જે આસન છે તેના ઉપર બેસો. કોઇ પણ પ્રકારે ભય પામશો નહિ; તેમજ આશા પાછા થશો નહિ. ભય પામશો એમ ધારીનેજ તમારા નેત્રો ઉપર રૂમાલ બાંધવામા આવ્યો છે. "

તરતજ રંજનલાલ દ્વારની અંદર આવેલા આસન ઉપર જઈ બેઠો ત્યાર પછી આસન ધીમે ધીમે ઉંચે ચઢવા લાગ્યું. રંજનલાલે ઉંચે ચઢતા ચઢતાં એક વખત નેત્રો ઉપરનો રૂમાલ સહજ નરમ કરીને જોયુ તો પોતાની ચારે બાજુએ તેને ભીષણ અંધકાર જણાયો ! ! તે આવા ભીષણ અંધકારમાં થઇને ધીમે ધીમે ઉંચે ચઢવા લાગ્યો. ઉપર અંધકાર હતો, નીચે અંધકાર હતો તેમજ ચારે દિશાએ પણ અંધકાર હતો. રંજને વિચાર્યું કે.–" આ અંધકારમય સ્થાનનો ભેદ કરી હુ કયા જાઉંછુ ? શુ હુ મૃત્યુના મુખમા તો નહિ જઇ પડું ? " આવા પ્રકારની ભયની ભાવનાથી તેણે પોતાના નેત્રો મીચી રાખ્યા.

ધીમે ધીમે ઉચે જવાની ગતિ અટકી ગઇ. દીપકોનો તીવ્ર પ્રકાશ રંજનલાલના મીંચેલા નેત્રોમા થઇ ચારે દિશાએ સંચારિત થયો.

રંજને જોયું તો તે એક વિશાળ સુદર તેમજ પ્રકાશિત મહેલમાં જઇ પહોચ્યો હતો આ મહેલના થાભલાઓ વગેરે કિંમતી આરસ પહાણના પત્થરોના બનેના હતા. અનેક સુગંધિત દીપકો ચારે દિશાના સૌંદર્યને પ્રકાશિત કરી રહ્યા હતા. દિવાલો ઉપર અનેક રંગ બેરંગી ચીત્રો શોભી રહ્યા હતાં. તળીઆની

જગ્યા સુંદર મખમલથી ઢંકાઇ રહી હતી. કોતર કામ જોતાજ હિં- દુસ્થાનની શિલ્પકળા માટે ઘણુ માન ઉત્પન્ન થાય તેમ હતું. આ મહેલની અંદર અનેક સ્થળે કૃત્રિમ છોડવાઓ, લતાઓ શોભી રહી હતી. વિચિત્ર થાભલાઓ ઉપર નાગકેશર, ગંધરાજ, ગુલાબ, ચંપક તેમજ ચંદ્રમલિકાનાં પુષ્પોની વિચિત્ર માળાઓ ઝુલી રહીને સમસ્ત મહેલને સૌગંધપૂર્ણ બનાવી રહી હતી. વિશાળ આરસાઓમા અનેક પ્રકારના પ્રતિબિંબ પડી રહ્યા હતા. આ વિચિત્ર મહેલની ચારે દિશાએ કોચ, સોફા, ખુરસીઓ, ટેબલો વગેરે અનેક પ્રકારના સુખાસનો વ્યવસ્થિત રીતે ગોઠવેલા જણાતા હતા. આ આસનોની પાસે ફુલદાનીઓમા નવવિકસિત પુષ્પો મૂકેલા જણાતા હતાં. આ મહેલની વચ્ચે એક તેજસ્વી રાજસિંહાસન હતું. અનેક મણિ મુક્તાથી આ સિંહાસનની શોભા અવર્ણનીય થઇ પડી હતી.

રંજનલાલ આ સર્વ જોઇને ભાન ભૂલ્યો, તેને પોતાના અસ્તિત્વ સબંધી શંકા થઇ આવી. તેને એમ લાગ્યુ કે પોતે સ્વપ્ન જુએ છે ! તેણે બન્ને હાથની મદદથી નેત્રો ખુલ્લા કરી જોયું તો તેને ખાત્રી થઇ કે પોતે નિદ્રાધીન અવસ્થામા નથી તેણે ધાર્યું કે - " ત્યારે શુ મ્હારૂ મસ્તક તો ભમી નથી ગયુ હોય ને ? "

રંજનલાલ ધીમે ધીમે આ મહેલની અંદર આગળ વધ્યો. મહેલ નિર્જન હતો કોઇ પણ એમાં હાજર નહોતુ રંજનલાલ ધીમે ધીમે સાહસનો સંચય કરી વિશેષ આગળ વધવા લાગ્યો—ચારે દિશાએ આવેલા વિશાળ આરસાઓમા તેનુ પ્રતિબિંબ પડયુ એવામા એકાએક એક આરસાની અંદર રંજનલાલે બીજા કોઇની પ્રતિમૂર્ત્તિ જોઇ ! અરે ! આ મૂર્ત્તિને તો રંજનલાલ પિછાનતો હતો આ પ્રતિબિંબ જોતાંજ રંજનલાલ કંપી ઉઠયો, આશ્ચર્યથી તેણે

જોયું તો એ મૂર્તિ પોતાની પાસે આવતી તેને જણાઇ. ધીમે ધીમે એ મૂર્તિ તેની છેક પાસે આવી ઉભી અને તેના મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યા કેઃ—" ભાઇ ! તને આવેલો જોઇ મ્હને અપૂર્વ આનંદ થાય છે. મ્હને લાગે છે આ સ્થાને આવતાં તને વિશેષ કષ્ટ નહિ પડયું હોય; છતા જો થોડું ઘણું કષ્ટ સહન કરવું પડયું હોય તો તે માટે મનમાં માઠું લગાડીશ નહિ "

રંજનલાલની ખાત્રી થઇ આ સ્વપ્ન નથી ! આ સર્વ પ્રકાર તેમજ દેખાવ સત્યજ છે રંજનલાલની નજરે જે મનુષ્યની મૂર્તિ નજરે પડી તે મૂર્તિ તો પેલા ભિક્ષુકની હતી ! ! પ્રતાપની ચિત્રશાળામાં જે દરિદ્ર ભિક્ષુકની મૂર્તિ તૈયાર થતી હતી તેજ આ ભિક્ષુક હતો ! આ ભિક્ષુક બીજા કોઇ નહિ પરંતુ ભારતેશ્વર અકબરશાહ જાતેજ હતા.

ધીમે ધીમે ભારતેશ્વર સમીપ આવી પહોંચ્યા. રંજનલાલ હવે સ્થિર રહી શક્યો નહિ. તેણે નીચા નમી પડી બાદશાહને કુરનસ બજાવી કહ્યુંઃ—" શહેનશાહ ! આ અધમની આટની બધી મશ્કરી શા માટે ? આ દરિદ્ર યુવકને 'ભાઇ' શબ્દથી શા માટે સંબોધો છે ? આપ સમસ્ત હિંદુસ્થાનના ગૌરવરૂપ મહારાજાધિરાજ છો. મ્હારા અપરાધની ક્ષમા કરો."

" શું કહ્યું ?—: અકબરશાહ ? હું અકબરશાહ જાતે નથી; પરંતુ તેમને ઓળખું છું ખરો હમણા તેઓ આ સ્થાને હાજર નથી, માત્ર થોડા સમયમાજ આવી પહોચશે. આવ ભાઇ ! તું આ આસન ઉપર બેસ "

ફરીથી ભ્રમ ! ફરીથી વિસ્મૃતિ ! રંજનલાલ ઘણા સંદેહમાં

પડી ગયો. તેણે વિચાર્યું:—" ત્યારે શું ભિક્ષુક જાતે અકબરશાહ નથી? શું પ્રતાપે મ્હને અસત્ય હકીકત સ્હમજાવી છે?"

ભિક્ષુક રંજનલાલનો હાથ છોડી દઇ પુનઃ અલોપ થયો. તે સાથે આરસમાંનું પ્રતિબિંબ અલોપ થયું. રંજનલાલ આશ્ચર્યમગ્ન થઈ સ્થિરતાથી ઉભો રહ્યો. કેટલાક સમય સુધી તે આ પ્રમાણે ઉભો રહ્યો. ત્યાર પછી એકાએક એક અપૂર્વ મૂર્ત્તિ તેની પાછળ આવીને ઉભી રહી રંજન આ મૂર્તિને જોઈ શકયો નહિ.

આ વખતે એ મૂર્ત્તિએ ફાટેલા તુટેલા અંગરખાને ઠેકાણે ઉત્તમ પ્રકારનો જરીથી ભરેલો જામો પહેર્યો હતો. માથા ઉપર તેજસ્વી ફેંટો બાંધી દીધો હતો. કમર પર એક મણિરત્નાદિથી જડેલી સોનાની મુઠવાળી તરવાર લટકી રહી હતી. જે મૂર્તિના મુખ ઉપરથી પૂર્વે દરિદ્રતાનો ભાસ થતો હતો તેજ મૂર્ત્તિના મુખ ઉપરથી અત્યારે તેજ, પ્રતિભા, શૌર્ય તેમજ ઐશ્વર્યનો આભાસ થતો હતો.

આ સમયે એ અપૂર્વ મૂર્ત્તિ રંજનલાલનો હાથ પકડી ધીમે ધીમે એક આસનની પાસે જઇ પહોચી. રંજનલાલને તેણેજ આસન ઉપર બેસાડયો. ત્યાર પછી પોતે પણ આસન ઉપર બેસી પ્રેમપૂર્વક રંજનલાલનો હાથ પોતાના હાથમા લઇ કહ્યુ–"રંજનલાલ! હવે હું તને સત્ય રહસ્યના પડદા પાછળ રાખીશ નહિ. હવે તને વિશેષ દુખી કરીશ નહિ આમ છતાં ત્હારે મ્હારી એક વાતને સ્વીકારવી પડશે. હુ જે બોલું યા કહું તે ત્હારે કોઇ પણ પ્રકારનો વાંધો ઉઠાવ્યા સિવાય માન્ય કરવું પડશે. પ્રથમ વાત એ છે કે ત્હેં જેને અતિ દરિદ્ર ધારી જેનો એક બન્ધુ તરીકે સ્વીકાર કર્યો છે તેને ઐશ્વર્યશાળી તરીકે ઓળખ્યા છતા પણ ત્હારે તેની સાથે પૂર્વ પ્રમાણે પ્રીતિ રાખવી પડશે। જો હું તને મ્હારી ઓળખાણ

આપું છું. મ્હારૂં નામજ જલાલુદીન મહમ્મદ અકબર છે. હું જાતેજ ભિક્ષુકના વેશમાં મ્હારૂં ચિત્ર તૈયાર કરાવા ચિત્રકાર પ્રતાપને ત્યાં ગયો હતો અને એ સ્થાનેથીજ હું ત્હારૂં અમૂલ્ય બંધુત્વ અને સહાનુભૂતિ મેળવી શક્યો છું."

"પરમેશ્વરે કૃપા કરી મ્હારા જેવા ક્ષુદ્ર મનુષ્યના ઉપર આ વિશાળ હિંદુસ્થાનનો શાસન ભાર સોંપ્યો છે. હું હિંદુસ્થાનનો અધીશ્વર નહિ, પરંતુ તેનો દાસ છું. દોષની યોગ્ય સજા કરવી જેમ હું વ્યાજબી ધારૂં છું તે પ્રમાણે ગુણોની યોગ્ય કદર કરવાનું પણ યોગ્ય ધારૂં છું. રંજનલાલ! પરમકૃપાળુ પરમેશ્વરે તને અનેક સદ્‌ગુણોથી સુશોભિત કર્યો છે. ત્હારામાં જે ગુણો છે તે મ્હારામાં પણ નથી. હું ત્હારા ગુણોની કદર કરવી એ મ્હારૂં કર્ત્તવ્ય સ્હમજું છું."

"જા, પાસેના ઓડામાં કેટલાક માણસો ત્હારી રાહ જુએ છે. ત્યાં જે કરવાનું છે તે તેઓ કરશે."

રંજનલાલે આશ્ચર્યમગ્ન અવસ્થામાં બાદશાહની આજ્ઞાને સ્વીકારી. પાસેના ઓરડામાં તે વિના વિલંબે જઇ પહોચ્યો અને થોડાજ સમયમાં ઉત્તમ વસ્ત્રોથી વિભુષિત થઇ તે બાદશાહ પાસે આવી પહોંચ્યો, તથા બાદશાહના ચરણો સમીપ બેસવા લાગ્યો; પરંતુ બાદશાહે તેનો હાથ પકડી તેને ફરીથી પોતાની પાસે બેસાડયો અને કહ્યું:—

"રંજન! ત્હારા જીવનની સઘળી હકીકત મ્હેં પ્રતાપ પાસેથી જાણી છે. તું શા માટે આગ્રા આવ્યો છું તે પણ મ્હારા જાણવામાં આવ્યું છે. જેને ત્હેં ત્હારૂં હૃદય અર્પણ કર્યું છે, જેને માટે તું આ વિશાળ સંસાર સમુદ્રમાં ઝોકા ખાય છે, જેને માટે ત્હારૂં ચિત્ત રાત્રિ દિવસ ચિંતાતુર રહે છે તેની સાથે ત્હારૂ પ્રેમમિલન થાય એવી વ્યવસ્થા હું જેમ બને તેમ જલદીથી કરીશ. તિલોત્તમાની સાથે

ત્હારો વિવાહ સહેલાઇથી થશે. હવે એ સંબંધી તું લેશ પણ ચિંતા કરીશ નહિ. હું ધનશ્રીદાસને સારી રીતે ઓળખું છુ. એનાથી મ્હારી વાતનો અસ્વીકાર કરી શકાશે નહિ, ઉલટું હુ આ સંબંધીની તેને વાત કરીશ તો તે પોતાને ઘણો સૌભાગ્યવાન્ સ્હમજશે. બીજું ત્હારો વિવાહ અલ્હાબાદ નહિ થતા આગ્રામાજ થશે. હુ જાતે એ વિવાહની સઘળી વ્યવસ્થા કરીશ. જો મ્હારી આ સર્વ વાત તું સ્વીકારીશ તો મ્હને અપૂર્વ આનદ થશે. હું તને પાંચસો ઘોડેસ્વારોના સરદારની જગ્યા આપું છુ. રાજા ટોડરમલ્લ આ- આવતી કાલે ત્હારા નિવાસ સ્થળે આ નિમણુંક સંબધીનો આજ્ઞા પત્ર મોકલી આપશે. "

વાત પૂર્ણ થઇ. રંજન નિસ્તબ્ધ તથા નિર્વાક્ હતો-પરંતુ તેના હૃદયમાં કૃતજ્ઞતાનો પ્રવાહ જોરથી ઉછાળા મારી આગળ ધસવાનો યત્ન કરતો હતો. તેના જેવા સામાન્ય મનુષ્યના તરફ બાદશાહની આટલી બધી કૃપા તથા ઉદારતા જોઇ તે ઘણો વિસ્મિત થયો.

બાદશાહે ફરીથી કહ્યુ: —"રંજન ! રાત્રિ થઇ ગઇ છે. થયું આજે હવે આટલુંજ. વળી પુન મુલાકાત થશે હવે મારો વિશ્રામ લેવાનો સમય થયો છે. હું ત્હારી પાસે વિદાય લઉં છું. મ્હારા નોકરો હમણાંજ તને ત્હારા નિવાસ સ્થાને પહોચાડી દેશે."

રંજનલાલના નેત્રોમા કૃતજ્ઞતાનું જળ ભરાઇ આવ્યું. અકબર- શાહની દેવના જેવી ઉદારતા જોતા તેના આશ્ચર્યની સીમા રહી નહિ. તેણે નીચા નમી બાદશાહના કિમતી ઝબ્બાને પ્રેમપૂર્વક ચુબન કર્યું. તેના મુખમાથી એક પણ શબ્દ નીકળી શકયો નહિ.

બાદશાહે કહ્યું.—" બધુ ! ત્હારો આ દરિદ્ર ભાઇ જલાલુદ્દીન

ત્હારા સુખદુ:ખ સમયે કદાપિ ત્હારા મનથી દૂર ના થાય એટલીજ તેની મુખ્ય અભિલાષા છે." આમ કહી દિલ્લીશ્વર ચાલ્યા ગયા.

બાદશાહને બ્હાર ગયાને માત્ર બે ચાર ક્ષણ થઇ હશે એટલામાં બે બળવાન્ ખોજાઓએ રંજનલાલ પાસે આવી સલામ કરી કહ્યું:— "જનાબ! અમારી સાથે પધારો, અમે આપને રાજમહાલયની બ્હાર મૂકી આવીએ.

રંજન તેમની સાથે રાજમહાલયની બ્હાર નીકળ્યો તો બ્હાર તેને માટે એક સુસજ્જિત પાલખી તૈયાર રાખવામા આવી હતી.

મુખ્ય ખોજાએ નમ્રતાથી કહ્યું:—"જનાબ! બાદશાહ નામવરની આજ્ઞાથી આ પાલખી આપને માટે તૈયાર રાખવામા આવી છે. આપ તેમા બિરાજો"

વિના વિલંબે સુખ સ્વપ્નમાં વિહાર કરતો રંજનલાલ પાલખીમા બેઠો, અને પ્રતાપને ત્યા જઇ પહોચ્યો

સપ્તમ પરિચ્છેદ.

ફરમાનપત્ર તથા આદેશપત્ર.

સમય વિચારી રંજનલાલે સર્વ હકીકત પ્રતાપને કહી સંભળાવી. બધુનું ભાગ્યચક્ર ફરેલું જાણતા તેને અતિ સંતોષ થયો. રંજનલાલને સરદાર થયલા જાણી તેનો આનંદ પુર્ણિમાની જ્યોત્સ્ના પ્રમાણે તેના હૃદયની બ્હાર પણ પ્રકાશી નીકળ્યો.

મધ્યાન્હ સમયે બાદશાહ તરફથી બાર ઘોડસ્વારો પ્રતાપના

બંગલા પાસે આવી પહોંચ્યા. તેઓમાંના એક જણે પ્રતાપના નોકરને પ્રશ્ન કર્યો —"અહિં રંજનલાલ નામના કોઇ માણસ છે કે ?"

પ્રતાપનો નોકર ઘોડેસ્વારને ઉત્તર આપવા જતો હતો એટલામા તો પ્રતાપ નીચે આવ્યો. મુખ્ય ઘોડેસ્વારે લાલ રંગના રૂમાલમાં બાંધેલા કેટલાક કાગળો પ્રતાપના હાથમાં મૂકયા. પ્રતાપ એ કાગળો લઇને રંજન પાસે ગયો ઘોડેસ્વારો પણ સલામ કરી ચાલતા થયા.

લાલ રંગનો કિંમતી રૂમાલ છોડી નાખતા તેમાથી એક ફરમાનપત્ર અને બીજો આદેશપત્ર નીકળ્યો. એ બન્નેની નીચે રાજા ટોડરમલ્લની સહી હતી. તેમાનો એક પત્ર નીચે પ્રમાણે હતો:–

૧. શહેનશાહ, મહા ગૌરવશાળી હિંદુસ્થાનના પ્રકાશિત સૂર્યસ્વરૂપ સમ્રાટ્ શાહ જલાલુદ્દીન મહમ્મદ અકબરશાહની આજ્ઞાથી હું આપને જણાવુછુ કે આજથીજ આપને ભારત સમ્રાટ્ના સૈન્યમા પાંચસો ઘોડેસ્વારોના સરદાર તરીકે નીમવામા આવ્યા છે બાદશાહે આપના નિવાસ સ્થાન માટે આગ્રામા ' સલિમબાગ ' નામનો ઉદ્યાનવાળો મહેલ પસંદ કર્યો છે

૨. આ સરદારીના કાર્ય બદલ તમને વાર્ષિક બાર હજાર સોના મહોરો મળશે આ રકમ તમે કામગીરી ઉપર હશો યા તો અન્ય કોઇ સ્થળે હશો તો પણ મળ્યા કરશે

૩. સમાનના ચિહ્ન તરીકે બાદશાહ આપને એક અતિ મૂલ્યવાન પોષાક તથા એક રત્નજડિત તરવાર તેમજ આપના ઉપયોગ માટે એક ઝાલરવાળી પાલખી આપશે. આ સર્વ વસ્તુઓ આપનો વિવાહ થઇ ગયા પછી આપને જાહેર દરબારમાં મળશે.

૪. બાદશાહ નામવરે અલ્હાબાદના ધનશ્રીદાસ ઉપર એક પ-

ત્ર લખી મોકલ્યો છે તેથી ધનશ્રીદાસ પણ માત્ર એકજ સપ્તાહમાં તેમની કન્યા સાથે અહિં આવી પહોચશે. ત્યાર પછી ' સલિમ બાગ 'માં આપના વિવાહનો ઉત્સવ થશે.

૫. આપના વિવાહ પ્રસંગે સરકાર ઉપરાંત અનેક અમીર ઉમરાવોને નિમંત્રણ કરવામા આવશે. અબરરાજ માનસિંહ અને હું હાજર રહીને એ સંબંધીની સઘળી વ્યવસ્થા કરીશુ; તેમજ બાદશાહ નામવર વરના પિતા તરીકેનું સમસ્ત કાર્ય કરશે.

૬ જ્યા સુધી આપને જાહેર દરબારમા સનદ ના મળે ત્યાં સુધી હમેશા આપને " આમખાસ " મા હાજર રહેવાની જરૂર નથી.

(સહી)—શ્રી ટોડરમલ્લ.

(દીવાન ઉલ્–મુલ્ક.)

પત્ર વંચાઇ રહ્યા પછી પ્રતાપે રંજનને ગળે વળગી પડી કહ્યું:- ' ભાઇ ! ધન્ય છે તને ! ધન્ય છે ત્હારા હૃદયની ઉદારતાને ! ત્હેં તારા હૃદયની ઉદારતાનો બદલો મેળવ્યો છે. ત્હાર ભાગ્યચક્ર ફર્યુ છે ! "

એ રાત્રિ બન્ને બંધુએ ઘણા આનદમા પસાર કરી. રંજનલાલે—રસ્તે રખડતા ભિખારી જેવા રંજનલાલે એ રાત્રે સ્વપ્નમાં સુરસુંદરી તિલોત્તમાના દર્શન કર્યા.

અષ્ટમ પરિચ્છેદ.

શુભવિવાહ યાને પ્રેમમિલન !

બાદશાહની આજ્ઞા મળતાંજ ધનશ્રીદાસ પોતાની કન્યા સાથે રાજધાનીમા આવી ઉપસ્થિત થયો. તિલોત્તમાનું આગ્રામાં આગ-

મન થયલુ જાણવામાં આવતાંજ રંજનલાલને અપાર આનંદ થયો. તે દિવસે તેમજ રાત્રે તેને એક ક્ષણ સુંધી પણ નિંદ્રા આવી નહિ. રાત્રિ પૂર્ણ થવા આવતાં તે કાઇક નિંદ્રાની પ્રસાદી પામ્યો, પરંતુ આ નિંદ્રામાં પણ તેણે અનેક સુખ સ્વપ્નના દર્શન કર્યા.

બાદશાહની ઇચ્છા પ્રમાણે વિવાહનો દિવસ નક્કી થયો. ધનશ્રીદાસ બાદશાહને મુખે સઘળી હકીકત સાંભળી પ્રતાપને ત્યાં રંજનલાલને મળવા માટે ગયો.

ધનશ્રીદાસના હૃદયનો આનંદ પણ સમાતો નહોતો. તેણે રંજનલાલ પાસે ક્ષમા માગી કહ્યુ –"વત્સ ! મ્હેં ત્હારા તરફ ઘણો અન્યાય ભરેલો વ્યવહાર ચલાવ્યોછે તું એમ નહિ ધારતો કે તને ઐશ્વર્યશાળી તેમજ બાદશાહ નામવરનો પ્રેમપાત્ર થયલો જાણી હુ તને ખુશામદનાં વચનો સંભળાવું છું ત્હારા ચાલ્યા ગયા પછી મ્હારી પ્રાણાધિક પુત્રી તિલોત્તમાની અવસ્થા ઘણી શોચનીય થઇ ગઇ હતી. તે જીવતી રહેશે કે કેમ એ માટે પણ આશંકા ઉત્પન્ન થઇ હતી. બાદશાહે આજ્ઞા ના કરી હોત તો પણ હુ ત્હારી સાથે મ્હારી કન્યાનો વિવાહ કરત મ્હેં ત્હારી કેટલેક ઠેકાણે શોધ કરાવી હતી, છતાં પત્તો નહિ લાગવાવાથી નિરાશ બની જઇ બેસી રહ્યો હતો. મ્હેં ત્હારૂં પુત્રની પ્રમાણે પ્રતિપાલન કર્યું છે—તેથી હુ ધારૂં છુ કે તું મ્હારા આ કઠોર વ્યવહારને માટે મનમાં કાઇ લાવીશ નહિ."

રંજનલાલે ધનશ્રીદાસને આગળ બોલવા દીધો નહિ તેના ચરણો પર હાથ મૂકી તે રૂદન કરવા લાગ્યો.

વિવાહનો દિવસ નક્કી થઇ ગયો 'સલિમબાગ'માં એ સંબંધીની ખટપટ ચાલી રહી.

ફરીથી સુખનો દિવસ આવ્યો. **ભાગ્યચક્રની** કળાથી મિલનનો શુભ સમય આવી પહોચ્યો. રંજનલાલે પ્રાણાધિક તિલોત્તમાને શુભ લગ્નદ્વારા પ્રાપ્ત કરી. પ્રણયીયુગ્મનું પ્રેમમિલન થયું.

આ વિવાહનો આનદ—આ મિલનનો આનદ માત્ર નવપરિણીત દંપતીએજ ભોગવ્યો નહિ; પરંતુ બાદશાહ નામવરે આ શુભ વિવાહમા ભાગ લઈ આનદ સાગરમા સ્નાન કર્યું અને વરકન્યાને અનેક પ્રકારના કિંમતી અલંકારોથી નવાજ્યા.

વિવાહનો ઉત્સવ પૂર્ણ થઇ ગયા પછી રંજનલાલને બાદશાહે પોતાના રાજ્યમાં મ્હોટી સરદારી આપી. બાદશાહના ઝભ્ભાનો ચુંબન કરી નવીન દંપતીએ દિલ્લીશ્વરના તરફ સંમાન દર્શાવ્યું, પછીથી તેમની અનુમતિ લઇને ધનશ્રીદાસ તિલોત્તમા તેમજ રંજનલાલને સાથે લઇ અલ્હાબાદ ગયો.

આકાશમા પૂર્ણચંદ્ર હસી રહ્યો હતો. ચંદ્રની જ્યોતિથી યમુનાના કિનારા પર આવેલા વિશાળ વૃક્ષો પ્રકાશી રહ્યા હતા. આકાશમાંથી અમૃતની ધારાઓ વરસી રહી હતી. પૃથિવી દેવી સફેદ સાડી પહેરી નવવધૂની માફક પ્રિયતમ ચદ્રના દર્શનથી મલકાઇ જતી હતી. કોઇ કોઇ વખતે પપૈયાનો 'પિયુ પિયુ' અવાજ સંભળાતો હતો. આવા આનદદાયક સમયે યમુનાના કિનારા પર આવેલા એક વિશાળ બંગલાની ઉપર અગાસીમા એક વિરામાસન ઉપર એક યુવક અને એક નવયુવતી બેઠાં હતા. તેમના મુખ ઉપર ચંદ્રનો પ્રકાશ પડી રહ્યો હતો.

નવયુવતીએ યુવકને સંબોધી કહ્યું—રંજનલાલ! ભાગ્યચક્રની કેવી ગતિ! પૂર્વનો એક દિવસ અને આજનો એક દિવસ સરખાવી

જુઓ. પૂર્વનો એ દિવસ વિરહનો હતો, ત્યારે આજનો દિવસ મિલનનો છે. એ દિવસ વિદાયનો હતો, ત્યારે આજનો દિવસ આલિં-ગનનો છે. જે દિવસે તમે આગ્રા ગયા હતા તે દિવસે આપણે આ યમુનાના કિનારા પરજ ઉભાં રહી વિયોગ શોકથી દુ:ખી થતાં હતાં. તમે તે દિવસે નિષ્ઠુર થઇ મ્હારો ત્યાગ કરી ચાલ્યા ગયા હતા કેમ ?”

“ તિલોત્તમા ! પ્રિયે ! આવા સુખદાયક દિવસે વે તુ પૂર્વસ્મૃતિની યાદ શા માટે કરે છે ? એ વાતને વિસ્મૃતિના તળીએ રહેવા દેવામાજ સાર છે. વિધાતાના વિધાનથી આપણું બન્નેનું ભાગ્યચક્ર ફર્યુ-છે, તો આવ આપણે એક બીજાના અમૃતમય સ્નેહમાં સ્નાન કરીએ.” આમ કહી રંજનલાલે તિલોત્તમાને આલિંગન કરી તેના અધરોષ્ઠ ઉપર અનેક ચુંબનો કર્યા ! તિલોત્તમા પણ કાંઇ અજ્ઞાન નહોતી. તેણે પણ પ્રિયતમની પ્રસાદીના બદલામાં પ્રિયતમને ચુંબનો કરી પ્રિયતમના અધરોષ્ઠ અમૃતરસથી ભીંજવી નાંખ્યા ! પરમકૃપાળુ પરમાત્મા આ પ્રેમી દંપતીને સુખી રાખો એવી પ્રાર્થના સાથે વિરમીશું.

સમાપ્ત.

શું આપને હજુ ખબર નથી ?

કે

નડીઆદ હિંદુ અનાથાશ્રમમાં હિંદુ જાતિના નિરાધાર અનાથ બાળકો, વિધવાઓ ત્યક્તાઓનાં નમાળાં બાળકો, વૃદ્ધ અશક્ત અપંગો વગેરેને અન્ન, વસ્ત્ર, વિદ્યા અને પ્રાણદાન આપી પાલણ કરવામાં આવે છે માટે.—

રૂ ૨૦૦ એકી વખતે મોકલી આપની ઇચ્છાનુસાર એક દિવસ રોકી દરવર્ષે તે દિવસે અનાથોને ભોજન અપાય અને આરસની તખ્તીમાં આપનું નામ કોતરાઈ યાદગીરી જળવાય તેમ બસો રૂપિયાનાં અન્નદાન સાથે અમર નામ એ ખાતે આપી અનાથોના પ્રાણનું રક્ષણ કરો.

દરેક જાતના દાન લેવાય છે એક રૂપિયાથી વધારે દાન આપનારના શુભ નામો રીપોર્ટમાં છપાય છે. રિપોર્ટ મફત મળે છે જરૂર દયા લાવી લખો -

મંત્રી-હિંદુ અનાથાશ્રમ,

નડીઆદ